શ્રી

અરવિન્દ

વિચારમાળા

*

દ્વિતીય પુષ્પ

વિશ્વવિચાર

મૂલ્ય રૂ. ૪-૦-૦

છપાય છે   છપાય છે

શ્રી અરવિન્દ વિચારમાળા

તૃતીય પુષ્પ-વિશ્વવિચાર

જેમાં નિમ્નલિખિત વિષયોનો સમાવેશ થયેલો છે

પ્રથમ દલ	જાતિયોને સંદેશ
દ્વિતીય દલ	લોકમાન્ય તિલકની પ્રશસ્તિ
તૃતીય દલ	મારા કારાગૃહવાસની કથા
ચતુર્થ દલ	રાષ્ટ્રીય શિક્ષણની પદ્ધતિ

અને યથાસ્થાન અન્ય વિષયો



ઋષિ અરવિન્દ ઘોષ.

જોશી આર્ટ પ્રિંટિંગ વર્કસ, બજારગેટ, કોટ, મુંબઈ.

ॐ तत्सत्

श्री

અરવિન્દ વિચારમાળા

(મહર્ષિ અરવિન્દ ઘોષનાં લેખો તથા વ્યાખ્યાનો)

દ્વિતીય પુષ્પ–વિશ્વવિચાર

અનુવાદક

ઠક્કુર નારાયણ વિસનજી

ત્રાગાળાવાડ, અહમ્મદાબાદ

"Those only are lovers of the Gods
Who hate injustice."

—*Democritus*

પ્રકાશક

ગોવિન્દ મહાદેવ જાગુષ્ટે

ત્રણ દરવાજા–અહમ્મદાબાદ

એકમાત્ર વિક્રેતા (સોલ્ એજન્ટ્)

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે

ગ્રંથવિક્રેતા અને ગ્રંથપ્રકાશક

ત્રણ દરવાજા—અહમ્મદાબાદ

વિક્રમાર્ક ૧૯૮૦] [ઈ. સ. ૧૯૨૪

"જેઓ અન્યાયને ધિક્કારે છે તેઓ જ માત્ર દેવોના સત્ય પ્રેમિકો-ભક્તો-છે."

—ડેમોક્રિટસ્

પ્રથમ આવૃત્તિ

પ્રત ૧૦૦૦

"ધિ ડાયમંડ્ જ્યુબિલી" પ્રિન્ટિંગ્ પ્રેસ્માં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું,
સલાપોસ રોડ્-અમદાવાદ

ઉપહારપત્ર

શ્રી

આ ગ્રંથ હું આપના શ્રીમંડિત કરકમલમાં પ્રેમ તથા માનપૂર્વક ઉપહાર કિંવા ભેટ તરીકે સમર્પું છું તેનો, આશા છે કે, આપ આદર સહિત સ્વીકાર કરશો; કારણ કે, મારી માન્યતા અનુસાર સુપ્રસિદ્ધ તથા પ્રતિષ્ઠિત વિદ્વાન્ ગ્રંથકારોના ગ્રંથો સમાન અન્ય કોઈ શ્રેષ્ઠતમ ઉપહાર છે જ નહિ.

તારીખ
સ્થાન

હું છું આપ..............................

"नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योग संसिद्धः कालेनात्मनि विन्दति ॥"

श्रीमद्भगवद्गीता, अ. ४: श्लो. ३८.

"આ લોકમાં જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ અન્ય કોઈ પણ નથી અને તે જ્ઞાનને કાળે કરીને–કેટલોક કાળ યોગાભ્યાસમાં વીતાડ્યા પછી–યોગસંસિદ્ધ પુરુષ પોતામાં પ્રાપ્ત કરી લે છે."

શ્રીમદ્ભગવદ્ગીતા: અ. ૪: શ્લો. ૩૮.

સમર્પિત

સસ્નેહ અને ધર્મભાવયુક્ત,

સ્વર્ગાદપિ ગરીયસી જનની જન્મભૂ ભરતભૂમિનાં
સમસ્ત ધર્માત્મજીવનપ્રાણ નરજાતીય
તથા નારીજાતીય સુસંતાનોને !

"India has from ancient times held strongly a belief in the reality of the Avatára, the descent into form, the revelation of the Godhead in humanity."

Aurobindo Ghose,

'Essays on the Gita', *P. 14.*

"ભારતવર્ષની અત્યંત પ્રાચીનકાલથી અવતારની વાસ્તવિકતામાં, એટલે કે પરમાત્માના માનવરૂપધારણ કિંવા માનવરૂપદ્વારા વ્યક્તિભવનની વાસ્તવિકતામાં પ્રબળ શ્રદ્ધા બંધાયલી છે."

અરવિન્દ ઘોષ,

'ગીતા વિષયક નિબંધો', પૃષ્ઠ ૧૪.

ઉપોદ્‌ઘાત

'અરવિન્દ વિચારમાળા ' ના પ્રસ્તુત દ્વિતીય પુષ્પમાં શ્રદ્ધાસ્પદ ઋષિ કિંવા યોગી અરવિન્દ ઘોષનાં જે લેખો તથા વ્યાખ્યાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે સર્વ લેખો મનનીય, વિચારણીય તથા આદરણીય હોવા છતાં દ્વિતીય દલ–જાતીયતા, તૃતીય દલ–એશિયાનો ઉષ:કાળ, ષષ્ઠ દલ–ઉત્તરપાડા વ્યાખ્યાન અને અષ્ટમ દલ–આપણી આધુનિક અવસ્થા અને આપણું કર્તવ્ય (મુંબઇમાં અપાયલું વ્યાખ્યાન) એ ચાર લેખો તથા વ્યાખ્યાનો જેવી રીતે અન્ય લેખો કરતાં વિશેષ વિસ્તૃત છે તેવી જ રીતે વિશેષ મનનીય તથા વિચારણીય છે અને તેથી અમો પ્રસ્તુત ઉપોદ્‌ઘાતમાં સર્વ લેખો તથા વ્યાખ્યાનોનો ઊહાપોહ ન કરતાં એ ચાર લેખો તથા વ્યાખ્યાનોનો જ ન્યૂનાધિક ઊહાપોહ કરીશું.

'જાતીયતા' શીર્ષક લેખમાં આપણા દેશમાં એક સમયમાં મૃતપ્રાય થયેલી જાતીયતાનું કેવા સંયોગોમાં પુનરુત્થાન થયું હતું, અધોગતિની ગર્તામાંથી દેશને ઉદ્ધારવામાટે જાતીયતાના ઉત્થાન કિંવા પુનર્જીવનની કેવી અને કેટલી અનિવાર્ય આવશ્યકતા છે, કેવળ જાતીય ભાવ રાજસ હોવાથી તે સાત્ત્વિક સ્વદેશપ્રેમયુક્ત હોવો જોઇએ તો જ તેની યથેષ્ટ સાર્થકતા થઇ શકે છે, સ્વાધીનતાનો વાસ્તવિક અર્થ શો છે અને જાતીયતાની જો કોઇ પણ પ્રતિષ્ઠા હોય તો તે કેવળ દેશ અને દેશ જ છે ઇત્યાદિ વિષયોનું અતિશય ગંભીર સ્વરૂપમાં અને આકર્ષક પદ્ધતિથી શ્રી અરવિન્દ ઘોષે વિવરણ કર્યું છે અને તેના વાંચનથી અત્યારની પરિસ્થિતિમાં દેશોદ્ધારમાટે અત્યંત આવશ્યક મનાતા જાતીય ભાવનો આપણને જેવો થવો જોઇએ તેવો સાક્ષાત્કાર થઈ જાય છે એ સર્વથા નિર્વિવાદ છે. 'જાતીયતા'ના વિષયને અદ્યાપિ આવા રમણીય તથા પ્રતિભામંડિત સ્વરૂપમાં કોઇએ પણ ચર્ચ્યો ન હોતો એટલે એ વિષયના આદ્ય વિવેચક ઋષિ અરવિન્દ જ છે એમ કહેવામાં અતિશયોક્તિનો

લેશમાત્ર પણ સંભવ નથી. એ લેખમાં વળી જે એક પ્રધાન વિશિષ્ટતા છે તે એ કે એ લેખમાં અયોગ્ય પક્ષપાતનો ક્યાંય અંશમાત્ર પણ આપણને દૃષ્ટિગોચર થઈ શકતો નથી.

હવે આપણે ' **એ**શિયાનો ઉષ:કાલ ' શીર્ષક લેખનો વિચાર કરીશું. ' **એ**શિયાનો ઉષ:કાળ ' એ લેખ **ઋ**ષિ **અ**રવિન્દનો પોતાનો મૌલિક લેખ નથી, કિન્તુ સાધુ **પૉલ્** **રિચર્ડ**ના ફ્રેંચ ભાષામાં આપેલાં વ્યાખ્યાનોનો ' The Dawn over Asia, ' નામક અંગ્રેજી **ભા**ષામાં કરેલો અનુવાદ છે અને કોઇ પણ ગ્રંથકારના સર્વ લેખોના સંગ્રહમાં તેણે જે લેખોના અન્ય ભાષામાંથી અનુવાદો કર્યા હોય તે અનુવાદોને પણ સમાવિષ્ટ કરવાનો જે નિયમ પ્રથમથી જ પ્રચલિત છે તે નિયમને અનુસરીને **ઋ**ષિ **અ**રવિન્દ **ઘો**ષના એ અનુવાદનો પણ પ્રસ્તુત ' **અ**રવિન્દ વિચારમાળા 'માં સમાવેશ કરવામાં આવ્યો છે. અસ્તુ: ઉષ:કાળ એટલે રાત્રિજન્ય અંધકારનો અંત અથવા તો સ્તબ્ધ થયેલા પ્રકાશસમુદ્રમાં ઉદ્‌ભવેલી પ્રથમ ઊર્મિ; નિશાચર ચોર તથા દસ્યુ આદિનાં અંધકારમાંનાં દુષ્ટ કૃત્યોનો અવરોધ કરીને તેમને પલાયનોન્મુખ કરનારા પ્રકાશરાજ્યમાંનો જે પ્રથમ પ્રહરી તે ઉષ:કાળ; માયાવિની કમલિનીના કોષમાં મોહવશતાથી નિશાના આરંભકાળમાં બંદી થયેલા ભ્રમરોને તેમના કારાગૃહનાં દ્વારોને ઊઘાડી નાખીને કોમલ પ્રકાશનાં કિરણોવડે મુક્તિજન્ય આનન્દનો સાક્ષાત્કાર કરાવનાર. તેમનો મુક્તિદાતા એટલે ઉષ:કાળ; સ્વર્ગમાંથી અવનીતલપર અવતરણ કરીને પુષ્પોને મૌક્તિકોના અલંકારોવડે અલંકૃત કરનારા હિમબિન્દુઓનું સુકોમળ વિમાન એટલે ઉષ:કાળ; વિકસતી કલિકાઓનું પ્રથમ હાસ્ય એટલે ઉષ:કાળ અને નવીન આશા, નવીન પ્રકાશ તથા નવીન જીવન એટલે ઉષ:કાળ; અર્થાત્ ઉષ:કાળ તે પ્રકાશમય ભવિષ્યકાળના દ્વારમાં વસાયલા અંધકારરૂપ ભારી તાળાને તત્કાળ ઊઘાડી નાખનારી ચાવી હોવાથી અંધકારમાં વિગતજીવન થઇ ગયેલા જે હતભાગી દેશમાં ઉષ:કાળનાં દર્શન થવા માંડે છે તે દેશ ધન્ય છે ! અને વર્તમાનકાળના એવી રીતે ધન્ય થયેલા કેટલાક દેશોમાંનો એક દેશ તે આપણો દેશ

ભારતવર્ષ છે; કારણ કે, આજે સમસ્ત એશિયાના ક્ષિતિજમાં નવીન જીવનની ઉષાનો ઉદય થઇ ગયો છે. એશિયાખંડ કેટલાંક શતકોથી મોહનિદ્રાને આધીન થયેલો હોવાથી એશિયાખંડમાં સર્વત્ર અજ્ઞાનાન્ધકારનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું અને અંધકારમાં થનારા સર્વ પૈશાચી, પાશવી તથા અમાનુષી અન્યાયો તથા અત્યાચારોની જ્યાં દૃષ્ટિપાત કરો ત્યાં વિપુલતા જ જોવામાં આવતી હતી. અર્થાત્ સમસ્ત વિશ્વને પરમાત્મપ્રાપ્તિના માર્ગો દર્શાવવામાટે ભગવાન્ બુદ્ધથી આરંભીને જેજસ્ ક્રાઇસ્ટ્ તથા હજરત મહમ્મદ પયગંબર પર્યન્તના ધર્મસંસ્થાપકોને જન્મ આપીને એશિયાની દિવ્ય ભૂમિ નિદ્રાવશ થઇ ગઈ હતી. એશિયાની દિવ્ય ભૂમિએ સમસ્ત વિશ્વને આપેલા એ ઋણનું કૃતઘ્ન માનવજાતિએ કેવા સ્વરૂપમાં શોધન કરેલું છે એ વૃત્તાંત વિશ્વના ઇતિહાસમાં લખાયલો હોવાથી એના નૂતન વિવેચનની આવશ્યકતા નથી. માત્ર જે વેળાએ એશિયાની દિવ્ય ભૂમિની એ નિદ્રા પૂરી થવા આવી તે વેળાયે એક પ્રચંડ ઉલ્કાપાત થયો અને વિશ્વનાં સામ્રાજ્યમદથી મદોન્મત્ત થયેલાં રાષ્ટ્રોના હસ્તથી ઘટેલા અનન્વિત અન્યાયોના પરિમાર્જનમાટે ગત યૂરોપીય યાદવાસ્થળીમાં માનવરક્તની વૈતરણીતુલ્ય નદીઓ વહન કરવા લાગી. આ ભયંકર માનવસંહાર થયા પછી સમસ્ત પાશવ સામર્થ્યની શિથિલતા થઈ ગઇ અને ત્યાર પછી સુધારણાના દંભથી આત્મવિસ્મૃત થયેલા માનવસમાજને કોઇ પણ માર્ગદર્શક દૈવિ તેજની અનિવાર્ય આવશ્યકતા જણાવા લાગી. એ માર્ગદર્શક દૈવિ તેજ કિંવા દૈવી વૃત્તિની આવશ્યકતા ધાર્મિક પ્રવૃત્તિ વિના પૂર્ણ થઈ શકે તેમ ન હોતું અને એશિયાની દિવ્ય ભૂમિ વિના અન્ય કોઈ પણ ભૂમિ માનવસમાજને ધર્મના પાઠો પઢાવી શકે એ સર્વથા અશક્ય તથા અસંભવનીય હતું. વિશ્વના સામ્રાજ્યવાદીઓ, માનવજાતિનો તમો ગમે તેટલો અને ગમે તેવો સંહાર કરી નાખો; પરંતુ દુઃખવિહ્વલ થયેલા માનવી હૃદયને ધર્મ નામક સંજીવની સુધા સમર્પવાનું સામર્થ્ય તમારામાં નથી; એ ધર્મ નામક સંજીવની સુધા કોઇને પણ આપવાની તમારી યોગ્યતા છે જ નહિ. દુઃખવિહ્વલ

માનવી હૃદયને ધર્મનામક સંજીવની સુધા અર્પવાનું સામર્થ્ય તો તમો અત્યાર સુધી જેની ભયાનક વિડંબના કરતા રહ્યા છો તે **એશિયાની** ઉદારચરિતા ભૂમિમાં જ રહેલું છે અને આજે એ દિવ્ય કાર્યની સિદ્ધિ-માટે સમસ્ત **એશિયાખંડમાં** દિવ્ય જાગ્રતિનો આરંભ થઈ ચૂક્યો છે. એ દિવ્ય જાગ્રતિનો જે આરંભ તે જ **એશિયાનો** ઉષઃકાળ. એ મધુરી ઉષાનો **પૉલ્ રિચર્ડ્** જેવા પાશ્ચાત્ય દેશમાં જન્મ લઇને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઉછરેલા એક **ફ્રેંચ્** તત્ત્વવેત્તાને પ્રથમ સાક્ષાત્કાર થયો એ જો કે એક અપૂર્વ વાર્તા જ કહી શકાય; તથાપિ **એશિયાના** ઉષઃકાલિક દિવ્ય દૃશ્યના દર્શનથી એ **ફ્રેંચ** તત્ત્વવેત્તા મોહમુગ્ધ થઈ ગયા એમાં તો કોઈ પણ પ્રકારનો સંદેહ છે જ નહિ. સાધુ **પૉલ્ રિચર્ડ્** આજે અનેક વર્ષોથી જેના હસ્તથી જગતનું તારણ થઈ શકે તેવી કોઈ જગદુદ્ધારિણી વિભૂતિને શોધી કાઢવાના કાર્યમાં તલ્લીન થઇ ગયા હતા અને અનેક દેશોમાં શોધ કર્યા પછી અંતે **ભારતવર્ષમાં** જેનામાં સમસ્ત જગત્, અખિલ માનવજાતિને ઉદ્ધારવાનું સામર્થ્ય વિલસી રહ્યું હતું તેવી એક વિભૂતિ તેમને મળી આવી; તે વિભૂતિ અન્ય કોઈ નહિ, પણ સ્વાતંત્ર્યોપદેશક શ્રી **અરવિન્દ ઘોષ**.

પૉલ્ રિચર્ડ્નાં આ મત, આ નિષ્ઠા તથા આ નિશ્ચયના અવલોકનથી આપણે સ્વાભાવિક જ આશ્ચર્યચકિત થઈ જઇએ છીએ અને આપણી પોતાની આત્મવંચકતાનું ભયંકર સ્વરૂપ આપણાં હૃદયચક્ષુ સમક્ષ ઉપસ્થિત થઇને જાણે આપણને એમ કહી રહ્યું હોયની! કે: "તારૂં જે કાંઈ પણ છે તે તારી પાસે જ છે; પરંતુ તું સ્થાનને ભૂલી ગયો છે!" એવો જ ભાસ થયા કરે છે. આપણી પોતાની **આર્યજાતિમાં** તથા આપણી પોતાની **ભારતભૂમિમાં** એકથી એક ઉત્તમતર અનેક પુરુષોનો નિવાસ હોવા છતાં આપણે આપણી તથા આપણી જન્મભૂમિની ઉન્નતિમાટે આશાતુર નયનોથી અન્ય જનોના મુખપ્રતિ દૃષ્ટિપાત શામાટે કરવો જોઇએ વારૂ? જે દેશમાં દિવ્ય **દેશભક્ત, વિશ્વમાન્ય વિદ્વાન, વિલક્ષણ બુદ્ધિમાન્ તથા જયલલામ લોકમાન્ય સ્વ. બાલ ગંગાધર**

તિલક જેવા મહાપુરુષનો જન્મ થયો હતો અને જે દેશમાં ઋષિ અરવિન્દ ઘોષ જેવા દેશભક્ત મહાત્માઓનો અચલ તથા સ્થાયી નિવાસ છે તે દેશને તથા તે દેશના લોકોને આત્મોદ્ધારમાટે અન્ય જનોપર અવલંબી રહેવાની આવશ્યકતા શામાટે દેખાવી જોઇએ વારૂ? પરંતુ આ પરિણામ જે પરવશતામાં આપણે શતાવધિ વર્ષોથી જકડાઈ ગયા છીએ તે પરવશતાનું જ છે; પરવશતાએ જ આપણને પરાવલંબી બનાવી દીધા છે. અત્યારે આપણામાટે જો કોઈ પણ આશાદાયિની વાર્તા હોય તો તે એ જ છે કે પુનઃ એક વાર આપણી દૃષ્ટિ અંતર્મુખ થવાના ભાગ્યને પ્રાપ્ત કરી શકી છે અને એક તપ પૂર્વે ઋષિ અરવિન્દે જે દિવ્ય સ્વાતંત્ર્યસંગીતનો આલાપ કર્યો હતો તે સ્વાતંત્ર્યસંગીતના પ્રતિધ્વનિથી આજે સમસ્ત રાષ્ટ્ર નિનાદિત થયેલું દેખાય છે; માત્ર એટલુ જ નહિ, પણ સ્વ. તિલક મહારાજના વરદ હસ્તથી આરોપાયલી વિશ્વવ્યાપક ઉદ્ધારની પવિત્ર પતાકા તળે સમસ્ત ભારતવર્ષે આત્મરત થઇને પરકીય સંસ્કૃતિજન્ય ભયના ઉચ્છેદ પૂર્વક સ્વરાજ્યસદનના સોપાનપર ચઢવાના શુભ કૃત્યને આરંભી દીધું છે. જ્યાં સૂધી આપણે સ્વતંત્ર નથી થયા ત્યાં સૂધી આપણી વિશ્વબંધુત્વ તથા જગદુદ્ધાર વિષયક સર્વ કલ્પનાઓ સર્વથા નિષ્ફળ છે; કારણ કે, જે પોતે પિંજરામાં બદ્ધ હોય છે તેનાથી અન્ય મનુષ્યને બંધનમુક્તિ આપવાનું કાર્ય કદાપિ કરી શકાતું નથી એ એક ત્રિકાલાબાધ્ય સત્ય હોવાથી જો સમસ્ત એશિયાને, અખિલ માનવજાતિને મુક્ત કરવાની આશા તથા ભાવનાને આપણે આપણા હૃદયમાં સ્થાન આપીએ તો આપણી એ આશા તથા ભાવનાની સિદ્ધિ કિંવા સફળતામાટે સર્વથી પ્રથમ આપણી પોતાની મુક્તિને પ્રાપ્ત કરી લેવાની આપણામાટે અનિવાર્ય આવશ્યકતા છે. એશિયા જો કે સમસ્ત જગત્નો ગુરુ છે, તથાપિ એશિયાનો માર્ગદર્શક ભારતદેશ છે એટલે જ્યાં સૂધી ભારતવર્ષ મુક્ત કિંવા સ્વતંત્ર નથી ત્યાં સૂધી અનેક જાપાનો ગમે તેવાં અને ગમે તેટલાં બલિષ્ઠ થઈ જાય તો પણ તેઓ એશિયાને કદાપિ મુક્ત કરી શકવાનાં નથી. અર્થાત્ એશિયા અને પર્યા-

યથી સમસ્ત જગત્ના ઉદ્ધારના પ્રથમ સોપાન તરીકે આપણે આપણી ભૂમાતાને સર્વથી પ્રથમ બંધનમુક્ત કરવી જોઇએ એ સર્વથા નિર્વિવાદ છે.

પૉલ્ રિચર્ડ્ના 'એશિયાનો ઉષઃકાળ' નામક ગ્રંથમાંનાં વ્યાખ્યાનોનું પાઠકો તથા પાઠિકાઓએ વિશેષતઃ આ દૃષ્ટિથીજ નિરીક્ષણ કરવાનું છે એ નવીનતાથી કહેવાની આવશ્યકતા હોય એવી અમારી માન્યતા નથી. હવે આપણે 'એશિયાનો ઉષઃકાળ' નામક વ્યાખ્યાન-ગ્રંથની સામાન્ય ઉપયુક્તતાનો કિંચિદ્ વિચાર કરીશું. જે સમયમાં અખિલ ભારતદેશ સ્વાતંત્ર્યની વૃત્તિઓથી ઉભરાઈ જતો દેખાય છે, તે પ્રવૃત્તિઓનો સર્વ મનુષ્યોનાં હૃદયોમાંથી પ્રતિધ્વનિ નીકળ્યા કરે છે અને કદાચિત્ સામ્રાજ્યાંતર્ગત તો કદાચિત્ તદ્બાહ્ય એ ભાવિ સ્વરાજ્યની રચના, ઇંગ્લૅંડ્ની શાસનપદ્ધતિ જો તુલનાત્મક દૃષ્ટિથી શ્રેષ્ટ સિદ્ધ થાય તો પણ તે સર્વથા નિર્લેપ તથા નિર્દોષ ન હોવાથી, ભિન્ન પ્રકારે જ કરવાની આવશ્યકતા છે એવી ભાષા રાષ્ટ્રમુખમાંથી ધ્વનિત થતી સંભળાય છે તે વર્તમાન સમયમાં 'લોકસત્તા' શીર્ષક વ્યાખ્યાન અત્યંત બોધપ્રદ તથા મનનીય છે એમાં તો કોઈ પણ પ્રકારની શંકા છે જ નહિ. ઇંગ્લંડ્ના પ્રજાપ્રતિનિધિત્વનું સત્ય સ્વરૂપ પાર્લમેન્ટ્માં ધનાઢ્યોનું જે વ્યક્તિવર્ચસ્વ છે તે જ છે અને તેના યોગે સર્વસામાન્ય અધિકારોની જે વિડંબના થતી રહે છે, મૂડીવાળા તથા મજૂર લોકો વચ્ચે દિવસાનુદિવસ જે વિરોધ વધતો રહે છે, એ વિરોધના પરિણામે જે બેરોજગારી વધતી જાય છે અને એ બેરોજગારીના યોગે અહર્નિશ જે પ્રજાપ્રક્ષોભ વૃદ્ધિંગત થતો રહે છે તે દુષ્પરિણામોનું એ વ્યાખ્યાનમાં માર્મિક આવિષ્કરણ કરાયલું છે. પ્રચલિત સુધારણાની સૈરણશૃંગારધારકતાથી અંધાનુકરણપટુ થયેલા રાષ્ટ્રનાં ચેતનહીન નેત્રોને સચેતન કરવામાટે તથા ઉઘાડી નાખવામાટે તૃતીય 'જાપાનનું કર્તવ્યક્ષેત્ર' શીર્ષક વ્યાખ્યાનરૂપ અંજન પર્યાપ્ત છે; કારણ કે, આજે વીસમી સદીમાં કેવળ અદ્ભુત ચમત્કાર તરીકે જ મનાતી અથવા સ્વીકારાતી કેટલીક સુધાર-

ણાઓ આમૂલાગ્ર પાશવી જ છે એ વિષયનો તેમ જ જાપાન તથા અમેરિકાના દૃષ્ટાંતો આપીને અનુકરણના યોગે આવનારાં ભયંકર સંકટોનો એ વ્યાખ્યાનમાં યોગ્ય ઊહાપોહ કરવામાં આવ્યો છેઃ માત્ર એટલું જ નહિ, પણ અત્યારે મૂડી તથા મજૂરીના પરસ્પર ચાલી રહેલા વિક્રોપનું પણ એ વ્યાખ્યાનમાં યથાર્થ વર્ણન કરાયલું છે. પાંચમા તથા છઠ્ઠા વ્યાખ્યાનના પઠનથી બુદ્ધિમાન્ મનુષ્યો આશ્ચર્યમૂઢ તથા ભાવિક જનો આવતી કાલની કલ્પનાથી તરંગાયિત થઇ જાય, તો તે સર્વથા સ્વાભાવિક જ છે. સપ્તમ વ્યાખ્યાન ઋષિ અરવિન્દના જીવનચરિત્રને સમર્પવામાં આવ્યું છે અને પૉલ્ રિચર્ડના કથન અનુસાર વસ્તુતઃ ઋષિ અરવિન્દ વિશ્વના શાસ્તા થવાના જ છે એ કલ્પનાથી પ્રત્યેક ભારતવર્ષીય મનુષ્યનું અંતઃકરણ જો અતિશય આનન્દ તથા સ્વાભિમાનથી ઉભરાઇ જાય, તો તે સર્વથા સ્વાભાવિક તથા નૈસર્ગિક જ કહી શકાય. આવી રીતે ‘ એશિયાનો ઉષઃકાળ ’ શીર્ષક વ્યાખ્યાનસંગ્રહમાંનાં સર્વ વ્યાખ્યાનો ઉત્તમ તથા બોધપ્રદ હોવા છતાં પ્રથમ તથા દ્વિતીય વ્યાખ્યાન અમારી દૃષ્ટિને અધિક મહત્ત્વના તથા વ્યાવહારિક દેખાય છે; કારણ કે, અત્યારના સમયમાં અધિકારના મદથી અંધ થયેલા કેટલાક પાશ્ચાત્યો આપણા એશિયાટિકોના સંપર્કમાત્રને પણ સહન નથી કરી શકતા અને તેમની કુટિલ રાજનીતિની જો કોઇ ઘોષણા હોય તો તે એ જ છે કે ‘ Asiatics must go ’ અને એમ થાય એ સ્વાભાવિક હોવાથી એશિયાનાં સર્વ રાષ્ટ્રોએ એકમુખ તથા એકાત્મ થવું જ જોઇએ એવી એક એક અત્યંત ઉપયુક્ત તથા માર્મિક સૂચના સાધુ પૉલ્ રિચર્ડે આજથી પાંચ વર્ષ પૂર્વે જ કરી દીધી હતી. અર્થાત્ સાધુ પૉલ્ રિચર્ડની સૂચના અનુસાર ભારતવર્ષના સ્વાતંત્ર્યમંદિરના ઉત્તુંગ શિખર ઉપરથી જ દૂરદૃષ્ટિનો વેધ લેવાની આવશ્યકતા છે એ સર્વથા નિર્વિવાદ છે. ‘ એશિયાનો ઉષઃકાળ ’ નામક ગ્રંથના પરિશિષ્ટમાં જે ‘ જાતીય સામ્ય સંસ્થાપક મંડળ ’નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ‘ જાતીય સામ્ય સંસ્થાપક મંડળ ’ ગત યૂરોપીય યાદવાસ્થળીની પરિ-

સમાપ્તિ પછી સ્થપાયલા અધિકારલોલુપ 'રાષ્ટ્રસંઘ'ને કરવામાં આવેલું એક પ્રકારનું આવ્હાન છે એમ કોઈ પણ કહી શકે તેમ છે. અત્યારે જો કે એ 'જાતીય સામ્ય સંસ્થાપક મંડળ' અત્યંત અલ્પ પરિમાણમાં દૃષ્ટિગોચર થાય છે; તથાપિ નિકટના ભવિષ્યમાં એક સમય એવો પણ આવવાનો છે કે જે સમયમાં એ 'જાતીય સામ્ય સંસ્થાપક મંડળ' અથવા તો એવા જ સ્વરૂપનો, વિશ્વનાં સમસ્ત રાષ્ટ્રોની જનતાના સ્વાતંત્ર્ય, સામ્ય તથા બંધુત્વ એ ત્રણ તત્ત્વોના પાયાપર રચાયલો પવિત્ર સંઘ રાજ્ય, સત્તા તથા વૈભવના પાયાપર રચાયલા 'રાષ્ટ્રસંઘ'ના મિથ્યા આડંબરનો વિશ્વને સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવી દેશે અને 'રાષ્ટ્રસંઘ'ની કુટિલતાનો આવી રીતે પ્રકાશ થતાં એ 'રાષ્ટ્રસંઘ' વિશ્વની દૃષ્ટિ સમક્ષ પ્રતિષ્ઠાહીન તથા હતપ્રભ થઇ જશે; માત્ર એટલું જ નહિ, પણ પરાજિત થયેલા અધિકારલોલુપ જનોનો સમુદાય બલહીન થઇને લોકસત્તાના શરણને સ્વીકારી લેશે એમાં કોઈ પણ પ્રકારનો સંદેહ છે જ નહિ. તે શુભતમ દિવસને અધિકાધિક નિકટમાં લાવવાના પ્રથમ માર્ગ તથા સર્વ રાષ્ટ્રોની જનતાના સંઘને સબળ કરવાના પ્રથમ પ્રયત્ન તરીકે આપણે ભારતવાસીઓએ આપણા સર્વસ્વનું બલિદાન આપીને સ્વરાજ્યનું સંપાદન કરી લેવું જોઈએ એ નવીનતાથી કહેવાની કે લખવાની આવશ્યકતા છે જ નહિ; કારણ કે, જ્યાં સુધી આપણે સ્વરાજ્યનું સંપાદન નહિ કરીએ ત્યાં સુધી જેનાં હસ્ત તથા ચરણ બાંધી લેવામાં આવ્યાં હોય તેવા મનુષ્યનો અન્ય મનુષ્યોને સ્વતંત્રતાના પાઠોને પઢાવવાનો પ્રયત્ન જેવી રીતે હાસ્યાસ્પદ થઇ પડે છે તેવી જ રીતે આપણા વિશ્વના ઉદ્ધાર વિષયક ઉદ્‌ગારો પણ સર્વથા હાસ્યાસ્પદ સિદ્ધ થવાનો જ સંભવ છે.

સારાંશ કે, 'એશિયાનો ઉષઃકાળ' નામક પુસ્તકનું જો આ દૃષ્ટિથી પર્યાલોચન કરવામાં આવે, તો તે પર્યાલોચનના યોગે આપણા આત્મવિશ્વાસની વૃદ્ધિ થવાનો, આપણા સ્વરાજ્યકાર્યનું માહાત્મ્ય તથા વિશ્વની દૃષ્ટિથી તેની આવશ્યકતા આપણા લક્ષમાં આવવાનો અને એક પરકીય

દેશવાસી તત્ત્વવેત્તા સમસ્ત સૃષ્ટિનું પર્યટન તથા પરીક્ષણ કર્યા પછી અંતે આ પુરાણપાવન ભરતભૂમિમાં આવીને તેના જ એક તેજસ્વી પુત્રના લલાટમાં જગદુદ્ધારકના તિલકને આલેખી શક્યો હતો એ કલ્પનાથી મન ધન્યતામય થઇને અધિક કાર્યતત્પર થવાનો સંપૂર્ણ સંભવ છે અને એ વ્યાખ્યાનસંગ્રહના વાંચનથી અમારા આ કથનની વાસ્તવિકતા પાઠકવર્ગના જાણવામાં આવી શકે તેમ છે એટલે વિશેષ વિવેચનની આવશ્યકતા નથી.

હવે આપણે ઋષિ અરવિન્દ ઘોષનાં 'ઉત્તરપાડા વ્યાખ્યાન' તથા 'આપણી આધુનિક અવસ્થા અને આપણું કર્તવ્ય' શીર્ષક વ્યાખ્યાનનો કાંઇક વિચાર કરીશું.

મુંબઇ ઇલાકામાં આજે કેટલાંક વર્ષોથી 'રાષ્ટ્રીય પક્ષ'નામક જે રાજનૈતિક પક્ષ અસ્તિત્વ ધરાવે છે તે રાષ્ટ્રીય પક્ષ કરતા અરવિન્દ બાબૂએ નિર્માણ કરેલો રાષ્ટ્રીય પક્ષ સર્વથા ભિન્ન પ્રકારનો છે, તેજસ્વી છે અને કાર્યક્ષમ છે. મુંબઇ ઇલાકામાં રાજનૈતિક કિંવા રાષ્ટ્રીયપક્ષના આદ્ય નિર્માતા મહારાષ્ટ્રીય વીરો હોવાથી અને તે મહારાષ્ટ્રીય વીરોના માન્યવર અગ્રણી સ્વ. લોકમાન્ય બાલ ગંગાધર તિલક હોવાથી મુંબઇ ઇલાકાનો રાષ્ટ્રીય પક્ષ સામાન્યતઃ 'મહારાષ્ટ્રીય રાષ્ટ્રીય પક્ષ'ના નામની ઓળખાય છે અને એમ થવું સર્વથા સ્વાભાવિક જ છેઃ કારણ કે, મુંબઇ ઇલાકાનો રાજનૈતિક નેતા પ્રથમથી જ મહારાષ્ટ્ર દેશ છે. અસ્તુઃ મહારાષ્ટ્રના સંબન્ધમાં એવાં વિધાનો કરવામાં આવે છે કેઃ 'મહારાષ્ટ્ર ભાવનાપ્રધાન નથી, કિન્તુ બુદ્ધિપ્રધાન છે' 'મહારાષ્ટ્રની પરંપરા રાજનૈતિક સ્વરૂપની છે' અને 'રાજકારણ મહારાષ્ટ્રનો જન્મજાત સ્વભાવ છે.' આ સર્વ વિધાનોને લક્ષમાં લઇને આજે મહારાષ્ટ્ર કિંવા મુંબઇ ઇલાકાને કર્તવ્યશીલ થવામાટે શી શી વસ્તુઓની આવશ્યકતા છે એ અરવિન્દ બાબૂનાં આ બે વ્યાખ્યાનોના વાંચનથી બહુ જ સારી રીતે આપણા જાણવામાં આવી શકે છે. જો મુંબઇ ઇલાકા એટલે કે મહારાષ્ટ્રની રાજનૈતિક પ્રવૃત્તિઓના ગત ત્રીસ વર્ષના ઇતિહાસનું અવ-

લોકન કરવામાં આવે, તો મહારાષ્ટ્ર એટલે એકલા લોકમાન્ય તિલક અને એકલા લોકમાન્ય તિલક એટલે સમસ્ત મહારાષ્ટ્ર અથવા આખો મુંબઇ ઇલાકો એવી પરિસ્થિતિ જ આપણા જોવામાં આવી શકે તેમ છે. અર્થાત્ જ્યાં સુધી લોકમાન્ય તિલકનું અસ્તિત્વ હોય ત્યાં સુધી જ મહારાષ્ટ્ર સજીવન રહે અને જો લોકમાન્ય તિલકનું અસ્તિત્વ મટી જાય તો મહારાષ્ટ્રના રાજનૈતિક જીવનદીપનું પણ તત્કાળ નિર્વાણ થઈ જાય, એવી સ્થિતિ જ દૃષ્ટિગોચર થઈ શકે તેમ છે અને જો ઈ. સ. ૧૯૦૮, ૧૯૧૪ તથા ૧૯૨૦ એ વર્ષોપ્રતિ લક્ષ આપવામાં આવે તો અમારા આ કથનની વાસ્તવિકતા તત્કાળ પાઠકો તથા પાઠિકાઓના જાણવામાં આવી જાય તેમ છે એટલે એનું વિશેષ વિવરણ વ્યર્થ છે. મહારાષ્ટ્રમાં બુદ્ધિમત્તા, રાજકારણપટુતા તથા પૂર્વનામનાનો ગમે તેટલો વિશાળ ભંડાર ભરેલો હોય, તો પણ જ્યાં સુધી મહારાષ્ટ્રમાં ભાવનાની જાગ્રતિ થઇ નથી, મહારાષ્ટ્રના અંતઃકરણમાં શ્રદ્ધાનો ઉદય નથી થયો અને મહારાષ્ટ્રમાં ધર્મનો વાયુ વિચરવા નથી લાગ્યો ત્યાં સુધી મહારાષ્ટ્રની કાર્યકારકતા સંપૂર્ણ નથી થવાની. ઇ.સ. ૧૯૦૮ માં 'આપણી આધુનિક અવસ્થા અને આપણું કર્તવ્ય' એ વિષયપરત્વે મુંબઇમાં આપેલા વ્યાખ્યાનમાં અરવિન્દ બાબૂએ મહારાષ્ટ્રને ઉદ્દેશીને એ તત્ત્વનું સમસ્ત ભારતવર્ષને શિક્ષણ આપ્યું હતું. એ વ્યાખ્યાનના વાંચનથી સત્ય રાષ્ટ્રીય ધર્મ વિષયક જે કલ્પનાનો આવિર્ભાવ થાય છે તે કલ્પના મહારાષ્ટ્ર-મુંબઈ ઇલાકા—માટે તો સર્વથા નવીન છે એમ જો કહેવામાં આવે તો તેથી અતિશયોક્તિ થવાનો લેશમાત્ર પણ સંભવ નથી. મહારાષ્ટ્રમાંના અત્યારના રાજનૈતિક સ્વરૂપના રાષ્ટ્રીય પક્ષ કરતાં મુંબઈના પોતાના ઉપર્યુક્ત વ્યાખ્યાનમાં અરવિન્દ બાબૂએ વર્ણવેલો રાષ્ટ્રીય પક્ષ જેટલા પરિમાણમાં શ્રેષ્ઠ છે તેટલા જ પરિમાણમાં ઉત્તરપાડામાં અરવિન્દ બાબૂએ આપેલા વ્યાખ્યાનમાં ઉપદેશાયલો સનાતન ધર્મ કેવળ ભૌતિક રાજનૈતિક રાષ્ટ્રધર્મ કરતાં સરસ છે એવો અમારો દૃઢ વિશ્વાસ છે. ભારત-સ્વરાજ્યનું સ્વરૂપ કેવા પ્રકારનું છે, ભારતવર્ષનું ધ્યેય શું છે, કયા માર્ગના

અવલંબનથી ભારતવર્ષનો ઉત્કર્ષ થવાનો સંભવ છે તેમ જ ભારતવર્ષના ઉદ્ધારનાં સાધનો ક્યાં હોવાં જોઇએ એની ઉત્તરપાડા વ્યાખ્યાનના વાંચનથી વાસ્તવિક કલ્પના કરી શકાય તેમ છે. અરવિન્દ બાબૂનાં આ બે વ્યાખ્યાનો અત્યારની પરિસ્થિતિમાં મહારાષ્ટ્ર કિંવા મુંબઈ ઈલાકા ઉપરાંત સમસ્ત ભારતવર્ષમાટે પણ માર્ગદર્શક થવાની સંપૂર્ણ યોગ્યતા ધરાવે છે. ભારતવર્ષની રાજનૈતિક પ્રવૃત્તિઓ ધીમે ધીમે ક્યા ધોરણને ધારણ કરી રહી છે એ રહસ્યનો આ બે વ્યાખ્યાનોના પઠનથી આપણા હૃદયમાં યોગ્ય પ્રકાશ પડી જાય છે. અત્યારના પ્રસંગ સમાન પ્રસંગોમાં કેવળ શાબ્દિક રાજકારણને મહત્ત્વ આપવાથી કિંવા ધર્મની ચેષ્ટા કરીને જેના યોગે વૈયક્તિક સુખનો સંહાર થવાનો સંભવ ન હોય તેવા કાર્યક્રમને અંકિત કરી લેવાથી રાષ્ટ્રના કલ્યાણનો લેશમાત્ર પણ સંભવ નથી એ તત્ત્વ એ ઉભય વ્યાખ્યાનોમાં અથથી ઇતિ પર્યન્ત વર્ણવાયલું છે. સારાંશ કે, કોઈ પણ શ્રેષ્ઠ કાર્યની સિદ્ધિમાટે જેમની અનિર્વાય આવશ્યક્તા હોય છે તે નિઃસીમ શ્રદ્ધા, સંપૂર્ણ સામર્થ્ય, અતુલ ધૈર્યશીલતા તથા સંપૂર્ણ સ્વાર્થત્યાગ આદિનો જનસમુદાયમાં ઉદ્ભવ કરવામાટે એ બે વ્યાખ્યાનો અતિશય સહાયક થઈ પડે તેમ છે અને 'અરવિન્દ વિચારમાળા'ના આ દ્વિતીય પુષ્પમાં એ બે વ્યાખ્યાનોનો એટલામાટે સમાવેશ કરી દેવામાં આવ્યો છે કે આ બે વ્યાખ્યાનોના વાંચન તથા મનનનો પ્રસંગ 'અરવિન્દ વિચારમાળા'નાં પાઠકો તથા પાઠિકાઓને સત્વર જ પ્રાપ્ત થઈ જાય. એ બે વ્યાખ્યાનોના સંબન્ધમાં ઉપોદ્ઘાતમાં આટલું વિવેચન પર્યાપ્ત છે.

શ્રીયુત અરવિન્દ બાબૂએ બંગાળાના સુવિખ્યાત સાહિત્યગુરુ સ્વ. બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયના સંબન્ધમાં અંગ્રેજીમાં જે 'ઋષિ બંકિમચન્દ્ર' શીર્ષક એક પ્રગલ્ભ લેખ લખ્યો છે અને જેનો અનુવાદ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે તે લેખના પરિશીલનથી એ તત્ત્વ તત્કાળ આપણા જાણવામાં આવી શકે છે કે જે નવલકથાઓને કેટલાક સુશિક્ષિત જનો ઘૃણાની દૃષ્ટિથી નિહાળે છે તે નવલકથાઓદ્વારા પણ

યોગ્ય તથા પ્રતિભાસંપન્ન સાહિત્યસેવકો દેશકલ્યાણના માર્ગને કેટલીક સીમા પર્યન્ત પ્રશસ્ત કરી શકે છે અને દેશકલ્યાણના માર્ગને પ્રશસ્ત કરીને તેઓ ઋષિપદના અધિકારી થઇ કેટલી સીમા પર્યન્ત શ્રદ્ધાભાજન, પૂજ્ય તથા ચિરંજીવી થઇ શકે છે.

'**અરવિન્દ વિચારમાળા**'ના પ્રથમ પુષ્પ પ્રમાણે જ આ દ્વિતીય પુષ્પમાં પણ સંદિગ્ધ વાક્યોના સ્પષ્ટીકરણમાટે સ્થળે સ્થળે પાદટિપ્પણો–ફુટ્નોટ્સ્–આપવામાં આવ્યાં છે તેમજ **કોરિયાચન્દ્રના જાપાનરાહુના હસ્તથી** થયેલા ગ્રાસના વિષયમાં દીર્ઘ વિવેચનની આવશ્યકતા હોવાથી એનો ઇતિહાસ પરિશિષ્ટમાં આપવામાં આવ્યો છે.

'**અરવિન્દ વિચારમાળા**'ના પ્રસ્તુત દ્વિતીય પુષ્પમાં ગ્રન્થની મહત્તા તથા સુંદરતાની વૃદ્ધિમાટે ઋષિ **અરવિન્દ**ના ત્રિરંગી ચિત્ર ઉપરાંત '**એશિયાનો ઉષઃકાળ**' નામક ગ્રંથના મૂલ નિર્માતા મહાત્મા પોલ રિચર્ડ, **દેશબંધુ ચિત્તરજન દાસ** તથા ઋષિ **બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય**નાં એક-રંગી ચિત્રો યથાપ્રસંગ આપવામાં આવ્યાં છે. અમારો દૃઢ વિશ્વાસ છે કે '**અરવિન્દ વિચારમાળા**'ના પ્રથમ પુષ્પ પ્રમાણે આ દ્વિતીય પુષ્પ પણ ગુર્જર પાઠકો તથા પાઠિકાઓના સંપૂર્ણ આદરને પાત્ર થશે અને જો તેમ થશે તો અનુવાદક તથા પ્રકાશક પોતાના પરિશ્રમને પૂર્ણ સફળ થયેલો માનશે.

કેટલાંક અનિવાર્ય કારણોથી આ ગ્રંથના પ્રકાશનમાં કેટલોક અચિન્ત્ય વિલંબ થઇ ગયો છે તે માટે અમો પાઠકવર્ગની ક્ષમા માગીએ છીએ અને જે પરમદયાઘન **પરમાત્મા**ની કૃપાથી આજે આ ગ્રંથને અમો ભદ્ર પાઠકો તથા ભદ્ર પાઠિકાઓનાં કરકમલોમાં સમર્પી શક્યા છીએ તે **પરમાત્મા**ને અમો અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

અહમ્મદાબાદ (અમદાવાદ)
વિક્રમાબ્દ ૧૯૮૦. જ્યેષ્ઠ,
શુક્લ તૃતીયાઃ તા. ૫ મી જૂન
૧૯૨૪: ગુરુવાર.

ભવદીય સ્નેહાકાંક્ષી
ઠક્કુર નારાયણ વિસનજી
અનુવાદક

વિષયાનુક્રમણિકા

ચિત્રસૂચી

અષ્ટાવક્રગીતા

મહાત્મા અષ્ટાવક્રમુનિના નામથી કોઇ પણ માણસ ભાગ્યેજ અજાણ્યું હશે. મહાત્મા અષ્ટાવક્રની વિદ્વત્તામાટે હિન્દનો કોઇ પણ માણસ અજ્ઞ નહિ હોય. તેમની સમર્થ વિદ્વત્તા અને નિષ્પક્ષપાતાથી લખાયેલું આ પુસ્તક એક રત્નરૂપ છે. અષ્ટાવક્રમુનિએ આ પુસ્તકમાં મતમતાન્તરોથી રહિત કેવળ આત્માનુભવથીજ જે સ્પષ્ટવચનો કહેલાં છે તેવાં બીજાં એકે ગ્રંથમાં નથી. પુસ્તક નાનું છે પણ એમ જ કહેવું પડશે કે તે છેલ્લુંજ પુસ્તક છે. કાગળ ગ્લેજ ઉંચા, પાકું પૂઠું, કીમત. રૂ. ૧॥ પોસ્ટેજ ૬ આના.

ગુજરાતી ભાષામાં પહેલવહેલોજ પ્રકટ થયેલો
વેદાન્તનો ઉત્તમ ગ્રંથ.

દત્તાત્રેયગીતા (અવધૂત ગીતા)

શ્લોક, ગુજરાતી ટીકા તથા વિવેચન સાથે

વેદાન્ત વિષયનો આ એક ઘણો મહત્ત્વનો ગ્રંથ છે. સંસારમાં એવો કોઈ પંડિત કે મહાત્મા સંન્યાસી નથી કે જે ગુરુ દત્તાત્રેયજીના નામથી અનભિજ્ઞ હોય. આ અવધૂત ગીતામાં બ્રહ્માત્મવાદના પ્રકાશપૂર્વક દ્વૈતઅદ્વૈતથી રહિત કેવલ તત્ત્વજ સ્વભાવથીજ શુદ્ધબુદ્ધ મુક્ત સ્વરૂપ છે એમ દર્શાવેલું છે. પરસ્પર વિચારોના ખંડન મંડનથી મહાત્મા દત્તાત્રેય સ્વાનુભવરૂપ ખંડનમંડનરહિત, કેવલાદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશુદ્ધાદ્વૈત, શુદ્ધાદ્વૈત ઇત્યાદિ ઉપાધિઓ રહિત, શુદ્ધચેતનરૂપ એક જ સદ્વસ્તુ બ્રહ્મ છે તેનું આ અવધૂત

ગીતામાં યથાર્થ નિરૂપણ છે. આમાં આત્મનિરૂપણ અહમ્ શબ્દની વ્યાખ્યા, બ્રહ્મ અને આત્માનો ઐક્યભાવ, બ્રહ્મતત્ત્વનું સ્વરૂપ, આત્મજ્ઞાનનો ઉપદેશ, અવધૂત અને શિષ્યનો સંવાદ, ગુણાવગુણ સ્વરૂપનું વર્ણન, નિર્દ્વન્દ્વભાવનું કથન, સ્થૂલ સૂક્ષ્મસ્વરૂપ, પંચમહાભૂતોની પરિસ્થિતિ, જ્ઞાનભેદ વર્ણન, ગુરુપ્રસાદના પ્રભાવનું કથન, જીવશિવનું બ્રહ્મૈક્ય કથન, જીવ અને ગગનનું સામ્ય, જીવ સઘળા પદાર્થોથી રહિત છે એવું સંદર્ભપૂર્વક વર્ણન, સંસારનો ત્યાગનો ઉપદેશ, બ્રહ્મ અને જીવની સર્વવ્યાપકતા, પ્રણયના સ્વમનું વર્ણન, વર્ણાક્ષરનું ને બ્રહ્મના સામ્યભાવનું વર્ણન, તત્ત્વમસિ આદિ મહાવાક્યોના અર્થના વિવરણપૂર્વક મનનું સમાધાનકરણ ને જ્ઞાનતત્ત્વનો નિર્ણય, જીવ અને બ્રહ્મ વિષયમાં શ્રુતિઓનો અભિપ્રાય, જીવ અને બ્રહ્મના સર્વથી પર સત્યનું કથન, બ્રહ્મ વિના સઘળા યજ્ઞાદિ તુચ્છ છે એવું નિરૂપણ ને મોક્ષનો નિર્ણય, જીવના વસતીસ્થાનનું ને પરિસ્થિતિનું દિગમ્બરરૂપથી વર્ણન, યોગી અને ભોગીનું યથાર્થ કથન, જીવશિવની જન્મમરણથી રહિતતાનું વર્ણન, મનની વિષયાદિમાંથી લોલુપતાને દૂર કરવાનો ઉપદેશ, અવધૂતનું લક્ષણ, અવધૂત શબ્દની વ્યાખ્યા, સ્રીનો ત્યાગ કરવા વિષે નિંદારૂપથી વિષયોનું વર્ણન, મનને અવશ્ય વશ રાખવું જોઇએ એવું ઉપદેશરૂપથી વર્ણન આદિ બ્રહ્મજ્ઞાનથી છલોછલ ભરેલો ગ્રંથ ખાસ વાંચવાની ભલામણ છે. જ્ઞાનનો વિષય હોવા છતાં ભાષા સહેલી રાખવામાં આવેલી છે. કાગળ ઉંચા એન્ટિક, સુંદર છપાઈ તથા પાકું સોનેરી પૂઠું છતાં કીમત માત્ર રૂ. ૩—૦—૦ પોસ્ટેજ ૬ આના.

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ—વિશ્વવિચાર

પ્રથમ દલ—જગન્નાથનો રથ

જગન્નાથનો રથ

આદર્શ સમાજ કિંવા આદર્શ માનવસમષ્ટિનો અંતરાત્મા ભગવાનનું વાહન કિંવા જગન્નાથની યાત્રાનો રથ છે અને ઐક્ય, સ્વાધીનતા, જ્ઞાન તથા શક્તિ એ તે રથનાં ચાર ચક્રો છે. અર્થાત્ મનુષ્યબુદ્ધિવડે ગઠિત કિંવા પ્રકૃતિના અશુદ્ધ પ્રાણસ્પન્દનવડે સૃષ્ટ અથવા ઉત્પન્ન થયેલો જે સમાજ તે એથી સર્વથા અન્ય અથવા ભિન્ન પ્રકારનો છે; કારણ કે, એ સમષ્ટિ કિંવા સમાજનો નિયન્તા ભગવાનનો રથ નથી; કિન્તુ મુક્ત અન્તર્યામીને આચ્છાદિત કરીને જે બહુરૂપી દેવતા ભગવત્પ્રેરણાને વિકૃત કરી નાખે છે તે અહંકારે એ દ્વિતીય પ્રકારના સમાજના અંતરાત્માને પોતાના રથના રૂપમાં પરિણત કરેલો હોવાથી એ રથ બુદ્ધિના અસિદ્ધ અને અપૂર્ણ સંકલ્પની દિશા પ્રતિ નિમ્ન પ્રકૃતિની પુરાતન કિંવા નૂતન પ્રેરણાથી નાનાવિધભોગપૂર્ણ લક્ષ્યહીન કર્મમાર્ગમાં ચાલતો રહે છે. સારાંશ કે, જ્યાં સુધી અહંકાર જ કર્તા હોય છે ત્યાં સુધી પ્રકૃત કિંવા સત્ય લક્ષ્યના સંધાનને ભાગ્યે જ પ્રાપ્ત કરી શકાય છે અને કદાચિત્ સંધાનને પ્રાપ્ત કરી શકાય, તો પણ તે સંધાન પ્રતિ રથને સરળતાથી ચલાવવાનું કાર્ય બહુધા અસાધ્ય તથા અશક્ય જ થઈ પડે છે. ભગવદ્ વિષયક પૂર્ણતાની પ્રાપ્તિના માર્ગમાં જો કોઈ પણ મુખ્ય બાધા હોય તો તે કેવળ અહંકાર જ છે અને એ તથ્ય જેવી રીતે વ્યષ્ટિના સંબંધમાં સત્ય છે તેવી જ રીતે સમષ્ટિના સંબંધમાં પણ સર્વથા સત્ય જ છે.

સાધારણ મનુષ્યસમાજના મુખ્ય ત્રણ ભેદો આપણા જોવામાં આવી શકે છે. એમાંનો જે પ્રથમ માનવસમાજ છે તે નિપુણ શિલ્પકારની સૃષ્ટિ હોવાથી સુવ્યવસ્થિત, તેજોમય, ઉજ્જવલ તથા મૌલિક સુખકર છે અને એ પ્રથમ માનવસમાજરૂપ રથ બલિષ્ઠ તથા સુશિક્ષિત અશ્વોવડે ખેંચાઈને અત્યંત યત્નપૂર્વક, કોઈ પણ પ્રકારની અયોગ્ય ત્વરા ન કરતાં સ્વાભાવિક ગતિથી સન્માર્ગમાં ચાલ્યો જાય છે. એ રથનો સ્વામી અને આરોહી સાત્ત્વિક અહંકાર છે. ઉપરના જે ઉત્તુંગ પ્રદેશમાં

ભગવાનનું મન્દિર આવેલું છે તે પ્રદેશમાં ભગવાનના મન્દિરની આસપાસ એ પ્રથમ માનવસમાજરૂપ રથ ચારે દિશામાં ભ્રમણ કર્યા કરે છે છતાં દૂરનો દૂર રહી જાય છે અને તે ઉચ્ચતમ ભૂમિના અતિશય નિકટમાં પહોંચી શકતો નથી; કારણ કે, જો ભગવાનના મન્દિરમાં પહોંચવું હોય, તો રથમાંથી ઊતરીને એકલા પગે ચાલતા જ ત્યાં જવું જોઈએ એવો પરાપૂર્વથી ચાલતો આવેલો નિયમ છે. વૈદિક યુગ પછીના પ્રાચીન આર્ય જનોના સમાજને આવા જ પ્રકારનો રથ કહી શકાય તેમ છે.

દ્વિતીય પ્રકારનો જે માનવસમાજ તે અત્યન્ત વિલાસલોલુપ તથા પ્રવૃત્તિપરાયણ મનુષ્યોનો સમાજ છે અને એ સમાજને મૉટરકારની ઉપમા આપી શકાય તેમ છે. આ મૉટરકાર ધૂલિકાના મેઘોના મધ્યમાં ભીમ વેગવડે વજ્રનાદ કરતી અને રાજમાર્ગને ચૂર્ણવિચૂર્ણ કરતી અશાન્ત તથા અવિશ્રાન્ત ગતિથી દોડતી દેખાય છે; એના શૃંગનાદથી શ્રવણો બધિર થઈ જાય છે અને જે કોઈ પણ જડ કિંવા ચેતન વસ્તુ પોતા સમક્ષ આવે છે તેને દળતી ને પીસતી તે આગળ અને આગળ વધતી જાય છે. એ મૉટરમાં વિરાજનારા યાત્રાળુઓના પ્રાણ અનેક વાર સંકટમાં આવી પડે છે; અકસ્માતો વારંવાર થયા કરે છે, અનેક વાર મૉટરકાર ટૂટી પણ જાય છે અને તેથી મહાપરિશ્રમપૂર્વક વ્યવસ્થિત કર્યા પછી જ તેને પુનઃ દર્પપૂર્વક ચલાવી શકાય છે. એ મૉટરકારનો કોઈ પણ એક નિશ્ચિત લક્ષ્યબિન્દુ ન હોવાથી જે કોઈ પણ નૂતન દૃશ્ય નિકટમાં નેત્રગોચર થાય છે તેને જ પોતાના લક્ષ્યબિન્દુ તરીકે સ્વીકારી લઈને 'આ જ લક્ષ્યબિન્દુ છે, આ જ લક્ષ્યબિન્દુ છે' એવા પ્રકારના ચીત્કાર કરતો એ મૉટરકાર નામક રથનો સ્વામી રાજસ અહંકાર પોતાની મૉટરકારને પ્રચંડ વેગથી તે દિશામાં જ દોડાવવા માંડે છે. આ મૉટરકાર નામક રથને ચલાવવાથી જેવી રીતે યથેષ્ટ ભોગસુખની પ્રાપ્તિ થઈ શકે છે તેવી જ રીતે અનિવાર્ય વિપત્તિઓ પણ આવી પડે છે અને એ રથદ્વારા ભગવાનના નિકટમાં તો નથી જ પહોંચી શકાતું. આધુનિક પાશ્ચાત્ય

મનુષ્યસમાજ આવા સ્વરૂપની મૉટરકાર છે એ નવીનતાથી લખવાની કે કથવાની આવશ્યકતા છે ખરી કે ?

અને જે તૃતીય પ્રકારનો માનવસમાજરૂપ રથ છે તે મેલી, જૂની પુરાણી, અડધી ભાંગેલી અને કાચબાની ગતિથી ચાલનારી ખડિયા ખડખડ બળદગાડી છે; એ ગાડીમાં જોડાયલા બળદિયા ભૂખમરાથી હાડપિંજર, અધમુઆ અને કૃશ થઇ ગયેલા હોવાથી ગાડીને પરાણે ખેંચતા હોય એમ જણાય છે અને એ બળદગાડી ગામડાના ખડબચડા માર્ગમાં અફળાતી ઝીકાતી ચાલી જાય છે. એ ગાડીમાં જેણે પોતાના શરીરપર ફાટેલાં, મેલાં અને ગંધાતાં વસ્ત્રો ધારેલાં છે; જેનું ઉદર પૃષ્ઠભાગના અસ્થિ સાથે મળી ગયું છે અને જેનાં નેત્રોએ નિરીક્ષણશક્તિને સદાને માટે ખોઈ દીધી છે એવો એક જર્જરિત વૃદ્ધ પુરુષ બેઠેલો છે, તે અતિશય આનન્દપૂર્વક પોતાના હાથમાંના કાદવથી ખરડાયલા હુક્કાનો દમ ખેંચ્યા કરે છે અને ગાડીનાં પૈડાંના ધરડ ધરડ ધ્વનિને સાંભળતો સાંભળતો પોતાના ભૂતકાળ કિંવા ગત વૈભવકાળની અડધી પડધી વિકૃત સ્મૃતિમાં નિમગ્ન થતો રહે છે. આ બળદગાડી નામક તૃતીય પ્રકારના રથના એ સ્વામીનું નામ **તામસ અહંકાર** છે અને ગાડી હાંકરનારનું નામ પુસ્તકપઠિત જ્ઞાન છે. અર્થાત્ તે પોતાની પંજિકાને જોતો જોતો ગમનની વેળા તથા દિશા આદિને દર્શાવે છે અને મુખથી એમ જ બોલતો જાય છે કે: “જે કાંઈ પણ અત્યારે છે અથવા ભૂતકાળમાં હતું તે જ યથાર્થ તથા ઉત્તમ છે અને ‘હવે આમ થવું જોઈએ’ એમાટેના જે કાંઈ પણ પ્રયત્નો છે તે સર્વ પ્રયત્નો અધમ છે.’ સારાંશ કે, આ રથમાં વિરાજવાથી કદાચિત્ ભગવાન્ સમક્ષ પહોંચવાનો સંભવ ન હોય, તો પણ આ રથની સહાયતાથી શૂન્ય બ્રહ્મના પ્રદેશમાં તો અવશ્ય અતિશય ત્વરાથી જ પહોંચી શકાય છે !

આ **તામસ અહંકારની** બળદગાડી જ્યાં સુધી જનશૂન્ય અને જેમાં એવી જ બળદગાડીઓ ચાલતી રહે છે તેવા ગામડિયા રસ્તા અથવા ગાડાવાટમાં ચાલતી રહે ત્યાં સુધી જ સુરક્ષિત અવસ્થામાં રહી

શકે છે; અર્થાત્ અત્યારે એ **તામસ અહંકારની** બળદગાડી સુરક્ષિત હોય, તો તેનું એ જ કારણ છે કે તે અદ્યાપિ પોતાની ગાડાવાટમાં જ ચાલ્યા કરે છે; પરંતુ જે વેળાયે તે વિશ્વના વિશાળતમ રાજમાર્ગમાં આવી લાગશે અને ત્યાં જ્યારે અસંખ્ય અપરિચિતવેગશીલ મૉટર-કારોની દોડાદોડી ચાલતી હશે ત્યારે તેનું પોતાનું શું પરિણામ થશે અને તેની સુરક્ષિતતા કેટલા સમય પર્યન્ત ટકી શકશે એના વિચારમાત્રથી પણ પ્રાણમાં કંપનો આવિર્ભાવ થાય છે; તથાપિ શોકનો વિષય એ જ છે કે પોતાના એ બળદગાડીરૂપ રથને બદલી નાખવાનો સમય આવી લાગ્યો છે એ રહસ્યને **તામસ અહંકારની** જ્ઞાનશક્તિ જાણી કે સ્વીકારી શકતી નથી; માત્ર એટલું જ નહિ, પણ **તામસ અહંકાર** એ રહસ્યને જાણવાનો યત્ન પણ નથી કરતો; કારણ કે, જો તે પોતાની જૂની ગાડીને બદલવાની આવશ્યકતાને સ્વીકારે, તો તેથી તેના વ્યવસાય તથા સ્વામિત્વનો લોપ થઈ જાય એ સ્વાભાવિક છે. અહીં એક સમસ્યા ઉપસ્થિત થાય છે અને તે એ કે આવા યાત્રાળુઓમાંના કેટલાક યાત્રાળુઓના મુખમાંથી એવો ઉદ્‌ગાર નીકળતો સંભળાય છે કે: “આપણી પાસે જે વસ્તુ છે તે જ સારી છે; કારણ કે, એ વસ્તુ ગમે તેવી હોય તો પણ આપણી પોતાની તો છે!” આવા ઉદ્‌ગારકો તે અંધશ્રદ્ધાળુ કિંવા ભાવિક દેશભક્તો છે. કેટલાકો વળી એમ બોલતા પણ દેખાય છે કે: “આપણી બળદગાડી અથવા ગાડામાં આવશ્યક્તા અનુસાર સુધારો વધારો કરાવી લઇશું અને કામ ચલાવી લઇશું!” આ લોકો એમ જ માનતા જણાય છે કે જાણે આવા સહજ ઉપાયથી ખડિયા ખડખડ બળદગાડી અનિન્દ્ય અને અમૂલ્ય મૉટરકારના રૂપમાં ફેરવાઈ જશે! આમ બોલનારા લોકો **સંસ્કારક** નામથી ઓળખાય છે અને કેટલાક લોકો એવી ઇચ્છા રાખતા જણાય છે કે: “આપણો પુરાતનકાલિક સુંદર રથ પુનઃ આપણને પ્રાપ્ત થાય તો વધારે સારૂં” અને પોતાની એ ઇચ્છાનુસાર તેઓ એ અસાધ્ય સાધનના ઉપાયને શોધવામાટેના પ્રયાસો પણ વચ્ચે વચ્ચે કરતા રહે છે; પરંતુ તેમની એ આશા ફળી-

ભૂત થાય એવું કોઈ પણ વિશિષ્ટ લક્ષણ અત્યારે તો ક્યાંય પણ જોવામાં આવી શકતું નથી.

હવે આ ત્રણ રથોમાંના કોઇ પણ એક રથને પસન્દ કરવાની આવશ્યકતા અનિવાર્ય થઈ પડે તેમ હોય અથવા તો એથી અધિક ઉચ્ચતર પ્રયત્ન આપણાથી ન જ કરી શકાય તેમ હોય, તો એવી પરિસ્થિતિમાં સાત્ત્વિક અહંકારના નવીન રથને નિર્માણ કરી લેવો એ જ યુક્તિયુક્ત કિંવા લાભકારક છે; તથાપિ એ તો અવશ્ય લક્ષમાં રાખવાનું જ છે કે જ્યાં સૂધી **જગન્નાથનો રથ** નિર્માશે નહિ, ત્યાં સૂધી **આદર્શ સમાજ** તો નથી ઘડાવાનો તે નથી જ ઘડાવાનો. અર્થાત્ એ આદર્શસમાજ જ ચરમ તથા ગંભીરતમ અને ઉચ્ચતમ સત્યનો વિકાસ તથા પ્રતિકૃતિ છે, એ આપણે કદાપિ ભૂલવાનું નથી. ગુપ્ત વિશ્વપુરુષની પ્રેરણાથી મનુષ્યજાતિ એ **જગન્નાથના** રથને જ ઘડવાના પ્રયત્ન કરી રહી છે; પરંતુ પ્રકૃતિ વિષયક અજ્ઞાનના કારણથી અજાણતાં અન્ય સ્વરૂપની પ્રતિમા જ ઘડી બેસે છે; અર્થાત્ તે પ્રતિમા આ કારણના યોગે કાં તો વિકૃત, અસિદ્ધ તથા કુત્સિત થાય છે અને કદાચિત્ કાંઇક ઠીક થાય, તો પણ તત્કાળ કામ ચલાવી લેવા પૂરતી અર્ધસુન્દર કિંવા પૂર્ણ સૌન્દર્યસત્ત્વમાં અસંપૂર્ણ હોય છે; એટલે કે, **શિવ અથવા મહાદેવની** પ્રતિમા ઘડવાની ઇચ્છા હોવા છતાં અજ્ઞાનવશતાથી **વામન, રાક્ષસ** કિંવા મધ્યમકોટિના લોકોની અર્ધદેવતાની પ્રતિમા ઘડાઇને તૈયાર થઈ જાય છે.

સારાંશ કે, **જગન્નાથના રથના** સત્ય આકાર કિંવા નમૂનાને કોઈ પણ જાણતું નથી અને કોઈ પણ જીવનશિલ્પી એ રથને આલેખવા કિંવા નિર્માણ કરવાના કાર્યમાં પારગામી હોય એમ દૃષ્ટિગોચર થતું નથી. તે છબિ વિશ્વપુરુષના હૃદયમાં પ્રસ્તુત હોવા છતાં નાનાવિધ આવરણોવડે આવૃત્ત–ઢંકાયલી–છે; પરંતુ દિવ્યદૃષ્ટિશાળી તથા દિવ્યકર્મવીર ભગવદ્‌વિભૂતિઓના અનેક પ્રયત્નોવડે શનૈઃ શનૈઃ તેને બહિર્ભૂત કરીને કિંવા બહાર કાઢીને સ્થૂલ જગત્‌માં તેની પ્રતિષ્ઠા કિંવા સ્થાપના કરવાનો અન્તર્યામીનો ઉદ્દેશ હોય, એમ સ્પષ્ટ દેખાઈ આવે છે.

*   *   *   *   *

જગન્નાથના એ રથનું સત્ય કિંવા મૂળ નામ **સમાજ** નહિ, કિન્તુ **સંઘ** છે અને તે **સંઘ** પણ બહુમુખી શિથિલ જનસંઘ કિંવા જનતા નહિ, પણ આત્મજ્ઞાન કિંવા ભાગવત જ્ઞાનની ઐક્યાભિમુખ શક્તિના બળથી સાનન્દ સંગઠિત, બંધનરહિત તથા અચ્છેદ્ય સંહતિરૂપ **ભાગવત સંઘ** છે.

એકત્ર થયેલા અનેક મનુષ્યો એકત્ર કર્મ જેના યોગે કરી શકે તે ઉપાયરૂપ સંહતિ **સમાજ**ના નામથી વિખ્યાત છે. અમુક શબ્દની ઉત્પત્તિને જાણવાથી તે શબ્દના અર્થને પણ જાણી શકાય છે અને તેથી અહીં જો આપણે **સમાજ** શબ્દની ઉત્પત્તિને જાણવાનો પ્રયત્ન કરીશું, તો તે અપ્રાસંગિક કિંવા અસ્થાનીય તો નહિ જ કહેવાય. **सम्** પ્રત્યયનો અર્થ ' એકત્ર ' છે અને ' **अज्** ' ધાતુનો અર્થ ગમન કરવું એટલે કે જવું કિંવા ચાલવું અને દોડવું એ પ્રમાણેનો થાય છે. અર્થાત્ સહસ્રાવધિ અને લક્ષાવધિ મનુષ્યો કર્મ તથા કામનાની સિદ્ધિમાટે એકત્ર થઈને એક જ ક્ષેત્રમાં નાના પ્રકારનાં લક્ષ્યોની દિશામાં દોડતા દેખાય છે; એ દોડવાના વ્યાપારમાં કોઈ આગળ નીકળી જાય છે અને કોઈ પાછળ રહી જાય છે અને તેના પરિણામે પ્રતિસ્પર્ધાનો ઉદ્ભવ થયેલો દેખાય છે; કારણ કે, પ્રત્યેક મનુષ્યના હૃદયમાં એ દોડાદોડીમાં આગળ નીકળી જવાની એટલે કે મહાન્ કિંવા મોટા થવાની અભિલાષા જ હોય છે, એ નવીનતાથી કહેવાની આવશ્યકતા છે જ નહિ. આ કારણથી જેવી રીતે એક સમાજ આગળ વધી જવામાટે અન્ય સમાજ સાથે કલહ કરી રહેલો હોય છે તેવી જ રીતે એક વ્યક્તિ આગળ વધી જવામાટે અન્ય વ્યક્તિ સાથે યુદ્ધ ચલાવતી જોવામાં આવ્યા કરે છે. આવા કોલાહલના મધ્યમાં કોઈ પણ ઉપાયે શૃંખલા કિંવા વ્યવસ્થિતતાને સુરક્ષિત રાખવામાટે, સહાયતાને મેળવવામાટે તથા મનોવૃત્તિની ચરિતાર્થતા કિંવા સફળતામાટે મનુષ્યોના નાના પ્રકારના સંબંધોની સ્થાપના થયેલી છે અને નાનાવિધ આદર્શો સ્થપાયલા છે. એ સર્વનું અતિશય

કષ્ટપૂર્વક જે ફળ પ્રાપ્ત થયું છે તે અર્થાત્ અસંપૂર્ણ તથા અસ્થાયિ છે; છતાં સમાજના પ્રાકૃત–પ્રકૃતિસિદ્ધ–સંસારની મુખાકૃતિ એ જ છે. સારાંશ કે, અત્યારના સામાજિક વિશ્વની વસ્તુસ્થિતિ આવા પ્રકારની છે.

ઉપર જણાવ્યા પ્રમાણે અત્યારનો સમાજ ભેદની ભિત્તિના આધાર પર ઊભો થયો છે અને તે જ ભેદના આધારે આંશિક કિંવા અપૂર્ણ, અનિશ્ચિત તથા અસ્થાયિ ઐક્ય નિર્માયલું દેખાય છે. હવે જો વાસ્તવિકતાથી જોવામાં આવે, તો આદર્શ સમાજની સંઘટના એથી સર્વથા વિપરીત કિંવા ભિન્ન પ્રકારની હોય છે; કારણ કે, આદર્શ સમાજ ભેદમાટે નહિ, પણ આનન્દના વૈચિત્ર્યમાટે દ્વૈતના વિહારસ્થાન તરીકે ઐક્યની ભિત્તિને નિર્માણ કરે છે. સારાંશ કે, સાધારણ સમાજમાં કેવળ શારીરિક, મનઃકલ્પિત તથા કર્મગત ઐક્યનો આભાસ જ દૃષ્ટિગોચર થાય છે અને આદર્શ સમાજ કિંવા **સંઘનો** પ્રાણ આત્મગત ઐક્ય હોવાથી તે આત્મૈક્યની સાક્ષાત્ પ્રતિમાને આપણાં નેત્રો સમક્ષ ઉપસ્થિત કરી બતાવે છે.

એ આદર્શ સમાજ કિંવા **સંઘની** સ્થાપનામાટેના અત્યારસુધી સંકીર્ણ ક્ષેત્રમાં અપૂર્ણ ભાવ કિંવા આંશિક ભાવથી અનેક પ્રયત્નો થયેલા છે; પરંતુ તે પ્રયત્નોની સફળતા થઈ શકી નથી. કેટલીક વાર એ પ્રયત્નો **પાશ્ચાત્યદેશવાસીઓના** પ્રયત્ન પ્રમાણે બુદ્ધિગત ચિન્તાની પ્રેરણાથી કરાયા હતા; કેટલીક વાર એ પ્રયત્નો **બૌદ્ધ** ધર્મના અનુયાયીઓ પ્રમાણે નિર્વાણોન્મુખ કર્મવિરચિત સ્વચ્છન્દ અનુશીલન કિંવા અભ્યાસની પ્રેરણાથી આરંભાયા હતા તેમ જ કેટલીક વાર આદિમ **ખ્રીસ્તીય સંઘો** પ્રમાણે એ પ્રયત્નો ભાગવત ભાવના આવેગથી પણ આદરવામાં આવ્યા હતા. પરંતુ એવા **સંઘો** પરિપક્વ સ્વરૂપને પ્રાપ્ત કરી શકે તે પૂર્વે સમાજના અસંપૂર્ણતા, પ્રવૃત્તિ તથા એવા જ અન્યાન્ય દોષોએ તે **સંઘોને સમાજના** સ્વરૂપમાં પલટાવી નાખ્યા; કારણ કે, ચંચલા બુદ્ધિની ચિન્તાશીલતા કિંવા વિચારશક્તિ વધારે વાર ટકી શકે તેવી હોતી નથી અને પુરાતન અથવા નૂતન પ્રાણ પ્રવૃત્તિના અદમ્ય પ્રવાહમાં સપડાઇને તણાઈ જાય છે. ભાવના આવેગથી આ પ્રયત્નની સફળતા થાય એ પણ સર્વથા અશક્ય તથા

અસંભવનીય છે; કારણ કે, ભાવ પોતાની પ્રખરતામાં જ પરિશ્રાન્ત થઈ જાય છે એટલે કે થાકી જાય છે અને નિર્વાણને તો એકાકી ભાવથી શોધવો એ જ વિશેષ ઉત્તમ છે; કારણ કે, નિર્વાણપ્રિયતાના માર્ગમાં સંઘસૃષ્ટિ એક વિપરીત કાંડ સમાન થઈ પડે છે; અર્થાત્ નિર્વાણ કર્મ-હીનતાની વિહારભૂમિ હોવાથી અને **સંઘ** સ્વભાવતઃ કર્મશીલતા તથા પરસ્પર સંબંધની લીલાભૂમિ હોવાથી **નિર્વાણ** તથા **સંઘનું** કદાપિ સંમેલન થઈ શકે તેમ છે જ નહિ.

જ્યારે જ્ઞાન, કર્મ તથા ભાવ એ ત્રયીના સામંજસ્ય તથા એકી-કરણના યોગે આત્મગત ઐક્યનો પ્રકાશ થશે ત્યારે અને તે દિવસે જ સમષ્ટિમાં વ્યાપેલા વિરાટ્ પુરુષની ઈચ્છાશક્તિની પ્રેરણાથી **જગન્નાથનો રથ** બાહ્ય માર્ગમાં આવીને દશે દિશાઓને પ્રકાશિત કરી નાખશે, એ નિઃસંશય છે. તે દિવસે **સત્યયુગ** પૃથ્વીના વક્ષસ્થલમાં આવીને વિરાજશે અને મર્ત્ય મનુષ્યોની પૃથ્વી દેવતાની ક્રીડાભૂમિ, **ભગવાનની મન્દિરનગરી** Temple City of God ! તથા આનન્દપુરી થઈ જશે, એ નિશ્ચિત તથા નિર્વિવાદ છે.

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ—વિશ્વવિચાર

દ્વિતીય દલ—જાતીયતા

જાતીયતા

૧ નવ જન્મ

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અર્જુને શ્રી કૃષ્ણપ્રતિ એવી જિજ્ઞાસા દર્શાવેલી છે કે: " જે મનુષ્ય યોગના માર્ગમાં પ્રવેશ કરીને યોગસિદ્ધિના પ્રદેશમાં પહોંચવા પૂર્વે જ તે માર્ગમાંથી સરી જાય છે અને યોગભ્રષ્ટ થાય છે તેની શી ગતિ થાય છે વારૂ? શું તે ઐહિક તથા પારલૌકિક ઉભય ફળોથી સર્વથા વંચિત થઈને વાયુના આઘાતથી ખંડિત થયેલા મેઘ પ્રમાણે વિનષ્ટ થઈ જાય છે?* " એના ઉત્તરમાં શ્રી કૃષ્ણ ભગવાને કહેલું છે કે: " આ લોકમાં કિંવા પરલોકમાં એવા પ્રકારની વ્યક્તિનો વિનાશ સર્વથા અસંભવનીય છે; કારણ કે, હે તાત, શુભ કર્મ કરનારને કદાપિ દુર્ગતિની પ્રાપ્તિ થતી જ નથી. અર્થાત્ સમસ્ત પુણ્યલોકમાં તેની ગતિ થાય છે અને ત્યાં દીર્ઘ કાળ પર્યન્ત નિવાસ કર્યા પછી તે શ્રીમાન્ પુરુષોના ગૃહમાં કિંવા યોગશીલ મહાપુરુષોના કુલમાં દુર્લભ જન્મને ધારણ કરે છે; તે જન્મમાં પૂર્વજન્મમાં પ્રાપ્ત થયેલી યોગલિપ્સા ચલાયમાન થતાં તે યોગસિદ્ધિને મેળવવામાટેના વિશેષ પ્રયત્નો કરે છે અને અંતે અનેક જન્મના અભ્યાસવડે પાપમુક્ત થઈને પરમગતિને પ્રાપ્ત કરી લે છે. +"

---

* " अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥
कच्चिन्नोभय विभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि " ॥

શ્રીમદ્ ભગવદ્‌ગીતા: અ. ૬ ઠ્ઠો: શ્લોક ૩૭, ૩૮.

\+ " पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चि दुर्गतिं तात गच्छति ॥
प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥

અર્થાત્ જે પુનર્જન્મવાદ ચિરકાળથી સનાતન આર્યધર્મના યોગલબ્ધ જ્ઞાનનું એક વિશિષ્ટ અંગ હોવા છતાં પાશ્ચાત્ય વિદ્યાના પ્રભાવથી સુશિક્ષિતોના સંપ્રદાયમાં જેની પ્રતિપત્તિ વિનષ્ટપ્રાય થઈ ગઈ હતી, તે પુનર્જન્મવાદની શ્રી રામકૃષ્ણ પરમહંસના લીલાપ્રસંગ પછી વેદાન્તશિક્ષણના પ્રચારના યોગે તેમ જ શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યયનના યોગે પુનઃ પ્રતિષ્ઠા થવા લાગી છે. સ્થૂલ જગત્માં જેવી રીતે Heredity કિંવા આનુવંશિકતા એક પ્રધાન સત્ય છે તેવી જ રીતે સૂક્ષ્મ જગત્માં પુનર્જન્મવાદ પણ એક સર્વથા પ્રધાન સત્ય છે એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી. શ્રી કૃષ્ણના કથનમાં એ ઉભય સત્યોનો સમાવેશ થયેલો છે. યોગભ્રષ્ટ પુરુષો પોતાના પૂર્વજન્મમાં પ્રાપ્ત કરેલા જ્ઞાનના સંસ્કારો સહિત જન્મને ધારણ કરે છે અને તે સંસ્કારોદ્વારા વાયુદ્વારા ચાલતી નૌકા પ્રમાણે સંચાલિત થાય છે. પરંતુ કર્મફળપ્રાપ્તિને યોગ્ય શરીરની પ્રાપ્તિમાટે ઉપયુક્ત કિંવા ઉત્કૃષ્ટ કુલમાં જન્મને મેળવવાની આવશ્યકતા અનિવાર્ય છે અને ઉત્કૃષ્ટ આનુવંશિકતા કિંવા Heredity યોગ્ય શરીરની ઉત્પાદિકા છે એ અહીં અવશ્ય લક્ષમાં રાખવાનું છે. શુદ્ધ અને શ્રીમાન્ પુરુષના ગૃહમાં જન્મ થવાથી શુદ્ધ અને સબળ શરીરની પ્રાપ્તિનો સંભવ હોય છે અને યોગીના કુલમાં જન્મ થતાં જેમ ઉત્કૃષ્ટ મન તથા પ્રાણ સંગઠિત થાય છે તેમ જ તેવા પ્રકારની યોગ્ય શિક્ષા તથા ઉત્તમ

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन " ॥
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्ध स्ततो याति परां गतिम् " ॥

શ્રીમદ્ ભગવદ્ગીતાઃ અ. ૬ ઠ્ઠોઃ શ્લોક ૪૦,૪૧,૪૨,૪૩,૪૪,૪૫.

ગતિનો લાભ પણ મળી શકે છે.

ભારતવર્ષમાં આજે કેટલાંક વર્ષોથી જાણે પુરાતન તમઃઅભિભૂત જાતિમાંથી એક નૂતન જાતિ ઉત્પન્ન કિંવા સૃષ્ટ થતી હોયની! એમ આપણા જોવામાં આવ્યા કરે છે; અર્થાત્ **ભારત**માતાની પુરાતન સંતતિ ધર્મગ્લાનિ તથા અધર્મના મધ્યમાં જન્મને ધારણ કરીને તેવા જ પ્રકારનું શિક્ષણ મેળવી અલ્પાયુ, ક્ષુદ્રાશય, સ્વાર્થપરાયણ તથા સંકીર્ણહૃદય થઈ ગઈ છે. તેમના સમુદાયમાં અનેક તેજસ્વી મહાત્માઓએ ઉત્પન્ન થઈને કિંવા અવતાર ધારીને વિષમ વિપત્તિની વેળામાં જાતિની રક્ષા કરેલી છે; પરંતુ તેઓ પોતાની શક્તિ તથા પ્રતિભાને ચમકાવનારાં કર્મ ન કરતાં કેવળ જાતિના ભાવિ માહાત્મ્ય તથા વિશાળ કર્મક્ષેત્રને જ નિર્માણ કરી ગયા છે એટલામાટે અત્યારે જે નવીન ઉષાની કિરણમાલા ચારે દિશાઓને ઉદ્ભાસિત કિંવા પ્રકાશમય કરી રહી છે તે કેવળ એ તેજસ્વી મહાત્માઓના પુણ્યબળનું જ પરિણામ છે; અર્થાત્ જનની **ભારત**ભૂમિનાં નૂતન સંતાનો પોતાનાં પિતામાતાના ગુણોને ન અનુસરતાં સાહસી, તેજસ્વી, ઉચ્ચાશય, ઉદાર, સ્વાર્થત્યાગી, પરોપકારપરાયણ, દેશહિતસાધનોત્સાહી તથા ઉચ્ચાકાંક્ષાપૂર્ણ થવા માંડયાં છે અને એ કારણથી જ આજકાલ યુવકો પોતાનાં પિતામાતાના દર્શાવેલા માર્ગમાં ન ચાલતાં પોતાના અભીષ્ટ તથા સ્વતંત્ર માર્ગમાં ચાલવા લાગ્યા છે અને વૃદ્ધો તથા તરુણોમાં પરસ્પર મતભેદ તથા કાર્યપદ્ધતિ વિષયક ભયાનક વિરોધ ઉત્પન્ન થઈ ગયો છે. વૃદ્ધો એ દેવાંશસંભૂત તરુણો કિંવા મહાયુગના પ્રવર્તક યુવકોને સ્વાર્થ તથા સંકીર્ણતાની સીમામાં આબદ્ધ રાખવા ઈચ્છે છે તથા અજાણતાં કલિને તેના અભદ્ર કાર્યમાં સહાયતા આપે છે અને આજકાલના યુવકોનો સમુદાય મહાશક્તિએ નિર્માણ કરેલા અગ્નિસ્ફુલિંગ સમાન પુરાતનને તોડી નૂતનને ઘડવાના કાર્યમાં ઉદ્યુક્ત થયેલો હોવાથી પિતૃભક્તિ તથા બાધ્યતા કિંવા પરતંત્રતાને હવે તેનાથી ધારણ કરી શકાય તેમ છે જ નહિ. આ અનર્થને શમાવી દેવાનું સામર્થ્ય માત્ર **સર્વેશ્વર પર**માત્મા વિના અન્ય કોઈમાં પણ નથી. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં એ તો સત્ય જ છે કે

મહાશક્તિની ઇચ્છા કદાપિ વિફળ થઈ શકે તેમ નથી અને તદનુસાર જનની ભરતભૂમિનાં એ નવીન સન્તાનો જે કાંઈ કરી રહ્યાં છે તેને સુસંપન્ન કર્યા વિના કદાપિ પાછાં હટે તેમ નથી. તથાપિ એ નૂતનમાં પણ કેટલેક અંશે પુરાતનનો પ્રભાવ તો રહેલો જ છે. અપકૃષ્ટ કિંવા અધોગતિ-પ્રાપ્ત આનુવંશિકતાના તેમ જ આસુરી શિક્ષણના દોષથી ભારતવર્ષમાં કેટલાક કુલાંગારો પણ જન્મેલા છે અને જેમને નવયુગને પ્રવર્તાવવાનો આદેશ મળેલો છે તેઓ પણ અન્તર્નિહિત તેજ તથા શક્તિનો વિકાસ કરી શકતા નથી. સારાંશ કે, નવીન સંતાનોમાં સત્યયુગના પ્રકાશનું પૂર્વ ચિહ્ન કિંવા લક્ષણ દેખાય છે, તેમની મતિ ધર્મની દિશામાં વળેલી જણાય છે અને તેમનામાંના અનેક નવીન ભારતસંતાનોનાં હૃદયમાં યોગલિપ્સા તથા અર્ધવિકસિત યોગશક્તિનો આવિર્ભાવ પણ દૃષ્ટિગોચર થાય છે.

અલીપુર બૉમ્બકેસમાં અભિયુક્ત થયેલા અશોક નન્દી નામક યુવકની એ શ્રેણીના એક પુરુષ તરીકે ગણના કરી શકાય તેમ છે. જે લોકો અશોક નન્દીને ઓળખતા હતા તે લોકો એમ વિશ્વાસપૂર્વક કદાપિ માની શકતા ન હોતા કે એ યુવકના હસ્તો આવા પ્રકારના કોઈ પણ ષડ્યંત્રના સંપર્કથી લેપાયા હોય! એ યુવકને અતિશય અલ્પ તથા અવિશ્વાસયોગ્ય પ્રમાણોથી દંડ આપવામાં આવ્યો હતો. તેઓ અન્યાન્ય યુવકો પ્રમાણે દેશસેવાની આકાંક્ષાવડે અભિભૂત થયા ન હોતા. તેઓ બુદ્ધિ, ચરિત્ર તથા પ્રાણવડે એક સંપૂર્ણ યોગી તથા ભક્ત હતા અને એક સાંસારિક પુરુષ તરીકેના ગુણોનો તેમનામાં સર્વથા અભાવ હતો. તેમના પિતામહ એક સિદ્ધ તાન્ત્રિક યોગી હતા અને તેમના જન્મદાતા પિતાને પણ યોગની કેટલીક વિશિષ્ટ શક્તિઓ પ્રાપ્ત થયેલી હતી. અર્થાત્ શ્રીમદ્ભગવદ્ગીતામાં મનુષ્યના યોગીના કુલમાં થતા જે જન્મને દુર્લભ માનવામાં આવ્યો છે તે દુર્લભ જન્મની જ ભાગ્યની પ્રબળતાથી તેમને પ્રાપ્તિ થઈ હતી. તેમના અલ્પ વયમાં જ તેમની અન્તર્નિહિત યોગ-શક્તિનાં કેટલાંક લક્ષણો પ્રસંગવશાત્ પ્રકાશિત થયાં હતાં. તેઓ પકડાયા ત્યારથી બહુ દિવસ પૂર્વે તેઓ એમ જાણી શક્યા હતા કે યૌવનકાલમાં

જ તેમના શરીરનો અંત થવાનો છે અને તેથી વિદ્યાપ્રાપ્તિના કાર્યમાં તેમ જ સાંસારિક જીવનના પૂર્વ આયોજનમાં જો કે તેમનું મન સંલગ્ન થતું ન હોતું; તથાપિ પિતાના પરામર્શને આધીન થઇને પૂર્વે જ પોતાના જાણવામાં આવી ગયેલી અસિદ્ધિની ઉપેક્ષા કરી કેવળ કર્તવ્ય કર્મ તરીકે તેઓ એ સર્વ કાર્યો કરતા હતા અને તે ઉપરાંત તેઓ યોગના માર્ગમાં પણ આરૂઢ થયા હતા. આવી પરિસ્થિતિમાં અકસ્માત્ તેઓ પકડાયા; છતાં કર્મફળ તરીકે પ્રાપ્ત થયેલી એ વિપત્તિથી લેશમાત્ર પણ ન ચળતાં અશોક નન્દી કારાગૃહમાં પોતાની સર્વ શક્તિઓનો યોગના અભ્યાસમાં વ્યય કરવા લાગ્યા. એ અભિયોગના સમયમાં પકડાયલા મનુષ્યોમાંના અનેકોએ એ માર્ગનું અવલંભન કર્યું હતું અને અશોક નન્દી કદાચિત્ એ યોગાભ્યાસકોના અગ્રગણ્ય ન હોય, તો પણ તેઓ તેમનામાંના એક અન્યતમ યોગાભ્યાસી હતા એમાં તો કોઇ પણ પ્રકારનો સંશય હતો જ નહિ. અર્થાત્ તેઓ ભક્તિ તથા પ્રેમના વિષયમાં અન્ય કોઇ પણ પ્રેમી ભક્ત કરતાં ઊતરે તેવા ન હોતા. તેમનું ઉદાર ચરિત્ર, તેમની ગંભીર ભક્તિ તથા તેમનું પ્રેમપૂર્ણ હૃદય સર્વ જનોનાં હૃદયોને મુગ્ધ કરી નાખતાં હતાં. ગોસાંઇ–ગોસ્વામી–ની હત્યાના સમયમાં તેઓ રુગ્ણ હોવાથી રુગ્ણાલય–હૉસ્પિટલ–માં પડ્યા હતા. અર્થાત્ સંપૂર્ણ આરોગ્યની પ્રાપ્તિ થવાથી તેમના શરીરમાં વારંવાર જ્વરની બાધા થવા લાગી; માત્ર એટલું જ નહિ, પણ એવી અવસ્થામાં ખુલ્લી ઓરડીમાં શરદૃઋતુમાં હિમનો પાત થતો હોય તો પણ તેમને આખી રાત વીતાડવી પડતી હતી. આનું પરિણામ એ થયું કે તેમને ક્ષયરોગ લાગૂ પડયો અને તેમના જીવવાની આશા ન રહી, તો પણ તે વિષમ દંડથી દંડાયલા ભદ્ર યુવકને મૃત્યુના આગારરૂપ કારાગૃહના મુક્ત કક્ષમાં જ સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. બૅરિસ્ટર શ્રીયુત ચિત્તરંજન દાસની પ્રાર્થનાથી તેમને હૅાસ્પિટલમાં રાખવાની વ્યવસ્થા તો કરી આપવામાં આવી; પરંતુ તેમને જામિનપર છોડવામાં ન આવ્યા. અંતે છોટા લાટસાહેબની સહૃદયતાથી તેઓ પોતાના ગૃહમાં પોતાના આત્મીય જનોની સેવાને પ્રાપ્ત કરીને મરવામાટેની અનુ-

મતિ મેળવી શક્યા; અર્થાત્ અપીલના પરિણામે મુક્ત થવા પૂર્વે જ દયામય ભગવાને તેમને આ દેહરૂપ કારાગૃહના બંધનથી સદાનેમાટે મુક્ત કરી દીધા ! પોતાના જીવનના અંતિમ દિવસોમાં અશોક નન્દીની યોગશક્તિની વિલક્ષણ વૃદ્ધિ થયેલી હોવાથી મૃત્યુના દિવસે વિષ્ણુશક્તિવડે અભિભૂત થઈને સર્વ જનોને ભગવાનના મુક્તિદાયક નામને ઉચ્ચારવાનો તેમ જ ધર્મનો ઉપદેશ આપતાં અને પ્રભુનામને ઉચ્ચારતાં તેમણે પોતાના દેહનો ત્યાગ કર્યો હતો. પૂર્વજન્માર્જિત દુ:ખફલનો ક્ષય કરવામાટે જ અશોક નન્દીનો આ સંસારમાં જન્મ થયો હતો અને તેથી જ આ અકારણ કષ્ટ તથા અકાલ મૃત્યુની ઘટના ઘટી હતી, એમ કહેવામાં કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય નથી. સત્યયુગને પ્રવર્ત્તાવવામાટે જે શક્તિનું પ્રયોજન હોય છે તે શક્તિ જોકે અશોક નન્દીના શરીરમાં અવતીર્ણ થયેલી ન હોતી; તો પણ તેઓ સ્વાભાવિક યોગશક્તિના પ્રકાશનો ઉજ્જવલ દૃષ્ટાન્ત દર્શાવી ગયા છે, એનો તો કોઇથી પણ અસ્વીકાર કરી શકાય તેમ નથી. કર્મની ગતિ આવા પ્રકારની જ હોય છે; અર્થાત્ પુણ્યશીલ આત્માઓ પાપફળનો ક્ષય કરવામાટે અલ્પ કાળ પૃથ્વીમાં વિચરે છે અને ત્યાર પછી પાપમુક્ત થઈને આ દેહનો ત્યાગ કરી અન્ય દેહને સ્વીકારીને અન્તર્નિહિત શક્તિના પ્રકાશ તથા જીવના હિતનું સંપાદન કરતા રહે છે.

૨ જાતીય ઉત્થાન

આપણા પ્રતિપક્ષીય અંગ્રેજો વર્ત્તમાન મહત્ તથા સર્વદેશવ્યાપક આન્દોલનને આરંભથી એક પ્રકારના વિદ્વેષના પરિણામ તરીકે ઓળખાવતા આવ્યા છે તેમ જ અંગ્રેજોના અનુકરણમાં પ્રિયતા ધરાવનારા કેટલાક ભારતવાસીઓ પણ એ જ મતની પુનરાવૃત્તિ કરવામાં કોઈપણ પ્રકારની ત્રુટિ થવા દેતા નથી; પરંતુ સત્ય તથા વાસ્તવિક વાર્ત્તા તો એ છે કે આપણે ધર્મના પ્રચારમાં પ્રવૃત્ત થયા છીએ અને જાતીય ઉત્થાનરૂપ આન્દોલનને ધર્મનું એક પ્રધાન અંગ માનીને આપણે તેમાં આપણી શક્તિનો

વ્યય કરીએ છીએ. આ આન્દોલન જો વિદ્વેષ કિંવા ઈર્ષાનું જ પરિણામ હોય, તો આપણે એને ધર્મના અંગ તરીકે પ્રચારવાનું સાહસ કરીએ એ કદાપિ સંભવે જ નહિ. વિરોધ, યુદ્ધ અને હત્યા પર્યન્તનાં કૃત્યો પણ કદાચિત્ ધર્મનાં અંગો થઈ શકે છે અથવા હોઈ શકે છે; પરંતુ વિદ્વેષ તથા ઘૃણા તો ધર્મથી સદા બાહ્ય જ છે; વિદ્વેષ તથા ઘૃણા વિશ્વની યથાનુક્રમ ઉન્નતિના વિકાસમાં સર્વથા વર્જનીય કિંવા ત્યાજ્ય છે અને તેટલામાટે જેઓ એ વિદ્વેષ તથા ઘૃણાની વૃત્તિને પોતાના હૃદયમાં પોષે છે અથવા તો પોતાની જાતિમાં એ વૃત્તિને જગાડવાની ચેષ્ટા કરે છે, તેઓ અજ્ઞાનના મોહમાં પડીને કેવળ પાપને જ આશ્રય આપે છે એ સર્વથા નિ:સંદેહ છે. આ આન્દોલનમાં કોઈ વાર વિદ્વેષનો પ્રવેશ થયો જ નથી એમ તો અમારાથી નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ છે જ નહિ; કારણ કે, જ્યારે એક પક્ષ વિદ્વેષ તથા ઘૃણા કરવા માંડે છે ત્યારે અન્ય પક્ષ પણ તેના પ્રતિઘાતસ્વરૂપ વિદ્વેષ તથા ઘૃણાને દર્શાવવા માંડે, એ સર્વથા સ્વાભાવિક તથા અનિવાર્ય છે. જો સત્ય પૂછવામાં આવે, તો આ પાપની ઉત્પત્તિના ઉત્તરદાતા **બં**ગાળામાંનાં **અં**ગ્રેજોના હસ્તથી ચાલતાં કેટલાંક વર્તમાનપત્રો તેમ જ કેટલાક ઉદ્ધત સ્વભાવના તથા અત્યાચારી મનુષ્યવિશેષનાં આચરણો જ છે. અર્થાત્ એવાં વર્તમાનપત્રોમાં પ્રતિદિવસ ઉપેક્ષા, ઘૃણા તેમ જ વિદ્વેષસૂચક તિરસ્કાર પ્રકટ થયા કરે છે તેમને અને રેલ્વેમાં, માર્ગોમાં, હાટમાં તથા ઘાટમાં **ભા**રતવાસીઓને જે ગાલિપ્રદાન, અપમાન તથા પ્રહાર આદિથી વધાવી લેવામાં આવે છે તે અત્યાચારને દીર્ઘ કાળથી સહન કરીને **ભા**રતવાસીઓએ પોતાની સહિષ્ણુતાની પરિસીમા કરી બતાવ્યા છતાં જ્યારે એ અત્યાચારોનો અંત આવતો ન દેખાયો એટલે પછી ઉપદ્રવસહિષ્ણુ તથા ધીરપ્રકૃતિ **ભા**રતવાસીઓમાટે પણ એ અત્યાચાર અસહ્ય થઈ પડતાં **ભા**રતવાસીઓએ પણ ગાળને બદલે ગાળ અને પ્રહારને બદલે પ્રહારની નીતિનો આરંભ કરી દીધો. અનેક **અં**ગ્રે-જોએ પણ પોતાના દેશબંધુઓના એ દોષ તથા અશુભ પરિસ્થિતિને ઉપજાવવાના અપરાધને મુક્ત કંઠથી સ્વીકાર્યો છે અને એમાટે તેમને

જ ઉત્તરદાતા ગણ્યા છે; માત્ર એટલું જ નહિ, પણ રાજપુરુષો પોતાને થયેલા દારુણ ભ્રમના પરિણામે દીર્ઘ કાળથી પ્રજાના સ્વાર્થથી વિરુદ્ધ, અસંતોષજનક તથા મર્મવેદનાદાયક કાર્યો કરતા આવ્યા છે. અર્થાત્ મનુષ્યનો સ્વભાવ નિસર્ગતઃ ક્રોધને આધીન થઈ જનારો હોવાથી જ્યારે મનુષ્યના સ્વાર્થપર અસહ્ય આઘાત કરવામાં આવે છે, તેની સાથે નિરંતર અપ્રિય આચરણ કરાય છે કિંવા તેની પ્રાણાધિક વસ્તુ અથવા ભાવના ઉપર દુરાત્મતા કરવામાં આવે છે એટલે પછી સર્વ પ્રાણીઓમાં સ્વાભાવિક રહેલો કોપાગ્નિ એકાએક પ્રજળી ઊઠે છે અને કોપની અતિશયતા તથા અંધ ગતિના યોગે વિદ્વેષ તથા વિદ્વેષજાત આચરણો પણ ઉત્પન્ન થઈ જાય છે. ભારતવાસીઓના પ્રાણમાં બહુ કાળથી કેટલીક વિશિષ્ટ અંગ્રેજ વ્યક્તિઓનાં અન્યાયયુક્ત આચરણ તેમ જ ઉદ્ધત વાણીના પરિણામે અને વર્તમાન શાસનતંત્રમાં ભારતીય પ્રજાનો કશો પણ પ્રકૃત અધિકાર કિંવા ક્ષમતા ન હોવાથી અલક્ષિત ભાવથી આભ્યન્તર અસન્તોષ વૃદ્ધિંગત થયા કરતો હતો તેવામાં લૉર્ડ કર્ઝનના શાસનસમયમાં બંગભંગની ઘટના થઈ અને તેના પરિણામે પ્રજાના એ દીર્ઘકાલિક અસંતોષે તીવ્ર આકારને ધારી લીધો. બંગ ભંગના પરિણામે થયેલી અસહ્ય મર્મવેદનાવડે સમસ્ત દેશમાં અસાધારણ ક્રોધાગ્નિ પ્રજળી ઉઠ્યો અને રાજપુરુષોની નિગ્રહનીતિના પરિણામે પ્રજાની સહિષ્ણુતા વિદ્વેષના રૂપમાં પરિણત થઈ ગઈ. પરિસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં એટલું તો અમો પણ સ્વીકારીએ છીએ કે અનેક ભારતવાસીઓએ કોપથી અધીર થઈને તે વિદ્વેષાગ્નિમાં પ્રચુર પરિમાણમાં ઘૃત હોમ્યું હતું અને એ તેમનો દોષ હતો. ભગવાનની લીલા અતિ વિચિત્ર છે, તેની સૃષ્ટિમાં શુભ તથા અશુભના દ્વન્દ્વવડે જ જગત્‌ની યથાનુક્રમ ઉન્નતિનો વ્યાપાર ચાલ્યા કરે છે અને તેથી અશુભ બહુધા શુભને સહાયતા આપીને ભગવાનના અભિલષિત મંગળમય ફળને નિપજાવે છે, એ સર્વથા નિર્વિવાદ છે. અર્થાત્ એ પરમ અશુભ વિદ્વેષનું પણ એવું જ શુભ ફળ થયું અને તે એ કે તમોવ્યાપ્ત ભારતવાસીઓમાં જાગરણમાટે અતિશય ઉપયુક્ત થનારી રાજસ શક્તિનો

આવિર્ભાવ થયો અને તેના યોગે તેમનામાં રાજસ પ્રેરણા ઉત્પન્ન થઈ ગઈ. પરંતુ એથી અશુભની પોતાની તેમ જ અશુભકર્ત્તાની આપણાથી પ્રશંસા કરી શકાય તેમ તો નથી જ; કારણ કે, જે કોઈ રાજસ અહંકારને વશ થઈને અશુભ કાર્ય કરે છે તેના કાર્યદ્વારા તેને ઇશ્વરનિર્દિષ્ટ શુભ ફળની સહાયતા મળે છે એમ કહેવાથી અથવા માનવાથી તેના ઉત્તરદાતૃત્વ તથા ફળભોગરૂપ બંધનમાં લેશમાત્ર પણ ન્યૂનતા થઈ શકતી નથી. જેઓ જાતિગત વિદ્વેષનો પ્રચાર કરે છે તેઓ ભ્રાન્તિને વશ થયેલા છે; કારણ કે, વિદ્વેષના પ્રચારથી જે ફળ થાય છે તેના કરતાં નિઃસ્વાર્થ ધર્મના પ્રચારથી દશગુણ અધિક ફળ થાય છે; અર્થાત્ નિઃસ્વાર્થ ધર્મના પ્રચારથી અધર્મ અને અધર્મજાત પાપફળના ભોગની પ્રાપ્તિ નથી થતી અને તે ઉપરાંત ધર્મની વૃદ્ધિ તથા વિશુદ્ધ પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ કારણથી અમો પોતે જાતિગત વિદ્વેષ તથા ઘૃણાજનક કથાઓ લખીશું નહિ અને અન્ય જનોને પણ એવા પ્રકારના અનર્થથી અલિપ્ત રહેવામાટેનો ઉપદેશ આપતા રહીશું. ભિન્ન ભિન્ન જાતિઓમાં પરસ્પર સ્વાર્થવિરોધ ઉત્પન્ન થતાં અને તે વિરોધ વર્ત્તમાન અવસ્થામાં અપરિહાર્ય અંગસ્વરૂપ થતાં આપણે પરજાતિના સ્વાર્થના નાશમાટે તથા સ્વજાતિના સ્વાર્થની રક્ષા કિંવા સિદ્ધિમાટે કાયદા તથા ધર્મનીતિથી અધિકારી છીએ તેમ જ જો અત્યાચાર તથા અન્યાયયુક્ત કાર્યો થાય તો તેમના તીવ્ર ઉલ્લેખથી તેમ જ જાતીય શક્તિના સંઘાત તથા સર્વ પ્રકારના વૈધ–કાયદાસર–ઉપાયો તથા વૈધ પ્રતિરોધદ્વારા તેમનો નાશ કરી નાખવાનો એટલે કે તે અત્યાચારો તથા અન્યાયયુક્ત કાર્યોને અટકાવી દેવાનો કાયદા અનુસાર તથા ધર્મનીતિ અનુસાર આપણે સંપૂર્ણ અધિકાર ધરાવીએ છીએ. કોઈ પણ વ્યક્તિ વિશેષ, પછી તે રાજપુરુષ હોય કે સ્વદેશવાસી હોય, અમંગલજનક અન્યાય અને અયૌક્તિક કાર્ય કિંવા મતનો પ્રકાશ કરે, તો આપણે ભદ્ર સમાજોચિત આચારનું જેનાથી ઉલ્લંઘન ન થતું હોય તેવા પ્રકારનો તિરસ્કાર કરીને તે કાર્ય અથવા તે મતનો પ્રતિવાદ તથા તેનું ખંડન કરવાનો અપરિમિત અધિકાર ધરાવીએ છીએ એમાં કોઈ પણ

પ્રકારનો સંશય છે જ નહિ. પરંતુ એ સાથે આ તત્ત્વને પણ જાણી રાખવાનું છે કે કોઈ પણ જાતિ કિંવા વ્યક્તિના સંબંધમાં વિદ્વેષ અથવા ઘૃણાને હૃદયમાં પોષવાનો કિંવા ઉત્પન્ન કરવાનો આપણને લેશમાત્ર પણ અધિકાર નથી. જો ભૂતકાળમાં કોઈના હસ્તથી એ દોષ થઈ ગયો હોય, તો તેને ભૂતકાળની ઘટના માનીને ત્યાગી દેવી અને ભવિષ્યમાં આપણા હસ્તથી એવો દોષ ન થવા પામે એ લક્ષમાં રાખવાનો અમો સર્વ જનોને અને તેમાં પણ વિશિષ્ટતાથી જાતીય પક્ષનાં સંવાદપત્રોને તથા કાર્યક્ષમ યુવકસમુદાયને ઉપદેશ આપીએ છીએ.

આર્યજ્ઞાન, આર્ય આદર્શ અને આર્ય શિક્ષણ જડજ્ઞાનવાદી અને રાજસભોગપરાયણ પાશ્ચાત્ય જાતિનાં જ્ઞાન, આદર્શ તથા શિક્ષણથી સર્વથા ભિન્ન અને સ્વતંત્ર છે. યૂરોપીયનોની માન્યતા અનુસાર જે કર્મના યોગે સ્વાર્થની સિદ્ધિ તથા સુખની પ્રાપ્તિ થવાનો સંભવ ન હોય તે કર્મ સર્વથા અનાચરણીય છે અને જ્યાં વિદ્વેષનો અભાવ હોય ત્યાં વિરોધ તથા યુદ્ધનો સંભવ છે જ નહિ; સારાંશ કે, જો કરવું તો સકામ કર્મ કરવું અને નહિ તો કામનાહીન સન્યાસી થઈને બેસી રહેવું એ જ તેમની ધારણા છે. જીવિકામાટેના સંઘર્ષથી જ જગત્ ગહાયલું છે અને તેથી જીવિકામાટેના સંઘર્ષથી જ જગત્‌ની ઉન્નતિ થાય છે એ જ તેમના વિજ્ઞાનનો મૂલમંત્ર છે. પરંતુ આર્યોએ જે દિવસે ઉત્તર કુરુમાંથી દક્ષિણ દિશામાં પ્રયાણ કરીને પંચનદ ભૂમિને અધિકૃત કરી લીધી હતી તે દિવસથી જ સનાતન શિક્ષણને પ્રાપ્ત કરીને તેમણે પ્રતિષ્ઠા મેળવી હતી. તે સનાતન શિક્ષણ એ હતું કે આ વિશ્વ આનન્દધામ છે અને પ્રેમ, સત્ય તથા શક્તિના વિકાસમાટે સર્વવ્યાપક નારાયણ સ્થાવર તથા જંગમમાં; મનુષ્ય, પશુ, કીટ તથા પતંગમાં; સાધુ તથા પાપીમાં; શત્રુ તથા મિત્રમાં તેમ જ સુર તથા અસુરમાં પ્રકાશના રૂપથી જગન્મય ક્રીડા કરી રહ્યો છે અને તેથી સુખ ક્રીડામાટે છે, દુઃખ ક્રીડામાટે છે, પાપ ક્રીડામાટે છે, પુણ્ય ક્રીડામાટે છે, મિત્રતા ક્રીડામાટે છે, શત્રુતા ક્રીડામાટે છે, દેવત્વ ક્રીડામાટે છે અને અસુરતા પણ ક્રીડામાટે જ છે. મિત્ર તથા શત્રુ સર્વ જનો

ક્રીડાના સહચર છે અને તેમણે ઉભય પક્ષમાં વિભક્ત થઈને સ્વપક્ષ તથા પરપક્ષની સૃષ્ટિને નિર્માણ કરેલી છે. **આર્ય** જનો મિત્રની રક્ષા કરે છે અને શત્રુનું દમન કરે છે, એ સત્ય છે; પરંતુ એ તેમની આસક્તિનું પરિણામ નથી; કારણ કે, આસક્તિનો તેમનામાં સર્વથા અભાવ હોય છે; તેઓ સર્વત્ર, સર્વ ભૂતોમાં, સર્વ વસ્તુઓમાં, સર્વ કર્મોમાં તથા સર્વ ફળોમાં **નારાયણ**નો સાક્ષાત્કાર કરીને ઇષ્ટ તથા અનિષ્ટ, શત્રુ તથા મિત્ર, સુખ તથા દુઃખ, પાપ તથા પુણ્ય તેમ જ સિદ્ધિ તથા અસિદ્ધિમાં સમભાવ જ રાખતા રહે છે. આનો અર્થ એવો નથી થતો કે તેમની દૃષ્ટિમાં સર્વ પરિણામો ઇષ્ટ જ હોય છે, સર્વ જનો તેમના મિત્રો જ છે, સર્વ ઘટનાઓ તેમને સુખદાયિની જ ભાસે છે, સર્વ કર્મો તેમના માટે આચરણીય છે અને સર્વ ફળો તેમને વાંચ્છનીય જણાય છે; કારણ કે, સંપૂર્ણ યોગપ્રાપ્તિ વિના દ્વન્દ્વનો લોપ થતો જ નથી અને એ અવસ્થા અલ્પસંખ્ય જનોને જ પ્રાપ્ત થાય છે; છતાં પણ **આર્ય**શિક્ષા સર્વસાધારણ **આર્ય** જનોની સર્વસાધારણ સંપત્તિ હોવાથી અને તેના યોગે તેમનામાં અલ્પ સ્વલ્પ યોગનો અંશ રહેલો હોવાથી **આર્યો** ઇષ્ટની પ્રાપ્તિ તથા અનિષ્ટના ત્યાગમાટે પ્રયત્ન તો અવશ્ય કરે છે; પરંતુ ઇષ્ટની પ્રાપ્તિ કરીને તેઓ વિજયના મદથી ઉન્મત્ત થતા નથી અને અનિષ્ટની પ્રાપ્તિ થતાં નિરાશ કિંવા ભયભીત થતા નથી, એ **આર્ય** જનોની વિશિષ્ટતા છે. મિત્રને સહાયતા આપવી અને શત્રુનો પરાજય કરવો એ જો કે **આર્યો**ના પ્રયત્નનો ઉદ્દેશ હોય છે; તથાપિ તેઓ મિત્રોનો અન્યાયયુક્ત પક્ષપાત તેમ જ શત્રુનો ઇચ્છાપૂર્વક વિદ્વેષ કદાપિ કરતા નથી; અર્થાત્ **આર્ય** જનો કર્ત્તવ્યના અનુરોધથી આત્મીય જનોનો સંહાર પણ કરી શકે છે અને પ્રતિપક્ષી કિંવા શત્રુના પ્રાણની રક્ષામાટે પોતાના પ્રાણોને પણ નિમેષમાત્રમાં ત્યાગી શકે છે. **આર્ય** જનોને સુખ પ્રિય તથા દુઃખ અપ્રિય છે, એ સત્ય છે; પરંતુ તેઓ સુખથી અધીર થતા નથી તેમ જ દુઃખમાં પણ તેમનું ધૈર્ય તથા તેમનો પ્રીતભાવ સર્વથા અવિચલ રહેલાં દેખાય છે. **આર્ય** જનો પાપનો પરિત્યાગ તથા પુણ્યનો સંચય કરે છે

ખરા; પરંતુ તેઓ પુણ્યકર્મ કરીને ગર્વિષ્ઠ થતા નથી અને પાપપંકમાં પતિત થતાં દુર્બલ બાળક પ્રમાણે રોદન કિંવા ક્રન્દન પણ કરતા નથી, કિન્તુ હસતા હસતા પાપપંકમાંથી ઉઠીને કર્દમથી લેપાયલા શરીરને લૂછી સ્વચ્છ તથા શુદ્ધ કરીને પુનરપિ આત્મોન્નતિના કાર્યમાં પ્રયત્નપૂર્વક પ્રવૃત્ત થઈ જાય છે. આર્ય જનો કર્મસિદ્ધિમાટે વિપુલ પ્રયાસો કરે છે; પરંતુ તે પ્રયાસોમાં સહસ્ત્ર વાર પરાજય થવા છતાં હતાશ થતા નથી; કારણ કે, અસિદ્ધિ કિંવા પરાજયથી દુઃખિત, નિરાશ તથા વિરક્ત થવાને તેઓ મહા અધર્મ માને છે. જે પુરુષો યોગારૂઢ થઈને ગુણાતીત ભાવથી કર્મ કરવાને સમર્થ થયેલા હોય છે તેમનામાંથી દ્વન્દ્વભાવ સર્વથા લોપાઈ ગયેલો હોય છે અને તેથી જગન્માતા તેમને જે કાર્ય સોંપે છે તે કાર્યને તેઓ કોઈ પણ પ્રકારના વિચાર વિના જ કર્યા કરે છે; જગન્માતા તેમને જે ફળ આપે છે તે ફળનો તેઓ આનન્દથી ઉપભોગ કર્યા કરે છે; જગન્માતા જે પક્ષનો તેમને 'સ્વપક્ષ' તરીકે પરિચય કરાવે છે તે પક્ષને 'સ્વપક્ષ' તરીકે સ્વીકારીને તેઓ જગન્માતાના કાર્યને સાધે છે અને જગન્માતા જે પક્ષનો તેમને 'વિપક્ષ' કિંવા 'પ્રતિપક્ષ' તરીકે પરિચય કરાવે છે તે પક્ષનો તેઓ જગન્માતાના આદેશ અનુસાર સંહાર કરી નાખે છે અથવા તો તે પક્ષનું દમન કરી નાખે છે. આ શિક્ષાને આર્યશિક્ષા કહેવામાં આવે છે. અર્થાત્ આ શિક્ષા કિંવા શિક્ષણમાં વિદ્વેષ કિંવા ઘૃણાનું સ્થાન જ નથી; કારણ કે, નારાયણ સર્વત્ર વ્યાપક હોવાથી વિદ્વેષ કોનો કરવો અને ઘૃણા કોના પ્રતિ દર્શાવવી વારુ? સારાંશ કે, આપણે જે પાશ્ચાત્ય ભાવથી કિંવા પાશ્ચાત્ય આદર્શ અનુસાર રાજનૈતિક આન્દોલન કરવા માંડીએ, તો તેમાં વિદ્વેષ તથા ઘૃણાનો અવશ્ય આવિર્ભાવ થવાનો જ અને એમ થાય એ પાશ્ચાત્ય આદર્શની દૃષ્ટિથી નિંદ્ય કાર્ય નથી; કારણ કે, પાશ્ચાત્ય મત અનુસાર જ્યાં સ્વાર્થનો વિરોધ થયો એટલે એક પક્ષનું ઉત્થાન અને અન્ય પક્ષનું દમન ચાલ્યા જ કરે છે; પણ આપણું ઉત્થાન તે કેવળ આર્યજાતિનું ઉત્થાન નથી; કિન્તુ આર્યચરિત્ર, આર્યશિક્ષા તથા આર્યધર્મનું ઉત્થાન

છે, એ આપણે કદાપિ ભૂલી જવાનું નથી. વર્ત્તમાન આન્દોલનની પ્રથમ અવસ્થામાં **પા**શ્ચાત્ય રાજનીતિનો પ્રભાવ અત્યન્ત પ્રબળ હતો; તથાપિ વર્ત્તમાન આન્દોલનની તે પ્રથમ અવસ્થામાં પણ આ સત્ય ઉપલબ્ધ થયું હતું અને માતૃપૂજા, માતૃપ્રેમ અને **આર્ય** અભિમાનના તીવ્ર અનુભવથી આપણને આ ધર્મપ્રધાન દ્વિતીય અવસ્થાની પ્રાપ્તિ થયેલી છે. રાજનીતિ ધર્મનું અંગ છે એ સત્ય છે; પરંતુ તેનું **આર્ય**ભાવ તથા **આર્ય**ધર્મના અનુમોદિત ઉપાયવડે જ આચરણ થવું જોઈએ. અમો **ભાર**તવર્ષના ભાવિ આશાસ્વરૂપ તરુણોને સંબોધીને કહીએ છીએ કે: જો તમારા પ્રાણોમાં વિદ્વેષનો નિવાસ હોય, તો તેનું આ ક્ષણે જ ઉન્મૂલ ન કરી નાખો; કારણ કે, વિદ્વેષના તીવ્ર ઉત્તેજનથી ક્ષણિક રજઃપૂર્ણ બળ સહજ જાગ્રત થાય છે અને તેટલી જ શીઘ્રતાથી તે બળ ભગ્ન થતાં દુર્બલતાના સ્વરૂપમાં પરિણત થઈ જાય છે. સારાંશ કે, જે યુવકો દેશના ઉદ્ધારમાટે પ્રતિજ્ઞાબદ્ધ થયેલા છે અને જેમણે દેશકલ્યાણમાટે પોતાના પ્રાણોને સમર્પી દીધા છે તે યુવકોમાં પ્રબલ ભ્રાતૃભાવ, કઠોર ઉદ્યમ, લોહ સમાન દૃઢતા તથા પ્રદીપ્ત પાવક સમાન તેજસ્વિતાનો સંચાર થાઓ એ જ અમારો આશીર્વાદ છે; કારણ કે, એ શક્તિના યોગે જ આપણે અખંડબળશાળી તથા શાશ્વત વિજયશાળી થવાના છીએ !

૩ ભૂતકાળની સમસ્યા

સુશિક્ષિત **ભાર**તવાસીઓના હૃદયમાંથી બહુધા એક સો વર્ષ જેટલાં કાળ પર્યન્ત જે **પા**શ્ચાત્ય ભાવોના સંપૂર્ણ અધિકારમાં સપડાઈને સુશિક્ષિત **ભાર**તવાસીઓ **આર્ય**જ્ઞાન તથા **આર્ય**ભાવથી વંચિત થઈને સર્વથા શક્તિહીન, પરાવલંબી તથા અનુકરણપ્રિય થઈ ગયા હતા; તે તામસ ભાવનો અત્યારે હવે લોપ થવા માંડયો છે, પરંતુ એનો ઉદ્‌ભવ શા કારણથી થયો હતો એ વિષયનું કાંઇક વિવેચન કરવાની આવશ્યકતા હોવાથી અમો અત્યારે એ વિવેચનના કાર્યમાં પ્રવૃત્ત થઈએ છીએ. અસ્તુઃ અષ્ટાદશ

શતાબ્દિ–ઇસ્વીસનની અઢારમી સદી–માં તામસિક અજ્ઞાન તથા ઘોરતમ રાજસ પ્રવૃત્તિએ **ભારત**વાસીઓનો ગ્રાસ કરી લીધો હતો અને દેશમાં સહસ્રાવધિ સ્વાર્થપરાયણ, કર્તવ્યપરાઙ્મુખ, દેશદ્રોહી અને અસુર પ્રકૃતિના શક્તિમાન્ લોકોએ જન્મ ધારણ કરીને પરાધીનતામાટે સર્વ પ્રકારે અનુકૂલ થઈ પડે તેવી અવસ્થાને ઉત્પન્ન કરી દીધી હતી. તે સમયમાં **ભ**ગવાનના ગૂઢ અભિસંધિ કિંવા આશયને સિદ્ધ કરવામાટે દૂરદ્વીપાન્તરવાસી **અં**ગ્રેજ વણિકોનું **ભા**રતવર્ષમાં આગમન થયું હતું. પાપના ભારથી નમી ગયેલો **ભા**રતવર્ષ દેશ અનાયાસ વિદેશીયોના હસ્તમાં જઈ પડ્યો. એ અદ્દભુત કાંડ કિંવા ઘટનાના વિચાર કિંવા સ્મરણથી અત્યારે પણ સમસ્ત વિશ્વ આશ્ચર્યના અર્ણવમાં ડૂબી જાય છે અને કોઈથી પણ આ અદ્દભુત કાંડની સંતોષજનક મીમાંસા કરી શકાયલી ન હોવાથી સર્વ જનો **અં**ગ્રેજ જાતિના ગુણોની અનન્ત પ્રશંસા કરી રહ્યા છે. હવે જો વાસ્તવિકતાથી જોવામાં આવે, તો **અં**ગ્રેજ જાતિમાં અનેક ગુણો રહેલા છે અને એની કોઈથી પણ ના પાડી શકાય તેમ નથી; કારણ કે, જો તેનામાં એવા અનેક ગુણોનો નિવાસ ન હોત, તો તે પૃથ્વીની એક શ્રેષ્ઠ દિગ્વિજયિની જાતિ કદાપિ થઈ શકત નહિ; પરંતુ જેઓ એમ કહે છે કે **ભારત**વાસીઓની નિકૃષ્ટતા તથા **અં**ગ્રેજોની શ્રેષ્ઠતા અને **ભારત**વાસીઓનું પાપ તથા **અં**ગ્રેજોનું પુણ્ય જ એ અદ્દભુત ઘટનાનું એકમાત્ર કારણ છે તેઓ પોતે સંપૂર્ણ ભ્રાન્ત ન હોવા છતાં પણ તેમણે લોકોના મનમાં કેટલીક ભ્રાન્તિ-પૂર્ણ માન્યતાઓને ઉત્પન્ન કરી દીધી છે, એ નિઃસંશય વાર્તા છે અને તેટલામાટે જ એ વિષયની સૂક્ષ્મ અનુસંધાનપૂર્વક પ્રમાદહીન મીમાંસા કરવાનો આ પ્રયત્ન કરાયલો છે; કારણ કે, ભૂતકાળના સૂક્ષ્મ અનુસંધાન વિના ભવિષ્યકાળની ગતિનો નિર્ણય ભાગ્યે જ કરી શકાય છે.

અંગ્રેજોનો **ભા**રતવિજય વિશ્વના ઇતિહાસમાંની એક અદ્વિતીય ઘટના મનાય છે અને એ માન્યતાનું એવું જ એક પ્રબળ કારણ છે. આપણા આ **ભા**રતવર્ષ નામક અત્યંત વિશાળ દેશમાં જો કેવળ અસભ્ય, દુર્બળ અથવા નિર્બોધ અને અક્ષમ કિંવા અસમર્થ જાતિનો જ નિવાસ હોત એટલે કે જો

આપણો દેશ કેવળ એવી હીનજાતિનું જ નિવાસસ્થાન હોત, તો એવી માન્યતાનો કદાપિ ઉદ્‌ભવ થાત નહિ. અર્થાત્ **ભારતવર્ષ રાજપૂત, મરાઠા, સિખ્ખ પઠાન** તથા **મુગલ** આદિની નિવાસભૂમિ હોવા છતાં; તીક્ષ્ણ બુદ્ધિ **બંગાલી**, વિચારશીલ **મદ્રાસી** તથા રાજનૈતિક **મહારાષ્ટ્રીય બ્રાહ્મણો ભારતભૂમિનાં** સુસંતાનો હોવા છતાં; **અંગ્રેજોના** વિજયના સમયમાં **નાના ફડનવીસ** જેવા વિચક્ષણ રાજનીતિજ્ઞ, મહાદજી **સિન્ધિયા** જેવા યુદ્ધવિશારદ સેનાપતિ તેમ જ **હૈયદરઅલી** તથા **રણજિતસિંહ** જેવા તેજસ્વી તથા પ્રતિભાશાળી રાજ્યનિર્માતા પુરુષો **ભારતવર્ષમાં** ઉત્પન્ન થયેલા હોવા છતાં; અર્થાત્ અષ્ટાદશ શતાબ્દિમાં **ભારતવાસીઓ**, તેજ, શૌર્ય તથા બુદ્ધિ આદિમાં અન્ય કોઈ પણ જાતિ કરતાં ન્યૂન ન હોવા છતાં; અષ્ટાદશ શતાબ્દિમાં **ભારતવર્ષ ભારતીનું** મન્દિર, **લક્ષ્મીનો** ભંડાર તથા શક્તિનું ક્રીડાસ્થાન હોવા છતાં; સારાંશ કે, અત્યન્ત પ્રબળ તથા વૃદ્ધિશીલ **મુસલ્માનો** શતાવધિ વર્ષોના પ્રયાસથી અત્યંત કષ્ટો વેઠીને જીતેલા જે દેશમાં કદાપિ નિર્વિઘ્ન શાસન કરી શક્યા ન હોતા એવી આ દેશની મહત્તા હોવા છતાં આ વિશાળ **ભારતવર્ષ** નામક દેશે કેવળ પચાસ વર્ષના અલ્પ કાલાવધિમાં અનાયાસ મુષ્ટિમય-મુઠ્ઠીભર-**અંગ્રેજ** વણિકોના આધિપત્યને સ્વીકારી લીધું અને એક સો વર્ષના કાલાવધિમાં તેમના એકચ્છત્ર સામ્રાજ્યની છાયામાં નિશ્ચેષ્ટ ભાવથી નિદ્રાધીનતાને અંગીકારી લીધી, એ અદ્વિતીય ઘટના નહિ તો બીજું શું વારૂ ? પરંતુ **ભારતવાસીઓમાં** એકતાનો અભાવ એ જ આ પરિણામનું મૂળ તથા પ્રધાન કારણ છે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય છે જ નહિ. 'અહીં આપણી એકતાનો અભાવ આપણી દુર્ગતિનું કારણ થયું છે, એ તો જાણે સત્ય જ છે; પરંતુ એ પણ સત્ય છે કે **ભારતવર્ષમાં** કોઈ પણ કાળમાં એકતાનું અસ્તિત્વ હતું જ નહિ. **મહાભારતના** સમયમાં પણ એકતા ન હોતી; **ચન્દ્રગુપ્ત** તથા **અશોકના** સમયમાં પણ એકતાનો અભાવ જ હતો; **મુસલ્માનોના ભારતવિજયના** સમયમાં પણ એકતા ન હોતી અને ઇસ્વીસનની અઢારમી સદીમાં પણ એકતાનું નામ નિશાન ન હોતું,' એવા પ્રકારનો બુદ્ધિવાદ કરીને જો કોઈ એમ

કહેવાને તૈયાર થઈ જાય કે 'કેવળ **અ**ંગ્રેજોનું પુણ્ય જ એ અદ્દભુત ઘટનાનું પ્રધાન કારણ હતું;' તો જેઓ તે સમયના ઈતિહાસના જ્ઞાતા છે તેઓ એમ કહેવાનું સાહસ કરી શકશે ખરા કે તે કાળના **અ**ંગ્રેજ વણિકો તે કાળના **ભાર**તવાસીઓ કરતાં ગુણ તથા પુણ્યમાં શ્રેષ્ઠ હતા? જે **કલાઇવ** તથા **વૉરન્** હેસ્ટિંગ્સ પ્રમુખ અંગ્રેજ વણિકો તથા દસ્યુઓ **ભાર**તવર્ષમાં વિજય મેળવી **ભર**તભૂમિને લૂટીને વિશ્વને પોતાના અદ્વિતીય સાહસ, ઉદ્યોગ તથા આત્મમ્ભરિતાનો તેમ જ પોતાના અદ્વિતીય અને અતુલનીય દુર્ગુણોનો પણ પરિચય કિંવા સાક્ષાત્કાર કરાવી ગયા છે તે નિષ્ઠુર સ્વાર્થપરાયણ, અર્થલોલુપ તથા શક્તિમાન્ અસુરોની કથા સાંભળીને હાસ્યનો અવરોધ ભાગ્યે જ કરી શકાય છે. સાહસ, ઉદ્યમ તથા આત્મમ્ભરિતા એ સર્વ અસુરના ગુણ તથા પુણ્ય છે અને એ પુણ્યનો **કલાઇવ** આદિ **અ**ંગ્રેજોમાં અવશ્ય નિવાસ હતો; પરંતુ તેમનાં પાપો **ભાર**તવાસીઓનાં પાપો કરતાં લેશમાત્ર પણ ઓછાં ન હોતાં. અર્થાત્ આ પરિસ્થિતિને જોતાં એ અદ્દભુત ઘટના **અ**ંગ્રેજોના પુણ્યના કારણથી ઘટી હોય એમ કદાપિ સિદ્ધ થઈ શકતું નથી.

અંગ્રેજો પણ **અ**સુર હતા અને **ભાર**તવાસીઓ પણ **અ**સુર હતા એટલે **દેવ** તથા **અ**સુરનું યુદ્ધ થયું ન હોતું કિન્તુ **અ**સુરોનું **અ**સુરો સાથે જ યુદ્ધ થયું હતું, એમ કહેવામાં યદ્યપિ કોઈ પણ પ્રકારનો પ્રત્યવાય નથી; તથાપિ એથી એ પ્રશ્ન તો અવશ્ય ઉપસ્થિત થાય છે કે **પા**શ્ચાત્ય **અ**સુરોમાં એવા તે કયા મહાન્ ગુણનો નિવાસ હતો કે જેના પ્રભાવે તેમનાં તેજ, શૌર્ય તથા બુદ્ધિની આટલી સીમાપર્યન્ત સફળતા થઇ ગઈ અને **ભાર**તવાસીઓમાં એવા કયા સાંઘાતિક દોષનો નિવાસ હતો કે જેના પરિણામે તેમનાં તેજ, શૌર્ય તથા બુદ્ધિ આદિ આટલી સીમા પર્યન્ત વિફળ થઇ ગયાં? આ પ્રશ્નનું પ્રથમ ઉત્તર એ છે કે **ભાર**તવાસીઓ અન્ય સર્વ ગુણોમાં **અ**ંગ્રેજોની સમાન કક્ષામાં વિરાજતા હોવા છતાં **જાતીય ભાવ**નો તેમનામાં સર્વથા અભાવ હતો અને **અ**ંગ્રેજોમાં એ ગુણનો સંપૂર્ણ વિકાસ થયેલો હતો. આથી કોઈએ એમ માની અથવા સમજી

લેવાનું નથી કે તે સમયના **અંગ્રેજો** સ્વદેશપ્રેમી હતા અને સ્વદેશપ્રેમની પ્રેરણાથી જ **ભારત**વર્ષમાં વિશાળ સામ્રાજ્યને સ્થાપવાના કાર્યમાં સમર્થ થયા હતા; કારણ કે સ્વદેશપ્રેમ અને **જાતીય ભાવ** એક બીજાથી સર્વથા ભિન્ન અને સ્વતંત્ર વૃત્તિઓ છે. સ્વદેશપ્રેમી મનુષ્ય સ્વદેશસેવાના ભાવથી ઉન્મત્ત થઈ જાય છે, સર્વત્ર સ્વદેશનો જ સાક્ષાત્કાર કર્યા કરે છે; પોતાનાં સર્વ કાર્યો સ્વદેશને ઇષ્ટદેવતા માની તેનાં ચરણોમાં યજ્ઞરૂપે સમર્પી દે છે, સર્વ કાર્યો દેશના કલ્યાણમાટે જ કરે છે અને દેશસ્વાર્થની સરિતામાં પોતાના સ્વાર્થને ડુબાવી દે છે. અઢારમી સદીના **અંગ્રેજો**માં આવા પ્રકારનો ભાવ ન હોતો એટલે કે આવ્યાખ્યા અનુસાર તેઓ સ્વદેશપ્રેમી ન હોતા અને તેઓ એવા નિઃસ્વાર્થ સ્વદેશપ્રેમી ન હોય એમાં આશ્ચર્ય જેવું પણ નથી; કારણ કે, કોઈપણ જડવાદિની **પાશ્ચાત્ય** જાતિના પ્રાણમાં આવા પ્રકારનો ભાવ સ્થાયિરૂપે વસી શકતો જ નથી. અર્થાત્ **અંગ્રેજો** પોતાના દેશના હિતમાટે **ભારત**વર્ષમાં આવ્યા ન હોતા અને પોતાના દેશના હિતમાટે તેમણે **ભારત**વિજય કર્યો ન હોતો; કિન્તુ તેઓ વાણિજ્યમાટે તથા પોતપોતાના આર્થિક લાભમાટે **ભારત**વર્ષમાં આવ્યા હતા અને તેમણે સ્વદેશના હિતમાટે **ભારત**વિજય કર્યો ન હોતો કિન્તુ પોતાના અનેક પ્રકારના સ્વાર્થોની સિદ્ધિમાટે જ **ભારત**વિજય કર્યો હતો. આવી રીતે તેઓ સ્વદેશપ્રેમી ન હોવા છતાં જાતીય ભાવ તેમનામાં જાગ્રત હતો, એ તો આપણે સ્વીકારવું જ જોઈએ. મારો દેશ અન્ય સર્વ દેશોથી શ્રેષ્ઠ દેશ છે; મારી જાતિનાં આચાર, વિચાર, ધર્મ, ચરિત્ર, નીતિ, બળ, પરાક્રમ, બુદ્ધિ, માન્યતા અને કર્મ આદિ સર્વ ઉત્કૃષ્ટ તથા અદ્વિતીય છે અને તે એટલી સીમા પર્યન્ત કે એમાંની એક પણ વસ્તુ અન્ય કોઈ પણ જાતિમાં મળી શકે તેમ છે જ નહિ, એવા પ્રકારનું અભિમાન; મારા દેશના હિતમાં જ મારૂં હિત સમાયલું છે; મારા દેશના ગૌરવમાં જ મારા ગૌરવનો સમાવેશ થયેલો છે અને મારા દેશબાંધવોની વૃદ્ધિમાં જ મારી વૃદ્ધિ રહેલી છે, એવો દૃઢ વિશ્વાસ અને કેવળ મારા સ્વાર્થને સિદ્ધ ન કરતાં હું મારા દેશબાંધવો સાથે મળીને

દેશના સ્વાર્થને સિદ્ધ કરીશ; દેશનાં માન, ગૌરવ તથા વૃદ્ધિમાટે યુદ્ધ કરવું એ પ્રત્યેક દેશવાસીનું સર્વથી પ્રધાન તથા પરમ કર્ત્તવ્ય છે અને જો આવશ્યકતા આવી પડે તો તે યુદ્ધમાં નિર્ભયતાથી પ્રાણોનું વિસર્જન કરવું, એ વીરનો ધર્મ છે, આવા પ્રકારની કર્ત્તવ્યબુદ્ધિ **જા**તીય ભાવનું પ્રધાન લક્ષણ છે, એ નવીનતાથી કહેવાની આવશ્યકતા નથી. હવે **જા**તીય ભાવ અને સ્વદેશપ્રેમ એ ઉભયમાં જે ભેદ રહેલો છે તે એ જ કે **જા**તીય ભાવ રાજસ ભાવ છે અને સ્વદેશપ્રેમ સાત્ત્વિક છે. જેઓ પોતાના '**अहम्**' ને દેશના '**अहम्**' માં વિલીન કરી શકે છે તેઓ આદર્શ સ્વદેશપ્રેમી છે અને જેઓ પોતાના '**अहम्**' ને સર્વથા ભિન્ન રાખીને તદ્વારા દેશના '**अहम्**' ની વૃદ્ધિ કરે છે તેઓ **જા**તીયભાવાપન્ન છે. સારાંશ કે, તે સમયના **ભા**રતવાસીઓ **જા**તીય ભાવથી સર્વથા શૂન્ય હતા. તેઓ જાતિના હિતને કદાપિ જોતા જ ન હોતા, એમ તો જો કે કહી શકાય તેમ નથી; તથાપિ એટલી વાર્ત્તા તો સર્વથા સત્ય છે કે જો જાતિના તથા પોતાના હિત વચ્ચે લેશમાત્ર પણ વિરોધ આવી પડે તો તેવા પ્રસગે બહુધા તેઓ જાતિના હિતનું વિસર્જન કરીને પોતાના હિતને જ સાધી લેતા હતા. એકતાના અભાવ કરતાં એ **જા**તીયતાનો અભાવ અમારી માન્યતા અનુસાર **ભા**રતવાસીઓમાં રહેલો અત્યંત વિઘાતક દોષ હતો. જો પૂર્ણ **જા**તીય ભાવ સમસ્ત દેશમાં વ્યાપી જાય, તો આપણા આ નાના પ્રકારના ભેદભાવોથી ભરેલા દેશમાં પણ એકતા થઈ જવાનો સંપૂર્ણ સંભવ છે; માત્ર 'એકતા જોઈએ, એકતા જોઈએ' એવા પોકારો કરવાથી એકતાની સિદ્ધિ થઈ જવાની નથી. અમારા કથનનું તાત્પર્ય એ જ છે કે **અં**ગ્રેજોના **ભા**રતવિજયનું જો કોઈ પણ પ્રધાન કારણ હોય, તો તે તેમનામાં રહેલો **જા**તીય ભાવ અને **ભા**રતવાસીઓમાં રહેલો **જા**તીય ભાવનો અભાવ જ છે. **અ**સુરો સાથે **અ**સુરોનો સંઘર્ષ થતાં જે **અ**સુરો **જા**તીયભાવાપન્ન તથા ઐક્યમંડિત હોય છે તેઓ **જા**તીયભાવશૂન્ય તથા એકતાવિહીન સમાનગુણવિશિષ્ટ **અ**સુરોને અવશ્ય પરાજિત કરી નાખે છે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી. વિધાતાનો એવો

જ નિયમ છે કે જે દક્ષ તથા શક્તિમાન્ હોય છે તે જ મલ્લયુદ્ધમાં વિજયને મેળવી શકે છે તેમ જ જે પુરુષ દ્રુતગતિ તથા સહિષ્ણુ હોય છે તે જ પુરુષ દોડવાની શર્તમાં પોતાના પ્રતિપક્ષીથી આગળ વધીને ગન્તવ્ય સ્થાનમાં પ્રથમ પહોંચી જાય છે; કોઈ પણ મનુષ્ય કેવળ સચ્ચરિત્રશીલ તથા પુણ્યવાન્ હોવાથી જ એ મલ્લયુદ્ધ કિંવા દોડવાની શર્તમાં વિજયશીલ થઈ શકતો નથી; કારણ કે, એ વિજયપ્રાપ્તિમાટે ઉપરિકથિત અન્ય ઉપયુક્ત શક્તિઓની પણ આવશ્યકતા હોય છે. એવી જ રીતે જાતીય ભાવના વિકાસવડે દુર્વૃત્ત તથા આસુરી જાતિ પણ સામ્રાજ્ય સ્થાપવાને સમર્થ થાય છે અને જાતીય ભાવના અભાવથી સચ્ચરિત્રશીલ તથા સદ્‌ગુણસંપન્ન જાતિ પણ પરાધીન થતાં અંતે પોતાના સચ્ચરિત્ર તથા સદ્‌ગુણને ખોઈ નાખીને અધોગતિની ગહનતમ ગર્ત્તામાં પછડાઈ પડે છે.

રાજનીતિની દિશાને જોતાં અંગ્રેજોના ભારતવિજયની એજ શ્રેષ્ઠ મીમાંસા છે; છતાં એમાં પણ એક અન્ય ગંભીર સત્ય ગુપ્ત ભાવથી રહેલું છે. એ તો પ્રથમ કહેવાયલું જ છે કે ભારતવર્ષમાં તામસિક અજ્ઞાન તથા રાજસ પ્રવૃત્તિની અત્યન્ત પ્રબળતા થઈ ગઈ હતી. અર્થાત્ આવા પ્રકારની પરિસ્થિતિ અથવા અવસ્થાને પતન કિંવા પરિપાતની અગ્રગામિની અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. રજોગુણની સેવાથી રાજસ શક્તિનો વિકાસ થાય છે એ સત્ય છે; કિન્તુ અમિશ્ર તમોગુણ શીઘ્ર જ તમોમુખી થઈ જાય છે અને તેના પરિણામે ઉદ્ધત તથા વિશ્રૃંખલ રાજસ ચેષ્ટાઓ અતિશીઘ્ર અવસન્ન તથા શ્રાન્ત થઈને અપ્રવૃત્તિ, શક્તિહીનતા, વિષાદ તથા નિશ્ચેષ્ટતાના રૂપમાં પરિણત થાય છે. અર્થાત્ રજ:શક્તિ જો સત્ત્વમુખી થાય, તો જ સ્થાયિની થઈ શકે છે. કદાચિત્ સાત્ત્વિક ભાવ ન હોય તો પણ સાત્ત્વિક આદર્શ તો હોવો જ જોઈએ; કારણ કે, એ આદર્શદ્વારા જ રજ:શક્તિ સુશ્રૃંખલિત તથા સ્થાયિબલવતી થઈ શકે છે. સ્વાધીનતા અને સુશૃંખલતા એ બે મહાન્ સાત્ત્વિક આદર્શોનો અંગ્રેજોના હૃદયમાં ચિરકાલ નિવાસ હતો અને એ આદર્શોના બળથી જ અંગ્રેજો વિશ્વમાં પ્રધાનપદના ભોક્તા

તથા ચિરવિજેતા થઈ શક્યા છે. ઓગણીસમી સદીમાં પરોપકારની લાલસા પણ અંગ્રેજ જાતિમાં જાગ્રત થઈ હતી અને તેના બળથી ઈંગ્લૅંડ જાતીય મહત્તાની ચરમ સીમા પર્યન્ત પહોંચી ગયું હતું; માત્ર એટલું જ નહિ, પણ યૂરોપમાં જે જ્ઞાનતૃષ્ણાની પ્રબળ પ્રેરણાથી પાશ્ચાત્ય જાતિએ શતાવધિ વૈજ્ઞાનિક આવિષ્કાર કરેલા છે અને અણુમાત્ર જ્ઞાનને મેળવવામાટે શતાવધિ લોકો પોતાના પ્રાણ પર્યન્ત અર્પવાને તત્પર થઈ જાય છે તે મહાબલીયસી સાત્ત્વિક જ્ઞાનતૃષ્ણાનો પણ અંગ્રેજ જાતિમાં વિકાસ થયેલો હતો. એ સાત્ત્વિય શક્તિવડે અંગ્રેજો બળવાન્ હતા અને અત્યારે હવે તેમની એ સાત્ત્વિ શક્તિ ક્ષીણ થતી હોવાથી અંગ્રેજોના પ્રાધાન્ય, તેજ તથા પરાક્રમનો પણ ક્ષય થતો જાય છે અને તેમના સ્થાનમાં વિષાદ, ભય તથા આત્મશક્તિમાં અવિશ્વાસની વૃદ્ધિ થતી દેખાય છે. સારાંશ કે, અંગ્રેજોની સાત્ત્વિક લક્ષ્યથી ભ્રષ્ટ થયેલી રજઃશક્તિ તમોમુખી થતી જાય છે. અન્ય પક્ષે ભારતવાસીઓની જાતિ પ્રથમથી જ એક અત્યન્ત સાત્ત્વિક જાતિ હોવાથી એ સાત્ત્વિક બળના યોગે ભારતવાસીઓ જ્ઞાન, શૌર્ય તથા તેજસ્વિતા આદિમાં વિશ્વની સમસ્ત જાતિઓથી શ્રેષ્ઠ તથા અદ્વિતીય થઈ ગયા હતા અને તેનું પરિણામ એ થયું હતું કે તેઓ એકતાવિહીન હોવા છતાં પણ એક હજાર વર્ષ પર્યન્ત વિદેશીયોનાં આક્રમણોને અટકાવીને તેમના બળને દાબી દેવાને સમર્થ થઈ શક્યા હતા. અન્તે ભારતવાસીઓમાં રજોગુણની વૃદ્ધિ થવા લાગી અને સત્ત્વગુણનો હ્રાસ અથવા લોપ થવા લાગ્યો. મુસલ્માનોના આગમનકાળમાં ભારતવાસીઓના જ્ઞાનનો વિસ્તાર સંકુચિત થવા માંડ્યો હતો; તે સમયમાં રજોગુણપ્રધાન રાજપૂત જાતિ ભારતના સિંહાસને આરૂઢ હતી; ઉત્તર ભારતમાં યુદ્ધ, વિગ્રહ તથા આત્મકલહનો અગ્નિ પ્રજળેલો હતો અને બંગદેશમાં બૌદ્ધ ધર્મની અવનતિના પરિણામે તામસિક ભાવની પ્રબળતા થવા માંડી હતી. આધ્યાત્મિક જ્ઞાને દક્ષિણ ભારતમાં આશ્રય લીધો હતો અને એ સત્ત્વના બળવડે દક્ષિણ ભારતપ્રદેશ દીર્ઘ કાળ પર્યન્ત પોતાની સ્વાધીનતા કિંવા સ્વતંત્રતાને સર્વ પ્રકારે સુરક્ષિત રાખી શક્યો હતો. જ્ઞાનતૃષ્ણા તથા જ્ઞાનોન્નતિ બંધ થતી ચાલી અને તેમના

સ્થાનમાં પાંડિત્યના માન તથા ગૌરવની વૃદ્ધિ થવા લાગી; આધ્યાત્મિક જ્ઞાન, યોગશક્તિવિકાસ તથા આભ્યન્તર ઉપલબ્ધિના સ્થાનમાં તામસિક પૂજા અને સકામ રાજસ વ્રતોદ્યાપન આદિનું બાહુલ્ય થવા લાગ્યું અને વર્ણાશ્રમધર્મનો લોપ થતાં લોકોને બાહ્ય આચાર તથા ક્રિયાઓ અધિક મહત્ત્વશીલ ભાસવાના અનર્થનો આરંભ થઈ ગયો. આવી રીતે જાતિ-ધર્મના લોપથી જ ગ્રીસ, રોમ તથા મિસર અને આસીરિયા આદિના અકાળ મૃત્યુની ઘટનાઓ ઘટી હતી; પરંતુ સનાતન ધર્માવલંબિની આર્ય-જાતિમાં તે નિર્ઝરણમાંથી વચ્ચે વચ્ચે જે સુધાધારા નીકળતી હતી તે જાતિની રક્ષા કરી લેતી હતી. શંકરાચાર્ય, રામાનુજ, ચૈતન્ય, નાનક, રામદાસ, અને તુકારામ આદિએ એ અમૃતનું સિંચન કરીને મરણની અણીપર આવી લાગેલા ભારતવર્ષના શરીરમાં પ્રાણનો સંચાર કર્યો હતો. અર્થાત્ ભારતવર્ષમાં તે સમયમાં રજોગુણ તથા તમોગુણનો પ્રવાહ એવો અને એટલો બળવાન્ હતો કે તેના પરિણામે જે ઉત્તમ હોય તે અધમના રૂપમાં પરિણત થઇ જતું હતું; સાધારણ લોકો શંકરાચાર્ય પાસેથી મળેલા જ્ઞાનદ્વારા તામસિક ભાવોનું સમર્થન કરવા લાગ્યા હતા; ચૈતન્ય મહાપ્રભુનો પ્રેમ-ધર્મ ઘોર તામસિક નિશ્ચેષ્ટતાના આશ્રયરૂપ થઈ પડયો હતો અને જેમને સમર્થ રામદાસ સ્વામીના ઉપદેશોને પ્રાપ્ત કરવાનો લાભ મળ્યો હતો તે મહારાષ્ટ્રીય જનોએ મહારાષ્ટ્રધર્મનું સર્વથા વિસ્મરણ કરીને પોતાની શકિતઓનો કેવળ સ્વાર્થસાધન તથા આત્મકલહમાં જ અપવ્યવહાર કરી શિવાવતાર શિવાજી તથા બાજીરાવના હસ્તથી પ્રતિષ્ઠિત થયેલા સામ્રાજ્યનો નાશ કરી નાખ્યો હતો. અર્થાત્ ઇસ્વી સન્‌ની અઢારમી સદીમાં ભારતવર્ષમાં આવા પ્રકારના પ્રવાહનો પૂર્ણ વેગ સર્વના જોવામાં આવ્યો હતો. તે સમયમાં સમાજ તથા ધર્મ કેટલાક આધુનિક વિધાનકર્ત્તાઓની આંકેલી સીમામાં આબદ્ધ થઈ ગયા હતા; બાહ્ય આચાર તથા ક્રિયાઓનો આડંબર ધર્મના નામથી ઓળ-ખાતો હતો; આર્યજ્ઞાનનો બહુધા લોપ થયો હતો; આર્યચારિત્ર્યનો બહુધા નાશ થઇ ગયો હતો અને સનાતન ધર્મ સમાજનો પરિત્યાગ

ફરીને સંન્યાસીઓના અરણ્યવાસમાં તથા ભક્તજનોનાં હૃદયમાં છુપાઈ રહ્યો હતો. સારાંશ કે, તે સમયમાં આપણો **ભા**રતદેશ ઘોર તમોગુણ-રૂપ અંધકારવડે આચ્છન્ન હતો અને પ્રચંડ રાજસ પ્રવૃત્તિ બાહ્ય ધર્મના આવરણ તળે સ્વાર્થ, પાપ, દેશના અકલ્યાણ તથા બીજાના અનિષ્ટને પૂર્ણ વેગથી સિદ્ધ કર્યા કરતી હતી. દેશમાં શક્તિનો અભાવ ન હોતો; પરંતુ **આર્ય**ધર્મ તથા સત્ત્વગુણનો લોપ થવાથી તે જ શક્તિ આત્મરક્ષાના કાર્યમાં અસમર્થ થતાં આત્મવિનાશિની થઈ પડી હતી. અંતે **અં**ગ્રેજોની આસુરી શક્તિ સમક્ષ પરાજિતા થઈને **ભા**રતની તે આસુરી શક્તિ શૃંખલાબદ્ધ તથા મુમૂર્ષુ–મૃત્યુ ઇચ્છિનારી–થઈ ગઈ. **ભા**રતદેશ સંપૂર્ણ તમોભાવના અંકમાં ગાઢ નિદ્રાને આધીન થઈ ગયો. અપ્રકાશ, અપ્રવૃત્તિ, અજ્ઞાન, અકર્મણ્યતા, આત્મવિશ્વાસનો અભાવ, આત્માભિમાનનું વિસર્જન, દાસત્વપ્રિયતા, પરધર્મસેવા, અન્યનું અનુકરણ, બીજાના આશ્રયથી આત્મોન્નતિની ચેષ્ટા, વિષાદ, આત્મનિન્દા, ક્ષુદ્રાશયતા અને આલસ્ય ઇત્યાદિ સર્વ તમોભાવના પ્રકાશક ગુણો છે એ તો સર્વ કોઇ જાણે જ છે અને એ તમોભાવપ્રકાશક ગુણોમાંના કયા એક પણ ગુણનો ઈ. સ. ની ઓગણીસમી સદીના **ભા**રતવર્ષમાં અભાવ હતો વારુ ? સારાંશ કે, ઇસ્વી **સ**નની ઓગણીસમી સદીની **ભા**રતવાસીઓની બહુધા સર્વ ચેષ્ટાઓ એ સર્વ ગુણોના પ્રાબલ્યવડે તમઃશક્તિના ચિહ્નથી સર્વત્ર ચિહ્નિત હતી એ બુદ્ધિશાળી પુરુષો તથા બુદ્ધિમતી વનિતાઓને નવીનતાથી જણાવવાની આવશ્યકતા હોય એવી અમારી માન્યતા નથી.

પરંતુ જ્યારે **ભ**ગવાને પોતે **ભા**રતવર્ષની ગાઢ નિદ્રાનો ભંગ કરીને **ભા**રતદેશને જાગ્રત કર્યો તે વેળાયે તે જાગરણના પ્રથમ આવેગમાં જ **જા**તીય ભાવના ઉદ્દીપનની જ્વાલામયી શક્તિ **આર્ય**જાતિની પ્રત્યેક શિરામાં પ્રખર વેગથી વહન કરવા લાગી. તે સાથે સ્વદેશ પ્રેમના ઉન્માદના ઉત્પાદક આવેગે યુવકસમુદાયને વિહ્વલ કરી નાખ્યો. આપણે **પાશ્ચાત્ય જા**તિ નથી, કિન્તુ આપણે **એ**શિયાવાસી છીએ, આપણે **ભા**રતવાસી

છીએ અને આપણે **આર્ય** છીએ એ ભાવનો **ભા**રતવાસીઓનાં હૃદયોમાં સંપૂર્ણ ઉદય થઈ ગયો. અર્થાત્ આપણે હવે **જા**તીય ભાવને તો પ્રાપ્ત કરી શક્યા છીએ; પરંતુ તેમાં જો સ્વદેશપ્રેમનો સંચાર ન થાય, તો આપણો એ **જા**તીય ભાવ કદાપિ પરિસ્ફુટ થઈ શકે તેમ નથી. એ સ્વદેશ-પ્રેમની જો કોઈ પણ ભિત્તિ હોય, તો તે કેવળ **મા**તૃપૂજા જ છે. જે દિવસે સ્વ. **બં**કિમચન્દ્રના " **वन्दे मातरम्** " શીર્ષક ગાને* આપણી બાહ્યેન્દ્રિયનો અતિક્રમ કરીને આપણા પ્રાણોમાં આઘાત કર્યો હતો તે દિવસે જ આપણા હૃદયમાં સ્વદેશપ્રેમ જાગ્રત થયો હતો અને **મા**તૃ-મૂર્ત્તિ પ્રતિષ્ઠિતા થઈ હતી. **સ્વ**દેશ **મા**તા, **સ્વ**દેશ **ભ**ગવાન્ એ વેદા-ન્તશિક્ષણાન્તર્ગત મહતી શિક્ષા **જા**તીય ઉત્થાનના બીજસ્વરૂપ છે. જેવી રીતે જીવ **ભ**ગવાનનો અંશ છે અને તેની શક્તિ **ભ**ગવાનની શક્તિનો અંશ છે; તેવી જ રીતે સપ્તકોટિ **વં**ગવાસી અને ત્રિંશકોટિ **ભા**રતવાસીઓની સમષ્ટિ સર્વવ્યાપક **વા**સુદેવનો અંશ છે અને એ ત્રિંશકોટિ **ભા**રતવાસીઓની આશ્રયદાત્રી, શક્તિસ્વરૂપિણી, બહુભુજાન્વિતા અને બહુબલધારિણી **ભા**રતજનની **ભ**ગવાનની એક શક્તિ, માતા, દેવી તથા જગજ્જનની કાલીનો દેહવિશેષ છે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી. એ માતૃપ્રેમ, માતૃમૂર્ત્તિને જાતિના મન તથા પ્રાણમાં જાગ્રત તથા પ્રતિષ્ઠિત કરવામાટે આ કેટલાંક વર્ષનાં ઉત્તેજના, ઉદ્યમ, કોલાહલ, અપમાન, લાંછના તથા નિર્યાતન આદિ **ભ**ગવાનના વિધાનથી જ યોજા-યલાં હતાં. અર્થાત્ હવે એ કાર્ય સંપન્ન થઈ ગયું છે એટલે સ્વાભાવિક જ એનો પ્રશ્ન આવીને ઊભો રહે છે કે હવે પછીને માટે આપણું કર્ત્તવ્ય શું છે અને કર્ત્તવ્યના કયા માર્ગમાં આપણે અગ્રેસર થવાનું છે?

*** આ જન્મભૂમિગૌરવગાન સ્વ. બંકિમચન્દ્રકૃત " આનન્દમઠ " નામક ઐતિહાસિક નવલકથામાં પ્રથમ લખાયું હતું અને એ નવલકથાનો મેં ઈ. સ. ૧૯૦૦ માં ગુર્જર અનુવાદ " આનન્દાશ્રમ " નામથી કર્યો હતો એટલે એના વિસ્તારમાટે પાઠક તથા પાઠિકાઓએ તે ગ્રંથ જોવો.**

અનુવાદક

એ પ્રશ્નનું ઉત્તર એ જ છે કે **આર્ય**જાતિની સનાતન શક્તિનો પુનરુદ્ધાર એ જ આપણું હવે પછીનું સર્વથી પ્રથમ અને પ્રધાન કર્ત્તવ્ય છે. પ્રથમ **આર્ય**ચરિત્ર અને **આર્ય**શિક્ષા, દ્વિતીય યોગશક્તિનો પુનર્વિકાસ, અને તૃતીય **આર્યો**ચિત જ્ઞાનતૃષ્ણા તથા કર્મશક્તિ દ્વારા નવીન યુગમાટેની આવશ્યક સામગ્રીનો સંચય કરીને તેમ જ કેટલાંક વર્ષની ઉન્માદિની ઉત્તેજનાને સુશૃંખલિત તથા સ્થિરલક્ષ્યાભિમુખી કરીને આપણે માતૃકાર્યનો ઉદ્ધાર કરવાનો છે. અત્યારે જે **ભાર**તીય યુવકો દેશમય પથાન્વેષણ તથા કર્માન્વેષણ કરી રહ્યા છે તેમને અમારો એ જ ઉપદેશ છે કે તેમણે ઉત્તેજનાનો અતિક્રમ કરીને કેટલાક દિવસ પર્યન્ત પોતામાં યોગ્ય તથા આવશ્યક શક્તિને લાવવાના માર્ગને શોધી લેવો; કારણ કે, જે મહત્ કાર્ય તેમના હસ્તથી સંપન્ન થવાની સંભાવના છે તે મહત્ કાર્ય કેવળ ઉત્તેજના દ્વારા સંપન્ન થઈ શકે તેમ નથી; અર્થાત્ એ કાર્યની સિદ્ધિમાટે શક્તિની આવશ્યકતા અનિવાર્ય છે. તમારા પૂર્વ પુરુષોની શિક્ષામાંથી જે શક્તિ પ્રાપ્ત થઇ શકે છે તે જ શક્તિ અઘટિતઘટનાપટીયસી છે અને તે જ શક્તિ તમારાં શરીરોમાં ઊતરી આવવામાટેનો ઉદ્યોગ કરી રહી છે. તે શક્તિ જ માતા હોવાથી તેનાં ચરણોમાં આત્મસમર્પણ કરવાના ઉપાયને શીખી લ્યો; કારણ કે તે માતા તમોને યંત્ર બનાવીને તમારા કાર્યની એટલી તો શીઘ્રતાથી સિદ્ધિ કરી આપશે કે તે કાર્યસિદ્ધિના નિરીક્ષણથી સમસ્ત વિશ્વ આશ્ચર્યથી સર્વથા સ્તંભિત જ થઈ જશે ! તે શક્તિના અભાવથી તમારા સર્વ પ્રયત્નો તથા ઉદ્યોગો સર્વથા નિષ્ફળ થઈ જશે. તમારા હૃદયમાં માતૃમૂર્ત્તિ પ્રતિષ્ઠિતા થયેલી છે અને તમો માતૃપૂજા તથા માતૃસેવાના શિક્ષણને મેળવી ચૂક્યા છો એટલે હવે અન્તર્નિહિત માતાનાં ચરણોમાં આત્મસમર્પણ કરી દ્યો; કારણ કે, કાર્યના ઉદ્ધારનો એ વિના અન્ય કોઈ પણ માર્ગ આ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતો જ નથી.

૪ સ્વાધીનતાનો અર્થ

સ્વાધીનતા આપણા રાજનૈતિક પ્રયત્નોનો ઉદ્દેશ છે, એ સત્ય છે; પરંતુ **સ્વા**ધીનતા શબ્દને કયા અર્થમાં સ્વીકારવો એ સંબંધમાં વિપુલ મતભેદ વર્ત્તમાન હોય એમ પ્રત્યક્ષ દેખાઈ આવે છે. કેટલાક લોકો **સ્વા**ધીનતાનો અર્થ **સ્વાયત્ત**;શાસન કરે છે, કેટલાક ઔપનિવેશિક **સ્વ**રાજ્યને **સ્વા**ધીનતાના નામથી ઓળખે છે અને કેટલાકો સંપૂર્ણ **સ્વ**રાજ્યને **સ્વા**ધીનતા માને છે. **આર્ય** ઋષિજનો સંપૂર્ણ વ્યાવહારિક તથા આધ્યાત્મિક સ્વાધીનતા તથા તેના ફલસ્વરૂપ અક્ષુણ્ણ-અવિકૃત કિંવા અખંડ-આનન્દને જ '**સ્વા**રાજ્ય' કહેતા હતા. રાજનૈતિક **સ્વા**ધીનતા **સ્વા**રાજ્યનું એક અંગ છે, તેના બે વિભાગ છે અને તે બે વિભાગ અનુક્રમે બાહ્ય સ્વાધીનતા તથા આભ્યન્તર સ્વાધીનતાના નામથી ઓળખાય છે. વિદેશીય શાસનના બંધનથી સર્વથા મુક્ત થઈ જવું તે બાહ્ય સ્વાધીનતા છે અને પ્રજાતંત્ર આભ્યંતર સ્વાધીનતાનો ચરમ વિકાસ છે. જ્યાં સૂધી દેશમાં બીજાનું શાસન કિંવા રાજત્વ અવિચલ રહે છે ત્યાં સૂધી કોઈ પણ જાતિને સ્વરાજ્યપ્રાપ્ત સ્વાધીન જાતિ તરીકે ઓળખી શકાતી નથી. જ્યાં સૂધી દેશમાં પ્રજાતંત્રની સ્થાપના નથી થતી ત્યાં સૂધી જાતિ અન્તર્ગત પ્રજાજનોને સ્વાધીન મનુષ્યો કહી શકાતા નથી. આપણે સંપૂર્ણ સ્વાધીનતાને ઇચ્છીએ છીએ અને તેથી વિદેશીય આદેશ તથા બંધનથી સર્વ પ્રકારે મુક્ત થવું અને પોતાના ગૃહમાં પ્રજાના સંપૂર્ણ આધિપત્યને સ્થાપી દેવું એ જ આપણું રાજનૈતિક લક્ષ્ય છે.

હવે અમો એ આકાંક્ષાના કારણને સંક્ષેપમાં દર્શાવીશું. જાતિમાટે પરાધીનતા મૃત્યુના દૂત તથા આજ્ઞાવાહક સમાન છે અને સ્વાધીનતા જીવનરક્ષિકા, ઉન્નતિદાયિની તેમ જ સ્વધર્મ એટલે કે જાતીય કર્મ તથા ચેષ્ટા-પ્રયત્ન-ના ક્ષેત્રમાં સ્થાયી રાખનારી હોવાથી જાતીય ઉન્નતિનો જો

કોઈ પણ માર્ગ હોય, તો તે એકમાત્ર સ્વાધીનતા નામક માર્ગ જ છે. વિદેશીઓ આપણા દેશમાં પોતાના અધિકારને સ્થાપીને કદાચિત્ અતિશય દયાળુ તથા આપણા હિતૈષી પણ થઈ જાય, તો પણ તેઓ આપણાં મસ્તકો-પર પરધર્મના ભારને ચઢાવ્યા વિના તો નથી જ રહેવાના; અર્થાત્ તેમનો ઉદ્દેશ ઉત્તમ હોય કે અધમ હોય, પરંતુ તેમના હસ્તથી આપણા અક-લ્યાણ વિના અન્ય કાંઇ પણ કલ્યાણ થવાનો સંભવ નથી તે નથી જ. બીજાના સ્વભાવનિયત માર્ગમાં અગ્રેસર થવાની–ચાલવાની–શક્તિ તથા પ્રેરણા આપણામાં નથી; કારણ કે, તે માર્ગમાં ચાલતાં આપણે અતિશય સુન્દર રીતિથી બીજાનું અનુકરણ કરી શકીશું તેમ જ બીજાની ઉન્નતિના લક્ષણ તથા વેશભૂષા આદિ વડે અતિશય દક્ષતાથી પોતાની અવનતિને આચ્છાદિત કરી શકીશું; પરંતુ પરીક્ષાના સમયમાં તો આપણી પરધર્મસેવાસંભૂત દુર્બલતા તથા અસારતાનો જ વિકાસ થવાનો, અર્થાત્ આપણે પણ એ જ અસારતાના ફળથી વિનાશને પ્રાપ્ત થઇશું. રોમની આધિપત્યભુક્ત તથા સભ્યતાસંપન્ન પ્રાચીન જાતિઓએ દીર્ઘ કાળ સુખ તથા સ્વચ્છન્દતામાં વીતાડયો હતો; પરંતુ અન્તે તેમની અવસ્થા અતિશય ભયાનક થઈ પડી હતી. અર્થાત્ મનુષ્યત્વના વિનાશથી તેમની જે ઘોર દુર્દશા થઈ હતી તે જ મનુ-ષ્યત્વવિનાશ તથા ઘોર દુર્દશા પ્રત્યેક પરાધીનતાપરાયણ જાતિના ભાગ્યમાં વજ્રલેપ સમાન લખાયલી હોય છે, એ નિર્વિવાદ છે. જાતિના સ્વધર્મનો નાશ અને પરધર્મસેવા એ પરાધીનતાની પ્રધાન ભિત્તિ હોવાથી જો પરાધીન અવસ્થામાં આપણે સ્વધર્મને રક્ષિત તથા પુન-ર્જીવિત કરી શકીશું, તો તેના યોગે પરાધીનતાનું બંધન પોતાની મેળે જ સરી જશે એ અલંઘનીય પ્રાકૃતિક નિયમ છે અને એટલામાટે જો કોઈ પણ જાતિ પોતાના દોષથી પરાધીનતાની ગર્તામાં પડી ગઈ હોય, તો અવિકલ અને પૂર્ણાંગ સ્વરાજ્ય તે જાતિનો પ્રથમ ઉદ્દેશ તથા રાજ-નૈતિક આદર્શ થવો જોઇએ, એ જ સર્વથા ઉચિત છે. ઔપનિવેશિક સ્વાયત્ત શાસન તે સ્વરાજ્ય નથી; તો પણ જો કોઇ પણ પ્રકારની શર્ત

વિના ઔપનિવેશિક સ્વાયત્ત શાસનના સંપૂર્ણ અધિકારો આપવામાં આવે અને જાતિ જો આદર્શભ્રષ્ટ તથા સ્વધર્મભ્રષ્ટ ન થતી હોય, તો એ સ્વરાજ્યને અનુકૂલ થનારી અને પૂર્વવર્ત્તિની અવસ્થા થઈ શકે તેમ છે. અત્યારે કેટલાક લોકો એમ બોલતા સંભળાય છે કે બ્રિટિશ સામ્રાજ્યથી બાહ્ય તથા સર્વથા સ્વતંત્ર સ્વાધીનતાને મેળવવાની આશાને હૃદયમાં પોષવી એ કાર્ય ધૃષ્ટતાપરિચાયક તથા રાજદ્રોહસૂચક છે; અર્થાત્ જેઓ ઔપનિવેશિક સ્વાયત્ત શાસનથી સંતુષ્ટ નથી તેઓ અવશ્ય રાજદ્રોહી, રાજવિપ્લવકારી તથા ઉપદ્રવના ઉત્પાદક હોવાથી સર્વ પ્રકારનાં રાજનૈતિક કાર્યોમાંથી તેમને કાઢી નાખવાની જ આવશ્યકતા છે. પરંતુ સત્ય વાર્ત્તા તો એ છે કે એવા પ્રકારની આશા અથવા એવા પ્રકારના આદર્શ સાથે રાજદ્રોહનો કોઈ પણ પ્રકારનો સંબંધ છે જ નહિ; કારણ કે, અંગ્રેજરાજત્વના આરંભકાળથી જ મોટા મોટા અંગ્રેજ રાજનીતિજ્ઞો એમ જ કહેતા આવ્યા છે કે આવા પ્રકારની સ્વાધીનતા એ જ અંગ્રેજ રાજપુરુષોનું પણ લક્ષ્ય છે અને અત્યારના અંગ્રેજ વિચારકો મુક્ત કંઠથી એમ જ કહે છે કે સ્વાધીનતાના આ આદર્શનો પ્રચાર કરવો અને એ સ્વાધીનતાને મેળવવામાટેના વૈધ–કાયદાસર અથવા ન્યાય અનુસાર–પ્રયત્ન કરવા એમાં કોઇ પણ પ્રકારનો દોષ અથવા અપરાધ છે જ નહિ અને એ કાર્ય કાયદાસર છે. આપણી સ્વાધીનતા બ્રિટિશ સામ્રાજ્યની અન્તર્ગત રહેશે કે બહિર્ગત થશે એ પ્રશ્નની મીમાંસાને જાતીય પક્ષે કદાપિ આવશ્યક માની નથી. આપણે માત્ર પૂર્ણાંગ સ્વરાજ્ય ઇચ્છીએ છીએ અને તેટલામાટે જો બ્રિટિશ જાતિ એવા યોગ્ય સામ્રાજ્યની વ્યવસ્થા કરી દે કે તે સામ્રાજ્ય અન્તર્ગત રહેવા છતાં તેવા જ પ્રકારના સ્વરાજ્યનો ભારતવાસીઓ ઉપભોગ કરી શકે, તો પછી બ્રિટિશ સામ્રાજ્યના છત્રની છાયામાં રહેવામાં શી આપત્તિ છે વારૂ ? આપણે અંગ્રેજ જાતિના વિદ્વેષથી સ્વરાજ્યને મેળવવાની ચેષ્ટા કરતા નથી; કિન્તુ કેવળ દેશના રક્ષણમાટે જ સ્વરાજ્યને મેળવવાના પ્રયત્નો કરી રહ્યા છીએ; તથાપિ પૂર્ણાંગ સ્વરાજ્યથી ભિન્ન અન્ય આદર્શને સ્વીકારીને અમારા દેશવાસીઓને મિથ્યા

રાજનીતિ તથા દેશરક્ષાના ભૂલભરેલા તથા વિપરીત માર્ગને દર્શાવવામાટે અમો તૈયાર નથી અને એ જ કારણથી કૉંગ્રેસની ફીટૂમાં જાતીય પક્ષની આપત્તિ થઇ હતી.

૫ દેશ અને જાતીયતા

જાતીયતાની પ્રતિષ્ઠા જાતિ નથી, ધર્મ નથી તેમ જ અન્ય કોઈ પણ વસ્તુ નથી; અર્થાત્ જો જાતીયતાની કોઈ પણ પ્રતિષ્ઠા હોય, તો તે કેવળ દેશ અને દેશ જ છે. જાતીયતાનાં અન્ય સર્વ ઉપકરણો ગૌણ તથા ઉપકારક છે અને જાતીયતાનું દેશ નામક ઉપકરણ જ સર્વથી મુખ્ય તથા આવશ્યક છે. અનેક પરસ્પરવિરોધિની જાતિઓ એક દેશમાં વસે છે અને તેમનામાં કદાપિ પરસ્પર સદ્ભાવ, ઐક્ય તથા મૈત્રીનો ઉદ્ભવ થયો નથી; તથાપિ તેથી હૃદયમાં ભીતિને સ્થાન આપવાનું શું કારણ છે વારૂ ? કારણ કે, જ્યાં એક દેશ અને એક માતા અસ્તિત્વ ધરાવે છે, ત્યાં અવશ્ય એક દિવસ એકતાનો આવિર્ભાવ થવાનો જ અને અનેક જાતિઓના સંમેલનથી એક બલાઢ્ય તથા અજેય જાતિ પણ અવશ્ય નિર્માણ થવાની જ, એ નિઃસંશય છે. સર્વની ધર્મવિષયક માન્યતાઓ એક ન હોય; ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં પરસ્પર ચિર વિરોધ ચાલ્યો આવતો હોય અને પરસ્પર સંમેલનની લેશમાત્ર પણ આશા ન દેખાતી હોય; તો પણ હૃદયમાં કોઈ પણ પ્રકારની ભીતિ કિંવા નિરાશાને સ્થાન આપવાનું કાંઇ પણ પ્રયોજન નથી; કારણ કે; સ્વદેશમૂર્ત્તિધારિણી માતાના પ્રબલ આકર્ષણ, છળ, સામ, દણ્ડ તથા દાન આદિના પરિણામે તેમનું સંમેલન એક દિવસ અવશ્ય થવાનું અને થવાનું જ, એ સર્વથા નિર્વિવાદ છે; અને એમ થતાં સર્વ સાંપ્રદાયિક વિભિન્નતાઓ માતૃપ્રેમના મહાસાગરમાં સદાને માટે નિમજ્જિતા થઈ જવાની એ પણ નિશ્ચિત છે. એક જ દેશમાં નાનાવિધ ભાષાઓ પ્રચલિત હોય, એક દેશબંધુ અન્ય દેશબંધુના આશયને જાણવાને અસમર્થ હોય, દેશવાસીઓ એકબીજાના ભાવોને જાણી શકતા

ન હોય અને પરસ્પર હૃદયાબદ્ધ થવાના માર્ગમાં અભેદ્ય પ્રાચીરની સ્થાપના થયેલી હોય; તો પણ તેથી ભયભીત થવાની આવશ્યક્તા નથી; કારણ કે, એક દેશ, એક જીવન અને એક ચિન્તાનો પ્રવાહ સર્વના મનમાં વહન કરતો હોવાથી પ્રયોજનની પ્રેરણાથી એક દિવસ એવો પણ આવશે કે જ્યારે સર્વદેશવ્યાપક એક સર્વસાધારણ ભાષાનો ઉદ્‌ભવ થવાનો જ; એટલે કે, કાં તો કોઈ એક વર્ત્તમાન ભાષાના આધિપત્યનો સર્વત્ર સ્વીકાર થઈ જશે અથવા તો કોઈ એવી નૂતન ભાષા ઉત્પન્ન થશે કે જે ભાષાનો માતાના મન્દિરમાં સર્વ જનો વ્યવહાર કરશે. આ સર્વ બાધાઓ ચિરકાલ અવિચલ રહી શકે તેમ નથી અને માતાનું પ્રયોજન, માતાનું આકર્ષણ તથા માતાની વાસના કદાપિ વિફળ થાય તેમ નથી; અર્થાત્ માતાની વાસના એ સર્વ વિરોધોનો અતિક્રમ કરીને અવસ્ય એક દિવસ વિજયિની થવાની અને થવાની જ. જેમનો એક માતાના ગર્ભથી જન્મ થયેલો છે અને જેમનો એક માતાના અંકમાં જ નિવાસ છે, તેઓ એક માતાના પંચભૂતમાં મળી જશે અને માતાના આવ્હાનથી તેમના આભ્યંતર સહસ્રાવધિ વિવાદો તથા વિરોધોનો સદાને માટે અંત આવી જશે ! નૈસર્ગિક નિયમ એ જ છે અને સર્વ દેશોના ઈતિહાસનું શિક્ષણ પણ એ જ છે કે દેશ જાતીયતાની પ્રતિષ્ઠા છે, એ સંબંધ અવ્યર્થ તથા શાશ્વત છે અને જો સ્વદેશનું અસ્તિત્વ હોય, તો જાતીયતા અવસ્યંભાવિની છે. એક જ દેશમાં બે જાતિઓ ચિરકાલ રહી શકે તેમ ન હોવાથી પરસ્પર મળી જવા વિના તેમનો અન્ય કોઈ તરણોપાય છે જ નહિ. હવે અન્ય પક્ષનો વિચાર કરતાં એમ જ જણાય છે કે જો દેશ એક જ ન હોય, તો જાતિ, ધર્મ અને ભાષા આદિ એક હોવા છતાં તેમનું કાંઈ પણ ફળ થતું નથી અને તેથી કોઈ દિવસ પણ સ્વતંત્ર જાતિનો અવસ્ય ઉદ્‌ભવ થાય છે. ભિન્ન ભિન્ન સ્વતંત્ર દેશોને સંયુક્ત કરવાથી એક બૃહત્ સામ્રાજ્યની રચના કરી શકાય છે; પરંતુ એક બૃહત્ જાતિને નિર્માણ કરી શકાતી નથી. સામ્રાજ્ય ધ્વંસપ્રાપ્ત થતાં એક સ્વતંત્ર જાતિ ઉત્પન્ન થાય છે અને અનેક વાર એ અન્તર્નિહિત સ્વાભાવિક સ્વત્રંતા જ

સામ્રાજ્યના નાશનું કારણ થઈ પડે છે.

કિન્તુ એ ફળ અવશ્યંભાવિ હોવા છતાં પણ મનુષ્યના પ્રયત્નથી કિંવા મનુષ્યની બુદ્ધિથી કે બુદ્ધિના અભાવથી એ અવશ્યંભાવિની પ્રાકૃતિક ક્રિયા કાં તો સત્વર અને કાં તો અમુક કાલાવધિના વિલંબ પછી ફલવતી થાય છે. આપણા દેશમાં આવી એકતા કદાપિ થઇ ન હોતી; તથાપિ લોકોનું એકતાની દિશામાં લક્ષ્ય હતું, તેમના હૃદયનો પ્રવાહ એકતાની દિશામાં વહી રહ્યો હતો તેમ જ આપણા ઈતિહાસના અવલોકનથી એ પણ સ્પષ્ટ જણાઈ આવે છે કે **ભાર**તનાં ભિન્ન ભિન્ન અંગોને એક કરવામાટેનાં અનેક વાર આકર્ષણયુક્ત પ્રયત્નો કરાયલા છે. એ પ્રાકૃતિક પ્રયત્નોની સફળતાના માર્ગમાં જે કેટલાક પ્રધાન અન્તરાયો હતા તેમાંનો પ્રથમ અન્તરાય પ્રાદેશિક વિભિન્નતાનો હતો, દ્વિતીય અન્તરાય **હિન્**દુ તથા **મુ**સલ્માનોના પરસ્પર વિરોધનો હતો અને તૃતીય અન્તરાય માતૃદર્શનના અભાવનો હતો. દેશનો બૃહદ્ આકાર, એક પ્રદેશમાંથી અન્ય પ્રદેશમાં જવા તથા આવવામાં થતો આયાસ તથા વિલંબ, અને ભાષાની ભિન્નતા એ સર્વ પ્રાદેશિક અનૈક્યનાં સહાયક મુખ્ય કારણો હતાં. પરંતુ આધુનિક વૈજ્ઞાનિક સુવિધાદ્વારા એ અને એવા જ કેટલાક અન્ય અન્તરાયો કિંવા બાધાઓનો સર્વથા લોપ થઈ ગયો છે. **હિન્**દુ તથા **મુ**સલ્માનોનો અખંડ વિરોધ પ્રચલિત હોવા છતાં પણ **બાદશાહ અ**કબર **ભાર**તવર્ષને **એક** કરી શક્યો હતો અને જો **ઔ**રંગજેબ નિકૃષ્ટ રાજનૈતિક બુદ્ધિને વશ ન થયો હોત, તો કાળના માહાત્મ્ય, અભ્યાસવશતા તથા વિદેશીય આક્રમણોના ભયથી, **જે**વી રીતે ઇંગ્લૅંડમાં **રોમન્ કૅ**થોલિક્સ્ તથા **પ્રૉ**ટેસ્ટંટ્સ્ એકતાના સૂત્રથી બંધાયા હતા તેવી **જ** રીતે, **હિન્**દુ તથા **મુ**સલ્માનો સદાને માટે એકતાના સૂત્રથી બંધાઈને એક થઈ જાત, એ સર્વથા સ્વાભાવિક હતું. તેમની બુદ્ધિના દોષથી તેમ જ કેટલાક કૂટબુદ્ધિ **યૂ**રોપીયન્ રાજનીતિજ્ઞોના ઉત્તેજનથી એ વિરોધ પ્રજ્વલિત થઇને શાંત થવા નથી ઇચ્છતો એમ દેખાય છે; પરંતુ એનું મુખ્ય કારણ માતૃદર્શનનો અભાવ છે. આપણા **ભાર**તીય રાજનીતિવેત્તાઓ

માતાના સંપૂર્ણ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાને સમર્થ થયા ન હોતા એટલે કે તેઓ સમસ્ત **ભારત**ભૂમિને પોતાની માતા ન માનતાં અમુક સીમા-બદ્ધ ભૂમિને જ પોતાની માતા કિંવા જન્મભૂમિ માનતા હતા અને તેથી જ આ વિરોધ અવિચલ રહી શક્યો છે. રણજિતસિંહ તથા ગુરુ ગોવિન્દસિંહે **ભારત** માતાનો સાક્ષાત્કાર ન કરતાં કેવળ **પં**ચનદ–**પં**જાબ–માતાનો જ સાક્ષાત્કાર કર્યો હતો; **શિ**વાજી તથા **બા**જીરાવે પણ **ભા**રત માતાને ન જોતાં કેવળ **હિ**ન્દુની માતાને જ જોઈ હતી તેમ જ અન્યાન્ય **મ**હારાષ્ટ્રીય રાજનીતિજ્ઞોએ પણ **ભા**રત માતાના દર્શનથી નેત્રોને પવિત્ર ન કરતાં કેવળ **મ**હારાષ્ટ્ર માતાના દર્શનથી જ નેત્રોને પવિત્ર કરવાની ચેષ્ટા કરી હતી; માત્ર એટલું જ નહિ, પણ **બં**ગભંગના સમયમાં આપણે પોતે (**બં**ગાલીઓએ) પણ કેવળ **બં**ગ માતાના દર્શનથી જ સંતોષ માન્યો હતો અને એ દર્શન અખંડ દર્શન હોવાથી જો કે **બં**ગદેશની ભાવિ એકતા તથા ઉન્નતિ અવશ્યંભાવી થયેલી છે તથાપિ **બં**ગ દેશમાં અદ્યાપિ **ભા**રત માતાની અખંડ મૂર્ત્તિનો પ્રકાશ નથી થયો, એ તો કહેવું જ પડે છે. આપણે કૉંગ્રેસમાં નાનાવિધ સ્તવસ્તોત્રોવડે જે **ભારત** માતાની પૂજા કરીએ છીએ, તે કલ્પિત **યૂ**રોપીયનોની સહચરી તથા પ્રિય દાસી **યૂ**રોપીયવેષભૂષાસજ્જિતા દાનવી માયા છે, તે આપણી માતા નથી; કિન્તુ તેની પાછળ આપણી સત્ય માતા નિબિડ તથા અસ્પષ્ટ પ્રકાશમાં છુપાયલી આપણાં મન તથા પ્રાણને આકર્ષતી ઊભી છે. અર્થાત્ જે દિવસે આપણે અખંડસ્વરૂપિણી માતૃ-મૂર્ત્તિનો સાક્ષાત્કાર કરીશું અને તેના રૂપલાવણ્યથી મુગ્ધ થઈ તેના કાર્ય-માટે જીવને સમર્પી દેવામાં ઉન્મત્ત થઈશું, તે અને તે દિવસે જ એ અન્તરાયનો અન્ત થતાં **ભા**રતવર્ષની એકતા, સ્વાધીનતા તથા ઉન્નતિ સહજ સાધ્ય થઈ પડશે, એમાં કોઇ પણ પ્રકારનો સંશય છે જ નહિ. એવા પ્રસંગે ભાષાના ભેદથી આપણા કાર્યમાં બાધા થવાની નથી; કારણ કે, સર્વ **ભા**રતવાસીઓ પોતપોતાની માતૃભાષાને સુરક્ષિત રાખીને સર્વ-સાધારણ ભાષા તરીકે **હિ**ન્દી ભાષાનો સ્વીકાર કરી એ અન્તરાયનો નાશ

કરી નાખશે. હિન્દુ અને મુસલ્માનના ભેદની સત્ય મીમાંસાને આપણે પ્રકાશિત કરીશું. માતૃદર્શનના અભાવથી આપણા મનમાં એ અન્તરાયના નાશની બલવતી ઇચ્છા નથી અને તેથી તેના નાશનો ઉપાય પણ થતો નથી એટલે દિવસાનુદિવસ એ વિરોધ વધારે અને વધારે તીવ્ર થતો જાય છે. સારાંશ કે, આપણને જે વસ્તુની અત્યારે આવશ્યકતા છે તે ભારત માતાના અખંડ સ્વરૂપનો સાક્ષાત્કાર છે. જો કેવળ હિન્દુ-જાતીયતાની પ્રતિષ્ઠા તરીકે જ આપણે માતૃદર્શનની આકાંક્ષાને આપણા હૃદયમાં પોષીશું, તો પુનઃ પુરાતન ભ્રમના કૂપમાં પડીને આપણે જાતીયતાના પૂર્ણ વિકાસથી નિરંતર વંચિત રહીશું, એ વજ્રલેપ સમાન નિશ્ચિત વાર્તા છે.

૬ આપણી આશા

આપણામાં બાહુબળ નથી, આપણી પાસે યુદ્ધનાં સાધનો નથી, આપણે યુદ્ધના શિક્ષણથી વંચિત છીએ અને આપણામાં રાજશક્તિનો પણ અભાવ છે એટલે આપણે આત્મોન્નતિની આશા કેવી રીતે રાખી શકીએ અને તે બળને ક્યાંથી લાવી શકીએ કે જેના યોગે આપણાથી પ્રબળ અને સુશિક્ષિત યૂરાપીયન્ જાતિના અસાધ્ય કાર્યને સાધવાનો પ્રયાસ કરી શકાય? પંડિત તથા વિજ્ઞ પુરુષો કહે છે કે આ સર્વ બાલકોની ઉદ્દામ દુરાશા છે અને ઉચ્ચ આદર્શના મદથી ઉન્મત્ત થયેલા અવિવેકી જનોનું શૂન્ય સ્વપ્ન છે; કારણ કે, કેવળ યુદ્ધ જ સ્વાધીનતાને પ્રાપ્ત કરવાનો એકમાત્ર માર્ગ છે અને યુદ્ધ કરવાને આપણે સર્વથા અસમર્થ છીએ એટલે સ્વાધીનતાને મેળવવાની આપણી આશા કદાપિ સફળ થાય તેમ નથી. અમો પણ તેમના એ કથનને સ્વીકારીએ છીએ કે આપણે યુદ્ધ કરવાને સર્વથા અસમર્થ છીએ અને તેથી અમો પણ કોઇને યુદ્ધ કરવાનો પરામર્શ કિંવા ઉપદેશ આપતા નથી; તથાપિ અમો તેમને એ પ્રશ્ન પૂછવા માગીએ છીએ કે કેવળ બાહુબળ જ શક્તિનો

આધાર છે કે શક્તિ કોઈ એક અન્ય ગૂઢ તથા ગંભીર મૂળમાંથી ઉત્પન્ન થાય છે? એ સત્યને સ્વીકાર્યા વિના તો ચાલે તેમ નથી જ કે એકમાત્ર બાહુબળથી જ કોઈ પણ વિરાટ્ કાર્ય સિદ્ધ થઈ જાય એ સર્વથા અસંભવનીય છે; કારણ કે, જ્યારે કોઈ પણ બે પરસ્પરવિરોધિની અને સમાન. બલશાલિની શક્તિઓનો સંઘર્ષ થાય છે, ત્યારે જેનામાં નૈતિક તથા માનસિક બળની અધિકતા હોય છે, જેનામાં ઐક્ય, સાહસ, અધ્યવસાય, દૃઢપ્રતિજ્ઞતા તથા સ્વાર્થત્યાગ આદિ ગુણો ઉત્કૃષ્ટ તથા વિશેષ પરિમાણમાં વિકસિત થયેલા હોય છે અને જેનામાં વિદ્યા, બુદ્ધિ, ચતુરતા, તીક્ષ્ણ દૃષ્ટિ, દૂરદર્શિતા તથા ઉપાયોત્પાદિકા શક્તિનો અધિક વિકાસ થયેલો હોય છે, તે શક્તિનો જ નિશ્ચિત વિજય થાય છે. આ નિયમ અનુસાર જે બાહુબળ, સંખ્યા તથા સાધન આદિથી પોતાના પ્રતિપક્ષી કરતાં હીન તથા ન્યૂન હોય છે, તે પણ નૈતિક તથા માનસિક બળના ઉત્કર્ષથી પોતાના પ્રબળ પ્રતિદ્વન્દ્વીને પરાજિત કરી શકે છે. આના દૃષ્ટાન્તો ઇતિહાસના પ્રત્યેક પૃષ્ઠમાં લખાયલા છે. આ કારણથી જ અમો કહી શકીએ છીએ કે બાહુબળ કરતાં નૈતિક તથા માનસિક બળની મહત્તા કિંવા ગુરુતા અધિક છે; છતાં પણ અહીં એક એવો પ્રશ્ન ઉદ્‌ભવવાની સંભાવના છે કે, જો બાહુબળનો સર્વથા અભાવ જ હોય તો નૈતિક બળ તથા માનસિક બળની રક્ષા કોણ કરી શકે તેમ છે વારૂ? આ પ્રશ્ન જો કે તથ્યાંશપૂર્ણ છે, તથાપિ એમ પણ જોવામાં આવ્યું છે કે બે વિચારપ્રણાલીઓ, બે સંપ્રદાયો કિંવા બે પરસ્પરવિરોધિની સભ્યતાઓના સંઘર્ષમાં જે પક્ષમાં બાહુબળ, રાજશક્તિ તથા યુદ્ધસાધન આદિ ઉપાયો સંપૂર્ણ પરિમાણમાં હતા તે પક્ષનો પરાજય થયો હતો અને જે પક્ષમાં એ સર્વ ઉપાયોનો સર્વથા અભાવ હતો તે પક્ષનો વિજય થયો હતો. હવે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ફળની એ વિપરીતતાનું કારણ શું હોવું જોઈએ વારૂ? એનું ઉત્તર એ જ છે કે: '**यतो धर्मस्ततो जयः**' એટલે કે જ્યાં 'ધર્મનો નિવાસ હોય છે ત્યાં જ વિજયનું આગમન થાય છે!' કિન્તુ ધર્મની

પાછળ શક્તિ પણ હોવી જ જોઈએ; કારણ કે, જો શક્તિનો અભાવ હોય, તો તેથી અધર્મનું અભ્યુત્થાન થાય છે અને ધર્મની ગ્લાનિ સ્થાયિની થઈ જાય છે. કારણ વિના કાર્ય થતું જ નથી અને વિજયનું કારણ શક્તિ છે; તથાપિ કયા કારણથી દુર્બળ પક્ષનો વિજય થાય છે અને પ્રબળ પક્ષ પરાજિત કિંવા વિનષ્ટ થઈ જાય છે? જો આપણે કેટલીક ઐતિહાસિક વિશિષ્ટ ઘટનાઓનું પરીક્ષકની દૃષ્ટિથી અવલોકન કરીએ, તો તેના યોગે તત્કાળ આપણા જાણવામાં આવી શકે છે કે કેવળ આધ્યાત્મિક શક્તિના બળથી જ એ અઘટિત ઘટનાઓ ઘટેલી છે અને આધ્યાત્મિક શક્તિએ જ બાહુબળને તુચ્છ સિદ્ધ કરીને માનવજાતિને સ્પષ્ટ રૂપમાં બતાવી આપ્યું છે કે આ જગત્ ભગવાનનું રાજ્ય છે; અંધ સ્થૂલ પ્રકૃતિનું લીલાક્ષેત્ર નથી. શુદ્ધ આત્મા શક્તિનું ઉદ્‌ગમસ્થાન છે અને તેથી જે આદ્ય પ્રકૃતિ ગગનમંડળમાં અયુત સૂર્યોને ચક્રાકાર ભ્રમાવતી રહે છે અને કેવળ પોતાના અંગુલિસ્પર્શથી પૃથ્વીને ડોલાવીને માનવજાતિના હસ્તથી નિર્માયલાં પૂર્વગૌરવદર્શક સર્વ ચિહ્નોનો નિમેશમાત્રમાં ધ્વંસ કરી નાખે છે; તે આદ્ય પ્રકૃતિ પણ શુદ્ધ આત્માને આધીન છે. તે પ્રકૃતિ અસંભવને સભવ કરે છે, મૂકને વાચાલ કરે છે અને પંગુને ગિરિરાજને ઉલ્લંઘી જવાની શક્તિ સમર્પે છે. સમસ્ત જગત્ તે જ શક્તિની સૃષ્ટિ છે. જેના આધ્યાત્મિક બળનો વિકાસ થયેલો હોય છે તેના માટે વિજયનાં સાધનો કિંવા ઉપકરણો પોતાની મેળે જ ઉત્પન્ન થઇ જાય છે; તેની બાધા તથા વિપત્તિઓનો પોતાની મેળે જ લોપ થતાં અનુકૂલ અવસ્થાનો આવિર્ભાવ થાય છે અને કાર્ય કરવાની ક્ષમતા પોતાની મેળે જ સ્ફુટ થાય છે; માત્ર એટલું જ નહિ, પણ તે કાર્યક્ષમતા મહાતેજસ્વિની તથા શીઘ્રગામિની હોય છે. યૂરોપખંડ આજકાલ એ જ Soulforce કિંવા આધ્યાત્મિક શક્તિનો આવિષ્કાર કરી રહ્યો છે; છતાં અદ્યાપિ તેનો એ આધ્યાત્મિક શક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ ન હોવાથી એના આધારે: કાર્ય કરવામાં તેની પ્રવૃત્તિ નથી થતી. કિન્તુ ભારતવર્ષનાં શિક્ષણ, સભ્યત્વ, ગૌરવ, બળ તથા મહત્ત્વ આદિના મૂળમાં

એ આધ્યાત્મિક શક્તિ જ રહેલી છે. આ કારણથી જે જે વેળાયે સર્વ જનોને ભારતજાતિના વિનાશકાળના પ્રસંગો આવી લાગેલા દેખાયા છે, તે તે વેળાયે ભારતવર્ષના આધ્યાત્મિક બળે ગુપ્ત ભંડારમાંથી ઉગ્ર પ્રવાહના રૂપમાં પ્રવાહિત થઇને મરણોન્મુખ ભારતને પુનર્જીવન કિંવા નવીન જીવન આપેલું છે અને સર્વ ઉપયુકત શક્તિઓને પણ ઉત્પન્ન કરી દીધી છે; એ ઘટનાઓ ઇતિહાસવેત્તાઓથી અજ્ઞાત નથી. આજે પણ તે આધ્યાત્મિક શક્તિનાં નિર્ઝરણ સુકાઈ ગયેલાં નથી; અર્થાત્ આજે પણ તે અદ્દભુત મૃત્યુંજયિની શક્તિની સર્વ ક્રીડા યથાપૂર્વ સ્વરૂપમાં જ ચાલી રહેલી છે.

કિન્તુ સ્થૂલ જગત્‌ની સર્વ શક્તિઓના વિકાસમાટે સમયની અપેક્ષા કિંવા આવશ્યકતા હોય છે; અર્થાત્ અવસ્થાને ઉપયુક્ત થઈ શકે તેવા ક્રમથી સમુદ્રમાં થતી ઓટ તથા ભરતી પ્રમાણે કોઈ વાર ઘટતી તથા કોઈ વાર વધતી અંતમાં તે કાર્યકારિણી થઈ શકે છે. આપણામાં પણ એવો જ પ્રકાર ચાલ્યા કરે છે. અત્યારે ઓટનો–સંપૂર્ણ ઓટનો–સમય વર્ત્તમાન હોવાથી આપણે ભરતીના આગમનકાળની પ્રતીક્ષા કરી રહ્યા છીએ. મહાપુરુષોની તપસ્યા, સ્વાર્થત્યાગીઓની સંકટસહિષ્ણુતા, સાહસી પુરુષોનું આત્મવિસર્જન, યોગિજનોની યોગશક્તિ, જ્ઞાનિજનોનો જ્ઞાનસંચય અને સાધુ પુરુષોની શુદ્ધતા એ સર્વ આધ્યાત્મિક બળના સંચયભંડાર છે. એક વાર એ જ નાનાવિધ પુણ્યોએ ભારતને સંજીવની સુધાનું પાન કરાવીને મૃત જાતિને જીવિત, બલાન્વિત તથા તેજસ્વિની કરી દીધી હતી અને અત્યારે તે જ તપોબળ આપણામાં નિરુદ્ધ થતાં અદમ્ય તથા અજેય થઈને બહિર્ભૂ થવાને તત્પર થયેલું હોય એમ જણાય છે. કેટલાંક વર્ષોનાં નિપીડન, દુર્બલતા તથા પરાજયના પરિણામે ભારતવાસીઓ પોતામાં રહેલા શક્તિભંડારને શોધવાના કાર્યમાં પ્રવૃત્ત થયેલા દેખાય છે; પરંતુ એ અહીં સ્મરણમાં રાખવાનું છે કે વ્યાખ્યાન. શ્રવણજન્ય ઉત્તેજના, વિદેશીયોની આપેલી વિદ્યા, સભા તથા સમિતિઓની ભાવસંચારિણી શક્તિ, સંવાદપત્રોની ક્ષણસ્થાયિની પ્રેરણા કિંવા

એવી અન્યાન્ય શક્તિઓથી કાંઈ પણ ફળ નિષ્પન્ન થવાનું નથી; કારણ કે, આપણા આત્માની નીરવતામાં ભગવાન્ તથા જીવના સંયોગથી જ્યારે ગંભીર, અવિચલિત, અભ્રાન્ત, શુદ્ધ, સુખદુઃખજયિની અને પાપ-પુણ્યવર્જિતા શક્તિનો સંભવ થશે; ત્યારે તે જ મહાસૃષ્ટિકારિણી, મહાપ્રલયંકરી, મહાસ્થિતિશાલિની, જ્ઞાનદાયિની મહાસરસ્વતી, ઐશ્વર્યદાયિની મહાલક્ષ્મી અને શક્તિદાયિની મહાકાલી સહસ્ર તેજોના સંયોજનવડે એકીભૂતા ચણ્ડીનું સ્વરૂપ ધારીને ભારતકલ્યાણ તથા વિશ્વકલ્યાણના કાર્યમાં પ્રવૃત્ત થઈ જશે. સ્વાધીનતાની પ્રાપ્તિ તો ભારતનો એક ગૌણ ઉદ્દેશ છે અને તેથી ભારતનો જો કોઈ પણ પ્રધાન ઉદ્દેશ હોય તો તે એ જ છે કે જગત્‌ને ભારતની સભ્યતાની શક્તિનો સાક્ષાત્કાર કરાવવો અને સમસ્ત વિશ્વમાં પોતાની તે સભ્યતાના વિસ્તાર તથા અધિકારને સ્થાપી દેવો. જો આપણે પાશ્ચાત્ય સભ્યતાના બળથી, સભા તથા સમિતિ આદિના બળથી, વ્યાખ્યાનોના બળથી તેમ જ બાહુબળથી સ્વાધીનતા કિંવા સ્વાયત્ત શાસનને પ્રાપ્ત કરી શકત, તો તેથી આપણા એ મુખ્ય ઉદ્દેશની સિદ્ધિ થવાનો સંભવ ન હોતો અને તેથી જો આપણે આપણી ભારતીય સભ્યતાના બળથી, આપણી આધ્યાત્મિક શક્તિથી તથા આધ્યાત્મિક શક્તિમાંથી ઉદ્દ્ભવેલા સૂક્ષ્મ તથા સ્થૂલ ઉપાયોથી સ્વાધીનતાને મેળવીએ તો તે જ આપણામાટે અધિક શ્રેયસ્કર તથા કલ્યાણકારક છે. આ કારણથી જ ભગવાને આપણા પાશ્ચાત્ય ભાવયુક્ત આન્દોલનનો ધ્વસં કરીને આપણી બહિર્મુખી શક્તિને અંતર્મુખી કરી દીધી છે. બ્રહ્મબાંધવ ઉપાધ્યાયે પોતાના દિવ્ય ચક્ષુવડે જે કાંઈ જોયું હતું તેના પરિણામે વારંવાર એવો ઉપદેશ તેમના મુખમાંથી નીકળ્યા કરતો હતો કેઃ “ શક્તિને અંતર્મુખી કરો;” પરંતુ સમયના દોષથી તે વેળાયે કોઈએ તેમના એ ઉપદેશને લક્ષમાં લઈને શક્તિને અંતર્મુખી કરવાનો પ્રયત્ન ન કર્યો એટલે અત્યારે હવે ભગવાને પોતે જ તે પ્રમાણે વર્ત્તવાનો પ્રસંગ આપણા સમક્ષ ઉપસ્થિત કરી દીધો છે. સારાંશ કે, ભારતની શક્તિ અંતર્મુખી થઈ છે અને તેથી હવે પછી જ્યારે તે બહિર્મુખી થશે, ત્યારે તેનો

પ્રવાહ કદાપિ પાછો વળશે નહિ તેમ જ તે પ્રવાહનો કોઈથી અવરોધ પણ કરી શકાશે નહિ. તે ત્રિલોકપાવની ગંગા ભારતવર્ષને તેમ જ સમસ્ત પૃથ્વીને પ્લાવિત કરીને અમૃતના સ્પર્શથી જગત્માં નૂતન યૌવનની વાટિકાને ઉત્પન્ન તથા પ્રફુલ્લ કરી દેશે એમાં અણુમાત્ર પણ સંશય નથી તે નથી જ.

૭ પ્રાચ્ય અને પાશ્ચાત્ય

આપણા દેશ અને યૂરોપ વચ્ચે જે સર્વથી પ્રથમ અને મુખ્ય ભેદ રહેલો છે તે એ કે આપણું જીવન અન્તર્મુખી છે અને યૂરોપનું જીવન બહિર્મુખી છે. આપણે ભાવનો આશ્રય કરીને પાપ તથા પુણ્ય ઇત્યાદિનો વિચાર કરીએ છીએ અને યૂરોપ કર્મનો આશ્રય કરીને પાપ તથા પુણ્ય ઇત્યાદિનો વિચાર કરે છે. આપણે ભગવાનને અંતર્યામી તથા આત્મસ્થ જાણીને અંતરમાં જ તેને શોધીએ છીએ અને યૂરોપ ભગવાનને જગત્નો રાજા જાણીને તેને બાહ્ય વિશ્વમાં જુએ છે અને તેની ઉપાસના કરે છે. યૂરોપના સ્વર્ગનો સ્થૂલ જગત્માં જ સમાવેશ થયેલો હોવાથી યૂરોપ પૃથ્વીના ઐશ્વર્ય, સૌન્દર્ય, ભોગ તથા વિલાસ આદિને જ આદરણીય તથા ઉપાદ્ય માને છે અને કદાચિત્ યૂરોપ કોઈ અન્ય સ્વર્ગની કલ્પના કરે, તો પણ તે સ્વર્ગ પાર્થિવ ઐશ્વર્ય, સૌન્દર્ય, ભોગ તથા વિલાસ આદિની પ્રતિકૃતિ કિંવા પ્રતિમા જ હોય છે. યૂરોપવાસીઓનો ભગવાન્ આપણા ઇન્દ્ર સમાન હોવાથી તે પૃથ્વીના કોઇ રાજા પ્રમાણે રત્નમય સિંહાસને આરૂઢ થઇને પોતાના સહસ્રાવધિ વંદકોદ્વારા સ્તવસ્તોત્ર આદિથી ફૂલાઇને વિશ્વસામ્રાજ્યને ચલાવ્યા કરે છે. આપણો પરમેશ્વર શિવ એટલે કે ભિક્ષુક, પાગલ તથા ભોળાનાથ છે અને આપણો શ્રી કૃષ્ણ બાલક હોવાથી હાસ્યપ્રિય, રંગમય, તથા પ્રેમમય ક્રીડા કરવી એ તેનો ધર્મ છે. યૂરોપનો ભગવાન્ કદાપિ હસતો નથી તેમ જ કોઇ પણ પ્રકારની ક્રીડા પણ કરતો નથી; કારણ કે, એમ કરવાથી તેના ગૌર-

વનો નાશ થઈ જાય છે અને તેનું ઇશ્વરત્વ સ્થાયિ રહી શકતું નથી. આ પરિસ્થિતિનું કારણ યૂરોપનો બહિર્મુખી ભાવ છે; અર્થાત્ ઐશ્વર્યનું ચિહ્ન યૂરોપવાસીઓના ઐશ્વર્યની પ્રતિષ્ઠા હોવાથી જો ચિહ્ન તેમના જોવામાં ન આવે, તો તેઓ વસ્તુને પણ જોઈ શકતા નથી; કારણ કે, તેમનામાં દિવ્ય ચક્ષુનો તથા સૂક્ષ્મ દૃષ્ટિનો સર્વથા અભાવ છે એટલે કે તેમનું જે કાંઇ છે તે સર્વ સ્થૂલ અને સ્થૂલ જ છે. આપણો **શિવ** અથવા **મહા-દેવ** ભિક્ષુક હોવા છતાં પણ પોતાના ભકતો કિંવા સાધકોને અલ્પ આયાસે જ ત્રિલોકનું સમસ્ત ધન તથા ઐશ્વર્ય આપી દે છે અને આપણો **શિવ ભોળાનાથ** હોવા છતાં જ્ઞાનીઓને પણ જે જ્ઞાન અપ્રાપ્ય છે તે જ્ઞાન તેની સ્વભાવસિદ્ધ સંપત્તિ છે. આપણો પ્રેમમય, રંગપ્રિય, શ્યામસુન્દર તથા કુરુક્ષેત્રનો નાયક શ્રી કૃષ્ણ વિશ્વનો પાલક અને અખિલ બ્રહ્માંડનો સખા તથા સુહૃદ્ છે. **ભારત**નું વિરાટ્ જ્ઞાન, **ભારત**ની તીક્ષ્ણ સૂક્ષ્મ દૃષ્ટિ તથા **ભારત**નાં અપ્રતિહત દિવ્યચક્ષુ સ્થૂલ આવરણને ભેદી નાખીને આત્મસ્થ ભાવ, મૂલ સત્ય તથા અંતર્નિહિત ગૂઢત્વને બહાર ખેંચી લાવે છે.

* * *

પાપ તથા પુણ્યના સંબંધમાં પણ એ જ ક્રમ દૃષ્ટિગોચર થાય છે. આપણે અન્તરના ભાવને જોઇએ છીએ; કારણ કે, અનેક વાર એમ પણ બને છે કે બાહ્યતઃ નિન્દ્ય દેખાતા કર્મમાં પવિત્ર ભાવ રહેલો હોય છે અને બાહ્યતઃ પુણ્યમય દેખાતા કર્મમાં પાપાત્માનો સ્વાર્થ છુપાયલો હોય છે; અર્થાત્ પાપ, પુણ્ય, સુખ તથા દુઃખ એ સર્વ મનના ધર્મો છે અને કર્મ આવરણમાત્ર છે. આપણે આ રહસ્યને જાણીએ છીએ અને તેથી જો કે સામાજિક સુવ્યવસ્થામાટે બાહ્ય પાપ તથા પુણ્યને કર્મના પ્રમાણ તરીકે માન્ય રાખીએ છીએ; તથાપિ વાસ્તવિકતાથી તો અન્તરનો ભાવ જ આપણી વિવેકદૃષ્ટિમાં આદરણીય હોય છે. જે સંન્યાસી આચાર, વિચાર, કર્તવ્ય, અકર્તવ્ય, પાપ તથા પુણ્ય આદિથી અતીત હોય છે અને મદોન્મત્ત પિશાચ સમાન આચરણ કરે છે તે સર્વધર્મત્યાગી પુરુ-ષને જ આપણે શ્રેષ્ઠ માનીએ છીએ. **પાશ્ચાત્ય** બુદ્ધિ આ તત્ત્વને

સ્વીકારવામાં સર્વથા અસમર્થ છે; કારણ કે, પાશ્ચાત્ય બુદ્ધિમાં સૂક્ષ્મ દૃષ્ટિના અભાવે અંતરના ભાવને જોવાની શક્તિનો પણ અભાવ હોવાથી તે પાશ્ચાત્ય બુદ્ધિ જે કોઈ જડવત્ આચરણ કરે છે તેને જડ તરીકે જ ઓળખે છે; જે કોઈ ઉન્મત્તવત્ આચરણ કરે છે તેને ભ્રમિષ્ટ તરીકે પ્રમાણે છે અને જે કોઈ પિશાચવત્ આચરણ કરે છે તેનો ઘૃણાકારક તથા અનાચારી પિશાચના સ્વરૂપમાં જ સાક્ષાત્કાર કરે છે.

* * *

આવા પ્રકારની બાહ્ય દૃષ્ટિને આધીન થઈને યૂરોપીય પંડિતો એમ બોલે છે કે: " ભારતવર્ષમાં કોઈ પણ યુગમાં પ્રજાતંત્રનું અસ્તિત્વ હતું જ નહિ; કારણ કે, પ્રજાતંત્રસૂચક કોઈ પણ વિષયનું નિરૂપણ સંસ્કૃત ભાષાના કોઇ પણ ગ્રંથમાં દૃષ્ટિગોચર થતું નથી; એ જ પ્રમાણે આધુનિક પાર્લામેન્ટ જેવી કોઈ પણ રાજ્યવ્યવસ્થાપક સભા પણ ભારતવર્ષમાં ન હોતી. પ્રજાતંત્રના એવા બાહ્ય ચિહ્નના અભાવથી ભારતવર્ષમાં પ્રજાતંત્રનો અભાવ પોતાની મેળે જ સિદ્ધ થઇ જાય છે." આપણે પણ એ પાશ્ચાત્ય વિધાન કિંવા યુક્તિને યથાર્થ તરીકે સ્વીકારતા આવ્યા છીએ અને એ આપણા અજ્ઞાનનું જ પરિણામ છે; કારણ કે, આપણાં પ્રાચીન આર્યરાજ્યોમાં પ્રજાતંત્રનો અભાવ ન હોતો. આપણાં પ્રાચીન આર્યરાજ્યોમાં પ્રજાતંત્રનાં બાહ્ય ઉપકરણો અસંપૂર્ણ હતાં; કિન્તુ પ્રજાતંત્રનો ભાવ આપણા સમસ્ત સમાજ તથા શાસનતંત્રના અન્તરમાં વ્યાપ્ત થઇને પ્રજાના સુખ તથા દેશની ઉન્નતિની રક્ષા કર્યા કરતો હતો. પ્રથમતઃ પ્રત્યેક ગ્રામમાં સંપૂર્ણ પ્રજાતંત્રનો અધિકાર હતો; કારણ કે, ગ્રામના લોકો સંમિલિત થઇને સર્વસાધારણ જનોના પરામર્શથી વૃદ્ધ તથા નેતા પુરુષોની આજ્ઞાને આધીન રહીને ગ્રામ તથા સમાજની વ્યવસ્થા કરતા હતા. એ ગ્રામ્ય પ્રજાતંત્રનું મુસલ્માનોના શાસનકાળમાં અવિચલ અસ્તિત્વ હતું એટલે કે બ્રિટિશ શાસનતંત્રની સ્થાપના થવા પછી અત્યારે હવે એ ગ્રામ્ય પ્રજાતંત્રનો લોપ થઇ ગયો છે. દ્વિતીયતઃ, પ્રત્યેક ક્ષુદ્ર ક્ષુદ્ર રાજ્યમાં પણ જ્યાં સર્વસાધારણ જનસમુદાયને સંમિલિત કિંવા એકત્ર કરવાની

સુવિધા હતી ત્યાં તેવા જ પ્રકારની પ્રથા વિદ્યમાન જોવામાં આવતી હતી અને એનાં બૌદ્ધ સાહિત્ય, ગ્રીક ઇતિહાસો તથા મહાભારત આદિમાં જોઇએ તેટલાં અને જોઇએ તેવાં પ્રમાણો આપણને મળી આવે છે. તૃતીયતઃ, મોટાં મોટાં રાજ્યોમાં કે જ્યાં એવા પ્રકારનાં બાહ્ય ઉપકરણો હોવાનો સંભવ ન હોતો ત્યાં પ્રજાતંત્રનો ભાવ રાજતંત્રને પરિચાલિત કરતો હતો; કારણ કે, યદ્યપિ ત્યાં પ્રજાની રાજ્યવ્યવસ્થાપક સભાઓ ન હોતી, તથાપિ પ્રચલિત ધારાધોરણ આદિમાં પરિવર્તન કરવાનો કિંવા નવીન ધારાધોરણને અસ્તિત્વમાં લાવવાનો રાજાનો પણ કશોય અધિકાર ન હોતો, એ અહીં વિશેષતઃ લક્ષમાં રાખવાનું છે. અર્થાત્ પ્રજાજનો જે આચાર, વ્યવહાર, રીતિ, નીતિ તથા ધારાધોરણ ઇત્યાદિને માનતા આવતા હતા તેમનો રક્ષક રાજા હતો. તે સમયમાં બ્રાહ્મણો અત્યારના વકીલ તથા જજ્જ પ્રમાણે પ્રજાવડે અનુષ્ઠિત થયેલા સર્વ નિયમો રાજાને સમજાવતા હતા; જ્યાં સંશયની આપત્તિ થતી હતી ત્યાં તે સંશયનું નિરાકરણ કરતા હતા અને સમયના જવા સાથે તેમને એ નિયમોમાં જે પરિવર્તન થયેલું દેખાતું હતું તે પરિવર્તનને તેઓ શાસ્ત્રમાં લખી રાખતા હતા. જો કે શાસનનો સર્વ ભાર રાજાના શિરપર જ રહેતો હતો; પરંતુ રાજાનો એ અધિકાર કાયદાની કઠિન શૃંખલાવડે બંધાયલો હતો; માત્ર એટલું જ નહિ, પણ રાજા જે કાંઇ પણ સાર્વજનિક કાર્ય કરતો હતો તે પ્રજાની સંમતિથી જ કરતો હતો અને જે કાર્યથી જનતા કિંવા પ્રજાના હૃદયમાં અસન્તોષ થવાનો સંભવ હોય તે કાર્ય રાજા કદાપિ કરતો ન હોતો. અર્થાત્ સર્વ રાજાઓ આ રાજનૈતિક નિયમોને અનુસરીને જ ચાલતા હતા અને તેથી જો કોઇ પણ રાજા એ નિયમોનું ઉલ્લંઘન કરે, તો પ્રજા તે રાજાને રાજા તરીકે માન્ય રાખવાને બંધાયલી ન હોતી.

* *
*

પ્રાચ્ય તથા પાશ્ચાત્યનું એકીકરણ એ જ આ યુગનો ધર્મ છે; પરંતુ એ એકીકરણના કાર્યમાં જો આપણે પાશ્ચાત્યને જ પ્રતિષ્ઠા કિંવા મુખ્ય અંગ તરીકે સ્વીકારીએ લઇએ, તો તેથી આપણામાટે

વિષમ ભ્રમમાં પડી જવાનો સંભવ છે. અર્થાત્ એ એકીકરણની પ્રતિષ્ઠા પ્રાચ્યના આધારપર જ થવી જોઈએ અને એકીકરણનું મુખ્ય અંગ પણ પ્રાચ્ય જ હોવું જોઇએ; કારણ કે, બહિર્જગત્ અન્તર્જગત્‌માં પ્રતિષ્ઠિત થાય છે; અન્તર્જગત્ બહિર્જગત્‌માં પ્રતિષ્ઠિત થતું નથી. ભાવ તથા શ્રદ્ધા શક્તિ તથા કર્મનાં ઉત્પત્તિસ્થાન હોવાથી ભાવ તથા શ્રદ્ધાને રક્ષવાની આવશ્યકતા છે; શક્તિના પ્રયોગ તથા કર્મના બાહ્ય આકાર અને ઉપકરણમાં આસક્ત થવાની આવશ્યકતા નથી. પાશ્ચાત્યો પ્રજાતંત્રના બાહ્ય આકાર તથા ઉપકરણને જ પકડી રહ્યા છે; કિન્તુ ભાવ આકારને નિર્માણ કરે છે અને શ્રદ્ધા ઉપકરણને નિપજાવે છે એ રહસ્યથી અજ્ઞ હોવાથી પાશ્ચાત્યો આકાર તથા ઉપકરણમાં એટલી સીમા પર્યન્ત આસક્ત રહ્યા કરે છે કે તે બાહ્ય પ્રકાશમાં સપડાતાં ભાવ તથા શ્રદ્ધા મરી જાય છે એ પણ તેમના ધ્યાનમાં આવી શકતું નથી. આજકાલ પ્રાચ્ય દેશમાં પ્રજાતંત્ર વિષયક ભાવ તથા શ્રદ્ધા પ્રબલ વેગથી ઉદ્ભવીને બાહ્ય ઉપકરણોને નિર્માણ કરી રહ્યાં છે તેમ જ બાહ્ય આકારને પણ ઉપજાવી રહ્યાં છે; પરંતુ પાશ્ચાત્ય દેશમાં એ જ ભાવ મ્લાન થતો જાય છે અને એ શ્રદ્ધા ક્ષીણ થતી દેખાય છે. પ્રાચ્ય દેશ પ્રભાતોન્મુખ થતાં પ્રકાશની દિશામાં ધાવમાન થયેલો દેખાય છે અને પાશ્ચાત્ય દેશ તિમિરગામી થતાં રાત્રિની દિશામાં અગ્રેસર થતો દૃષ્ટિગોચર થાય છે.

***

એ બાહ્ય આકાર તથા ઉપકરણમાંની આસક્તિના ફળથી પ્રજા-તંત્રનું થયેલું જે દુષ્પરિણામ તે જ એ પરિસ્થિતિનું પ્રધાન કારણ છે. પ્રજાતંત્રને સર્વથા અનુકૂલ થઇ પડે તેવા શાસનતંત્રને નિર્માણ કરીને અમેરિકા દેશ અત્યાર સુધી ગર્વ દર્શાવીને એમ બોલતો હતો કેઃ "અમેરિકા જેવો સ્વાધીન દેશ આ વિશ્વમાં અન્ય છે જ નહિ!" પરંતુ જો અમેરિકાની પરિસ્થિતિનું વાસ્તવિક સ્વરૂપ જોવામાં આવે, તો અમેરિકાના પ્રેસિડંટ્ તથા અન્ય કર્મચારીઓ કૉંગ્રેસની સહાયતાથી

પોતાની ઇચ્છાનુસાર શાસન કરે છે; ધનાઢ્યોના અન્યાય તથા અવિચારોને ઢાંકવાનો પ્રયત્ન કરી તેમના સર્વગામી અગાધ લોભને સંપૂર્ણ આશ્રય આપે છે તેમ જ પોતે પણ પોતાની ક્ષમતાનો અપવ્યવહાર કિંવા દુરુપયોગ કરીને ધનાઢ્ય થઇ જાય છે. એકમાત્ર પ્રતિનિધિ–નિર્વાચન ચૂંટણીના સમયમાં પ્રજાને આધીન હોય છે; પરંતુ તે સમયમાં પણ ધનાઢ્ય જનો અગાધ ધનનો વ્યય કરીને પોતાની ક્ષમતાને અવિચલ રાખે છે અને ત્યાર પછી પ્રજાના પ્રતિનિધિઓને પોતાના ધનવડે ખરીદી લઇને પ્રજાના ધનનું પોતાની ઇચ્છા અનુસાર શોષણ કર્યા કરે છે તથા પોતાના અધિપત્યને ગજાવતા રહે છે* ફ્રાન્સ પ્રજાતંત્ર તથા સ્વાધીનતાની જન્મભૂમિ છે અને તેથી જે કર્મચારીઓ તથા પોલિસ આદિ પ્રજાની ઇચ્છા અનુસાર પ્રત્યેક શાસનકાર્ય કરવાને યંત્ર તરીકે નિમાયા હતા તેઓ અત્યારે બહુસંખ્યક ક્ષુદ્ર તથા સ્વેચ્છાચારી રાજા જ બની બેઠા છે અને પ્રજા તેમના ભયથી ત્રાસી રહી છે. ઇંગ્લૅંડમાં જો કે આવા પ્રકારની વિપરીત દશા થયેલી નથી; તથાપિ ત્યાં પ્રજાતંત્રની વળી અન્યાન્ય વિપત્તિઓ ઉદ્ભવવા માંડી છે. અર્થાત્ ચંચલમતિ તથા અર્ધશિક્ષિત પ્રજાના પ્રત્યેક મતપરિવર્તનથી શાસનકાર્ય તથા રાજનીતિ આલોડિત કિંવા આન્દોલિત થઈ જવાના ભયથી બ્રિટિશ જાતિ પોતાની પુરાતન રાજનૈતિક કુશલતાને ખોઈને બાહ્ય તેમ જ આભ્યંતર વિપત્તિમાં આવી પડી છે. શાસનકર્તાઓ પોતાના કર્ત્તવ્યજ્ઞાનને વિસારીને સ્વાર્થ તથા પદપ્રાપ્તિને સુરક્ષિત રાખવામાટે

*** મહર્ષિ અરવિન્દ ઘોષનું અમેરિકા વિષયક આ વિધાન અક્ષરશઃ સત્ય છે અને તેમના એ વિધાનની વાસ્તવિકતાનો શ્રીમતી ઈડા. એમ. ટાર્બેલકૃત** " "The History of the Standard Oil Company" **તથા શ્રીમાન્ થૉમસ્. ડબલ્યુ લૉસન્** કૃત " "Frenzied Finance: The crime of Amalgamated" **એ બે ગ્રંથોના વાચનથી પાઠક તથા પાઠિકાઓને સંપૂર્ણ સાક્ષાત્કાર થઈ શકે તેમ છે.**

અનુવાદક

નિર્વાચકો—મતાધિકારીઓ—ને લોભમાં લપટાવી, ભયદર્શનથી ગભરાવી અને ભ્રાન્તિમાં ગબડાવી બ્રિટિશ જાતિની બુદ્ધિને વિકૃત કરી રહ્યા છે; બ્રિટિશ જાતિમાં મતિની અસ્થિરતા તથા ચંચલતાથી વૃદ્ધિને ઉપજાવી રહ્યા છે. આ સર્વ કારણોના યોગે એક બાજૂ પ્રજાતંત્રવાદને ભ્રાન્તિજન્ય કહીને એક પક્ષ હસ્તમાં ખડ્ગને ધારણ કરીને સ્વાધીનતાનો વિરોધ કરવાને ઊભો થયો છે અને બીજી બાજૂ અનાર્કિસ્ટ તથા સોશિયાલિસ્ટ આદિ વિપ્લવકારીઓની સંખ્યા વધતી જાય છે, ઇંગ્લૅંડના રાજનૈતિક ક્ષેત્રમાં એ બે પક્ષોનો સંઘર્ષ ચાલી રહ્યો છે; અમેરિકામાં શ્રમજીવી તથા લક્ષાધીશોના પરસ્પર વિરોધનો વહ્નિ પ્રજ્વલિત થયો છે; જર્મનીમાં મતસંગઠન વિષયક વિવાદ ચાલી રહ્યો છે; ફ્રાન્સમાં સ્થલસેના તથા જલસેના વિષયક વાદવિવાદ ઉપસ્થિત થયો છે અને રશિયામાં પોલિસ તથા હત્યાકારીઓનો પરસ્પર સંગ્રામ ચાલી રહ્યો છે; અર્થાત્ યૂરોપમાં સર્વત્ર આવી મારામારી, ચંચલતા, અસ્થિરતા, અશાન્તિ તથા અરાજકતાનો જ અત્યારે વિસ્તાર થયેલો છે.*

---

* આ લેખ અરવિન્દ બાબૂએ ઇ. સ. ૧૯૦૯ માં લખ્યો હતો એટલે આ લેખમાં તે સમય પર્યન્તની યૂરોપની પરિસ્થિતિનું દિગ્દર્શન કરાવેલું છે; પરંતુ ત્યાર પછીના તેર વર્ષના કાલાવધિમાં જર્મનીએ આરંભેલી વિશ્વવ્યાપક યૂરોપીય યાદવાસ્થલીના પરિણામે જર્મનીના પરાજયથી જર્મનીની અવસ્થાનું પરિવર્તન થઇ ગયું છે અને રશિયામાં રાજવંશ તથા તેની સત્તાનું નિર્મૂલન કરીને બોલ્શેવિકોએ સામ્યવાદી શાસનતંત્રની સ્થાપના કરી દીધી છે; માત્ર એટલું જ નહિ, પણ એ મહાયુદ્ધના પરિણામે યૂરોપ તથા અમેરિકા આદિ દેશોમાં અન્ય પણ અનેક સ્થિત્યંતરો થઇ ગયા છે અને તે પણ અરવિન્દ બાબૂના આ વિધાનને યથેષ્ટ પુષ્ટિ આપનારા થઇ પડે છે. સારાંશ કે, અત્યારે યૂરોપમાં સર્વત્ર એક કે અન્ય સ્વરૂપમાં અશાન્તિ તથા અસ્થિરતા તો વ્યાપેલી છે જ અને તેનો જ્યારે અંત આવે ત્યારે ખરો. અમો ઇચ્છીએ છીએ કે યૂરોપમાં વ્યાપેલી

૮ ભ્રાતૃત્વ

અત્યારની સભ્યતાના જે ત્રણ આદર્શો અથવા અંતિમ ઉદ્દેશો ફ્રાન્સના રાષ્ટ્રવિપ્લવના સમયમાં પ્રચારિત થયા હતા તે ત્રણ તત્ત્વો આપણી ભાષામાં સાધારણતઃ સ્વાધીનતા, સમતા તથા મૈત્રી નામથી સર્વને પરિચિત છે; પરંતુ પાશ્ચાત્ય ભાષામાં જેને Fraternity કહેવામાં આવે છે તે જેને આપણે મૈત્રી કહીએ છીએ તે નથી; કારણ કે, મૈત્રી મનનો ભાવ છે અને તેથી જે મનુષ્ય સર્વ ભૂતોના કલ્યાણની ઇચ્છા કરે છે, કોઇનું પણ અનિષ્ટ કરતો નથી અને કોઇનો દ્વેષને હૃદયમાં સ્થાન આપતો નથી; તે દયાશીલ, અહિંસાપરાયણ તથા સર્વભૂતહિતવાદી પુરુષને જ મિત્ર કહેવામાં આવે છે અને મૈત્રી તેના મનનો ભાવ છે. આવા પ્રકારનો ભાવ વ્યક્તિની માનસિક સંપત્તિ છે કે જે વ્યક્તિના જીવન તથા કર્મને નિયંત્રિત કરી શકે છે એટલે એ ભાવ રાજનૈતિક કિંવા સામાજિક શૃંખલાનું મુખ્ય બંધન થાય એ સર્વથા અસંભવનીય છે. ફ્રેંચ્ રાજવિપ્લવ કિંવા રાજ્યક્રાન્તિનાં ત્રણ તત્ત્વો વ્યક્તિગત જીવનના નૈતિક નિયમો નથી; કિન્તુ સમાજ તથા દેશની વ્યવસ્થાની નવીન રચનામાં ઉપયુક્ત થનારાં ત્રણ સૂત્રો છે કિંવા સમાજ તથા દેશની બાહ્ય અવસ્થિતિનાં પ્રકાશોન્મુખ પ્રાકૃતિક મૂલ તત્ત્વો છે અને એમાંના એક મૂલ તત્ત્વ Fraternity નો અર્થ ભ્રાતૃત્વ છે.

ફ્રેંચ્ રાજ્યક્રાન્તિકારકો રાજનૈતિક તથા સામાજિક સ્વાધીનતા તેમ જ સમતાને મેળવવામાટે અતિશય લાલાયિત અથવા ઉત્કંઠિત હતા એટલે ભ્રાતૃત્વ પ્રતિ તેમનું દૃઢ લક્ષ્ય હતું જ નહિ અને એ ભ્રાતૃત્વનો અભાવ જ ફ્રેંચ્ રાષ્ટ્રવિપ્લવની અસંપૂર્ણતાનું મુખ્ય કારણ હતું. એ

એ અશાંતિ તથા અસ્થિરતાનો સત્વર અંત આવી જાય, તેમના સ્થાનમાં શાંતિ તથા સ્થિરતાની અખંડ સ્થાપના થઇ જાય અને રાજા તથા પ્રજા ઉભય સુખ તથા શાંતિને નિર્વિઘ્ન ભોગવવાના ભાગ્યને સત્વર પ્રાપ્ત કરી શકે. અનુવાદક

અપૂર્ણ ઉત્થાનના પરિણામે યૂરોપમાં રાજનૈતિક તથા સામાજિક સ્વાધીનતાની તેમ જ કેટલાક પરિમાણમાં રાજનૈતિક સામ્યની પણ સ્થાપના થઈ ગઈ એટલે કે યૂરોપના કેટલાક દેશોમાં રાજનૈતિક સમતાએ કેટલાક પરિમાણમાં શાસનતંત્ર તથા ધારાપદ્ધતિમાં પોતાના અધિકારને સ્થાપી દીધો; કિન્તુ ભ્રાતૃત્વ વિના સામાજિક સામ્ય અસંભવનીય હોવાથી ભ્રાતૃત્વના અભાવે યૂરોપખંડ સામાજિક સામ્યથી વંચિત થઈ ગયો. એ ત્રણ મૂલ તત્ત્વોના પૂર્ણ વિકાસનો પારસ્પરિક વિકાસપર આધાર રહેલો હોય છે એટલે કે સ્વાધીનતાની પ્રતિષ્ઠા સામ્ય હોવાથી સામ્ય વિના સ્વાધીનતાની પ્રતિષ્ઠા થઇ શકતી નથી અને સામ્યની પ્રતિષ્ઠા ભ્રાતૃત્વ હોવાથી જો ભ્રાતૃત્વનું અસ્તિત્વ ન હોય, તો સામ્યની પ્રતિષ્ઠા અસંભવનીય છે; અર્થાત્ જો ભ્રાતૃભાવ હોય, તો જ ભ્રાતૃત્વનો સંભવ હોઇ શકે. યૂરોપમાં ભ્રાતૃભાવનો સર્વથા અભાવ છે; યૂરોપમાં સામ્ય તથા સ્વાધીનતા કલુષિત, અપ્રતિષ્ઠિત તથા અસંપૂર્ણ છે અને તેથી જ યૂરોપમાં એવા પ્રકારની અસ્થિરતા તથા વિપ્લવ આદિ નિત્ય અવસ્થાના સ્વરૂપમાં ઊભેલાં દેખાય છે. એ કોલાહલ તથા વિપ્લવને યૂરોપ ગર્વિષ્ટતાથી Progress કિંવા ઉન્નતિ તરીકે ઓળખાવે છે.

યૂરોપનો જે એક ભ્રાતૃભાવ છે તે પોતપોતાના દેશ પૂરતો છે, એટલે કે એકદેશવાસી લોકોનાં હિતાહિત એક હોવાથી જે એકતાના યોગે તે દેશની જાતિની સ્વાધીનતા નિરાપદ્ રહી શકે એ જ્ઞાન યૂરોપની એકતાનો એક માત્ર હેતુ છે, એથી વિરુદ્ધ એક અન્ય જ્ઞાનનો પણ ત્યાં ઉદ્ભવ થયેલો છે અને તે એ કે, આપણે સર્વ મનુષ્યો હોવાથી સર્વ મનુષ્યો એકતાના સૂત્રથી બંધાઇને એક થઈ જાય એ ઉચિત તથા ઇચ્છિનીય છે અને મનુષ્ય મનુષ્ય વચ્ચે જે ભેદ છે તે અજ્ઞાનમૂલક છે તથા અનિષ્ટકારક છે; અર્થાત્ જાતીયતા ભેદનું કારણ હોવાથી જાતીયતા પણ અજ્ઞાનપ્રસૂત તથા અનિષ્ટકારિણી થઈ પડે એ સ્વાભાવિક હોવાથી જાતીયતાને ત્યાગીને મનુષ્યજાતિની એકતાને પ્રતિષ્ઠિત કરવાની જ આવશ્યકતા છે. વિશેષતઃ જે ફ્રાન્સમાં સ્વાધીનતા, સામ્ય તથા ભ્રાતૃત્વ-

રૂપ મહાન્ આદર્શોનો સર્વથી પ્રથમ પ્રચાર થયો હતો તે જ ભાવ-પ્રવણ દેશમાં આ બે પરસ્પર વિરોધી જ્ઞાનોનો સંઘર્ષ ચાલ્યા કરે છે; તથાપિ જો વાસ્તવિક દૃષ્ટિથી જોવામાં આવે, તો એ ઉભય જ્ઞાન કિંવા ભાવ પરસ્પરવિરોધી છે જ નહિ; કારણ કે, જાતીયતા પણ સત્ય છે અને સમસ્ત માનવજાતિની એકતા પણ સત્ય છે એટલામાટે એ ઉભય સત્યોના સામંજસ્યમાં જ માનવજાતિનું કલ્યાણ સમાયલું છે. આ કારણથી જો આપણી બુદ્ધિ એ સામંજસ્યને ઉપજાવવાના કાર્યમાં અસમર્થ થાય, એટલે કે અવિરોધી તત્ત્વના વિરોધમાં આસક્ત થઇ જાય, તો તે બુદ્ધિને ભ્રાન્ત રાજસ બુદ્ધિ કહી શકાય એ સર્વથા નિઃશંક છે.

સામ્યશૂન્ય રાજનૈતિક તથા સામાજિક સ્વાધીનતાથી વિતૃષ્ણ થઇને યૂરોપખંડ અત્યારે સોશિયાલિજ્મની દિશામાં ધાવમાન થયેલો છે અને તેમના પણ વળી ત્યાં બે પક્ષ અથવા વિભાગ થઇ ગયા છે; એક પક્ષ અનાર્કિસ્ટ્ના નામથી ઓળખાય છે અને દ્વિતીય પક્ષ સોશિયાલિસ્ટ્ના નામથી ઓળખાય છે. એમાંના અનાર્કિસ્ટો કહે છે કેઃ " આ રાજનૈતિક સ્વાધીનતા તે એક પ્રકારની માયા છે, અર્થાત્ ગવર્નમેન્ટ નામક મોટા લોકોના અત્યાચારના યંત્રને સ્થાપીને રાજનૈતિક સ્વાધીનતાને રક્ષવાના નિમિત્તથી વ્યક્તિગત સ્વાધીનતાને સંહારી નાખવી એ જ એ માયાનું લક્ષણ હોવાથી સર્વ પ્રકારની ગવર્નમેન્ટોને ઉખેડી નાખો અને સત્ય સ્વાધીનતાને સર્વત્ર સ્થાપી દો ! " હવે જો કોઇ પણ ગવર્નમેન્ટ કિંવા શાસક સત્તા નહિ હોય, તો સ્વાધીન તથા સામ્યનું સંરક્ષણ કોણ કરશે વારૂ ? તેમ જ બલવાનોના અત્યાચારોને કોણ અટકાવશે ? એવા જે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે; તે પ્રશ્નોના ઉત્તરમાં અનાર્કિસ્ટો જણાવે છે કેઃ " વિદ્યાના વિસ્તારથી સંપૂર્ણ જ્ઞાન તથા ભ્રાતૃભાવને વિસ્તારો એટલે તે જ્ઞાન તથા ભ્રાતૃભાવ જ સ્વાધીનતા તથા સામ્યનું સંરક્ષણ કરશે અને જો કોઇ ભ્રાતૃભાવનું ઉલ્લંઘન કરીને અત્યાચાર આરંભશે, તો તે અત્યાચારિણી વ્યક્તિને તે જ્ઞાન તથા ભ્રાતૃભાવ મૃત્યુદંડથી દંડિત કરી શકશે. " પરંતુ સોશિયાલિસ્ટો આવા વિચારો ન દર્શાવતાં

પોતાનો એવો અભિપ્રાય દર્શાવે છે કે: " ગવર્નમેન્ટ તો જેમ છે તેમ જ ભલે રહ્યા કરે; કારણ કે, ગવર્નમેન્ટની આવશ્યકતા અનિવાર્ય છે; કિન્તુ સમાજ તથા શાસનતંત્રની પ્રતિષ્ઠા સંપૂર્ણ સામ્યના આધારે જ થવી જોઈએ. આ વ્યવસ્થાના યોગે અત્યારે સમાજ તથા શાસનતંત્રમાં જે દોષો રહેલા છે તે દોષો સંશોધિત થશે અને માનવજાતિ સંપૂર્ણ સુખિની, સ્વાધીના તથા ભ્રાતૃભાવસંપન્ન થઈ જશે. " અર્થાત્ આ ઉદ્દેશથી જ સોશિયાલિસ્ટો સમાજને એક કરવા ઇચ્છે છે અને તેમની માન્યતા એવા પ્રકારની છે કે વ્યક્તિગત સંપત્તિનો જો અભાવ હોય અને સમાજની સંપત્તિ અસ્તિત્વ ધરાવતી હોય, તો જેવી રીતે એકાન્નવર્તી એટલે કે એક ગૃહમાં વસતા અને એક રસોડે જમતા પરિવારની સંપત્તિ કોઈ એક વ્યક્તિની નહિ, પણ સમસ્ત પરિવારની જ હોય છે, અર્થાત્ પરિવાર જ દેહ અને વ્યક્તિ તે દેહનો એક અવયવવિશેષ છે, તેવી રીતે સમાજમાં કોઈ પણ પ્રકારના ભેદનું અસ્તિત્વ રહેશે નહિ અને સમાજ એક થઈ જશે.

પરંતુ અત્યન્ત સંપૂર્ણ ભ્રાતૃભાવની વિશ્વમાં સ્થાપના થવા પૂર્વે ગવર્નમેન્ટના વિનાશનો પ્રયત્ન કરવો, એ અનાર્કિસ્ટોનો એક મોટામાં મોટો તથા અક્ષમ્ય પ્રમાદ છે, એવી જ અમારી માન્યતા છે. સંપૂર્ણ ભ્રાતૃભાવની સ્થાપનામાં અદ્યાપિ દીર્ઘ કાળની આવશ્યકતા છે અને તેથી ભ્રાતૃભાવની સ્થાપના પૂર્વે જો શાસનતંત્રને નષ્ટ કરી દેવાની ચેષ્ટા કરાશે, તો તેનું વિષમ ફળ એ જ થવાનું કે વિશ્વમાં સર્વત્ર ઘોર અરાજકતા તથા પશુભાવનો અધિકાર થઈ જશે. રાજા સમાજના કેન્દ્રસ્થાનરૂપ છે અને શાસનતંત્રની સ્થાપનાથી મનુષ્ય પશુભાવને ત્યાગી શકે છે. જે વેળાએ સંપૂર્ણ ભ્રાતૃભાવની સ્થાપના થઈ જશે તે વેળાએ ભગવાન્ કોઈ પણ પાર્થિવ પ્રતિનિધિને નિયુક્ત ન કરતાં સ્વયં પૃથ્વીમાં રાજ્ય કરી સર્વ મનુષ્યોના હૃદયસિંહાસને આરૂઢ કિંવા વિરાજમાન થશે અને તે વેળાએ ક્રિશ્ચિયનોના Reign of Saints—સાધુરાજ્ય—તથા આપણા આર્યોના સત્યયુગનો સર્વત્ર આવિર્ભાવ થયેલો દેખાશે. પરંતુ માનવજાતિએ પોતાની

એટલી ઉન્નતિ કરી લીધી નથી કે જેના ગેગે આવી અવસ્થા કિંવા પરિસ્થિતિ આજે અને અત્યારે જ તેને પ્રાપ્ત થઈ જાય; અર્થાત્ અત્યારે તો આવી અવસ્થાની કેવળ આંશિક ઉપલબ્ધિની આશા જ સંભવનીય છે.

સોશિયાલિસ્ટો ભ્રાતૃત્વના આધારે સામ્યની પ્રતિષ્ઠા ન કરતાં સામ્યના આધારે ભ્રાતૃત્વને પ્રતિષ્ઠિત કરવા મથી રહ્યા છે એ **સો**શિયાલિસ્ટોનો પણ મહાન્ પ્રમાદ છે; કારણ કે, સામ્યહીન ભ્રાતૃત્વ સંભવનીય છે, પરંતુ ભ્રાતૃત્વહીન સામ્ય ટકી શકતું નથી; અર્થાત્ ભ્રાતૃહીન સામ્યનો મતભેદ, કલહ તથા અધિકારની ઉદ્દામ લાલસાથી નાશ થઇ જાય છે. સારાંશ કે, પ્રથમ સંપૂર્ણ ભ્રાતૃત્વ હોય, તો જ ત્યારપછી સંપૂર્ણ સામ્યનો સંભવ હોઇ શકે.

ભ્રાતૃત્વ બાહ્ય અવસ્થા છે; અર્થાત્ જો આપણે ભ્રાતૃભાવને પાળતા હોઈએ અને સર્વની એક સંપત્તિ, એક હિતાકાંક્ષા અને એક ચેષ્ટા હોય, તો એ સ્થિતિને જ ભ્રાતૃત્વ કહેવામાં આવે છે. બાહ્ય અવસ્થા અંતરના ભાવમાં પ્રતિષ્ઠિત થાય છે. ભ્રાતૃપ્રેમથી ભ્રાતૃત્વ સજીવન તથા સત્ય થાય છે. સારાંશ કે, આપણને એ જ ભ્રાતૃપ્રેમની પ્રતિષ્ઠા જોઈએ છે. આપણે એક જ માતાનાં સંતાનો છીએ, દેશબંધુ છીએ, એ ભાવ એક પ્રકારે ભ્રાતૃપ્રેમની પ્રતિષ્ઠા સમાન છે; કિન્તુ એ જ ભાવ રાજનૈતિક એકતામાટે બંધનરૂપ થઈ પડે છે અને એથી સામાજિક એકતા પણ પ્રતિષ્ઠિત થઇ શકતી નથી. સંપૂર્ણ ભ્રાતૃપ્રેમની સિદ્ધિમાટે એથી પણ અધિક ગંભીર સ્થાનમાં પ્રવેશ કરવાની આવસ્યકતા છે; અર્થાત્ જેવી રીતે આપણે આપણા દેશમાં પોતાની માતાની પૂજાનો અતિક્રમ કરીને સર્વ દેશબંધુઓની માતાની ઉપાસના કરીએ છીએ તેવી જ રીતે આપણી પોતાની જન્મભૂમિનો અતિક્રમ કરીને જગજ્જનનીને પ્રાપ્ત કરવી પડશે, ત્યારે જ એ સંપૂર્ણ ભ્રાતૃપ્રેમને સાધી શકાશે. સારાંશ કે, ખંડ શક્તિનો અતિક્રમ કરીને સંપૂર્ણ શક્તિના પ્રદેશમાં પહોંચવું પડશે; તથાપિ જેવી રીતે **ભા**રતજનનીની ઉપાસનામાં લીન થતાં આ દેહની જનનીનો અતિક્રમ કરવા છતાં પણ આપણે તેને

સર્વથા વિસારી દેતા નથી; તેવી જ રીતે જગજ્જનનીની ઉપાસનામાં લીન થતાં **ભાર**તજનનીનો અતિક્રમ કરવા છતાં આપણે આપણી **ભાર**તજનનીને સર્વથા વિસારી દેવાની નથી, એ અવશ્ય લક્ષમાં રાખવું જોઈએ; કારણ કે, તે પણ કાલી છે અને તે પણ માતા છે!

ધર્મ જ ભ્રાતૃભાવની પ્રતિષ્ઠા છે. સર્વ ધર્મોનું એ જ વિધાન જોવામાં આવે છે કે આપણે સર્વ એક છીએ; ભેદ અજ્ઞાનપ્રસૂત છે, દ્વેષમાંથી ઉત્પન્ન થયેલો છે અને પાપમૂલક છે; અર્થાત્ સર્વ ધર્મોનું જો કોઈ પણ મૂલ શિક્ષણ હોય, તો તે કેવળ પ્રેમ, પ્રેમ અને પ્રેમ જ છે. આપણો ધર્મ પણ એમ જ કહે છે કે, આપણે સર્વ એક છીએ, ભેદબુદ્ધિ અજ્ઞાનનું લક્ષણ છે; જ્ઞાની જનો સર્વને સમદૃષ્ટિથી જ નિહાળે છે અને સર્વમાં એક આત્મા, તથા સમભાવથી પ્રતિષ્ઠિત એક જ **નારા**યણનો સાક્ષાત્કાર કરે છે. એ ભક્તિપૂર્ણ સમતામાંથી જ વિશ્વપ્રેમનો ઉદ્‌ભવ થાય છે; પરંતુ આ જ્ઞાન માનવજાતિનું પરમ કિંવા અંતિમ ગંતવ્ય સ્થાન હોવાથી અને આપણી શેષ અવસ્થામાં એ જ્ઞાન ક્યારે સર્વવ્યાપક થશે એનો નિશ્ચય ન હોવાથી એ સર્વવ્યાપક થાય તે પૂર્વે એની આંશિક પ્રાપ્તિની અંતરમાં, બહિર્ભાગમાં, પરિવારમાં, સમાજમાં, દેશમાં તથા સર્વ ભૂતોમાં અનિવાર્ય આવશ્યકતા છે. માનવજાતિ પરિવાર, કુલ, દેશ તથા સંપ્રદાય આદિને ઉત્પન્ન કરીને તેમ જ શાસ્ત્ર કિંવા નિયમોના બંધનને દૃઢ કરીને એ ભ્રાતૃત્વના સ્થાયી આધારને ઘડવાનો ચિરકાલથી પ્રયાસ કરતી આવી છે અને અત્યાર સુધી તેનો એ પ્રયાસ વિફળ થયેલો છે. જો કે પ્રતિષ્ઠા પણ છે અને આધાર પણ છે; પરંતુ ભ્રાતૃત્વના પ્રાણની રક્ષા કરી શકે એવી કોઇ એક અક્ષય શક્તિની આવશ્યકતા છે કે જેના યોગે તે પ્રતિષ્ઠા અક્ષુણ્ણ તથા તે આધાર ચિરસ્થાયી કિંવા નિત્ય નૂતન સ્વરૂપમાં રહી શકે. **ભ**ગવાને અદ્યાપિ એ શક્તિનો પ્રકાશ કર્યો નથી અને **ભ**ગવાન્ એ શક્તિનો પ્રકાશ ક્યારે કરશે એ નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ નથી. **ભ**ગવાને **રામચન્દ્ર**, શ્રી **કૃષ્ણ**, **ચૈતન્ય દેવ** તથા શ્રી **રામકૃષ્ણ પરમહંસ** આદિ રૂપોમાં અવતીર્ણ થઇને માનવના કઠોર સ્વાર્થપૂર્ણ હૃદયમાં

પ્રેમનાં ઉપયુક્ત પાત્ર થવામાટેની પ્રેરણા કરેલી છે; પરંતુ તે દિવસ ક્યારે આવશે કે જ્યારે ભગવાન્ પુનઃ અવતીર્ણ થઇને માનવહૃદયમાં પ્રેમાનન્દનો સંચાર કરી તથા પ્રેમાનન્દને દૃઢતાથી સ્થાપીને પૃથ્વીને સ્વર્ગતુલ્ય કરી દેશે ? તે દિવસ આવશે, તો અવશ્ય; પણ ક્યારે આવશે તે નિશ્ચિત નથી.

૯ ભારતીય ચિત્રવિદ્યા

આપણી આ ભારતજનની જ્ઞાન, ધર્મ, સાહિત્ય તથા શિલ્પ આદિના આકાર સમાન હતી એ વાર્તાનો પ્રાચ્ય તથા પાશ્ચાત્ય સર્વ જાતિઓને સ્વીકાર કરવો જ પડ્યો છે; કિન્તુ પૂર્વે યૂરોપની એવી ધારણા હતી કે: 'આપણી શિલ્પકલા જેટલી અને જેવી ઉચ્ચ કોટિની હતી, તેટલા પરિમાણમાં ભારતીય ચિત્રવિદ્યા ઉત્કૃષ્ટ ન હોતી; માત્ર એટલું જ નહિ, પણ ભારતીય ચિત્રવિદ્યા અત્યંત ભયંકર પરિમાણમાં સૌન્દર્યહીન હતી.' આપણે પણ પાશ્ચાત્ય જ્ઞાનવડે જ્ઞાની થઇ નેત્રોપર યૂરોપીય ચશ્મા ચઢાવી ભારતીય ચિત્ર તથા સ્થાપત્યના દર્શનથી નાકનાં નસકોરાં મરડી આપણી માર્જિત બુદ્ધિ તથા નિર્દોષ રુચિનો પરિચય કરાવવા મંડી ગયા હતા; આપણામાંના ધનાઢ્ય જનોનાં ગૃહો ગ્રીક પ્રતિમાઓ તથા અંગ્રેજી છબિઓનાં કાસ્ટ–Cast–કિંવા નિર્જીવ અનુકરણોવડે ભરાઇ ગયાં હતાં અને સાધારણ લોકોનાં ગૃહોની દીવાલો જઘન્ય તૈલચિત્રો–Oilpaintings–વડે શોભાયમાન થવા લાગી હતી. અર્થાત્ જે ભારતજાતિનાં રુચિ તથા શિલ્પચાતુર્ય સમસ્ત વિશ્વમાં અપ્રતિમ મનાતાં હતાં અને વર્ણ તથા રૂપના ગ્રહણમાં જે ભારતજાતિની રુચિ સ્વભાવતઃ પ્રમાદરહિત હતી, તે જ ભારતજાતિનાં નેત્રો અંધ થઈ ગયાં હતાં; તે જ ભારતજાતિની બુદ્ધિ ભાવને સ્વીકારવામાં અસમર્થ થઇ ગઈ અને તે જ ભારતજાતિની રુચિ ઇટાલીયન્ કુલી તથા મજૂરોની રુચિ કરતાં પણ અધમ થયેલી દેખાવા લાગી હતી. અસ્તુ: રાજા રવિવર્મા ભારતવર્ષના એક શ્રેષ્ઠ ચિત્રકાર તરીકે વિખ્યાત થઇ શક્યા અને ત્યાર

પછી અત્યારના વર્તમાન સમયમાં કેટલીક રસજ્ઞ વ્યક્તિઓના ઉદ્યમથી ભારતવાસીઓનાં મીચાયલાં નેત્રો ઊઘડવા માંડયાં છે અને તેમણે પોતાની ક્ષમતા તથા પોતાના ઐશ્વર્ય આદિને જાણવા માંડયાં છે, એ કાંઈ સાધારણ આનન્દનો વિષય તો ન જ કહી શકાય. શ્રીયુક્ત અવનીન્દ્રનાથ ઠાકુર–ટાગોર–ની અસાધારણ પ્રતિભાની પ્રેરણાથી પ્રેરાઈને કેટલાક યુવકો ભારતવર્ષની લુપ્ત થયેલી ચિત્રવિદ્યાનો પુનરુદ્ધાર કરવા મંડી ગયા છે અને તેમની પ્રતિભાના ગુણથી બંગદેશમાં નૂતન યુગના આવિર્ભાવની સૂચના થવા માંડી છે. આ પરિસ્થિતિને જોઈને આશા રાખી શકાય છે કે હવે ભારત પોતાને અંગ્રેજોની દૃષ્ટિથી ન નિહાળતાં પોતાની જ દૃષ્ટિથી નિહાળશે અને પાશ્ચાત્યોના અનુકરણને પરિત્યાગીને પ્રાંજલ બુદ્ધિપર આધાર રાખી ચિત્રિત રૂપ તથા વર્ણમાં ભારતના સનાતન ભાવને વ્યક્ત કરતું રહેશે.

ભારતીય ચિત્રવિદ્યા પ્રતિ પાશ્ચાત્યોની વિતૃષ્ણા–અણગમો–થવાનાં બે કારણો હોય એમ જણાય છે. પાશ્ચાત્યોનો પ્રથમ આક્ષેપ એ છે કે ભારતીય ચિત્રકારો Nature કિંવા નિસર્ગનું અનુકરણ કરી શકતા નથી એટલે કે મનુષ્ય સમાન મનુષ્ય, અશ્વ સમાન અશ્વ અને વૃક્ષ સમાન વૃક્ષ ન આલેખતાં તેમની મૂર્ત્તિઓને ચિત્રમાં અતિશય વિકૃત કરી નાખે છે; તેમનામાં Perspective–દૃશ્યાનુયાયિત્વ-નો અભાવ હોવાથી તેમનાં ચિત્રેલાં ચિત્રો અયથાસ્થિત તથા અસ્વભાવિક દેખાય છે; તેમ જ તેમનો દ્વિતીય આક્ષેપ એ છે કે ભારતીય ચિત્રકારોનાં આલેખેલાં ચિત્રોમાં સુન્દર ભાવ તથા સુન્દર રૂપનો તો સર્વથા અભાવ જ હોય છે; પરંતુ હવે એ દ્વિતીય આક્ષેપ યૂરોપિયનોના મુખથી સંભળાતો બહુધા બંધ થઈ ગયો છે; કારણ કે, આપણી પુરાતન બુદ્ધમૂર્ત્તિઓના અલૌકિક શાન્ત ભાવ તથા આપણી પુરાતન દુર્ગામૂર્ત્તિમાં અપાર્થિવ કિંવા સ્વર્ગીય પ્રકાશનો સાક્ષાત્કાર કરીને યૂરોપીયનો આશ્ચર્યચકિત તથા સ્તંભિત થવા લાગ્યા છે. જેઓ વિલાયતમાં શ્રેષ્ઠ સમાલોચક તરીકે વિખ્યાત છે તેમણે એ તથ્યનો મુક્ત કંઠથી સ્વીકાર કર્યો છે કેઃ "ભારતીય ચિત્રકારો કદાચિત્ યૂરોપના Perspective ને ન પણ જાણતા હોય,

તો પણ ભારતવર્ષમાં જે Perspective નો નિયમ છે તે અતિશય સુન્દર, સંપૂર્ણ તથા સુસંગત છે. ભારતીય ચિત્રકારો તથા શિલ્પકલાભિજ્ઞો યથાર્થસ્વરૂપમાં જગત્‌નું અનુકરણ નથી કરતા એ જો કે સત્ય છે; તથાપિ એ તેમના સામર્થ્યના અભાવનું પરિણામ નથી, કિન્તુ બાહ્ય દૃશ્ય તથા આકૃતિનો અતિક્રમ કરીને અંતઃસ્થ ભાવ તથા સત્યનો પ્રકાશ કરવો એ જ વિશેષ ઉત્તમ છે એ પ્રમાણેના તેમના યૂરોપીયનોથી ભિન્ન ઉદ્દેશનું જ એ પરિણામ છે.” બાહ્ય આકૃતિ એ આભ્યંતર સત્યનું આવરણ હોવાથી તેને છદ્મવેશના નામથી ઓળખી શકાય તેમ છે અને તેથી એ છદ્મવેશના સૌન્દર્યમાં નિમગ્ન થઈને આપણે અંતરમાં જે કાંઈ ગુપ્ત રહેલું છે તેને સ્વીકારી કિંવા ગ્રહણ કરી શકતા નથી. અર્થાત્ એટલામાટે ભારતીય ચિત્રકારોએ ઇચ્છાપૂર્વક બાહ્ય આકૃતિનું પરિવર્તન કરીને આભ્યન્તર સત્યને પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કરેલો છે. ભારતીય ચિત્રકારોએ જે સુન્દર ભાવથી ચિત્ર કિંવા મૂર્તિના પ્રત્યેક અંગમાં તેમ જ ચતુર્દિશાના દૃશ્ય, આસન તથા વેશ આદિમાં માનસિક ભાવ કિંવા ઘટના અન્તર્ગત સત્યનો પ્રકાશ કરેલો છે તેના નિરીક્ષણથી આશ્ચર્યસ્તંભિત જ થવું પડે છે. ભારતીય ચિત્રવિદ્યાનો જો કોઇ પ્રધાન ગુણ તથા ચરમ ઉત્કર્ષ હોય તો તે એ જ છે. પાશ્ચાત્ય ચિત્રકારો મિથ્યા અનુભવમાં જ વ્યસ્ત થઈ ગયા છે અને તેઓ કેવળ છાયાના જ પરમ ઉપાસક કિંવા ભક્ત છે; પરંતુ આપણે પ્રાચ્યો નિત્ય વસ્તુના ભક્ત હોવાથી આભ્યંતર સત્યનું અનુસંધાન કરીએ છીએ; પાશ્ચાત્યો શરીરના ઉપાસક છે અને આપણે આત્માના ઉપાસક છીએ તેમ જ પાશ્ચાત્યો કેવળ નામ તથા રૂપની આ કાંક્ષાને જ હૃદયમાં સ્થાન આપનારા છે અને આપણે નિત્ય વસ્તુની પ્રાપ્તિ વિના અન્ય કોઈ પણ વસ્તુની પ્રાપ્તિથી સંતુષ્ટ થઈ શકતા નથી. પ્રાચ્ય તથા પાશ્ચાત્યોનો એ પ્રભેદ જેવી રીતે ધર્મ, દર્શન તથા સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે તેવી જ રીતે ચિત્રવિદ્યા તથા સ્થાપત્યવિદ્યામાં પણ સર્વત્ર પ્રકાશિત થયેલો સ્પષ્ટ દેખાઇ આવે છે અને એ સર્વથા સ્વાભાવિક છે,



સાધુ પૉલ્ રિશાર્ (રિચર્ડ્)

જોશી આર્ટ પ્રિંટીંગ વર્ક્સ, બજારગેટ, કોટ મુંબઈ.

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ--વિશ્વવિચાર

તૃતીય દલ—એશિયાનો ઉષઃકાળ

એશિયાનો ઉષઃકાળ+

૧ એશિયાની એકતા*

તમોએ કોઈ પણ પ્રકારના જાતીય ભેદનો વિચાર ન કરતાં અત્યારે પોતાના સમુદાયમાં મારો જે સત્કાર કર્યો છે તેમાટે હું તમારો ઉપકાર માનું છું.

આજની આ સભામાં મારી પોતાની તેમ જ કેટલાક વિદેશીય મિત્રોની ઉપસ્થિતિ પ્રમાણપુરઃસર એમ દર્શાવી આપે છે કે કેવળ જાતીય લાભ કિંવા સ્વાર્થ, તથા કેવળ એશિયાટિક્ લાભના ઉદ્દેશ કરતાં આ સ્થાનમાં કોઇ એક મહત્તર ઉદ્દેશની ભાવના વ્યાપેલી છે; એટલે કે, આ સ્થાનમાં કોઇ પણ પ્રકારના કોલાહલ વિના પ્રગતિના માર્ગમાં અગ્રેસર થયેલી રાષ્ટ્રીયતા કિંવા જાતીયતા તથા જાતિ, માનવ ઐક્યના મૂલ તત્ત્વ તથા જેને સમસ્ત માનવજાતિની નવીન તથા ભદ્રતર આશા કહી શકાય તેવા એક વિશ્વવ્યાપક હિતસંબંધનો સમાવેશ થયેલો છે, એમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી. આ સર્વ વસ્તુઓનો એશિયાના આકાશમાં ઉષા પ્રમાણે ઉદય થવા માંડયો છે અને એશિયાને જે ઉષઃ-કાળનો હું ઘોષણા સહિત પરિચય કરાવું છું તે ઉષઃકાળ એ જ છે; કારણ કે, મારા આત્માએ એશિયાના મહાન્ આત્મા સાથે મૈત્રીસંબંધ સાંધેલો છે.

+ ફ્રેંચ સાધુ પુરુષ પૉલ રિચર્ડે જાપાનમાં જ્યારે આ વ્યાખ્યાનો આપ્યાં હતાં; તે વેળાયે આ વ્યાખ્યાનો જાપાનીઓને જાપાની ભાષામાં અનુવાદ કરીને સમજાવવામાં આવ્યાં હતાં અને આ વ્યાખ્યાનોનો પછીથી શ્રીયુત અરવિન્દ ઘોષે જે અંગ્રેજી અનુવાદ કર્યો હતો તેનો આ ગુજરાતી ભાષામાં મુક્ત અનુવાદ કરવામાં આવ્યો છે.

* સાધુ પૉલ રિચર્ડે આ વ્યાખ્યાન ઈ. સ. ૧૯૧૯ ના માર્ચ માસની ૨૨ મી તારીખે ટોકિયોની "League for Racial Equality" ("જાતીય સામ્ય સમિતિ") ના એક સંમેલન સમક્ષ આપ્યું હતું.

વળી તમો જે ભિન્ન ભિન્ન જાતિઓના સામ્ય તથા ભ્રાતૃભાવનો ઉલ્લેખ કરો છો, તે શબ્દો ફ્રેંચ ભાષાના છે એનું વિસ્મરણ મારાથી કેવી રીતે કરી શકાય વારૂ? યૂરોપના સર્વ દેશોમાં જો દૃષ્ટિપાત કરવામાં આવે, તો રંગભેદ કિંવા વર્ણભેદને હૃદયમાં સ્થાન આપવાના વિસંગત કાર્યને સર્વ થાત્યાજ્ય ગણનાર અને પોતાની પાર્લામેન્ટ–પ્રતિનિધિ સભા–માં હબ્શી જાતિના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં ગૌરવ માનનાર મારો દેશ સર્વથી પ્રથમ અને એકલો જ ન હોતો કે શું? આપણી અહીંની ઉપસ્થિતિ એ વાર્તાના પ્રમાણરૂપ રહેવી જોઇએ કે ભૂતકાળ પ્રમાણે વર્તમાનકાળમાં પણ ફ્રાન્સ માનવ આદર્શના મૂલોત્પાદક પુરુષોનો દેશ રહેલો છે।

વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં પણ જો હું તમોને એવો ઉપદેશ આપું કે પૅરિસને પ્રાર્થના કરવાથી, પૅરિસની 'શાંતિસભા' ('Peace Cnference of Paris') તેમ જ પૅરિસની 'રાષ્ટ્ર-સમિતિ' ('League of Nations') ને વિનવવાથી કિંવા એવા અન્ય ઉપાયોથી તમો પોતાની ઇચ્છાઓ કિંવા આકાંક્ષાઓને સફળ કરી શકશો; એ માર્ગને સ્વીકારવાથી પોતાના જાતિભેદનો સદાને માટે અંત લાવી શકશો અને એ પદ્ધતિના આદરથી પોતાની જાતીય અયોગ્યતાનો અસ્ત કરી શકશો; તો એથી એમ જ સિદ્ધ થશે કે હું અસત્યવાદ કરૂં છું અને તમોને અસત્ય ઉપદેશ આપું છું; કારણ કે, જેમના સમક્ષ તમો પ્રાર્થના કરીને ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખતા હો, તેઓ ગમે તેવા અને ગમે તેટલા શક્તિસંપન્ન તથા સામર્થ્યશીલ હોય, તો પણ તમો તેમની પાસેથી જે વસ્તુને મેળવવાની ઇચ્છા રાખો છો તે વસ્તુને આપવાનું સામર્થ્ય તેમનામાં છે જ નહિ, એ તમારે નિશ્ચય-પૂર્વક માનવાનું છે.

શું તમારી એવી માન્યતા છે કે મનુષ્યોના અહંકાર તથા અજ્ઞાનનો પૅરિસ તથા પૅરિસની ઉપર્યુક્ત સંસ્થાઓ પોતાના એક દિવ્ય નિર્ણયથી નાશ કરી શકશે? કારણ કે, માત્ર જાતિઓના પરસ્પર તિર-

સ્કારયુક્ત ભેદભાવો જ નહિ, કિન્તુ અન્ય પ્રજાઓમાંના વર્ગ, જ્ઞાતિ, સંપ્રદાય તથા સ્ત્રીપુલિંગ આદિના આભ્યંતર ભેદભાવોનો ત્યાં પણ સંપૂર્ણ અધિકાર વ્યાપેલો છે. તમો એમ માની શકો છો ખરા કે માનુષ અન્યાયની માતૃરૂપિણી મૂઢતા કિંવા જડતાનું પોતાના એક જ શબ્દથી તેઓ નિર્મૂલન કરી શકશે? તમારો આત્મા તમને એમ માનવાની અનુમતિ આપે છે ખરો કે તમારૂં ધ્યેય જો તેમનાં ધ્યેયોને પોષક થઈ પડે તેવું નહિ હોય, તો તમારા ધ્યેય પ્રતિ તેઓ લેશમાત્ર પણ લક્ષ આપવાની ઉદારતા દર્શાવશે? કારણ કે, પોતાના સ્વાર્થસાધક વિચારોને જ આદર્શ સ્વરૂપ આપવામાં તેમના આદર્શવાદનો સમાવેશ થયેલો છે; એટલે કે, આદર્શ નામથી પોતાની અહંતા કિંવા સ્વાર્થપરાયણતાને ઢાંકી દેવી એ જ તેમના આદર્શવાદનો સત્ય અર્થ છે. એટલામાટે આવા પ્રકારની આશાને જો તમોએ પોતાના હૃદયોદ્યાનમાં પલ્લવિત કરી હોય, તો એ તમારી આશા ભાવિ નિરાશાને જન્મ આપનારી હોવાથી અન્ય ઉત્તમ તથા ફળદાયિની આશાને હૃદયમાં સ્થાન આપી શકાય એમાટે તમો એ અસત્ય આશાને હૃદયમાંથી સત્વર કાઢી નાખો; કારણ કે, એ અસત્ય આશાને દેશવટો આપી દેવામાં જ તમારૂં કલ્યાણ છે.

જરઠ યૂરોપ પાસેથી તમો શી વસ્તુને મેળવવાની આશા રાખો છો વારૂ? વસ્તુતઃ જે વસ્તુ યૂરોપ પાસે છે જ નહિ અને ‘નવીન આત્મા’ નામક જે વસ્તુ વાસ્તવિકતાથી તમારે જ યૂરોપને આપવાની છે; તે વસ્તુની યાચનામાટે તમો યૂરોપના દ્વારમાં એક ભિક્ષુક પ્રમાણે હસ્તદ્વય જોડીને ઊભા રહો, એ તમારામાટે ભૂષણાવહ નથી. યૂરોપને તેના રક્તકલંકયુક્ત જાતીય મિથ્યાભિમાનને ત્યાગી દેવાની પ્રાર્થના કરવી એ તમારૂં કર્ત્તવ્ય નથી; કિન્તુ એથી વિરુદ્ધ યૂરોપનો તેની એ સ્થિતિમાંથી ઉદ્ધાર કરવો એ જ તમારો ધર્મ છે. તમો પોતે યૂરોપને જે કાંઈ પણ આપવાનું સામર્થ્ય ધરાવતા હો, તે વિના અન્ય કોઈ પણ વસ્તુને તેની પાસેથી મેળવવાની અભિલાષાને અંતઃકરણમાં સ્થાન ન આપશો; તેના પાપમોચન તથા પુનર્જન્મ વિના તેની પાસેથી અન્ય કોઈ

પણ પદાર્થને પ્રાપ્ત કરવાની આશા ન રાખશો !

યૂરોપને પોતાને અત્યારે પોતાના ઉદ્ધારની આવશ્યકતા જણાવા લાગી છે, એ તમો જોઈ શકતા નથી કે શું ? અર્થાત્ તેની તિરસ્કારબુદ્ધિ તથા અસ્તાવ્યસ્તતારૂપ ગર્ત્તોમાંથી પ્રેમના ઉત્પાદનદ્વારા; અંધકારમાંથી આત્મપ્રકાશદ્વારા તથા મૃત્યુના પાશમાંથી પુનરુત્થાન કિંવા પુનર્જીવનદ્વારા યૂરોપને ઉદ્ધારી લેવાની આવશ્યકતા અનિવાર્ય થઈ પડી છે અને તેથી યૂરોપની ભૂમિ કોઇ યોગ્ય ઉદ્ધારકની પ્રતીક્ષા કરી રહી છે; કારણ કે, ભૂતકાળમાં જે યૂરોપ હતું તે હવે અત્યારે છે જ નહિ; અર્થાત્ યૂરોપ પોતાનાં પાપો તળે દટાઈ ગયું છે અને યૂરોપ જેવું હોવું જોઈએ તેવું તે અદ્યાપિ છે નહિ અને ક્યારે થશે એનો નિશ્ચય નથી. આ કારણથી યૂરોપની ભૂમિ એશિયાની આશાદર્શક દૃષ્ટિથી પ્રતીક્ષા કરી રહી છે; કારણ કે, આત્માનાં નવીન સ્વરૂપો કિંવા પ્રકાશ, પ્રેમ તથા જીવનના પ્રવાહો નિરંતર એશિયામાંથી જ આવતાં રહ્યાં છે અને ભવિષ્યમાં પણ એશિયામાંથી જ આવવાનાં છે, એ સત્ય નથી કે શું ? તેમ જ પ્રજાના ઉદ્ધારકો પણ નિરન્તર એશિયામાંથી જ આવ્યા છે અને ભવિષ્યમાં પણ તેઓ એશિયામાંથી જ આવવાના છે એ સર્વથા નિર્વિવાદ છે અને તેટલામાટે હું યૂરોપભૂમિનો પુત્ર આ સ્થાનમાં આવીને તમોને કહી રહ્યો છું કે, એશિયાને જાગ્રત કરો; એશિયાની નિદ્રાનો નાશ કરો !

એશિયાને બે પ્રકારે જાગ્રત કરો; કારણ કે, તમારે જેમને સિદ્ધ કરવાનાં છે તે તમારાં કાર્યો પણ બે છે અને તે ભૌતિક તથા આધ્યાત્મિક કાર્યો છે. એશિયાને સુવ્યવસ્થાવડે જાગ્રત કરો તેમ જ એકતાવડે પણ જગાડો; અને એ કાર્યની સિદ્ધિમાટે એશિયાની પ્રજાના સ્વામી નહિ; કિન્તુ સુહૃદ્ બની રહો. તેમની સાથે જાતીય ભેદને ધરાવતા અટકી જાઓ અને તેમની સાથે તેમને દાસ ગણીને તેમના સ્વામી સમાન નહિ, કિન્તુ તેમના સહોદર સમાન બંધુભાવથી વર્તતા રહો. એવી વ્યવસ્થા કરો કે જેના યોગે જેઓ દાસ હોય તેઓ દાસ્યના બંધનથી મુક્ત થઈ જાય અને તમારા બંધુ થઈ રહે. તેમની સાથે મળીને તેમનો

તથા તમારો એક પરિવાર બનાવી નાખો અને એશિયાની જાતીય સમિતિ કિંવા એશિયાનાં સંયુક્ત રાજ્યોના એક પ્રજાસંઘને સ્થાપી દો.

પરંતુ આ કાર્ય તમારાથી સિદ્ધ કરી શકાય એટલામાટે એથી પણ કાંઇક વિશેષ કરી બતાવો; કારણ કે, શરીરોની એકતા ત્યારે જ થઈ શકે છે કે જ્યારે તેમનો આત્મા એક હોય છે; અર્થાત્ એશિયાની ભૂમિમાં તેમ જ તમારા પોતામાં એકતાની સંવેદનાને જાગ્રત કરીને તથા પ્રત્યેક વ્યક્તિમાં એક આત્મા તથા પ્રત્યેક વસ્તુમાં એક વ્યક્તિનો સાક્ષાત્કાર કરીને એશિયાના આત્માને એક કરી નાખો; એટલે કે, એશિયામાં સર્વત્ર એકાત્માનો પ્રચાર કરી દો. એશિયાનો જો કોઇ પણ પવિત્ર અને એશિયા પાસેથી જેને યૂરોપ કદાપિ છીનવી શક્યું નથી તે ભંડાર હોય, તો એ જ છે. એ એશિયાનો આવિષ્કાર છે, એશિયાની આનુવંશિક સંપત્તિ છે અને એશિયાનું સ્વાભાવિક સત્ત્વ છે. એણે જ એશિયાને સત્ય શક્તિ તથા શાશ્વત મહત્તા સમર્પેલી છે; કારણ કે, બાહ્યવસ્તુવિજ્ઞાન કિંવા જડવિજ્ઞાન કે જે યૂરોપનું વિજ્ઞાન છે તેનામાં જો ક્ષણભંગુર તથા પોતાની પાછળ કેવળ ભગ્ન અવશેષોને મૂકી જનારી શક્તિ સમર્પવાનું સામર્થ્ય હોય, તો આભ્યંતરવસ્તુવિજ્ઞાન કિંવા અધ્યાત્મજ્ઞાન કે જે એશિયાનું વિજ્ઞાન છે તેનામાં શાશ્વત અને જેનો કદાપિ લોપ થતો નથી તેવા જીવન તથા સામ્યયુક્ત એકતાવડે માનવજાતિને મંડિત કરવાનું સામર્થ્ય રહેલું છે, એનું કદાપિ વિસ્મરણ થવા દેશો નહિ.

અને એ કારણથી પાશ્ચાત્ય સામ્રાજ્યો જ્યારે છિન્નવિચ્છિન્ન થઈ જાય છે ત્યારે પછી તેમના જીવનની આશા હોતી જ નથી અને એનું સજીવન પ્રમાણ એ છે કે યૂરોપનું એવું કયું પુરાતન સામ્રાજ્ય છે કે જે પોતાના અસ્તિત્વને ટકાવી શક્યું હોય? યૂરોપની અવસ્થા જ્યારે આવા પ્રકારની છે ત્યારે ભારતવર્ષ, ચીન તથા જાપાન આદિ પૌરસ્ત્ય દેશો આજે સહસ્રાવધિ વર્ષોથી પોતાના અસ્તિત્વને અવિચળ રાખી શક્યા છે એનું મૂળ કારણ એ છે કે એ પૌરસ્ત્ય દેશો એ અગાધ તથા પવિત્ર તેમ જ સત્ય જીવનના એકમાત્ર પ્રવાહને પોતામાં અખંડ

ભાવથી વહેતો રાખે છે અને એકતાની સંવેદનાથી વારંવાર પુનર્જીવનને પ્રાપ્ત કરતા રહે છે. ભાવિ વિશ્વનો સર્વ આધાર આની ઉપર જ રહેલો છે" એ નવીનતાથી કહેવાની આવશ્યકતા હોય એવી મારી માન્યતા નથી.

જુઓ, અત્યારની સર્વ પ્રજાઓ એ વસ્તુને મેળવવામાટેના પરિશ્રમમાં પડેલી છે અને તેમનામાંની પ્રત્યેક પ્રજા પોતાની પ્રતિમામાં એ વસ્તુને સજાવવાનો ઉદ્યોગ કરી રહી છે. કેટલાક લોકો, એટલે કે, વર્ત્તમાન સમયના વિજેતાઓ બળ તથા બળની અસમાનતાના પાયાપર એ આગારને રચવાની ઇચ્છા ધરાવે છે; કારણ કે, જે ભાવના કિંવા સ્વભાવપર તેઓ વિજય મેળવવા ઇચ્છે છે તે ભાવના કિંવા સ્વભાવની તો તેમને આનુવંશિકતાથી જ પ્રાપ્તિ થયેલી છે. અર્થાત્ તેઓ એના વિજેતા નહિ, કિન્તુ વિજિત કિંવા દાસો જ છે અને તેથી જ્યારે તેઓ શાંતિના વાદાનુવાદમાટે એકત્ર થાય છે તે વેળાયે યુદ્ધના સર્વ દેવો પણ તેમની સાથે વિરાજમાન થઈ જાય છે; કારણકે, તેમના અંતરમાં તો શાંતિના નામથી પોતાની અનિયંત્રિત સત્તાને સ્થાપવાનો જ ઉદ્દેશ સમાયલો હોય છે.

હવે અન્ય જનો એ મહતી અનિયંત્રિત સત્તાને પોતાની લઘુ સત્તાદ્વારા કેવા પ્રકારનું પ્રત્યુત્તર વાળે છે તે જુઓ. તેઓ રાજસત્તા, ધનાઢ્ય જનોની સત્તા તેમ જ અન્ય કોઈપણ પ્રકારની સત્તાનો વિરોધ કરે છે અને દીનરાજ્યને સ્થાપે છે; એટલે કે, તેઓ સ્વર્ગ તથા સમાનતાના રાજ્યને બળાત્કારથી હસ્તગત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે, એમ કહેવામાં કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય નથી. અર્થાત્ એટલામાટે એ કાર્યમાં તેમનું અનુકરણ કરવાને કિંવા તેમના અનુગામી થવાને તમો બંધાયલા છો એમ તમારે શામાટે માની લેવું જોઇએ વારુ ? મારો તો એવો જ અભિપ્રાય છે કે તેમના ઉદાહરણને સ્વીકારવાને બદલે તે સર્વને પોતાનો એક એવો દૃષ્ટાન્ત આપી દ્યો કે તેઓ જ તમારા દૃષ્ટાન્તને સ્વીકારનારા થઈ જાય. તમારા પોતામાં જ બન્ધુતા તથા માનવી એકતાના તેમ જ પ્રેમના તથા વ્યક્તિઓ, પ્રજાઓ, જાતિઓ તેમ જ સમસ્ત વિશ્વની દિવ્ય એકતાના મૂલ આધારને શોધી કાઢીને તેનું સર્વને શિક્ષણ આપો અને

વિશ્વને બતાવી દ્યો કે દિવ્ય એકતાની સ્થાપના આવી રીતે કરી શકાય છે.

આ પાયા ઉપર તમારી ઇમારતને આટલી ઊંચી ચણી લ્યો. એશિયાની ભાવિ સસ્કૃતિના આગારને નિર્માણ કરો. એવી સત્ય સમાનતાને સ્થાપી દ્યો કે જેમાં અમીર વર્ગનો પણ સમાવેશ થઈ જતો હોય, એવા સત્ય ન્યાયની સ્થાપના કરો કે જે ન્યાયસૌન્દર્યનો બહિષ્કાર કરતો ન હોય; એવા સત્ય પ્રજાતંત્ર કિંવા પ્રજાસત્તાત્મક રાજ્ય–Democracyને નિર્માણ કરો કે જે દિવ્ય ચિહ્નોને બહિષ્કાર આપવાની ધૃષ્ટતા ન દર્શાવે અને એવા 'ટેનોઈજ઼મ્'× ની સ્થાપના કરી દ્યો કે જેમાં પૃથ્વી તથા સ્વર્ગનું અખંડ સમેલન થયેલું જોઇ શકાય. સારાંશ કે, આવા પ્રકારના ઐક્યસામ્રાજ્યને નિર્માણ કરો; કારણ કે, માત્ર આવા પ્રકારના સામ્રાજ્યથી જ તમો જાતીય ભેદભાવની સત્તાનો સર્વનાશ કરી શકશો.

૨ એશિયાનું ભવિષ્ય*

આજથી એક માસ પૂર્વે જ્યારે મેં તમોને એમ કહ્યું હતું કે: "જેમના સમક્ષ તમો કાંઇક પણ મેળવવામાટેની ઇચ્છા દર્શાવી રહ્યા છો તેમની પાસેથી કોઈ પણ વસ્તુને મેળવવાની આશા રાખશો નહિ!" ત્યારે એમ કહેવામાં મેં કોઈ પણ પ્રકારનો પ્રમાદ કર્યો ન હોતો, એ કદાચિત્ હવે તમો પોતે પણ જાણી શકયા હશો. પરંતુ ત્યારપછી

× જાપાની ભાષામાં ટેનો શબ્દનો અર્થ સ્વર્ગનો રાજા થાય છે અને ટેનોઇજ઼મ–Tennoism–એટલે સ્વર્ગીય કિંવા ઈશ્વરીય સત્તા એવો અર્થ સ્વાભાવિક નિષ્પન્ન થઇ જાય છે. અર્થાત્ 'ટેનોઈજ઼મ' આપણા 'રામરાજ્ય'-નો સમાનાર્થવાચક શબ્દ છે એ સ્પષ્ટ હોવાથી એના અધિક વિવેચનની આવશ્યકતા નથી. અનુવાદક

* સાધુ પૉલ રિચર્ડે આ વ્યાખ્યાન ઇ. સ. ૧૯૧૯ ના એપ્રિલ માસની ૨૪મી તારીખે ટોકિયોની "League for Racial Equality" ("જાતીય સામ્ય સમિતિ") ના એક સંમેલન સમક્ષ આપ્યું હતું.

જ્યારે તમોએ પુનઃ એક વાર તમારા સમક્ષ વ્યાખ્યાન કરવામાટેનો મને આગ્રહ કર્યો એટલે આજે હું તમોને એ ઉપદેશ સંભળાવવામાટે આવ્યો છું કે: " તમારા પોતા પાસેથી જ અને ભવિષ્યકાળ પાસેથી જ પ્રત્યેક વસ્તુને પ્રાપ્ત કરી લેવાની આશાને હૃદયમાં દૃઢતાથી ધારણ કરી લ્યો ! "

શું તમો એ નથી જોઈ શકતા કે આ અખિલ વિશ્વમાંની તથા વિશ્વમાં વસતી સર્વ પ્રજાઓમાંની સર્વ વસ્તુઓ નવીન બનાવવા-માટેની તૈયારી થઈ ચૂકી છે? વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં જેઓ પોતાને નવીનતાથી પુનર્જીવિત કરવાની વાર્તાનો અનાદર કરતા હોય, તેઓ ધિક્કારને પાત્ર છે; કારણ કે, એ નવીનતાને ન સ્વીકારીને તેઓ વિનાશના દ્વારમાં જ પ્રવેશ કરે છે; તેમ જ જેઓ ન્યાયપરાયણ તથા દૃઢચિત્ત નથી તેઓ પણ ધિક્કારને પાત્ર છે; કારણ કે, તેઓ પ્રથમથી જ તિરસ્કૃત થયેલા છે. શું તમો એ નથી જોઈ શકતા કે ભૂતકાળ મૃત્યુને આધીન થતો જાય છે; કિંબહુના તેના જીવનનો ક્યારનોય અંત થઈ ચૂક્યો છે; અને તેનું જો કાંઈ પણ ચિહ્ન અવશિષ્ટ રહ્યું હોય, તો તે કેવળ તેનો આકાર તથા તેની છાયા જ છે; એટલે કે, આવતી કાલે તેના અવશેષો વિના અન્ય કાંઈ પણ અવશિષ્ટ રહેવાનું નથી? અને તમો આવા મૃત ભૂતકાળ પાસેથી ન્યાયની આશા રાખો છો? સમાનતા, બંધુભાવ અને જાતિઓની એકતા આદિ ભવિષ્યકાળની વસ્તુઓને તમોએ એ મરણાધીન ભૂતકાળ પાસેથી યાચેલી છે? અર્થાત્ જો એમ જ હોય, તો એ મૃત ભૂતકાળ તથા એ ભૂતકાળના પ્રતિ-નિધિઓપાસેથી એ વસ્તુઓને યાચવામાં તમોએ મહાભારત પ્રમાદ કર્યો છે; કારણ કે, આદર્શો એ ભૂતકાળના પ્રતિનિધિઓને માત્ર ત્યારે જ આકર્ષી શકે છે કે જ્યારે તે આદર્શોમાં તેઓ પોતાના સ્વાર્થનો સાક્ષાત્કાર કરે છે. તેઓ જ્યારે બળહીન થઈ જાય છે ત્યારે જ સત્યના સેવક બની જાય છે અને જ્યારે અન્યાયનો દંડ નથી ચલાવી શકતા ત્યારે જ માત્ર ન્યાયશીલ થઈ જાય છે.

અર્થાત્ ભૂતકાળને અનન્ત નિશાની દિશામાં પ્રવાસ કરવાને ત્યાગી દ્યો અને તમારી દૃષ્ટિને ભવિષ્યકાળમાં સ્થિર કરી દ્યો; તથાપિ એટલું અવશ્ય લક્ષમાં રાખજો કે ભવિષ્યકાળ તે ભૂતકાળની નૂતન સંસ્કૃતિ છે. અર્થાત્ જેઓ તમારા કરતાં દુર્બલ હોય તેમની સાથે એવો કોઈ પણ વ્યવહાર ન રાખશો કે જેને સુધારવાનો ભાર ભવિષ્યકાળના શિરપર આવી પડે. જ્યારે પણ અન્યાય કરવામાં આવે છે ત્યારે જો કોઈ વસ્તુતઃ દયાજનક હોય, તો તે અન્યાયને સહી જનાર નહિ, કિન્તુ અન્યાયનો આચરનાર જ છે; કારણ કે, તે અન્યાયકર્ત્તા પોતાના ભવિષ્યકાળને પોતાથી વિચ્છિન્ન કરી નાખે છે, ભવિષ્યકાળને મહાશત્રુ બનાવી દે છે અને પોતે પોતાના હસ્તથી જ પોતાના દંડભોગની તૈયારી કરે છે.

એટલામાટે આજે તમોને જે અન્યાય આપવામાં આવે છે તે અન્યાયથી જેની દયાજનક અવસ્થા થયેલી કહી શકાય તે વ્યક્તિઓ તમો નથી; અર્થાત્ ઉદિત ભાનુનાં સંતાનો કિંવા જેમના સમક્ષ ઉષઃકાળનો ઉદય થઇ રહ્યો છે તે તમો દયાજનક સ્થિતિમાં નથી આવી પડ્યા; કિન્તુ દયાજનક સ્થિતિ તો અન્ય જનોની છે કે જેઓ અસ્ત પામતા સૂર્યનાં સંતાનો છે અને જેઓ અત્યારે પોતાના સૂર્યને અને ગગનમંડળપર્યન્ત વિસ્તરેલી પોતાની વિજયશાલિતાને અસ્તંગત થતાં નિહાળી રહ્યાં છે! વસ્તુતઃ જો કોઇને પણ લજ્જાથી મુખને છુપાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય, તો તે પ્રસંગ રંગવાળી જાતિઓનાં સંતાનોને પ્રાપ્ત થયો નથી; પરંતુ તે જાતિના સંતાનોને પ્રાપ્ત થયેલો છે કે જે જાતિ કેવળ ચર્મથી જ અદ્યાપિ શ્વેત છે; જે જાતિ તપશ્ચર્યાના પરિણામે અર્ધપાપનિવૃત્ત થયેલી છે અને નરકભોગ કિંવા પ્રાયશ્ચિત્તના યોગે અદ્યાપિ અર્ધશુદ્ધ જ થઇ શકી છે.

આ જાતિ પોતાને **ક્રિશ્ચિયન્** નામથી ઓળખાવે છે અને **એશિ**યાના એક સુપુત્રની સેવા તથા પૂજા કરે છે; છતાં આશ્ચર્યનો વિષય એ છે કે જો **એ**શિયાના તે સુપુત્ર એટલે કે **જેજ઼સ્ ક્રાઇસ્ટ્**નું અત્યારે આ વિશ્વમાં પુનરાગમન થાય, તો એક 'ગૃહસ્થ' તરીકે ગણાવામાટે

'ડૉલર્સ્'ની આવશ્યકીય સંખ્યા તેની પાસે ન હોવાથી અમેરિકા તેનો બહિષ્કાર કરી નાખે, એ સર્વથા નિશ્ચિત છે; જો તે એક વિદેશીય ભાષા વિષયક પરીક્ષામાં ઉત્તીર્ણ ન થઇ શકે, તો ઑસ્ટ્રેલિયામાં તેનો પ્રવેશ થવો અશક્ય થઈ પડે અને દક્ષિણ આફ્રિકાના ઉપનિવેશોમાં તો વળી ક્રાઇસ્ટ પોતે એશિયાવાસી હોવાથી ક્રિશ્ચિયન્ યૂરોપીયન્ સાથે ટ્રામમાં પણ તેનાથી ન બેસી શકાય, એવી સ્થિતિ અત્યારે ઉપસ્થિત થયેલી છે. અર્થાત્ અત્યારની પરિસ્થિતિમાં જો ક્રાઇસ્ટનું પુનરાગમન થાય તો તેના પોતાના અનુયાયિસમુદાયદ્વારા તેનો આવા પ્રકારનો સત્કાર થવાનો સંભવ છે! અને જેને કદાચિત્ જંગલી લોકોની અથવા અસભ્ય કિંવા નિષ્ઠુર લોકોની સભ્યતા કહી શકાય, તેને તેઓ સંસ્કૃતિ–Civilisation–ના નામથી ઓળખે છે અને ઓળખાવે છે!

આવા પ્રકારે પરસ્પર આદરબુદ્ધિનો અભાવ, પારસ્પરિક ભાવનાઓને સમજવાની ન્યૂનતા તેમજ અહંકારમયી તથા અજ્ઞાનમયી મૂર્ખતા આદિ કોઇ પણ જાતિ કિંવા પ્રજાની અસભ્યતાને દર્શાવનારાં લક્ષણો મનાય છે અને એ લક્ષણો અત્યારે યૂરોપીયન્ જાતિઓમાં પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. અભિમાની કિંવા અહંકારી મનુષ્ય સમાન કોઇ મૂર્ખ નથી અને અજ્ઞ મનુષ્ય સમાન કોઈ અહંકારી નથી હોતું, એવો એક નિયમ છે. જ્યારે પૌરસ્ત્યો પાશ્ચાત્યોને તિરસ્કારની દૃષ્ટિથી નિહાળતા હતા તે વેળાએ તમો પૌરસ્ત્યો અસભ્ય કિંવા જંગલી હતા અને અત્યારે અમારી પાશ્ચાત્ય જાતિઓ પૌરસ્ત્ય જાતિઓને ધિક્કારતી હોવાથી અસભ્ય કિંવા જંગલી નામને પાત્ર થયેલી છે, એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી. અર્થાત્ જ્યાં સુધી યૂરોપ પોતાની માતા એશિયાભૂમિને હીન માનવાના અપરાધથી મુક્ત થવાનો પાઠ ન શીખે ત્યાં સુધી યૂરોપની ભૂમિ પોતાને કદાપિ સુસભ્ય કિવા સુસંસ્કૃત ભૂમિ તરીકે ઓળખાવી શકે તેમ છે જ નહિ.

સમસ્ત યૂરોપની વસ્તુસ્થિતિ વર્ત્તમાન સમયમાં આવા પ્રકારની હોવા છતાં હું તમોને પુનઃ એક વાર એ વાર્ત્તાનું સ્મરણ કરાવવા ઇચ્છું છું

કે જે સત્યપ્રિય **ફ્રાન્સ્** દેશે એક સમયમાં મનુષ્યાધિકારના શાસનપત્રની ઘોષણા કરી હતી અને મારી આશા અનુસાર જેનો આદર્શ શબ્દ ભવિષ્યમાં એક વાર એ જ પ્રમાણે સમસ્ત પ્રજાઓના અધિકારોના શાસન-પત્રની પણ અવશ્ય ઘોષણા કરશે જ; તે મારો **ફ્રાન્સ્** દેશ આ અધમ અપરાધ કિંવા પાપના સંબંધમાં **યૂ**રોપના અન્ય દેશો કરતાં ન્યૂન અપરાધી છે, એ નવીનતાથી કહેવાની આવશ્યકતા છે જ નહિ. અર્થાત્ એ માનવજાતિ વિષયક તિરસ્કાર બુદ્ધિ અને રંગ વિષયક ભેદભાવના અપરાધમાં **ફ્રાન્સ્**નો જે ભાગ છે તે **યૂ**રોપના અન્ય દેશો કરતાં બહુ ન્યૂન છે, એટલો જ મારા કથનનો આશય છે. સારાંશ કે, જે વેળાએ **ફ્રાન્સ્** દેશ સત્યના માર્ગમાં આગળ વધતો હોય છે, તે વેળાએ તેનો આત્મા એટલી સીમાપર્યન્ત ઉન્નત થયેલો હોય છે અને તેની બુદ્ધિમાં ઉદારતાનો એટલી સીમા પર્યન્ત વિકાસ થયેલો હોય છે કે તેના યોગે કોઇને પણ ધિક્કારવાના દુર્ગુણનો તેનામાંથી સર્વથા લોપ જ થઇ જાય છે; એટલે કે તે કોઇને પણ ધિક્કાર કિંવા તિરસ્કારની દૃષ્ટિથી જોતો નથી, **ફ્રાન્સ**ની એ ઉદાર બુદ્ધિનો એટલાથી જ તમોને સાક્ષાત્કાર થઈ શકશે કે જે લોકો બીજાઓ પાસેથી અત્યન્ત ઉદારતાને મેળવવામાટે મંથન કરી રહ્યા છે; એટલે કે, **એ**શિયાના લોકો પાસે પોતાના પ્રવેશમાટે **એ**શિયાનાં દ્વારોને મુક્ત રખાવવાના પ્રયત્નો કરી રહ્યા છે છતાં તમો **એ**શિયાવાસીઓના પ્રવેશમાટે પોતાનાં દ્વારોને તો જે લોકોએ બંધ જ રાખેલાં છે, તે લોકોના નિકટમાં એટલે કે **ઓ**શીયાનિયા-Oceania-નામક દ્વીપોમાં જે કેટલાંક **ફ્રેં**ચ્ નગરો તથા બંદરો આવેલાં છે તે **ફ્રેં**ચ્ નગરો તથા બંદરોમાં કોઈ પણ પ્રકારના જાતીય ભેદભાવની ભીતિ વિના નિઃસંકોચ હૃદયવડે તમારાથી ગમે ત્યારે પ્રવેશ કરી શકાય તેમ છે. **ફ્રાન્સ**નું સ્વામિત્વ ધરાવતા **સો**સાયટી નામક દ્વીપોમાં જાઓ, **ત**હેટીમાં જાઓ, **પે**પીટીમાં પ્રયાણ કરો, **મા**ર્કિવસાસમાં પધારો, **ન્યૂ કે**લેડોનિયામાં પદસંચાર કરો અથવા **પોર્ટ** ઑફ્ **ફ્રાન્સ્**માં પ્રવેશો, તો તે સર્વ સ્થાનોમાં **ફ્રાન્સ્**ના નામથી બંધુ કિંવા મિત્ર કરતાં પણ અધિક પ્રેમપૂર્વક તમારો આદરસત્કાર કરવામાં

આવશે. અર્થાત્ ત્યાં તમારા નિરાદરનો લેશમાત્ર પણ સંભવ નથી.

પરંતુ આ ઉદ્ગારો કાઢતાં એ તો હું સ્વીકારૂં છું કે આ રોગનિવારણનો યથાર્થ ઉપચાર નથી, કિન્તુ એક આશ્વાસનમાત્ર છે અને તમો અહીં કેવળ આશ્વાનથી જ પોતાને સંતુષ્ટ કરી લેવામાટે નથી આવ્યા, કિન્તુ એથી કોઈ ભિન્ન અને અધિકફલદાયિની વસ્તુને મેળવવાની આશાથી જ અહીં પધાર્યા છો. ત્યારે હવે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, તમો હવે કયા માર્ગને સ્વીકારવા માગો છો અને અત્યારની ઘટનાનું શું ઉત્તર વાળવાની તમારી ઇચ્છા છે ? તમારામાંના અધિકસંખ્ય લોકો એ રહસ્યને સમજી ગયા છે કે 'જાતિસંઘ કિંવા પ્રજાસંઘ –League of Nations–માંથી કોઈ પણ પ્રકારના વિલંબ વિના પૃથક્ થઇ જવું એ જ આપણામાટે અધિક શ્રેયસ્કર છે' એ હું જાણું છું અને તેથી મારો પણ તમને એ જ ઉપદેશ છે કે જો તમો પોતાના આ નિશ્ચયને દૃઢતા પૂર્વક વ્યવહારમાં યોજી બતાવશો તો પૅરિસ્માં તમારા પ્રતિનિધિઓદ્વારા રજૂ કરાયલા સંશોધન વિષયક પ્રસ્તાવો–Amendments–નો જેમણે અસ્વીકાર કરેલો છે તેઓ અવશ્ય પાછા પડી જશે; કારણ કે, તમારામાં આટલી સીમાપર્યન્ત આગળ વધવાનું આત્મબળ રહેલું છે એ રહસ્યનો તેમને ભાસમાત્ર પણ થયો હોત, તો તેમણે તમારા સંબંધમાં જે મત આપ્યો છે તેથી સર્વથા ભિન્ન પ્રકારનો જ મત આપ્યો હોત, એ સર્વથા નિઃસંશય છે.

પરંતુ જો સત્યના પ્રકાશમાટે હું મારા અભિપ્રાયને સવિનય દર્શાવું, તો મારી તો એવી જ માન્યતા છે કે એ પ્રશ્નને કોઈ પણ પ્રકારનું વિશેષ મહત્ત્વ આપવાની કશી આવશ્યક્તા જ નથી; કારણ કે, એ જાતિઓ અથવા પ્રજાઓનો સમુદાય અથવા અન્ય શબ્દોમાં કહેવામાં આવે, તો ઘેટાંના ચર્મવડે આચ્છાદિત વરૂઓનો સંઘ તમોને પોતાસાથે ભેળવીને કિંવા તમોને પોતાના સંઘથી ભિન્ન રાખીને પણ દીર્ઘ જીવનને ધારણ કરી શકે એમ મને તો નથી જ દેખાતું. એ પ્રજાસંઘે પોતાની ઇચ્છાથી જ પોતાના અનુયાયિજનોની અલ્પ સંખ્યા રાખી છે કે પછી અનુયા-

યિજનોની વિશાળ સંખ્યાને મેળવવામાટેની તેની ઇચ્છા હોવા છતાં તેને અનુયાયિજનોની ઇચ્છિત સંખ્યા મળી શકી નથી, એ મારાથી જો કે કહી શકાય તેમ નથી; તથાપિ એ તો સ્પષ્ટ દેખાય છે કે એ પ્રજાસંઘના અનુયાયિજનોની સંખ્યા અત્યન્ત અલ્પ કિંવા સ્વલ્પ છે. એ કહેવાતા પ્રજાપક્ષાવલંબી સંઘમાં જો કિંચિદ્ અધિક નિષ્કપટતા હોત, તો પોતાના એ સંઘને અવશ્ય તેમણે 'સમસ્તસત્તાધીશ સમુદાય' કિંવા 'અનન્ય વિધાયકોનો સંઘ' એવું અથવા એવા જ અર્થને દર્શાવનારૂં કોઇ બીજું જ નામ આપ્યું હોત, એ સર્વથા નિર્વિવાદ છે. અર્થાત્ જો એ પ્રજાસંઘ સજીવન રહેશે, તો હેગમાં રશિયાના જારે જે 'શાન્તિનિકેતન' નામક મહાલય ચણાવ્યો હતો અને જે મહાલય પોતાના નામથી સર્વથા વિપરીત અર્થને એટલે કે શાન્તિને બદલે ભયાનક યુદ્ધને દર્શાવનારો હતો, તે મહાલય કિંવા શાન્તિમન્દિરનામધારી અશાન્તિ–મન્દિરથી પણ અધિક ભયંકર થઇ પડશે અને જે યુદ્ધોએ અદ્યાપિ ભાગ્યે જ જેવી ભીષણતાથી માનવજાતિનો સંહાર કર્યો હશે, તેવાં અશ્રુતપૂર્વ માનવજાવિધ્વંસક ભયાનક યુદ્ધોનું સૂચન કરતો રહેશે એમાં કોઇ પણ પ્રકારનો સંશય છે જ નહિ; કારણ કે, જે અત્યન્ત શ્રેષ્ઠ હોય તેની ભ્રષ્ટતા કરી નાખવી એના જેવું નિકૃષ્ટ કૃત્ય અન્ય કોઈ પણ નથી અને જ્યાં સુધી મનુષ્યોનાં હૃદયોનું પરિવર્ત્તન નથી થયું ત્યાં સુધી જે સંસ્થાઓ સર્વોત્કૃષ્ટ મનાય છે તે સર્વથા અસત્ય અને મિથ્યાવાદપરિપૂર્ણ છે, એ નવીનતાથી કહેવાની લેશમાત્ર પણ આવશ્યકતા હોય એવી મારી માન્યતા નથી.

વસ્તુસ્થિતિ સર્વથા આવા પ્રકારની હોવા છતાં પણ મારે એટલું તો કહેવું જ પડે છે કે અન્ય કોઈ પણ પ્રકારનો ત્યાગ તેમ જ એ પ્રજાસંઘનો ત્યાગ પણ જે પ્રશ્ન તમારા સમક્ષ આવી પડયો છે તે પ્રશ્નના સંપૂર્ણ નિર્ણયરૂપ નથી; કારણ કે, એ કેવળ અભાવાત્મક નિર્ણય છે અને અભાવાત્મક નિર્ણયથી ભાવાત્મક કાર્યની કદાપિ સ્થાપના કરી શકાતી નથી. અર્થાત્ જેની અત્યારે તમો ઉપાસના કરી રહ્યા છો તે તમારો

વાસ્તવિક આદર્શ હોય અને તેમાં વ્યક્તિગત સ્વાર્થનો સંપર્ક ન હોય, તો તમારે પોતાના તે આદર્શનો સાક્ષાત્કાર કરવો જોઇએ અને જે પ્રજાઓ પોતાનાં નામ, ભાષા તથા ઇતિહાસને ધરાવનારી છે તે ધોળી, પીળી, કાળી અને રાતી તેમ જ લઘુ કિંવા બૃહત્ સર્વ પ્રજાઓના એક સત્ય સંઘને કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના તમારે નિર્માણ કરવો જોઇએ; કારણ કે, તમારા કાર્યની સિદ્ધિનો એ જ એક રાજમાર્ગ છે અને એ માર્ગમાં અગ્રેસર થવાથી જ તમારા કાર્યની સિદ્ધિ થવાની છે. વસુંધરામાં વસતી શતાવધિ પ્રજાઓના મહત્ કુટુમ્બના પ્રાથમિક પરિપૂર્ણ પુનર્યોગની સિદ્ધિમાટે માનવજાતિની એક મહાસભાને રચો એટલે તે મહાસભામાં સત્ય ન્યાયદેવતા તથા સત્ય શાન્તિ અંતે આવીને વિરાજમાન થશે. જો વાસ્તવિક મહત્તાને મેળવવાની જ તમારી આકાંક્ષા હોય, તો આ મહત્ કાર્ય કિંવા ભાવિવિજયની સિદ્ધિને મેળવવામાટે સર્વથા સજ્જ થઇ રહો; (અભાવાત્મક કાર્યક્રમને ત્યાગીને ભાવાત્મક કિંવા રચનાત્મક કાર્યક્રમમાં સંલગ્ન થાઓ!); કારણ કે, સિદ્ધિની સત્ય દિશા એ જ છે.

અને એ તૈયારીને આરંભવાનું મંગળાચરણ સર્વથી પ્રથમ એશિયામાં જ કરો; કારણ કે, એ જ તમારી ઉન્નતિના આરંભનો ઉચિત માર્ગ છે. એશિયાની સ્વાધીન જાતિઓ કિંવા પ્રજાઓની એક મહાસભાને એકત્ર કરો; કારણ કે, એશિયાની સર્વ જાતિઓ કિંવા પ્રજાઓમાટે મુક્ત કિંવા સ્વતંત્ર થવાનો સમય હવે નિકટમાં આવી લાગ્યો છે અને તેથી નિકટના ભવિષ્યકાળમાં એશિયાની સર્વ પ્રજાઓ સ્વતંત્ર થવી જ જોઇએ. અર્થાત્ જ્યાં સુધી અન્ય પ્રજાઓ પરતંત્રતાની શૃંખલામાં જકડાયલી રહેશે, ત્યાં સુધી કોઇ પણ પ્રજા વાસ્તવિક અર્થની દૃષ્ટિથી સ્વતંત્ર થવાની નથી. જ્યાં સુધી સર્વ પ્રજાઓનાં માન તથા પ્રતિષ્ઠાની સમાન ભાવથી રક્ષા નહિ થાય, ત્યાં સુધી કોઈ પણ પ્રજા વસ્તુતઃ માન તથા પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરી શકવાની નથી અને તેટલામાટે જો તમો પોતે સન્માનભાગી થવા ઇચ્છતા હો, તો પ્રથમ જેથી અન્યના સન્માનની રક્ષા થાય તે પ્રમાણે વર્તો અને સર્વ પ્રજાઓને એક દિવસ સર્વથા સ્વતંત્રતાના સુમનોદ્યાનમાં

વિહરતી જોવાની જ જો તમારા હૃદયમાં આકાંક્ષા હોય, તો જેમને તમોએ દાસત્વની શૃંખલામાં જકડી રાખ્યાં હોય તેમને તેમની સ્વતંત્રતા પાછી આપીને તમો પોતે વાસ્તવિક મુક્ત થઈ જાઓ; કારણ કે, અન્યનાં બંધનોને અવિચળ રાખવાં તે પોતાને જ શૃંખલાબદ્ધ કિંવા પરતંત્ર કરી રાખવા સમાન છે, એ ત્રિકાલાબાધ્ય સત્યનું કદાપિ વિસ્મરણ થવા દેશો નહિ.

પ્રથમ એશિયાની રક્ષા કરવી અને તેની રક્ષાના યોગે પોતાની રક્ષા કરવી એ જ એક તમારા પારતંત્ર્યરોગના નિવારણનો સત્ય અને રામબાણ ઉપચાર છે. જો તમો એશિયાને સુરક્ષિત રાખી શકશો; તો તેના યોગે તમારામાં સમસ્ત વિશ્વના ઉદ્ધારનું સામર્થ્ય આવી જશે; કારણ કે, સમસ્ત સૃષ્ટિનો સંચાલક આત્મા એશિયામાં જ નિવાસ કરી રહેલો છે. એશિયાની અભિનવ સંસ્કૃતિના પ્રચંડ પ્રાસાદને નિર્માણ કરવો, એ જ તમારા ધ્યેયની સફળતાનો સત્ય માર્ગ છે; કારણ કે, સમસ્ત વિશ્વની આશા એશિયામાં જ આવીને કેન્દ્રીભૂત થયેલી છે. આ એક-માત્ર માર્ગના અવલંબનથી જ આજનાં શોક તથા અપમાન આદિ જે યશસ્વિતા કિંવા વિજયશાલિતા તમારૂં આવ્હાન કરી રહી છે તે યશ-સ્વિતાજન્ય આનન્દમાં વિલીન કિંવા અદૃશ્ય થઈ જશે, એ તમારે દૃઢતા-પૂર્વક માનવાનું છે.

૩ જાપાનનું કર્તવ્યક્ષેત્ર*

ઇ. સ. ૧૯૧૯ ના ફેબ્રુઆરી માસની ૨૩ મી તારીખે એક મહાન્ રણશૂર યોદ્ધા અને એક મહાન્ ફ્રેંચ્ ગૃહસ્થ કે જેનું નામ અત્યારે વિશ્વવિખ્યાત છે તે માર્શલ પેતૅં–Petain–એ જાપાની સમા-ચારપત્રોના પાંચ પ્રતિનિધિઓને સંબોધીને કર્નલ કોબાયાશી સમક્ષ

* સાધુ પૉલ્ રિચર્ડ જાપાનના ટોકિયો નગરમાં આ વ્યાખ્યાન ઇ. સ. ૧૯૧૯ ના એપ્રિલ માસની ૨૬ મી તારીખે આપ્યું હતું અને તે વેળાયે શ્રોતાઓનો પ્રચંડ સમુદાય એકત્ર થયો હતો.

આ પ્રમાણેના ઉદ્‌ગારો કાઢ્યા હતા: " જે જડવાદની ઉપાસનાથી જર્મનીએ સર્વથા પોતાની નિર્બળતાને જ સિદ્ધ કરી બતાવી છે તે જડવાદને જાપાને ત્યાગી જ દેવો જોઈએ અને પોતાના ઐતિહાસિક આદર્શવાદ કિંવા ચેતનવાદનો વિકાસ કરવો એમાં જ જાપાનનું કલ્યાણ છે."

જે નિમંત્રણ આજે તમોએ મને મોકલ્યું છે તેના પ્રત્યુત્તરમાં હું અત્યારે એ શબ્દના કિંવા ફ્રાન્સના સંદેશના પ્રતિધ્વનિને લઈને તમારા સમક્ષ ઉપસ્થિત થાઉં છું; કારણ કે, આજે માર્શલ ફૉશે તેના તેમ જ મારા પોતાના મુખદ્વારા ફ્રાન્સ્ તમોને ઘોષણા કરીને જણાવે છે કે: " જેમનું આકર્ષણ મનુષ્યને અંધકારમયી ગર્ત્તામાં ઘસડી જાય છે તે નારકીય વસ્તુઓ છે એટલે જો સ્વર્ગને મેળવવાની તમારી આકાંક્ષા હોય, તો ઊર્ધ્વ દૃષ્ટિ રાખો અને સ્વર્ગીય વસ્તુઓ પ્રતિ આકર્ષાઓ !" માત્ર એટલું જ નહિ, પણ જર્મની પણ પોતાની કબ્રના મહનતમ ભાગમાંથી એ જ ઉપદેશ આપે છે કે: " લક્ષ્મીનો લોભ માનવજાતિને અવશ્ય વિનાશની ગર્ત્તામાં જ ખેંચી જાય છે અને જડ શક્તિનો ગર્વ અંતે માનવજાતિને મૃત્યુમાર્ગની પ્રવાસિની બનાવી દે છે !" જે વિશ્વવ્યાપક યૂરોપીય મહાવિગ્રહરૂપ મહદ્ નાટકનું તમો ચાર ચાર વર્ષ પર્યન્ત નિરીક્ષણ કરતા રહ્યા છો, જે મહાવિગ્રહના પરિણામે એક બે નહિ કિન્તુ વીસ પ્રજાઓ પોતાના અસ્તિત્વને ખોઈ બેઠી છે અને જે કહેવાતી સભ્યતાએ સમસ્ત વિશ્વને પોકલત્વમાં પછાડી નાખ્યું છે તેથી તમારે જે એક મહાન્ પાઠ શીખવાનો છે તેનો કેવળ એક જ શબ્દમાં સમાવેશ થઈ જાય છે અને તે શબ્દ '**આદર્શ**' છે. તે **આદર્શ**ને અનુસરો; કારણ કે, ઉત્કર્ષનો જો કોઈ નિશ્ચિત, વ્યવહાર્ય તથા સત્ય કિંવા વાસ્તવિક ધ્યેય તથા માર્ગ હોય, તો તે એ જ એકમાત્ર માર્ગ છે, એ તમારે નિઃસંશય માની લેવાનું છે.

ચાલો ત્યારે હવે આપણને આપણા હૃદયક્ષેત્રમાં આશાતરુના બીજનું આરોપણ કરવા દો અને જેને જાપાન પોતાના લાભમાટે વ્યવહારમાં યોજી શકે અને ઉદાહરણરૂપ એક ઉપહાર તરીકે સમસ્ત વિશ્વને પણ

તેનાથી જે આપી શકાય તેવા કોઈ એક ઉત્કૃષ્ટ કાર્યક્રમની આપણને કલ્પના કરવા દો. એ કાર્યક્રમ એશિયાની નૂતન સંસ્કૃતિનો છે. જ્યારે કોઇ મનુષ્ય એશિયાની સંસ્કૃતિના સંબંધમાં કાંઈ બોલે છે એટલે તે સાંભળીને યૂરોપના લોકો સ્કંધને ધૂણાવી પોતાના તિરસ્કારને દર્શાવે છે; કારણ કે, જે વર્ત્તમાન યૂરોપીય સંસ્કૃતિએ માનવજાતિને દાનવજાતિના રૂપમાં ફેરવી નાખી છે અને સ્વર્ગોપમ વિશ્વને નરકના રૂપમાં પરિણત કરી નાખ્યું છે તેના કરતાં કોઈ વિશેષ પરિપૂર્ણ તથા અત્યંત ઉત્કૃષ્ટ સંસ્કૃતિ હોવાનો સંભવ છે એની તેઓ કલ્પનામાત્ર પણ કરી શકતા નથી. છતાં આશ્ચર્યનો વિષય એ છે કે તેમની એ સંસ્કૃતિના સ્થાનને એ અન્ય સંસ્કૃતિએ અધિકૃત કરવું જ જોઇએ એવો અવસર આવી લાગ્યો છે; કારણ કે, તેઓ પોતાની વિઘાતક સંસ્કૃતિને સજીવન રાખવા-માટે પોતાની ઇચ્છાનુસાર ગમે તેટલા પરિમાણમાં અકાંડ તાંડવ કર્યા કરે, પરંતુ તેમની એ સંસ્કૃતિનો જે મૃત્યુલેખ લખાઈ ચૂક્યો છે તે મિથ્યા નથી જ થવાનો! ત્યારે હવે એ સંસ્કૃતિના સ્થાનમાં અન્ય સંસ્કૃતિને સ્થાપવાના સંબંધમાં જાપાન શું કરી શકે તેમ છે? અર્થાત્ જાપાન પોતાના ગૃહમાં તેમ જ બાહ્ય પ્રદેશમાં એશિયાના તેમ જ સમસ્ત માનવજાતિના કલ્યાણમાટે શું કરી શકે તેમ છે? આ ત્રણ મહાન્ પ્રશ્નોનાં ઉત્તરનાં સ્વરૂપોને કેવળ ત્રણ ઉત્કૃષ્ટ કાર્યો જ ધારી શકે તેમ છે.

જે બે બે તત્ત્વો સર્વત્ર એક બીજાથી વિભક્ત થયેલાં તથા ભ્રષ્ટ થયેલાં દેખાય છે કિંવા જે બે શક્તિઓ એક બીજાના યોગે પવિત્ર થાય છે તે બે પ્રજા તથા રાજા નામક તત્ત્વો કિંવા શક્તિઓની જેમાં એકરાગતાયુક્ત સંપૂર્ણતા વિસ્તરેલી દેખાઈ આવે એવી આદર્શ પ્રજા કેવી રીતે નિર્માણ કરી શકાય છે એ વસ્તુનો પોતાના ગૃહમાં શોધ કરીને એ વસ્તુનો વિશ્વને સાક્ષાત્કાર કરાવવો એ જાપાનનું સર્વથી પ્રથમ તથા પ્રધાન કર્ત્તવ્ય છે. આવી આદર્શ જનતાને નિર્માણ કરીને જાપાને વિશ્વને બતાવી દેવું જોઈએ કે પ્રજા અને રાજાના પરસ્પર વિરોધનો ત્યારે જ ઉદ્ભવ થાય છે કે જ્યારે તે ઉભયમાંના એકના દેવત્વ કિંવા પાવિત્ર્યનો

લોપ થઈ જાય છે; અર્થાત્ જ્યાં સુધી એ ઉભયમાં પવિત્રતાનો નિવાસ હોય છે ત્યાં સુધી એમનો પરસ્પર વિરોધ કદાપિ થતો જ નથી; કારણ કે, જો એક સત્ય રાજા પરમાત્માની મહતી મૂર્ત્તિ છે, તો પ્રજા પણ મહાન્ સર્વોત્કૃષ્ટ આત્માના ચિહ્નસ્વરૂપ છે; સારાંશ કે, રાજા પરમાત્માની એકતાનો પરિચય કરાવે છે અને પ્રજા એક–પરમાત્મા–ની અનેકતા કિંવા અનેકવિધતાનો સાક્ષાત્કાર કરાવે છે. આ કારણથી વસ્તુતઃ સત્ય પ્રજાતંત્ર તે સત્ય 'ટેનોઇજ્મ્'* નું કેવળ એક અન્ય નામ છે એમ જો આપણે કહીએ, તો તે સર્વથા યથાર્થ જ છે.

જે સમસ્ત પ્રજાસંઘની શ્રદ્ધા રાજા કિંવા સમ્રાટ્દ્વારા દૃષ્ટિગોચર થવાની પરમાત્માને અનુમતિ આપે છે તે પ્રજાસંઘની અચલ શ્રદ્ધાના યોગે તમો સત્ય 'ટેનોઇજ્મ્' ને પ્રત્યક્ષ સ્થાપી બતાવો. અર્થાત્ પ્રજા અને તેના 'ટેનો' એટલે કે એક જ વસ્તુના બે અર્ધભાગો વચ્ચે કોઈ પણ પ્રકારની અપવિત્રતાનો પ્રવેશ ન થાય અને તે અપવિત્રતા તેમને પરમાત્માથી પરાવૃત્ત કરીને અવનીમાં અંધકારને ન વિસ્તારી દે એની બરાબર સંભાળ રાખીને સત્ય પ્રજાતંત્રને સ્થાપી દો. તમોએ શોગૂન† ને

---

* ટેનો–Tenno–શબ્દનો જાપાનમાં 'સમ્રાટ' શબ્દના અર્થને દર્શાવનારા પાશ્ચાત્ય દેશોની ભાષાના શબ્દો સમાન અર્થ નથી સ્વીકારાતો, કિન્તુ 'ટેનો'ને ત્યાં ઇશ્વરનો પ્રતિનિધિ કિંવા પરમેશ્વરનો અવતાર માનવામાં આવે છે અને તેથી 'ટેનોઇજ્મ્'–Tennoism–શબ્દનો અહીં 'દેવરાજ્ય'ના અર્થમાં જ પ્રયોગ કરાયલો છે.

† જે વેળાયે જાપાનમાં લશ્કરી જાગીરદારીની પદ્ધતિ પ્રચલિત હતી તે સમયમાં 'શોગૂન' એ ત્યાંના પ્રધાન સેનાધ્યક્ષની પદવી હતી. તે સમયમાં ત્યાંના એ શોગૂનો કિંવા સેનાધ્યક્ષો એટલા બધા પ્રબળ થઇ ગયા હતા કે મિકાડો કેવળ નામમાત્રના જ સમ્રાટ્ હતા અને સમસ્ત સત્તા તે શોગૂનોના હસ્તમાં જ રહ્યા કરતી હતી. આવી પરિસ્થિતિ ૭૦૦ વર્ષ જેટલા અત્યંત દીર્ઘ કાળ પર્યન્ત જાપાનમાં ચાલતી રહી હતી; ત્યાર પછી ઈ. સ. ૧૮૬૮ માં તે સત્તા પાછી મિકાડો એટલે કે જાપાનના

પદચ્યુત કરીને હાંકી કાઢયો છે અને દિવ્ય રશ્મિઓએ તમારા આત્માઓને પ્રકાશિત કરેલા છે; પરંતુ તે **શોગૂન** અત્યારે અન્ય રૂપ તથા અન્ય નામ ધારીને પાછો અહીં આવી લાગ્યો છે; પણ તેનાં રૂપ તથા નામ ભિન્ન હોવાથી તમો તેને ઓળખી શકતા નથી. તે **શોગૂન** નામક પિશાચ અત્યારે 'સમુદાય' કિંવા 'બહુસંખ્યતા' ના સ્વરૂપમાં વ્યક્ત થઈને પોતાને **નારીકીન્***ના નામથી ઓળખાવે છે. અત્યારે સમસ્ત **યૂ**રોપના એ ભયંકર પોકારને તમો નથી સાંભળતા કે: "ધનની રાજ-**સ**ત્તાનું અંતે નાદારી તથા દુષ્કાળમાં જ પર્યવસાન થાય છે?" એ જ પ્રમાણે **ર**શિયા પણ પોકારીને એમ જ કહે છે કે: "સદા સર્વદા સવ દેશોમાં એ જ સ્થિતિ દૃષ્ટિગોચર થાય છે કે પ્રથમ **ના**રીકીન એટલે કે ધનાઢય અથવા મૂડીવાળા લોકોનું આગમન થાય છે અને તેઓ **બો**લ્શેવિક્‌ને તૈયાર કરે છે.+

સમ્રાટોના હસ્તમાં આવી હતી અને મિકાડોએ જાપાનના આર્થિક તથા રાજનૈતિક ઉત્કર્ષમાટે જાપાનમાંથી લશ્કરી જાગીરદારીની પદ્ધતિને સદાને માટે કાઢી નાખતાં જાગીરદારીનો જાપાનમાં અન્ત આવી ગયો હતો.

* નારીકીન એટલે સુવર્ણનિર્મિત મનુષ્ય; અથવા વર્ત્તમાન કાળનો મૂડીવાળો–Capitalist.

+ ઇ. સ. ૧૯૬૩ માં 'બ્રુસેલ્સ-લંડન કૉન્ફરન્સ્' માં બોલ્શેવિક્ નામક રશિયન્ સામ્યવાદી સમુદાયનો જન્મ થયો હતો અને લોકોની અધિક સંખ્યા તે વેળાયે લેનિન્‌ના પક્ષમાં હોવાથી એ સમુદાયે પોતાનું બોલ્શેવિક્ નામ રાખ્યું હતું; કારણ કે, રશિયન્ ભાષામાં એ શબ્દ 'બહુ-મતયુક્ત પક્ષ અથવા દલ' ના અર્થને સૂચવનારો છે. એથી વિરુદ્ધ જે પક્ષમાં લોકસંખ્યા ન્યૂન હતી તે પક્ષ 'મેન્શેવિક્' નામથી ઓળખાયો હતો. એ ઘટના પછી કેટલાક પ્રસંગોમાં લોકોની બહુસંખ્યા બોલ્શેવિકોના પક્ષમાં ન હોતી, તો પણ તેમનો સંઘ પ્રથમ પ્રમાણે બોલ્શેવિક્ નામથી જ ઓળખાતો રહ્યો કે જે અદ્યાપિ એ જ નામથી ઓળખાય છે; એ પક્ષે રશિયાની રાજ્યક્રાન્તિ કરી નાખી છે અને અત્યારે રશિયાનાં સત્તાસૂત્રો

જ્યારે તમે પોતામાં ઐહિક તથા પારલૌકિક ઉભય પવિત્ર સંપત્તિઓને એકત્ર કરી લેશો, ત્યારે જ તમારાથી **ચીન** પ્રતિ વળી શકાશે; કારણ કે, તે વેળાએ તમારા જાણવામાં આવી શકશે કે **ચીન**ના જે બે વિભાગોની, પરસ્પર સમાધાનથી નહિ, કિન્તુ વિપર્યયના યોગે, એકત્રતા થવાની આવશ્યકતા છે તે બે વિભાગો ઉપર્યુક્ત બે સંપત્તિઓના જ પ્રતિબિંબ છે; તેઓ એ બે સંપત્તિઓથી ભિન્ન અન્ય પદાર્થ નથી. **ભૌ**તિક કિંવા **ઐ**હિક **આ**દર્શ તે દક્ષિણનો સિદ્ધાન્ત છે અને **પ**રમાત્માની **આ**વશ્યકતા કિંવા **આ**ધ્યાત્મિક **આ**દર્શ તે ઉત્તરનું સ્વીકૃત તત્ત્વ છે.

આવા પ્રકારે બાહ્ય પ્રદેશમાં તમારા કાર્યનો આરંભ થશે; પરંતુ તેનો અન્ય પ્રદેશોમાં પ્રચાર થાય તે પૂર્વે તેનું મંગલાચરણ તો **એ**શિયામાં જ થવાનું છે. હું જે કાર્યના સંબંધમાં અત્યારે બોલી રહ્યો છું તે કાર્ય તમારાથી અજ્ઞાત નથી. આવતી કાલે **એ**શિયાની પ્રજાઓ પરાધીનતાના બંધનથી સર્વથા મુક્ત તથા સ્વાધીન થશે; કારણ કે, **સ્વ**તંત્રતા દેવીએ અખિલ અવનીના અધિકારને પોતાના હસ્તમાં લઇ લીધો છે અને તેથી હવે માત્ર એ જ પ્રશ્ન અવશિષ્ટ રહે છે કે તમારો દેશ **એ**શિયાની એ પ્રજાઓને પરાધીનતાના બંધનથી મુક્ત કરનાર અને તેમના ઉદ્ધારક વીર નરના આસનને દીપાવશે કિંવા જેમના બંધનથી મુક્ત થવામાટે તેમને પ્રચંડ પરિશ્રમ કરવાની આવશ્યકતા હોય, તેવા સ્વામીઓમાંના એક સ્વામીના આસનને જ દૃઢતાથી વળગી રહેશે? આવતી કાલે **એ**શિયાની સર્વ પ્રજાઓ એકત્ર થઈ જશે; કારણ કે, એકતા દેવી પણ આવી પહોંચવાની તૈયારીમાં છે; સારાંશ કે, **જા**પાન **એ**શિયાની સર્વ

એ પક્ષના હસ્તમાં જ વિરાજમાન છે. સાધુ પૅાલ રિચર્ડના કથનનો આશય એ છે કે મૂડીવાળાના અમાનુષી અત્યાચારોથી જ્યારે સાધારણ જનસમાજ કંઠપર્યન્ત કંટાળી જાય છે એટલે પછી બોલ્શેવિક્ જેવાં દલો ઉત્પન્ન થાય છે અને તેઓ ભયંકર ક્રાન્તિ કરી બતાવે છે. સારાંશ કે જગત્‌ની દુર્દશાના મૂળ ઉત્પાદક સ્વાર્થપરાયણ મૂડીવાળા છે. અનુવાદક.

પ્રજાઓનો પરસ્પર સંમેલક થશે કે પછી જેને ત્યાગીને કિંબહુના જેની વિરોધિની થઇને પણ એ પ્રજાઓ એક બીજી સાથે મળી જાય તેવા પ્રકારનો એક દેશ થશે, એ પ્રશ્ન અત્યંત મહત્ત્વમય તથા વિચારણીય છે.

આજથી બે વર્ષ પૂર્વે મેં તમારા દેશને એવો ઉપદેશ આપ્યો હતો કે: "જો તમારે **ચીન** સાથે સંબંધ સાંધવો હોય, તો '**તિંગ તાઓ**' **ચીન**નને પાછું આપી દો;" પરંતુ તમારા દેશે એ ઉદારતા દર્શાવી નથી અને એ અનુદારતાનું પરિણામ એ જ થવાનું છે કે તમારો દેશ એક વસ્તુને પ્રાપ્ત કર્યા વિના જ અન્ય વસ્તુને ખોઈ બેસવાનો છે. અત્યારે હું **જા**પાનને અથવા તમારા દેશને એ ઉપદેશ આપું છું કે: "સર્વથી પ્રથમ **એ**શિયાની પ્રજાના સ્વાતંત્ર્યદાતા તરીકેના માનને મેળવી લે એટલે કે **કૈ**રિયાને પરાધીનતાના બંધનથી સદાને માટે મુક્ત કરી દે કે જેથી તને સમસ્ત **એ**શિયાની અર્થાત્ **એ**શિયાના વિશ્વાસ તથા **એ**શિયાના નૈતિક સામ્રાજ્યની પ્રાપ્તિ થાય. જો ભાવિ રાજમુકુટ—પારલૌકિક અનન્ત આનન્દ—ને મેળવવાની તારી ભાવના હોય, તો સ્વાર્થત્યાગ કિંવા લોભત્યાગ નામક તેનું મૂલ્ય તારે આપવું જ જોઇએ. અત્યારે એ ભાવિ રાજમુકુટને ખરીદી લેવાના કાર્યમાં તું જેટલો વિલંબ કરીશ, તેટલી જ તેના મૂલ્યમાં વૃદ્ધિ થતી રહેશે. જો પોતાના કર્તવ્યને પાળવાની તારી ઇચ્છા હોય, તો તારે પોતાની સંકુચિત વૃત્તિઓને અવશ્ય ત્યાગવી જ જોઈએ તેમ જ અનુદારતામય ઉપાયોને પણ સર્વથા ત્યજી દેવા જોઈએ; કારણ કે, અત્યારે હવે ઉદાર વૃત્તિઓને દર્શાવવાનો તથા મહત્ કાર્યોની સિદ્ધિનો અવસર આવી લાગ્યો છે."

આ જડ કર્મ કિંવા ભૌતિક કર્મ છે એટલે જે સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક કર્મ છે તે તો અદ્યાપિ અવશિષ્ટ જ રહે છે. અર્થાત્ જે વેળાયે તમો પરતંત્ર પ્રજાના સ્વાતંત્ર્યસમર્પક થશો, તે વેળાયે તમો અધ્યાત્મ-સામ્રાજ્યના સૈનિક તથા વિજેતા થઈને અધ્યાત્મસામ્રાજ્યમાં વિહાર કરી શકશો; કારણ કે, તે પ્રદેશમાં જે જીતતો નથી તે જીતાય છે. તમો વિશ્વના તે ઉપદેશકોની પદવી પ્રાપ્ત કરી શકશો કે જે ઉપદેશકો પ્રથમ

પોતાના વચન અનુસાર વર્તન કરી બતાવે છે અને ત્યાર પછી જ અન્ય જનોને ઉપદેશ આપવાની સાહસિકતા દર્શાવે છે. અન્ય સર્વ જનો એવી રીતે વિચાર તથા આચારની એકવાક્યતાને દર્શાવી શકતા નથી. તમોને કેટલીક વાર એવી સૂચના અપાયલી છે કે જે કેટલીક વિશિષ્ટ પ્રજાઓ કદાચિત્ તમારા જાપાની કાર્યકર્ત્તાઓ ભવિષ્યમાં તેમના પર આક્રમણ કરી બેસે એવા ભયથી તમારા પ્રવેશમાટે પોતાના દેશનાં દ્વારોને બંધ રાખે છે તે અનુદારતાનું પ્રત્યક્ષ કૃતિથી ઉત્તર વાળવામાટે કિંવા પ્રતિ-શોધ તરીકે જાપાનમાં તે પ્રજાઓના મનુષ્યોને એટલે કે તે દેશોના ધર્મોપદેશકોને આવતા અટકાવી દેવા અને તેમના આક્રમણના ભયથી મુક્ત થવું; પરંતુ હું તમને એથી સર્વથા વિરુદ્ધ ઉપદેશ આપું છું અને તે એ છે કેઃ પ્રત્યેક ધર્મને તેની પોતાની શક્તિને અજમાવવાનો પ્રસંગ આપો અને અન્ય પ્રજાઓના જેટલા ધર્મોપદેશકો–મિશિનરીઓ–ને તમારા દેશમાં મોકલવામાં આવ્યા હોય, તેમના જેટલા જ તમારા જાપા-નમાં પ્રચલિત બૌદ્ધ ધર્મ, શિન્ટો ધર્મ, કન્ફ્યૂશિયન્ ધર્મ કિંવા ટાઓ ધર્મના ઉપદેશકોને તે પ્રજાઓના દેશોમાં મોકલી ઘો. સારાંશ કે, જેવી રીતે રાજનૈતિક વિષયમાટે અન્ય રાજ્યોમાં તમો પોતાના પ્રતિનિધિ-ઓને મોકલો છો તેવી જ રીતે વિશ્વની ધાર્મિક શક્તિઓ સાથે પણ એવો વ્યવહાર રાખો કે તેમના પ્રતિનિધિઓ જાપાનમાં આવે અને જાપાનના ધાર્મિક પ્રતિનિધિઓ તેમની ભૂમિમાં જઈને પોતાનાં ધર્મતત્ત્વોને પ્રસારી શકે.

તમારા અને કેવળ તમારા જ જે સ્નેહમય તથા આનન્દમય ધર્મો રક્તપાતના પાતકથી સર્વથા અલિપ્ત તથા નિષ્કલંક રહેલા છે અને તેથી જેમનો “ વિશ્વમાં સર્વત્ર શાન્તિનું સામ્રાજ્ય હો ! ” એમ બોલવાનો સંપૂર્ણ અધિકાર છે; તે તમારા ધર્મોને જે લોકો નથી જાણતા, જે પ્રજાઓ અજ્ઞ હોવાથી તમારા એ ધર્મોને ધિક્કારે છે અને જે અહંકારના મદથી ઉન્મત્ત થયેલી પ્રજાઓને તમારા એ ધર્મની આવશ્યકતા છે તેમને તમારા એ ધર્મોનું શિક્ષણ આપો અને તમારા

એ સુંદર ધર્મોનો સાક્ષાત્કાર કરાવો. જેમણે સ્વર્ગમાં કેવળ **પર**માત્માને એકાન્તવાસી તરીકે રહેવા દઇને સ્વર્ગને ખાલી કરી નાખ્યું છે તેમને એ તત્ત્વનું શિક્ષણ આપો કે તે **પર**માત્મા **આ**ત્માઓના રૂપમાં અદૃશ્ય થયેલો છે એટલે કે ભિન્ન ભિન્ન **આ**ત્માઓ તે એક જ **પર**માત્માનાં અનન્ત રૂપો છે; અને સ્વર્ગરાજ્ય દેવો કિંવા પ્રકૃતિ તથા માનવજાતિના પૂર્વજોથી જ ભરેલું છે; છતાં તે સર્વ દેવો એક છે એટલે કે એક જ **પર**માત્માનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો છે અને એક જ વિચારના નાનાવિધ આકારો છે. જે ધર્મોએ દયાળુ પરમેશ્વરના નામથી આ સૃષ્ટિમાં કેવળ ઘૃણા, તિરસ્કાર તથા ભયને જ ભરી દીધાં છે તે ધર્મોને વ્યક્તિઓ તથા વસ્તુઓની પવિત્ર એકતા તેમ જ મનુષ્યો તથા તેમના ધર્મોની બંધુતાના પવિત્ર પાઠ પઢાવો.

જે **પર**મેશ્વર પોતાના સંદેશવાહકો કિંવા પયગમ્બરોને પૃથ્વીના સર્વ ભાગોમાં પાઠવે છે અને જે **પર**માત્મા પોતાના બ્રહ્મતેજને સર્વત્ર પ્રસારી શકે છે; માત્ર એટલું જ નહિ, પણ જે **સર્વે**શ્વર સર્વ પ્રજાઓમાં તથા સર્વ જાતિઓમાં પ્રકટ થાય છે અને યુગયુગમાં તે મનુષ્યના અવતારને એટલામાટે ધારે છે કે તેના યોગે નર નરના કર્ત્તવ્યનું પાલન કરીને **ના**રાયણ થઈ જાય; તે **પર**માત્માના પવિત્ર નામથી આગળ વધો; કારણ કે, તે **પર**માત્માના પ્રકટીભવનનો સમય અત્યારે વર્તમાન થઇ ચૂકયો છે. અર્થાત્ જાઓ અને આ શુભ સમાચાર સર્વ પ્રજાઓને સંભળાવો. હા, લઘુપ્રજાના લોકો, તમો આ વિશાળ કિવા ગુરુ વિશ્વમાં આગળ વધો, સર્વત્ર સંચરો અને કોઈપણ પ્રકારના ભય કિંવા સંશયને હૃદયમાં સ્થાન ન આપો. ગોલીએથ† સમક્ષ ડેવિડ્ થઇ જાઓ, **આ**કન્ડોજી* નામક

† **ગોલીએથ–Goliath–એક રાક્ષસનું નામ છે કે જેનો ડેવિડ્–David–ના હસ્તથી પરાજય થયો હતો.**

*** આકન્ડોજી નામક રાક્ષસનો મોમોતારો નામક એક ઈશ્વરવિભૂતિના હસ્તથી પરાજય થયો હતો.**

આ ઉદાહરણોથી સાધુ પૉલ્ રિચર્ડના ઉપદેશનો એ જ આશય છે

રાક્ષસ તરીકે જો તમો વિશ્વને માનતા હો તો તમો પોતે મોમોતારોના સ્વરૂપને ધારણ કરી લ્યો અને જે અલૌકિક વિજેતા પધારવાની તૈયારીમાં છે તે વિજેતાના એક વિરલ અગ્રગામી દૂત થઈને તે વિજેતાના આગમનની વિશ્વ સમક્ષ ઘોષણા કરી દો !

૪ લોકસત્તા*

તમોએ મને એવો પ્રશ્ન પૂછ્યો છે કે: "અત્યારના ભીષણ યુદ્ધની પરિસમાપ્તિ પછી આપણે લોકસત્તા કિંવા લોકશાસન વિષયક ભાવનાને આપણામાં એકરૂપ કિંવા એકજીવ કેવી રીતે કરી શકીશું?" પરંતુ મારી એવી માન્યતા છે કે જો તમોએ એ પ્રશ્નઃ "આપણે અસત્ય કિંવા કૃત્રિમ લોકશાસન વિષયક ભાવનાથી સર્વથા મુક્ત થઈને

કે જાપાન એક લઘુ દેશ હોવા છતાં પણ જો તેની નિષ્ઠા પવિત્ર હશે, તો તે અનન્તવિસ્તારયુક્ત જડ વિશ્વને પોતાના નૈતિક તથા આધ્યાત્મિક બળથી સર્વથા પરાજિત કરીને પોતાની વિજયપતાકાને સર્વત્ર ઉડાવવાના ભાગ્યને પ્રાપ્ત કરી શકશે; કારણ કે, જડ અને ચેતનના સંગ્રામમાં અંતે ચેતનનો જ વિજય થાય છે એ ત્રિકાલાબાધ્ય સત્ય કોઇ પણ યુગમાં અને કોઇ પણ દેશમાં–અર્થાત્ કોઇ પણ પરિસ્થિતિમાં–અસત્ય સિદ્ધ નથી થવાનું તે નથી જ થવાનું. ભારતવાસીઓની પણ એ જ દૃઢતમ શ્રદ્ધા છે કે:—

> "यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
> तत्र श्री र्विजयो भूति र्ध्रुवा नीति र्मति र्मम" ॥

અર્થાત્: "જ્યાં યોગેશ્વર કૃષ્ણ અને ધનુર્ધર અર્જુન વિરાજે છે, ત્યાં લક્ષ્મી, વિજય, સંપત્તિ તથા અચલ નીતિનો નિવાસ છે, એવી મારી માન્યતા છે." (શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો અંતિમ શ્લોક).

* ટોકિયોમાં પ્રગટ થતા 'શિંજિદાઈ' નામક માસિક પત્રના ઇ. સ. ૧૯૧૮ ના ડિસેમ્બર માસના અંકમાં બેરન્ ગોતોએ પૂછેલા પ્રશ્નના ઉત્તર તરીકે આ વ્યાખ્યાન અપાયું હતું.

સત્ય પ્રજાતંત્રાત્મક ભાવનાને આપણામાં એકરૂપ કિંવા એકજીવ કેવી રીતે કરી શકીશું?" એવા સ્વરૂપમાં પૂછયો હોત, તો તે વિશેષ યોગ્ય થઇ પડત; માત્ર એટલું જ નહિ, પણ "આપણે અસત્ય લોકશાસન વિષયક ભાવનાનો કેવી રીતે ત્યાગ કરી શકીએ અને તેના સ્થાનમાં એ શબ્દના યથાર્થ અર્થને શોધીને તે અર્થનું સર્વને શિક્ષણ આપી શકીએ?" એવા સ્વરૂપમાં જો એ પ્રશ્ન પૂછાયો હોત, તો તે વળી તેથી પણ યોગ્યતર પ્રશ્ન થઇ પડયો હોત;" કારણ કે, તમોને પોતાને તેમ જ તમારી પ્રજાને શોભાવનારો જો કોઇ પણ પ્રશ્ન હોય, તો તે પ્રશ્ન આ જ છે; અને તે એટલામાટે કે વસ્તુતઃ બે પ્રકારનું લોકસત્તાત્મક તંત્ર અસ્તિત્વ ધરાવે છે. એ બેમાંનું જે આદર્શ તથા સત્ય લોકસત્તાત્મક તંત્ર છે તે અદ્યાપિ કોઇ પણ પ્રજાના જાણવામાં આવ્યું નથી અને તેથી તેને શોધી કાઢવાનું કાર્ય અદ્યાપિ અવશિષ્ટ જ રહેલું છે. અને જે અન્ય પ્રજાતંત્ર છે તેનો ભિન્ન ભિન્ન રાજ્યોમાં-વિશ્વના બહુધા સર્વ વર્ત્તમાન રાજ્યોમાં-ભિન્ન ભિન્ન સ્વરૂપથી પ્રચાર જોવામાં આવ્યા કરે છે. આ અત્યારના પ્રચલિત પ્રજાતંત્રને જો 'પ્રતિનિધિપરામર્શાત્મક' **Parliamentary**-તથા 'ધનિકસત્તાત્મક'-**Plutocratic**-વ્યક્તિસ્વાતંત્ર્યવાદના નામથી સાધારણતઃ ઓળખવામાં આવે, તો તે સર્વ પ્રકારે યોગ્ય જ છે.

ત્યારે શું લોકસત્તાના આ સ્વરૂપને જાપાન પોતામાં એકરૂપ તથા એકજીવ કરી લેવામાટે અધીર થઈ રહ્યું છે? જો વસ્તુસ્થિતિ એવી જ હોય, તો પુનઃ મારે જાપાનને જણાવવું જોઈએ કે જાપાનનો એ પ્રમાદ થાય છે; કારણ કે, પોતાના પાશ્ચાત્ય શિક્ષકોની અત્યંત વેગપૂર્વક યથાર્થ પ્રતિમા થવામાટે કોઇ પણ પ્રકારના આયાસ કિંવા પરિશ્રમની આવશ્યકત્તા છે જ નહિ અને તેનું કારણ એ છે કે જાપાને પાશ્ચાત્યોના કૃત્રિમ આકારને અર્ધથી અધિક પરિમાણમાં પોતાના મુખમંડળમાં ક્યારનોય ધારી લીધો છે. અહીં જે એક તત્ત્વને લક્ષમાં રાખવાનું છે તે એ છે કે કોઈ પણ પ્રજા અન્ય પ્રજાના વિચારોના

કેટલાક અંશને સ્વીકારી લીધા વિના તે અન્ય પ્રજાના શિરોભૂષણને પોતાના મસ્તકપર ધારી શકતી નથી; અર્થાત્ કોઇ પણ મનુષ્ય વિદેશીય વસ્તુને તેના સંપર્કના ભયથી મુક્ત રહીને સ્વીકારી શકતું નથી; કારણ કે, અમુક દેશમાં ઉત્પન્ન થયેલી વસ્તુઓ સાથે તે દેશની રૂઢિઓ અન્ય દેશમાં આવી લાગે છે અને તે રૂઢિઓ સાથે તે દેશના વિચારો પણ આવ્યા વિના નથી રહેતા. આ એક ત્રિકાલાબાધ્ય નિયમ હોવાથી પ્રત્યેક વસ્તુનો આત્મા તે વસ્તુને અનુસરે છે અને એવી પ્રત્યેક વસ્તુમાં તે વસ્તુ જેના હસ્તથી નિર્માણ થયેલી હોય છે તે વસ્તુનિર્માયકની બુદ્ધિ નિરંતર કાર્ય કરતી હોય છે. સારાંશ કે; પ્રતિનિધિપરામર્શાત્મક તથા ધનિકસત્તાત્મક વ્યક્તિસ્વાતંત્ર્યવાદના માર્ગમાં જાપાને અતઃપૂર્વ યોગ્ય પ્રગતિ કરેલી છે, એ જ મારા અત્યારના કથનનો આશય છે.

પરંતુ એમાં બે હાનિઓ સમાયલી છે કે જેમાંની એક હાનિ સાધારણ છે અને અન્ય હાનિ ભયંકર છે. એમાંની પ્રથમ જે સાધારણ હાનિ છે તે એ કે યૂરોપના જે રાજનૈતિક તથા સામાજિક જીવનનું તમો અનુકરણ કરી રહ્યા છો, તે રાજનૈતિક તથા સામાજિક જીવનનું યૂરોપ નખથી શિખા પર્યન્ત પરિપૂર્ણ પરિવર્ત્તન કરવાના કાર્યમાં આગળ અને આગળ વધતો દેખાય છે; માત્ર એટલું જ નહિ, પણ એ પરિવર્ત્તનના કાર્યમાં અમેરિકા પણ અત્યન્ત શીઘ્ર યૂરોપનું અનુકરણ કરશે એ નિર્વિવાદ હોવાથી અત્યારની જે સંસ્થાઓને તમો પોતાની પ્રગતિના આદર્શરૂપ માનો છો તે સર્વ સંસ્થાઓને યૂરોપ સર્વથા અસભ્ય તથા પરાવર્ત્તક માનીને તેમનો સર્વથા અસ્વીકાર કરશે, એમાં કોઇ પણ પ્રકારનો સંશય છે જ નહિ. સારાંશ કે, જાપાન યૂરોપનું કેવળ અંધ અનુસરણ કરીને પાછળ રહી જવાના અને અસામયિક થવાના જોખમને ખેડી રહ્યું છે, એ તમારે કદાપિ ભૂલી જવાનું નથી.

આ વિષયનો એક અત્યન્ત સજીવન પાઠ જાપાનની દૃષ્ટિ સમક્ષ અત્યાર પૂર્વે જ આવીને ઉપસ્થિત થયેલો છે. અત્યાર પૂર્વે કહેવાનું કારણ એ કે વસ્તુતઃ દશ કોટિ મનુષ્યોના, કદાચિત્ તેથી પણ અધિક કેટલાક

લક્ષાવધિ મનુષ્યોના લાભમાટે મધ્યવર્ગીય વ્યક્તિવાદના સ્થાનમાં પરિશ્રમોપજીવિસમુદાયવાદ પોતાના અધિકારને સબળતાથી સ્થાપી રહ્યો છે અને પાર્લામેન્ટના પ્રતિનિધિત્વનાં કૃત્રિમ ભૌગોલિક રૂપોના સ્થાનને વ્યાવહારિક પ્રતિનિધિત્વના તથા સહકારી 'સોવિએટો'–Soviets–ના અવયવોએ અધિકૃત કરી લેવા માંડ્યું છે, યૂરોપનો અધિકતર ભાગ એ સ્થિતિની આટલી સીમા પર્યન્ત આવી લાગ્યો છે અને યૂરોપનો જે ભાગ એ સ્થિતિની આ સીમા પર્યન્ત અદ્યાપિ નથી આવ્યો તે પણ અલ્પ સમયમાં જ આ સીમા પર્યન્ત આવી લાગશે, એ નિઃસંશય છે.

આ ઘટનાઓ કાંઇ કોઈ ચમત્કારથી ઘટી રહી નથી; કિન્તુ સ્વાભાવિક જ આ ઘટનાઓનો વ્યાપાર ચાલી રહ્યો છે. કદાચિત્ આ પરિવર્તન ક્રાન્તિકારક હોય, તથાપિ તે નૈસર્ગિક ઉત્ક્રાન્તિનું કેવળ એક સરલ પરિણામ છે, એ નિર્વિવાદ છે. એ ઉત્ક્રાન્તિના બુદ્ધિવાદ કિંવા રહસ્યને કોઈ પણ સરળતાથી સમજી શકે તેમ છે અને એનાં સર્વત્ર સમસ્વરૂપી કારણો પાશ્ચાત્ય સંસ્કૃતિના સમસ્ત શરીરમાં પોતાનું કાર્ય કરી રહ્યાં છે.

જાપાનમાટે જે અન્ય ભયંકર હાનિકારક ઘટના છે તે આ છે; કારણ કે, જાપાન અત્યારે જે માર્ગને અનુસરી રહ્યું છે તે માર્ગ તેને ભયંકર પરિણામના પ્રદેશમાં લઇ જાય છે અને તેમ છતાં જાપાન એમ માને છે કે એ માર્ગમાં ચાલવાથી અન્ય દેશોને જે અનિષ્ટ પરિણામો ભોગવવાં પડયાં છે તે પરિણામોને ભોગવ્યા વિના જ તે પોતે અન્ય પ્રજાઓના એ માર્ગમાં આગળ અને આગળ વધી શકશે. પરતુ એમ માની લેવામાં જાપાનનો ભયંકર પ્રમાદ થાય છે; કારણ કે, જે પરિણામ યૂરોપ તથા અમેરિકામાટે નિશ્ચયાત્મક છે તે પરિણામ જાપાનમાટે પણ તેટલા જ પરિમાણમાં નિશ્ચયાત્મક છે, એ તથ્યને કોઈએ કદાપિ વિસારવાનું નથી.

જ્યારે પણ કોઈ એક પ્રજામાં માયા આત્માને પરાજિત કરે છે અથવા ચેતનવાદ કરતાં જડવાદની મહત્તા વધી જાય છે;

તે વેળાયે એ પરિસ્થિતિમાં તે પ્રજામાં અત્યંત જડ તત્ત્વની સત્તા સ્થપાય છે; એટલે કે પ્રથમ ધનાઢ્ય પુરુષોની સત્તા સ્થપાય છે અને ત્યાર પછી પરિશ્રમોપજીવી અથવા મજૂરોની સત્તાનો વિકાસ થાય છે. જ્યારે પરિશ્રમાત્મક ઉદ્યોગ એક જાતિ કિંવા રાષ્ટ્રની મહત્ત્વમયી પ્રવૃત્તિ થઈ પડે છે તે વેળાયે ઉદ્યોગશીલ પરિશ્રમોપજીવી પણ ધીમે ધીમે મહત્ત્વમયી વ્યક્તિના સ્વરૂપને ધારી લે છે. જે સમયમાં વસુદેવ-પૈસો-વિશ્વનો સ્વામી થાય છે તે સમયમાં તે વસુનો ઉત્પાદક રાજાના આસને વિરાજેલો દેખાય છે. અને એ સર્વ લાભો જેનાપર તેમનો સર્વ આધાર રહેલો છે તેના સમક્ષ એક દિવસ તેના શરણાગત થવામાટે આવવા જ જોઇએ અને આવે છે અને તે સર્વ લાભોનો મૂલાધાર અન્ય કોઈ નહિ, પણ પરિશ્રમોપજીવી મનુષ્ય છે; કારણ કે, તે સંગ્રાહ્ય સંપત્તિનો પૃષ્ઠપોષક છે; જેનો કદાપિ ત્યાગ ન કરી શકાય એવા પ્રકારનો સર્વનો સેવક છે અને તેથી જ અંતે અન્ય સર્વ જનોપર તે જ પોતાની સત્તા ચલાવે છે. સમસ્ત સત્ય સત્તા તથા તેની ગુહ્ય યથાર્થતાનું રહસ્ય એ જ છે કે વિશાળતમ સંખ્યાને વિશાળતમ પરિમાણમાં ઉપયુક્ત થવું અને એમાં જ પરિશ્રમોપજીવીની સર્વસત્તાધીશતા વિષયક પ્રશ્નનો નિર્ણય સમાયલો છે.

જેને અત્યારના મનુષ્યો માનવસંસ્કૃતિ કિંવા સુધારણાના નામથી ઓળખે છે તે સુધરેલા જંગલીપણાના ઔદ્યોગિક યંત્રવાદ કિંવા વસ્તુતઃ જડવાદનું અંતિમ નૈયાયિક અને અનિવાર્ય પર્યવસાન પોતાના હસ્તથી પરિશ્રમ કરનારા પરિશ્રમોપજીવીની સત્તામાં જ રહેલું છે અને તેથી આપાને એ તત્ત્વને જાણી લેવું જોઈએ કે અર્થશાસ્ત્રના જે ત્રિકાલાબાધ્ય સત્ય સિદ્ધાન્તોએ નારીકીન અથવા મૂડીવાળા ધનિકને ઉત્પન્ન કર્યો છે તે જ આર્થિક સિદ્ધાન્તો ધનિક પછી બોલ્શેવિક્-સામ્યવાદી-ને ઉત્પન્ન કરશે.

આ સ્પષ્ટ સત્ય પ્રતિ નેત્રોને મીચેલાં રાખવાથી કોઈપણ પ્રકારનો લાભ થાય તેમ નથી અને તેથી એ સત્યનો નિશ્ચય કરી લેવામાટે પણ

નેત્રોને વિસ્ફારિત રાખવાની આવશ્યકતા અનિવાર્ય છે; કારણ કે, વિશ્વનાં સામયિક ચિહ્નો જેમ અસંખ્ય છે તેમ જ તેઓ તત્કાળ દૃષ્ટિ-ગોચર થનારાં છે. અર્થાત્ અત્યંત નૈસર્ગિક કિંવા સ્વભાવસિદ્ધ ભાવનાઓના યોગે બાળકો તેમ જ મધ્યમ વર્ગનાં મનુષ્યોની જે માનસિક પ્રગતિ અત્યારે થઈ રહી છે તે કાંઈ એવું ચિહ્ન નથી કે જેને ન્યૂન મહત્ત્વ આપી શકાય. આ વિષયના જે સહસ્ત્રાવધિ દૃષ્ટાન્તો મળી આવે છે તેમાંનો એક દૃષ્ટાન્ત આ છે:—

કેટલાક દિવસ પૂર્વે એક જાપાની બાળકે એક રશિયન્ રમણીના સંબંધમાં એવો ઉદ્ગાર કાઢયો હતો કે: "તે સ્ત્રીની ભાવનાઓ અતિ ભયંકર છે." તેનો આ ઉદ્ગાર સાંભળીને તેના શિક્ષકે તેને પૂછ્યું કે: "તે સ્ત્રી રાજ્યક્રાન્તિકારક વિચારોની ઉપાસિકા છે એ કારણથી જ તું તેના વિચારોને ભયંકર ભાવનાઓ તરીકે ઓળખાવે છે કે કેમ?" એના ઉત્તરમાં તે વિદ્યાર્થી બાળકે ગંભીરતાથી જણાવ્યું કે: "તે ક્રાન્તિ-કારક વિચારોની ઉપાસિકા છે એટલામાટે હું તેના વિચારોને ભયંકર ભાવનાઓ તરીકે નથી ઓળખાવતો; કિન્તુ જેમના વિચારોનો હું ભક્ત છું તે લેનિન્ તથા ટ્રૉટ્સ્કીની તે નિન્દા કરે છે અને તેથી જ મને તેની ભાવનાઓ ભયંકર દેખાય છે." આ બાળક એક શરાફ—બૅંકર—નો પુત્ર છે અને તેના આ શબ્દો તમને તમારા નિકટસ્થ ભાવિ સમયની સૂચના આપી રહ્યા છે, એની કોનાથી ના પાડી શકાય તેમ છે વારુ?

જો કે આવા પ્રકારના ભવિષ્યકાળને પ્રાપ્ત કરવાની તમારી ઇચ્છા નથી; તથાપિ એ ભાવિને તમો કેવી રીતે આવતું અટકાવી શકશો વારુ?

જે સમયમાં કલાધર્મ તથા વ્યાપારધર્મ અસ્તિત્વમાં પણ ન હોતા અને જે સમયમાં કાર્ય કરનાર પોતાના આત્માને તથા પોતાના કાર્યને વેચતો ન હોતો તે પવિત્રતમ તથા પુરાતન સમય પ્રતિ તેમ જ તે સમયની ભાવનાઓપ્રતિ પ્રયાણ કરવાનાં જે સ્વપ્નો કેટલાક વિશિષ્ટ કવિઓ નિહાળી રહ્યા છે તે તેમનાં સ્વપ્નો કોઇ પણ પ્રકારે મિથ્યા તો નથી જ; કારણ કે, જે સમયનાં સ્વપ્નો તેઓ નિહાળી રહ્યા છે તે સમયમાં કાર્ય

કરનારને પોતાની આજીવિકાનાં સાધનોને કમાવાં પડતાં ન હોતાં. તે પોતાની આજીવિકાને પરમેશ્વર પાસેથી ઉપહાર તરીકે મેળવતો હતો અને તે પોતાના હસ્તથી જે કાંઈપણ નિર્માણ કરતો હતો તે ઇશ્વરના ઉપહારના બદલામાં બ્રહ્માર્પણ કરી દેતો હતો. તે સમયની પરિસ્થિતિ કિંવા વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવાથી કર્મ નૈવેદ્યસ્વરૂપ હતું અને તે નૈવેદ્ય સર્વ મનુષ્યો પરસ્પર અર્પતા હતા. અત્યારે હવે તે સમય રહ્યો નથી; કારણ કે, અત્યારનો મનુષ્ય તે સ્વતત્ર મનુષ્ય નહિ; કિન્તુ કેવળ પગાર મેળવવામાટે પરિશ્રમ કરતો એક ભાડુતી મનુષ્ય, ખરીદી લેવાયલો મનુષ્ય છે. અર્થાત્ હવે મનુષ્ય પરમાત્મપ્રીત્યર્થ કાર્ય નથી કરતો; કિન્તુ જે કોઇ તેને પૈસા આપે છે તેનામાટે જ તે કાર્ય કરતો દેખાય છે. અત્યારની વાસ્તવિક પરિસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં તમો હજી તેના હૃદયમાં નિઃસ્વાર્થ કર્તવ્યના ઉચ્ચ આદર્શને પોપવા ઇચ્છો છો? અર્થાત્ જો તેના હૃદયમાં નિઃસ્વાર્થ કર્તવ્યના ઉચ્ચ આદર્શને પોષવાની જ તમારી ઇચ્છા હોય, તો સર્વથી પ્રથમ જે કારખાનામાં તે કામ કરતો હોય તે કારખાનાના ભાગીદારો પાસે તમો જાઓ અને એ આદર્શને પોતાના હૃદયમાં પોષવામાટેનો તેમને આગ્રહ કરો. જો તમારો આ પ્રયત્ન સફળ થશે, તો જ તે કાર્ય કરનાર મજૂરને તમો દાસ્ય ભાવથી એટલે કે 'હું તો એક ગુલામ છું' એવી હીન ભાવનાથી મુક્ત કરી શકશો અને તેના હૃદયમાંથી એ ગુલામ હોવાની ભાવના નીકળી જશે એટલે તેના હૃદયમાં ભવિષ્યમાં સ્વામી થવાની જે ભાવના વસેલી હશે તેનો પણ પોતાની મેળે જ લોપ થઈ જશે.

પરંતુ કોઈ એક આગળ વધી ગયેલી વસ્તુને પાછી વાળવાનું કાર્ય સર્વથા અશય છે એમ માનીએ, તો પણ કેટલાકોની એવી માન્યતા છે કે જે વસ્તુ અલ્પ પરિમાણમાં જ આગળ વધેલી હોય તેના વેગને બળપૂર્વક અટકાવી દેવાનું અને તેને આગળ વધવા ન દેવાનું કાર્ય તો અશક્ય નથી જ. આ પ્રયત્ન તે કોઇ ક્ષેત્ર પ્રતિ મહાવેગપૂર્વક વહન કરી રહેલા પ્રબળ જળપ્રવાહને અટકાવવાના પ્રયત્ન સમાન છે. તમો

એ જળપ્રવાહને આગળ વધતો અટકાવી શકશો એમાં જો કે કોઇ પણ પ્રકારનો સંશય નથી; પરંતુ તમારા એ પ્રતિબંધથી તે જળપ્રવાહ અધિકતર અનવરોધ્ય થઈ જશે એ પણ સર્વથા નિર્વિવાદ છે; કારણ કે, તેને અટકાવવામાટે તેના અગ્રભાગમાં તમો મોટા મોટા બંધોને ઊભા કરી દેશો; પણ તેનું પરિણામ એ થશે કે પાણીનો પ્રવાહ તે બંધની ઊંચાઇએ ચઢીને તેના ચૂરેચૂરા કરી નાખશે અને તે સમયનો વિનાશ વિશેષ વિધાતક થઈ પડશે. સારાંશ કે, સજીવન શક્તિઓની ગતિનો કોઈથી પણ અવરોધ કરી શકાય તેમ નથી. એ સજીવન શક્તિઓ એવી તો અદ્‌ભુત હોય છે કે જો તેમને ભૂમિના ગર્ભમાં દાટી દેવામાં આવે તો ત્યાંથી પણ તેઓ પાછી સજીવન થઇને બહાર નીકળી આવે છે અને જો તેમને વધારે દબાવવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તોપના ગોળા પ્રમાણે તેઓ ધડાકાથી ફાટીને સર્વત્ર વિનાશરૂપ પરિણામને નિપજાવી દે છે. વિચારોની પ્રગતિને અટકાવવાનું સામર્થ્ય કોઇમાં પણ નથી; સમસ્ત વિશ્વમાં એવી કોઇ પણ પોલિસ નથી કે જે વિચારોની પ્રગતિને અટકાવવાનું સામર્થ્ય ધરાવતી હોય. જે સ્વતંત્ર સ્વર્ગમાં તે વિચારો વિહાર કરી રહેલા હોય છે અને જ્યાંથી કોઇ પણ પ્રકારના અવરોધ વિના જનસમુદાયનાં હૃદય તથા મનમાં ઊતરી આવે છે તે સ્વતંત્ર સ્વર્ગમાં રાજકર્મચારીઓનાં નિમેલાં ધારા ધોરણો કદાપિ પ્રવેશ કરી શકતાં નથી.

પાશવ બળ કિંવા જડ શક્તિનો માર્ગ તે અશક્ત કિંવા દુર્બલ મનુષ્યનો માર્ગ છે અને જે અધોગતિ કિંવા અવનતિને તમો નિવારવા ઇચ્છો છો તે અધોગતિની ગહનતમ ગર્તાનો જો કોઇ સર્વથી સુનિશ્ચિત તથા લઘુમાં લઘુ માર્ગ હોય, તો તે એ જડ શક્તિના પ્રયોગનો જ માર્ગ છે. રશિયાના **ઝાર**ની સત્તા એ માર્ગમાં ચાલીને જ વિનાશની ગર્તામાં ગબડી પડી હતી એટલામાટે તમો ઝારની સત્તાનું અનુસરણ કરીને એ માર્ગમાં અગ્રેસર થશો નહિ.

અને જે ભાવનાને તમો ધિક્કારતા હો તેને યુદ્ધમાં પરાજિત કર-

વાનો તમો જ્યારે પ્રચંડ પ્રયત્ન કરો અને જ્યારે એક વિશિષ્ટ માનસિક સ્થિતિથી વિરુદ્ધ પોતાનાં સૈન્યોને રણભૂમિમાં રવાના કરો; તે વેળાયે સાવધાન રહેજો કે તમારાં તે સૈન્યો બાહ્યતઃ વિજેતા થઇને આવેલાં હોવા છતાં વસ્તુતઃ અંતરમાં તે વિશિષ્ટ માનસિક અવસ્થાવડે જીતાઇને જ પાછાં ન ફર્યાં હોય!

ત્યારે શું એ અનિષ્ટ પરિણામના નિવારણનો કોઈ પણ માર્ગ નથી? છે; એ અનિષ્ટ પરિણામના નિવારણનો એક માર્ગ છે. એ માર્ગ પાછળ રહી જવાનો કે આગળ વધીને પાછા હટવાનો નથી, કિંતુ જે કાર્યો કરવા યોગ્ય છે તે કાર્યોની દિશામાં નિર્ભયતાથી અને શીઘ્ર ગતિથી આગળ વધવાનો છે; એ જ પ્રમાણે એ માર્ગ પલાયન કરી જવામાટેનો પણ નથી તેમ જ કોઇની સાથે લડવા ઝગડવામાટેનો પણ નથી; કિન્તુ સેવા કરવામાટેનો છે. એ માર્ગ તમારામાટે ભયરૂપ તથા શત્રુસ્વરૂપ ન થઈ પડે એવી જ જો તમારી ઇચ્છા હોય, તો આવતી કાલના આદર્શ સાથે મિત્રતા બાંધી લ્યો. ભવિષ્યના હસ્તથી તમારો વિનાશ ન થાય તો સારૂં એવી જ જો તમારી ભાવના હોય, તો અત્યારથી જ પોતાના ભવિષ્યની રચના કરી લ્યો. જલના પ્રબળ પ્રવાહમાટે એક નહેરને ખોદીને તૈયાર રાખો કે જેથી તે જલપ્રવાહ વિઘાતક થવાને બદલે ભૂમિને ફળદ્રૂપ કરનારો થઈ પડે.

નવીન શક્તિઓને જીતી લેવામાટે તમારે તેમના માર્ગદર્શક થવું જ જોઇએ અને તેમને યોગ્ય માર્ગમાં લઈ જતાં તમારે જોઇતી સહાયતા અવશ્ય આપવી જ જોઈએ. અન્ય શક્તિઓના સંઘમાં એ નવીન શક્તિઓને પણ તમો યોગ્ય સ્થાન આપો. પરિશ્રમોપજીવી તથા સર્વસાધારણ જનસમુદાયના લાભોની તમો પોતે આજે અને અત્યારે જ વ્યવસ્થા ઘડી કાઢો કે જેથી નિકટના ભવિષ્યમાં તેઓ એકત્ર બળથી તમારા વિરુદ્ધ ઊઠીને ઊભા ન થઇ જાય. ન્યાયને એટલી સીમા પર્યન્ત પરિપૂર્ણ તથા અવિચલ સ્વરૂપ આપી દો કે જેથી ન્યાયદેવતાની યાચનાઓ કદાપિ પ્રખરતા કિંવા અતિશયતાના સ્વરૂપને ધારી જ ન શકે.

સંક્ષેપમાં કહેવાનું એટલું જ કે, તમારી પોતાની તેમ જ અન્ય જનોની લોભયુક્ત વાસનાઓનો ક્ષય કરી નાખવામાટે આદર્શની સેવા કિંવા ઉપાસના કરો અને જે માર્ગ વિનાશની દિશામાં ખેંચી જનારો છે તે માર્ગને ત્યાગીને યોગ્ય માર્ગમાં આગળ વધો. કોઇનું અનુકરણ ન કરો; કિન્તુ જે કરો તે પોતાનું અને નવીન કરો. બીજાઓની 'કૉપી'–નકલ–ન થાઓ; કિન્તુ બીજાઓ તમારી નકલ કરે તેવા અનુકરણીય થઇ જાઓ. બીજાઓ પાસેથી અસત્ય પ્રજાતંત્રના પાઠો પઢવા કરતાં તમો પોતે જ બીજાઓને સત્ય કિંવા વાસ્તવિક પ્રજાતંત્રના પાઠો પઢાવો અને એ વાસ્તવિક પ્રજાતંત્રને શોધી કાઢવામાટે તમો અત્યારે જે સ્થાનમાં છો તે સ્થાનથી ઉચ્ચતર સ્થાનમાં ઉડ્ડાણ કરો.

જે સત્ય પ્રજાતંત્ર છે તે કોઈ એક પદ્ધતિ નથી, કિંતુ તે એક ભાવના છે અને તેથી સૂત્રો, સંસ્થાઓ તથા પાર્લામેન્ટો જેવી સભાઓ-પર તેનો કશો પણ આધાર હોતો નથી; કારણ કે, કેટલીક વાર એવી ઘટનાઓ પણ દૃષ્ટિગોચર થાય છે કે સમ્રાટ્‌ની સત્તાવાળા સામ્રાજ્યમાં પ્રજાતંત્ર સમાન વ્યવસ્થા હોય છે અને ક્યાંક પ્રજાતંત્રયુક્ત દેશમાં રાજસત્તાત્મક દેશમાં પણ જેવા અનાચારો તથા અત્યાચારો નથી હોતા તેવા અનાચારો તથા અત્યાચારો નિત્યની સાધારણ ઘટના સમાન થઈ પડયા હોય છે. ક્યાંક પ્રજાતંત્રયુક્ત રાજ્યના પ્રમુખો સમ્રાટો કરતાં પણ અધિક સ્વચ્છન્દ તથા અનાચારી હોય છે અને તેનું સજીવન પ્રમાણ એ છે કે સમ્રાટ્‌સત્તાત્મક રોમમાં જેવા પ્રકારની ગુલામગિરી વ્યવહૃત હતી તેના કરતાં ગ્રીસનાં પ્રજાતંત્રાત્મક રાજ્યોએ અધિક ભયંકર સ્વરૂ-પની ગુલામગિરીને વ્યવહારમાં રાખી બતાવી હતી. સારાંશ કે, યોગ્ય ભાવના વિના કેવળ પ્રજાતંત્રની નામધારિણી સત્તાની સ્થાપનાથી જ આદર્શ પ્રજાતંત્રનો આવિર્ભાવ થઈ શકતો નથી.

રાજ્યક્રાન્તિથી પૂર્વના એટલે કે ઝાર્‌ના સમયના રશિયા પ્રમાણે ઈંગ્લૅંડના અલ્પસંખ્ય અભિજાત અંગ્રેજોએ રાજ્યની સમસ્ત ભૂમિને અધિકૃત કરી લીધી છે; પરંતુ ઈંગ્લૅંડની સમસ્ત પ્રજાતંત્રાત્મક સંસ્થાઓ

તેમના એ અન્યાયને અટકાવતી નથી. લંડનમાં એક આદરણીય પાર્લામેન્ટ નામક મહાસભા છે અને તેમ છતાં આશ્ચર્યનો વિષય એ જ છે કે જો વિશ્વની સમસ્ત રાજધાનીઓમાંની કોઇ પણ રાજધાનીમાં અત્યંત-ભયંકરસ્વરૂપધારિણી દરિદ્રતા તથા વિડંબના વ્યાપેલી હોય, તો તે એક માત્ર લંડન નગરીમાં જ વ્યાપેલી છે. અલ્પ સમય પૂર્વેજ મિસ્ટર લૉઇડ્ જ્યોર્જે પણ એ વિષય પરત્વે એવા ઉદ્‌ગારો કાઢ્યા હતા કે: " યુદ્ધવ્યવસાયિની અન્ય સર્વ પ્રજાઓ કરતાં મારા દેશમાં જેમને પેટ ભરીને ખાવામાટે અન્ન નથી મળી શકતું તેવાં તથા અશક્ત મનુષ્યોની સંખ્યા ઘણી જ મોટી છે." અને એ મારા વિધાનની વાસ્તવિકતાનું એક સજીવન પ્રમાણ છે.

અધિકારીઓનાં વ્યાખ્યાનોમાં સમાયલું જે પ્રજાતંત્ર તે કાંઇ સત્ય પ્રજાતંત્ર નથી. અલ્પ સમય પૂર્વે એક અમેરિકન્ મહોચ્ચપદાધિકારી પુરુષે રશિયાના પોતાના પ્રવાસના પ્રસંગે રાજમહાલયોના ઝરૂખામાંથી તેમ જ પદભ્રષ્ટ જારની સ્પેશિયલ ટ્રેનમાંથી રશિયાના ક્ષુધાપીડિત મજૂરો અથવા કામદારો તેમ જ કૃષિકારોને જે પ્રજાતંત્રના પાઠો પઢાવવાની આશા રાખી હતી તે સત્ય પ્રજાતંત્ર નથી; માત્ર એટલું જ નહિ, પણ નિર્વાચન કિંવા ચૂંટણીના દંભથી આવૃત્ત પ્રજાતંત્ર પણ સત્ય પ્રજાતંત્ર તો નથી જ; કારણ કે, વર્તમાન કાળનો જે એક ગુલામ છે તેને તેના પોતાના ઉપર લૂટ ચલાવનારા પાંચ સો કિંવા છ સો માલિકોના પક્ષમાં અથવા વિરુદ્ધ મત આપવાનો અધિકાર મળવાથી સ્વતંત્ર થયેલો દર્શાવીને તેની સાથે છેતરપિંડીની રમત રમવી એ પણ સત્ય પ્રજાતંત્ર તો ન જ કહી શકાય; કારણ કે, એ ભ્રામક પ્રજાતંત્ર છે.

સંખ્યાની છેતરપિંડી કદાપિ મુક્તતા કિંવા સ્વતંત્રા થઈ શકે તેમ નથી. એક નામહીન સ્વેચ્છાચારિતા–Autocracy–અને એક નિર્વાચન-અધિકારયુક્ત–Elective–અંધકારમયતા–Plutocracy–સત્ય પ્રજાતંત્ર–Democracy–હોય, એ કદાપિ સંભવનીય છે જ નહિ.

સત્ય પ્રજાતંત્ર અને વાસ્તવિક સ્વતંત્રા તે જ છે કે જે મનુષ્યને

તેની ગુલામગિરીનાં સત્ય બંધનોથી સર્વદા મુક્ત કરે છે અને તેને મહત્તર, વિશેષ અભિજાત, સુન્દરતર તથા અધિક સુખી બનાવી દે છે. એમર્સને એક સ્થળે કહેલું છે કે: "આપણે જે પ્રજાતંત્રને સ્થાપવા ઇચ્છીએ છીએ તે પાર્થિવ દેવોનું પ્રજાતંત્ર છે."

તે વેળાયે જ સત્ય પ્રજાતંત્રની સ્થાપના થયેલી કહી શકાશે કે જ્યારે તે સત્ય પ્રજાતંત્રના પરિણામે લઘુતમ વ્યક્તિઓ પોતાને ગુરુતમ વ્યક્તિઓ તરીકે ઓળખશે અને મહાજનો પોતાને સાધારણ મનુષ્ય તરીકે માનતા થશે; મહાપુરુષો સાધારણ જનસમાજને પોતાના દૃષ્ટાન્તથી યોગ્ય દિશામાં દોરી જતા દેખાશે અને જે પુરુષ અત્યંત નિઃસ્વાર્થ તથા દીન હશે તે જ સર્વથી ઉચ્ચકોટિનો મહાપુરુષ મનાશે અને સર્વથા નિરાધાર અવસ્થામાંથી પ્રકાશી ઊઠવાની શક્તિ સર્વોત્કૃષ્ટ મહાપુરુષને જ્યારે પ્રાપ્ત થશે ત્યારે જ ઉપર જણાવ્યા પ્રમાણે સત્ય પ્રજાતંત્રની પ્રતિષ્ઠા થયેલી છે એમ કોઈ પણ પ્રકારના સંકોચ વિના વ્યક્ત કરી શકાશે.

તમારા સમ્રાટ્ મેઇજીએ પોતાની પ્રજાની પરતંત્રતારૂપ શૃંખલાને તોડી નાખેલી હોવાથી અને સર્વથી પ્રથમ અજ્ઞાનાન્ધકારનો પણ તેણે જ પ્રતિકાર કરેલો હોવાથી સત્ય પ્રજાતંત્ર તો તેનું જ હતું. તમારા તે સમ્રાટે અત્યંત વિશાળ હૃદયથી સમસ્ત પ્રજાના દુઃખભારને પોતાના મસ્તકપર ધારી લીધો હતો અને તેના મુખમાંથી એવા ઉદ્‌ગારો નીકળતા હતા કે:—

"મારાં પ્રજાજનો તુષારરાશિના મધ્યમાં વિચરતાં મોડી રાત થતાં સૂધી કઠિન પરિશ્રમ કરી રહ્યાં હોય એવી પરિસ્થિતિમાં સંધ્યાકાળે ઉષ્ણતાના યોગે પોતાના પ્રતિ આકર્ષતા અગ્નિના તાપના સેવનથી મને આનન્દનો ઉપભોગ કેવી રીતે મળી શકે વારુ?" તેમ જ "મારા શિરપર વિસ્તરેલું 'ગગનમંડળ સર્વથા સ્વચ્છ તથા' નિરભ્ર હોય કિંવા મારા મસ્તકપર વિપત્તિના મેઘો છવાયલા હોય; છતાં 'મારી પ્રજા, મારો જનસમુદાય પોતાની આવશ્યકતાઓને કેવી રીતે પહોંચી વળે છે અને

મારાં પ્રજાજનોને પોતાની આવશ્યકતાઓને પહોંચી વળતાં દુઃખ તો નથી થતું ?' એ વિચાર એક નિમેષમાત્રને માટે પણ મારા હૃદયથી વિભક્ત થતો નથી ! ”

અર્થાત્ જો કોઈ પણ સત્ય પ્રજાતંત્ર હોય, તો તે આ જ છે.

જ્યારે કેવળ નામધારિ નહિ, કિન્તુ વાસ્તવિક પ્રજાશાસન “ મત્સુરી ગોતો ” પૂજાસ્થાને વિરાજે છે; જે સમયમાં પ્રજાજનો તેમના પોતાના શાસકોના ' મહાપવિત્ર ધનભંડાર ' રૂપ થઈ પડે છે અને જ્યારે ' સર્વ કાર્યો પ્રજાની અનુમતિ અનુસાર જ થવાં જોઇએ ' એવા અર્થને દર્શાવનારૂં '**ગો કાજો નો ગો સેઇબૂન**'* સૂત્ર રાજ્યના સર્વથી પ્રથમ અને અગ્રગણ્ય સૂત્ર–નિયમ–તરીકે સ્વીકારાય છે; ત્યારે જ સત્ય કિંવા વાસ્તવિક પ્રજાતંત્રની યથાર્થ પ્રાણપ્રતિષ્ઠા થયેલી માની શકાય છે.

કોઈ એક એકત્ર થયેલા જનસમુદાયનો જે અસ્થિર પ્રલાપ કિંવા પ્રમાદ અથવા તો પોતાના સ્વાર્થને સાધવામાટે પોતાના વિચારોને વિપરીત તથા અસત્ય રૂપ આપનારા કેટલાક મનુષ્યોનો જે કોલાહલ તે પ્રજાનો મત અથવા અભિપ્રાય નથી; કારણ કે, વાસ્તવિક પ્રજામત તો પ્રજાના હૃદય તથા આત્માઓમાં જ રહેલો હોય છે અને જેઓ આત્મ-વિસ્મૃત થઈ જાય છે એટલે કે પોતાને ભૂલીને સર્વથા પ્રજામય થઇ જાય છે તેઓ જ એ પ્રજામતને જાણી શકે છે અને તેનું સેવન કરી શકે છે. પોતાના એક વિશિષ્ટ પક્ષના લાભોને સેવતા વ્યવસાયી રાજની-તિજ્ઞ પુરુષો એ સત્ય પ્રજામતને વ્યક્ત કરી શકતા નથી.

...વ્યક્તિગત શક્તિઓનો સમષ્ટિગત આત્મામાટે તથા વિશાળ સમષ્ટિગત શક્તિનો વ્યક્તિગત આત્માઓમાટે જે પરસ્પર માનયુક્ત કિંવા પૂજ્યભાવ તે જ વાસ્તવિક પ્રજાતંત્ર છે; અર્થાત્ એ સત્ય પ્રજાતંત્ર કેવળ વ્યક્તિતત્ત્વાત્મક પણ નથી તેમ જ કેવળ સમષ્ટિતત્ત્વાત્મક પણ નથી;

* પાંચ નિયમનોમાંનો એક સન્માન્ય પ્રધાન નિયમ જાપાનમાં '**ગો કાજો નો ગો સેઇબૂન**' છે; પરંતુ તે વ્યવહારમાં કેટલી સીમા પર્યન્ત યોજાય છે એ શંકાસ્પદ છે. **અનુવાદક**

કિન્તુ જેમાં એ ઉભય તત્ત્વોનો સમપ્રમાણ સમાવેશ થયેલો છે તેનું જ નામ વાસ્તવિક પ્રજાતંત્ર છે.

જે સત્ય પ્રજાતંત્ર છે તેનો અર્થતઃ રાજસત્તા સાથે તેમ જ લોકસત્તા સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ નથી; કારણ કે, તે તો માત્ર સત્ય પ્રજાતન્ત્રોની જ રક્ષા કરે છે અને જે રાજાઓ નષ્ટ કરી નાખવા યોગ્ય વસ્તુઓ સાથે પોતાનો ઘનિષ્ટ સંબંધ બાંધે છે અને તેથી જે રાજાઓમાં દેવત્વદર્શક ચિહ્નનો સર્વથા લોપ થઇ ગયેલો હોય છે તેવા અસત્ય કિંવા અવાસ્તવિક રાજાઓને દૂર ખસેડી દે છે.

જે વાસ્તવિક પ્રજાતંત્ર છે તે કેવળ અવાસ્તવિક મહત્તાનો જ બહિષ્કાર કરે છે અને તેના સ્થાનમાં વાસ્તવિક મહત્તાને ઉદ્‌ભૂત કરે છે. જે સ્વામીઓ લોકોનું રક્ષણ કરવાને બદલે લોકોનું ભક્ષણ કરી રહેલા હોય છે તેવા અધમ સ્વામીઓનો જ વાસ્તવિક પ્રજાતંત્ર ધ્વંસ કરી નાખે છે એટલે કે લોકોનો વિક્ષુબ્ધ અને વિપ્લવાભિમુખ આત્મા એવા સ્વામીઓનો તેમની ઉન્નતિના મંગળાચરણમાં જ સર્વથા વિનાશ કરી નાખે છે.

વાસ્તવિક પ્રજાતંત્રની પ્રકૃતિ આ છે, અને તેથી જે સ્થાનમાં એ વાસ્તવિક પ્રજાતંત્રની સત્તા પ્રવર્ત્તે છે તે સ્થાનમાં ન્યાય તથા સત્યની સત્તા પણ પ્રવર્ત્તતી હોય છે. પરસ્પર વિરુદ્ધ વિચારોના વિગ્રહસ્થાનમાં એ વાસ્તવિક પ્રજાતંત્ર વિચારોની એકતા કિંવા અવિરુદ્ધતા તથા સમાધાનની સ્થાપના કરી દે છે; તે મુક્તિને ઐક્યની સહચરી બનાવી દે છે; ઐહિક ઉગ્ર ભાવનાઓને સ્વર્ગીય આદર્શવાદ સાથે સાંધી દે છે તેમ જ પ્રજાજનોના પ્રધાન અધિકારોને સત્ય રાજાઓના અધિકાર સાથે મેળવીને સંકલિત કરી નાખે છે. સારાંશ કે, વાસ્તવિક પ્રજાતંત્ર અમરલોક–સ્વર્ગ–તથા મર્ત્યલોકને સમતાની એક જ કક્ષામાં અધિષ્ઠિત કરી દે છે, એ નવીનતાથી અને વારંવાર કહેવાની આવશ્યકતા છે જ નહિ.

પરંતુ એવા વાસ્તવિક પ્રજાતંત્રનું અસ્તિત્વ ક્યાં છે? એ વાસ્તવિક પ્રજાતંત્ર આપણને ક્યાં મળી શકે તેમ છે? આ ક્ષણ પર્યન્ત

તો એ વાસ્તવિક પ્રજાતંત્રનું ક્યાંય પણ અસ્તિત્વ નથી અને તેથી જ સર્વ પ્રજાઓના શિરપર અસ્તાવ્યસ્તતારૂપ કૃષ્ણ મેઘોની ઘટા આવ્યા કરે છે. આ અસ્તાવ્યસ્તતામાં તેઓ–લોકો–વાસ્તવિક પ્રજાતંત્રને શોધી કાઢવામાટે ઇતસ્તત: ભ્રમણ કરી રહ્યા છે અને અહીં એ અવશ્ય સ્મરણમાં રાખી લેવાનું છે કે અને એ અસ્તાવ્યસ્તતામાંથી જ વાસ્તવિક પ્રજાતંત્રનો ઉદ્‌ભવ થશે અને તે સર્વત્ર વિસ્તરી જશે.

અન્ય પ્રજાઓ પ્રમાણે તમો પોતે એ અસ્તાવ્યસ્તતામાં ઊતરવા નથી ઇચ્છતા, એ સત્ય છે કે નહિ? અર્થાત્ જો અસ્તાવ્યસ્તતારૂપ ગર્તામાં ગબડવાની તમારી ઇચ્છા ન હોય, તો અન્ય પ્રજાઓ જે કારણથી એ ગર્તામાં ગબડી પડી છે તે કારણને યથાર્થ સ્વરૂપમાં જાણી લ્યો. અન્ય પ્રજાઓ પોતાના અત્યંત અહંભાવયુક્ત વિચારો અને પોતાનાં અન્યાયપૂર્ણ કર્મોના પરિણામે જ એ અસ્તાવ્યસ્તતારૂપ ગહનતમ ગર્તામાં ગબડી પડી છે; કારણ કે, તે પ્રજાઓ સમસ્ત પૃથ્વીને પોતાના અધિકારમાં લાવવાના લોભમાં લપટાયલી છે અને તેમણે તેમના પોતાના આત્માને પણ અમાન્ય કરી દીધો છે.

હે જાપાન, તું તે પ્રજાઓનું અનુકરણ કરીશ નહિ; કિન્તુ તારા પોતાના આત્મા તથા પરમાત્માનો પોતામાં જ સાક્ષાત્કાર કરી લે અને પોતાના આત્માના મહાન્ વિચાર અથવા તારા પોતાના સત્ય કર્ત્તવ્ય વિષયક વિચારને પુનઃ પ્રાપ્ત કરી લે. તારા કર્ત્તવ્યની મૂર્તિ કર, એશિયાને ઉદ્ધારી દે અને એશિયાની પ્રજાઓને સુખનો સાક્ષાત્કાર કરાવી દે; કારણ કે, તારૂં જો કોઈ પણ કર્ત્તવ્ય હોય, તો તે એ જ છે...

અને જો તું પોતાના એ કર્તવ્યની પૂર્તિ કરીશ, તો તેથી તું પોતે પણ સુખી થઈશ અને તે સાથે વાસ્તવિક સ્વતંત્રતાને પણ ઓળખી શકીશ. તું અન્યને માટે જે કાંઈ પણ કરીશ તે જ અવશ્ય તને પોતાને પણ પ્રાપ્ત થશે. તારૂં આભ્યંતર રૂપાન્તર તારાં બાહ્ય કાર્યોના પ્રતિબિંબરૂપ થઈ પડશે અને તેમની મહત્તા તથા સુન્દરતાનો તારામાં પ્રાદુર્ભાવ થતાં તે મહત્તા તથા સુન્દરતા તારામાં સર્વ વિષયોને

વ્યવસ્થિત કરી દેશે.

હે જાપાન, તારે જે કાંઇ પણ બાહ્ય કાર્ય કરવાનું છે તે કરી લે કે જેથી આભ્યન્તર અંધકાર તથા કોપની ગર્તામાં તારો અધઃપાત થતો અટકી જાય !

૫ ભાવી પુરુષ*

આ અશાશ્વત પદાર્થમય વિશ્વમાં જ્યાં જ્યાં **શાશ્વત**–**પર**માત્મા–નું નિવાસસ્થાન છે ત્યાં ત્યાં–તે તે સ્થાનમાં–ન્યૂનાધિક પરિમાણમાં કોઇ પણ એક **શા**શ્વત ચૈતન્યનો નિવાસ હોય છે. એવી જ રીતે જ્યાં જ્યાં આદર્શનો આવાસ હોય છે તે તે સ્થાનમાંથી નિરંતર કોઇ એક ભાવિ પદાર્થનો અચાનક ઉદ્‌ભવ થતો રહે છે. જે પવિત્ર નગર સ્વર્ગમાંથી પૃથ્વીતલપર ઊતરી આવે છે તે પવિત્ર કિંવા સ્વર્ગીય પુરીનું પ્રત્યેક ગૃહ એક દેવાલય છે; અર્થાત્ પ્રત્યેક દેવાલય સ્વર્ગમાંથી ઊતરી આવેલી પવિત્ર નગરીનું ગૃહ છે અને તેટલામાટે આ દેવાલયમાં કિંવા આ આગારમાં જે તેના કરતાં મહત્તર છે તેને હું પ્રણમું છું; ભાવિ નગરીને વંદું છું; આ જનસભાની પારદર્શિતા દ્વારા હું ભાવિ પ્રજાને નમસ્કાર કરૂં છું.

જે ઇશ્વરીય પુરુષ આ દેવાલયનું કેન્દ્ર છે, દેવાલયનો આત્મા છે અને દેવાલયનો પ્રકાશ છે તેમ જ જે ઇશ્વરીય પુરુષ ભવિષ્યની રચના કરી રહ્યો છે તે ઇશ્વિરીય પુરુષને પણ હું આ દેવાલયમાં મસ્તક નમાવું છું. હવે તે ઇશ્વિરીય પુરુષ કોણ છે તે તમો જાણો છો ખરા કે? તે પુરુષ ભવ્ય **ભા**વિનો સંદેશવાહક છે, પ્રતિનિધિ છે અને અગ્રગામી દૂત છે; જે પુરુષવડે અને જે પુરુષમાં ભવ્ય **ભા**વિ મૂર્તિમાન્ થાય છે તે એ જ ઇશ્વરીય પુરુષ છે. **ભા**વિના જે સંદેશ કિંવા ઇશ્વિરના જે

*** સાધુ પૉલ્ રિચર્ડે આ આખ્યાન ઇ. સ. ૧૯૧૯ ના એપ્રિલ માસની ૨૦ મી તારીખે 'હો' દેવાલયના સાંવત્સરિક મહોત્સવ પ્રસંગે આપ્યું હતું.**

આદેશ, ઉત્પાદક શબ્દવડે નવીન માનવજન્મ, મનુષ્યો તથા પ્રજાઓના દૈવી ચમત્કારો તથા પ્રાચીન 'પ્રજાઓનાં પુનરુત્થાન આદિ રહસ્યો કાલાન્તરે પ્રસ્ફુટ તથા પરિપૂર્ણ થાય છે; તે ભાવિના સંદેશ કિંવા ઈશ્વિરીય આદેશને પ્રાપ્ત કરી લેવામાટે એક દીન મનુષ્યનો આત્મા આધુનિક અવરોધો તથા પ્રતિબંધોના મધ્યમાં હૃદયની અસહ્ય વ્યથાને અનુભવે છે; કારણ કે, જ્યાં જ્યાં ઈશ્વિરીય પુરુષ હોય છે તે સ્થાનમાં શક્તિ કિંવા સત્તા, આશા તથા બીજરૂપે ભાવી પુરુષ રહેલો જ હોય છે.

તે ભાવી પુરુષના સંબંધમાં શું બોલવું અને તેના વિષયમાં વિચાર પણ શો કરવો વારુ ? કારણ કે, તે આપણાથી અતિશય ઉન્નત હોવાથી આપણાથી તેના સંબંધમાં કાંઈ પણ બોલી કે વિચારી શકાય તેમ છે જ નહિ, એ વિધાન જો કે સત્ય છે; છતાં એ પણ સત્ય જ છે કે તેના અસ્તિત્વનો અસ્વીકાર કરી શકાય તેમ પણ નથી; કારણ કે, સર્વ યુગોએ તેના આગમનની આશા રાખેલી છે; સર્વ પ્રજાઓએ તેના આગમનની પ્રતીક્ષા કરેલી છે; સર્વ પયગંબરોએ તેના આગમનની ઘોષણા કરેલી છે અને સર્વ શતકો–સદીઓ–એ તેની રચનામાં જ પોતાનો સમય વીતાડેલો છે. વર્તમાન મનુષ્ય પૃથ્વીનો ઉત્કૃષ્ટ પુત્ર નથી; અર્થાત્ આધુનિક સુસંસ્કૃત મનુષ્ય, શોણિતપિપાસુ જાતિઓનો મનુષ્ય કિંવા સંગ્રામશીલ અથવા વિગ્રહપરાયણ મનુષ્ય તે સ્વર્ગનો અંતિમ સત્ય પુત્ર, સ્વર્ગનો ઉત્કૃષ્ટ આવિર્ભાવ નથી, એ સર્વથા નિર્વિવાદ છે; કિંબહુના વર્તમાન મનુષ્યને જો એક ઉત્તમ વ્યાઘ્ર કહેવામાં આવે, તો એ વિધાન અતિશયોક્તિમય થવાનો સંભવ નથી; કારણ કે, વર્તમાન મનુષ્ય તે દેવકોટિનો મનુષ્ય નથી; અર્થાત્ જે મનુષ્યમાટે સમસ્ત સૃષ્ટિ સંકષ્ટ ભોગવી રહી છે તથા નિઃશ્વાસો નાખી રહી છે અને જેને તે પ્રસવપીડા તથા પરિવેદનાપૂર્વક જન્મ આપી રહી છે તે મનુષ્ય તે આપણો આધુનિક મનુષ્ય નથી.

તે પુરુષ અદ્યાપિ છે નહિ, પણ હવે પછી થવાનો છે. તે પુરુષ અદ્યાપિ આવ્યો નથી, પણ હવે આવવાની તૈયારીમાં છે. મનુષ્યોનાં

હૃદયોમાંથી તથા વિશાળ જનસમુદાયના અંતઃકરણમાંથી આટલી સીમા પર્યન્ત ગગનગામી આર્તનાદ કદાપિ નીકળ્યો હતો ખરો ? અહા, અત્યારે આ સૃષ્ટિની સમસ્ત પ્રજાઓ પોતાના મુક્તિદાતાનું આવ્હાન કરી રહી છે, અને તેમનો તે મુક્તિદાતા તે જ છે કે જે આવવાની તૈયારીમાં છે. તેનું આગમન થતું હોવાથી ભૂમિ કંપાયમાન થઈ રહી છે અને અંધકારાવૃત્ત ગહન ગર્તાઓ હચમચી રહી છે એ તમો નથી જોતા કે શું ? સમસ્ત વસ્તુઓના નાશ તથા પુનર્ગઠનની ક્રિયા વેગપૂર્વક ચાલી રહી છે, એ તમો નથી જોઈ શકતા કે શું ? કારણ કે, તે હવે અલ્પ સમયમાં જ પ્રકટ થવાની તૈયારીમાં છે અને તેથી જે વસ્તુ તેની મુદ્રાથી મુદ્રિત નહિ હોય અને જે વસ્તુ તેના આગમનમાં પ્રત્યવાયરૂપ થવાનો સંભવ હોય, તેવી સર્વ વસ્તુઓનો અવશ્ય સર્વનાશ થવો જ જોઇએ.

એવો એક શાશ્વત નિયમ જ છે કે જ્યારે સર્વોત્કૃષ્ટ પરમાત્માના આગમનની તૈયારી થાય છે તે વેળાયે તેના આગમનથી પૂર્વે પ્રથમ ઝંઝાવાત, પ્રબલ ઝટિકા, કંપાવનારા અવરકંદો તથા પાપનિવારક પ્રચંડ પાવક આદિનો આવિર્ભાવ થાય છે અને ત્યાર પછી જ મનુષ્યોના હૃદયમાં જે આત્મા મૂર્ત્તિમાન થવાનો હોય છે તે આત્માના મધુર તથા સૂક્ષ્મ શ્વાસનો સુગંધ સર્વત્ર પ્રસરવા માંડે છે. આવી રીતે સદા સર્વદા પુનરુદ્ધારથી પૂર્વે વિનાશનું આગમન થાય છે, પુનર્જીવનથી પૂર્વે મૃત્યુનો આવિર્ભાવ થાય છે, પ્રકાશથી પૂર્વે અંધકારનો અધિકાર વ્યાપે છે અને નૂતન સૃષ્ટિઓ, નૂતન સ્વર્ગો તથા નૂતન પૃથ્વીઓના આગમનથી પૂર્વે સર્વત્ર અસ્તાવ્યસ્તતાનો જ આવિર્ભાવ દૃષ્ટિગોચર થતો રહે છે. સારાંશ કે, આવી રીતે પ્રત્યેક મહત્તર પરિવર્ત્તનના પ્રસંગે–એક સ્થિતિના સંહાર અને અન્ય પરિસ્થિતિના પ્રસવના પ્રસંગે–કોઇ પણ એક મહત્તર અને અધિકતર આશ્ચર્યજનક વસ્તુ અવતરે છે, એવો એક શાશ્વત નિયમ જ બંધાઇ ગયો છે. અર્થાત્ આ વસ્તુસ્થિતિને વિલોકતાં શાશ્વત પરબ્રહ્મ એકસમયાવચ્છેદે મહાભયાનક તથા વિસ્મયજનક નથી કે શું ? અવશ્ય છે અને છે જ.

આ નિયમના આધારે જ આજે પુનઃ એક વાર આ વિશ્વની અસ્તા-વ્યવસ્તતા કિંવા અવ્યવસ્થા અને વિભીષણ વ્યથા દિવ્ય રાજ્ય તથા દિવ્ય રાજાના શીઘ્રતમ આગમનને સૂચવી રહી છે. નૈસર્ગિક વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં એવા મનુષ્યો, એવી પ્રજાઓ અને એવી રાજસત્તાઓ પણ અસ્તિત્વ ધરાવે છે કે જેઓ એ સ્થિતિના આવિર્ભાવને ઇચ્છતાં નથી અને એ નિર્માણના રહસ્યને લેશમાત્ર પણ સમજી શકતાં નથી. તેઓ નિર્ભયતાને કિંવા સુરક્ષિતતાને અગ્રભાગમાં શોધવાને બદલે પશ્ચાદ્ભાગમાં શોધે છે. તેઓ ઉષા સમક્ષ વિચરવાને બદલે અસ્તંગત થતા સૂર્યની પાછળ દોડયા કરે છે; કારણ કે, ભાવિમાં તેમની શ્રદ્ધા નથી અને જેનું આગમન થવાની તૈયારી છે તેનાથી તેઓ ભયભીત થયેલાં છે. તેઓ ભૂતકાળને દૃઢતાથી વળગી રહે છે; તેઓ પરમાત્માને પ્રાર્થે છે અને તે જ વેળાયે તેની સાથે વિગ્રહને આરંભી દે છે. તેઓ પોતાના આધિપત્યને સ્થાપવા ઇચ્છે છે, સૌદામિનીની ગર્જનાને મૌનાવલંબિની કરી દેવા માગે છે; ધસારો કરીને આગળ વધતાં બળોના વેગને સ્તબ્ધ કરવા ચાહે છે અને પર્વત સમાન ઉચ્ચતમ લહરીઓને ઉછાળતા મહાસાગરને તેઓ એવી આજ્ઞા સંભળાવવા ઇચ્છે છે કે: ‘ તારે હવે આગળ વધવું જ નહિ!’ અને એટલામાટે જ મહાસાગર આગળ વધતો જાય છે અને તેમને ધસડતો જાય છે. તેઓ એવી કલ્પનામાં અટવાયાં કરે છે કે આ વસુંધરા કેવળ તેમની અહંતાયુક્ત વાસનાઓની તૃપ્તિમાટે જ સૃજાયલી છે; પરંતુ વસ્તુસ્થિતિ એથી સર્વથા વિપરીત છે; કારણ કે, આ વસુંધરા તો કેવળ પરમાત્માના પ્રકટીભવનમાટે કિંવા ભાવી પુરુષના આગમનમાટે જ નિર્માણ થયેલી છે; પરંતુ એ દિવ્ય રહસ્ય તેમનાથી સર્વથા અજ્ઞાત છે.

તે ભાવી પુરુષ આપણી તદ્વિષયક ધારણાથી સર્વથા ભિન્ન પ્રકારનો હોવાનો એ આપણે સ્વીકારવું જ જોઇએ; અર્થાત્ અત્યારે આપણે છીએ તેના કરતાં તે આકાર તથા પ્રકારમાં સર્વથા ભિન્ન જ હોવો જોઇએ અને આધુનિક મનુષ્યથી તેની પરિસ્થિતિ સર્વથા અન્ય પ્રકારની જ હોવી

જોઇએ; એટલે કે, વર્તમાનકાલિક મનુષ્ય દાસ અથવા ગુલામ છે તો તે ભાવી પુરુષ તેટલા જ પરિમાણમાં મુક્ત કિંવા સ્વતંત્ર હોવાનો. વર્તમાનકાલિક મનુષ્ય પોતે નિર્બળ હોવાથી સત્તાપ્રાપ્તિવિષયક આકાંક્ષાનો દાસ છે અને દીન તથા દારિદ્ર હોવાથી અર્થપ્રાપ્તિવિષયક વાસનાનો તુચ્છ સેવક છે; પરંતુ જે દિવ્ય ભાવી પુરુષનું આગમન થવાનું છે તે શસ્ત્રહીન હોવા છતાં બલાઢ્ય અને લૂંટાઇ જવા છતાં ધનાઢ્ય રહેવાનો, તે સવ વસ્તુઓનો સ્વામી હોવાથી તેને કોઇની કશી પણ વસ્તુનો અપહાર કરવાની આવશ્યક્તા પડે તેમ નથી અને તેના અંતરમાં સર્વશક્તિમત્તાનો શાશ્વત નિવાસ હોવાથી તેને કોઇ પણ પ્રકારની દૃશ્ય સત્તાની આવશ્યક્તા રહે, એ સર્વથા અસંભવનીય છે.

આધુનિક મનુષ્ય સર્વથા અજ્ઞ હોવાથી પોતાના વિજ્ઞાનમાં શ્રદ્ધા રાખે છે. આજનો મનુષ્ય પ્રમાદોનો તેમ જ વારંવાર ચળી જનારા વિચારની સીમાઓનો દાસ છે; પરંતુ તે દિવ્ય ભાવી મનુષ્ય સમસ્ત અજ્ઞાનના બંધનથી સર્વથા મુક્ત હોવાનો અને તેનું જીવન સત્યમય હોવાથી તેના હસ્તથી પ્રમાદ થવાનો સંભવ રહેવાનો જ નહિ. તે ભાવી પુરુષ બુદ્ધિની સીમાઓનો અતિક્રમ કરી જશે; કારણ કે, તેનો નિવાસ માનસિક સ્વર્ગથી ઉચ્ચતર આધ્યાત્મિક પ્રકાશમય સ્વર્ગ કિંવા પ્રત્યક્ષ જ્ઞાનપ્રકાશક સ્વર્ગભૂમિમાં જ હોવાનો. જેને તમારા સાધુ પુરુષોએ 'મેઈ તાકૂ' નામ આપેલું છે તે નિષ્કલંક સદ્‌ગુણ, પ્રકાશમયી પરિપૂર્ણતા નથી કે શું? તે દિવ્ય ભાવી પુરુષ નિરર્થક શબ્દોના કોલાહલના મધ્યમાં નહિ, કિન્તુ પરમાત્મપ્રેરિત શાન્તિની સમસ્વરતાના મધ્યમાં જ વસવાનો છે.

વર્તમાન મનુષ્ય આ વિશ્વના નિયમોને આધીન થવાથી પોતાને સદ્‌ગુણશીલ માની લે છે; પરંતુ દિવ્ય ભાવી પુરુષ સ્વાભાવિક જ નીતિમાન્ કિંવા સદ્‌ગુણી હોવાથી એ નિયમાધીન થવાના બંધનથી મુક્ત રહેવાનો છે; અર્થાત્ બાહ્ય નિરોધ, આદેશ તથા મર્યાદા આદિ તેને બાધ્ય કરી શકવાનાં નથી. અન્ય જનો જેને સહન કરી શકે તેના કરતાં ઉચ્ચતર અને તેને પોતાને ઉચ્ચતર પરિસ્થિતિમાં લઈ જનાર નિયમને અનુસરવા-

માટે તે સ્વતંત્ર રહેવાનો; કારણ કે, જે કાંઈ પણ સાધારણ મનુષ્યોને શુભ ભાસે છે, તે તેને સર્વથા અશુભ જ ભાસવાનું અને જે કાંઈ પણ અશુભ છે તેને તે મહત્તર શુભના સ્વરૂપમાં ફેરવી નાખશે.

અત્યારના સમયનો મનુષ્ય કોઇ એક વિશિષ્ટ ધર્મને ધારી લેવાથી પોતાને ધાર્મિક કિંવા ધર્મશીલ તરીકે ઓળખાવે છે; પરંતુ વાસ્તવિકતાથી જોતાં સર્વ ધર્મો માર્ગરૂપ છે અને પર્વતના ઉચ્ચતમ શૃંગ કિંવા શિખર-પ્રદેશમાં માર્ગનું અસ્તિત્વ હોતું જ નથી. અર્થાત્ દિવ્ય ભાવી પુરુષ કોઇ એક વિશિષ્ટ ધર્મને ધારશે નહિ; કિન્તુ સર્વ ધર્મોને ધારી લેશે; માત્ર એટલું જ નહિ, પણ તેથી પણ કોઈ ઉચ્ચતર સ્થિતિને અંગીકૃત કરશે; કારણ કે, સ્વર્ગનાં સર્વ સ્થાનોમાં તેનો સંચાર થયેલો હોવાથી તે આ પૃથ્વી તલપરનાં સર્વ આવિર્ભાવોને તેમ જ ઉપાસનાઓને જાણી અને સમજી શકશે. વેદોની સહાયતાથી તે એકતાના તથા પુરુષ અને પ્રકૃતિ કિંવા ઈશ્વર અને માયાની શક્તિઓના સામ્યના રહસ્યને અવગત કરી લેશે; શિન્ટોની સહાયતાથી એકના અનેકત્વવિષયક કાવ્યમાં, પૂર્વજો તથા દેવોના સ્વર્ગની દિવ્ય ભૂમિમાં પદસંચાર કરશે; બૌદ્ધ ધર્મના સમાગમથી સજીવ તથા નિર્જીવ સૃષ્ટિ વિષયક અહંકારહીન પ્રેમ તથા આત્મનિર્વાણની મહાશાન્તિમાં વિહરશે; ઇસ્લામના સાહચર્યથી શ્રદ્ધાળુ—ઇમાનદાર—ની ઈશ્વરાર્પણતા તથા શ્રદ્ધાની પરિપૂર્ણતાના પ્રદેશમાં વિચરશે; ટાઓના પરિશીલનથી તે અત્યુત્કૃષ્ટ વ્યક્તિત્વશૂન્યતાના ઉદ્યાનમાં જઈ પહોંચશે અને ક્રાઈસ્ટના અનુશીલનથી અવતારના મર્મને તથા સર્વોત્કૃષ્ટના આવિર્ભાવવિષયક ભેદનો પૂર્ણજ્ઞાતા થઈ જશે.

અર્થાત્ જે ધર્મના ન્યૂનાધિક અંશનો પૃથ્વીના એ સર્વ ધર્મોમાં સમાવેશ થયેલો છે અને જે ધર્મ એ સર્વ ધર્મોદ્વારા ન્યૂનાધિક અંશે સર્વત્ર વિસ્તરી રહ્યો છે છતાં જે ધર્મ એ સર્વ ધર્મોથી પર તથા ઉચ્ચતર છે તે ધર્મને તે દિવ્ય ભાવી પુરુષ ધારશે. તે દિવ્ય ભાવી પુરુષ સર્વ વિશ્વો પરમાત્માનાં હોવાથી પ્રકાશમય વિશ્વોમાં તેમ જ અંધકારમય વિશ્વોમાં, આકાશનાં સમસ્ત ઉપવનોમાં તેમ જ ઉપર તથા નીચેનાં

સર્વ સ્વર્ગોમાં એક દિવ્ય બાલક પ્રમાણે સર્વથા મુક્ત ભાવથી ખેલતો રહેશે. તે દિવ્ય બાલક પરમાત્માનો જ્ઞાતા હોવાથી અને જીવન તથા મૃત્યુનો સ્વામી હોવાથી અજ્ઞાનગર્તા પણ તેને પોતાના વક્ષઃસ્થલરૂપ દોલામાં–પાલણામાં–પોઢાડીને માતા પ્રમાણે ઝૂલાવશે. તે સ્વર્ગ તથા પૃથ્વી ઉભયલોકનો નાગરિક હોવાથી જેવી રીતે તે દેવસમુદાયમાં વિચરે છે તેવી જ રીતે માનવ સમુદાયમાં પણ વિચરશે. તે આ વિશ્વનો સમ્રાટ્ તેમ જ સંરક્ષક થશે, એ સર્વથા નિર્વિવાદ છે.

પરંતુ તદ્વિષયક કલ્પના કરવાની તેમ જ તેના નિરૂપણમાં પ્રવૃત્ત થવાની આવશ્યકતા જ શી છે વારૂ ? કારણ કે, હે વર્તમાન મનુષ્ય, જો તે ભાવી પુરુષને જાણવાની તારી આકાંક્ષા હોય, તો તું પોતે જ તદ્રૂપ થઈ જા; અર્થાત્ તે દિવ્ય ભાવી પુરુષ નિરંતર વિદ્યમાન હોવાથી તું જેવો તે છે તેવો થઇ જા. જો કે તે ભાવી પુરુષ અદૃશ્ય છે, છતાં વિદ્યમાન છે; માત્ર એટલું જ નહિ પણ તે તારા સમક્ષ છે, તારા નિકટમાં છે એટલે તેના પ્રવેશમાટે તું પોતાના હૃદયમંદિરના દ્વારને મુક્ત કરી દે. તે એક તે આત્મા છે કે જે પોતાના આવરણ તળે સર્વને પોષી રહ્યો છે અને તે એક એવો આત્મા છે કે જે પોતાના પ્રકટીકરણમાટે કિંવા પોતે વ્યક્ત થવામાટે વ્યક્તિરૂપ તથા સમષ્ટિરૂપ દેહને આ સૃષ્ટિની આરપાર શોધી રહ્યો છે; કારણ કે, જેનો પ્રકાશ થવાનો છે તેને કોઇ પણ એક જ વ્યક્તિ પોતામાં સમાવીને અવતારમંડિત કરી શકે તેમ નથી. મહાન્ ઇશ્વરના મહિમાને કોઈ પોતામાં બદ્ધ કરીને બંદિજન પ્રમાણે પૂરી રાખે એ કદાપિ શક્ય છે જ નહિ. અર્થાત્ તેની દિવ્ય પ્રભાના વિસ્તારમાટે બંધુમંડળની એકતા તથા ઉર્વરતાની આવશ્યકતા છે; એક નિર્વાચિત પ્રજારૂપ કુટુંબની આવશ્યકતા છે અને તેથી જ મારો તમને એ ઉપદેશ છે કે તમો પોતે જ તેની દિવ્ય પ્રભાના વિસ્તારમાટે નિર્વાચિત પ્રજારૂપ કુટુંબના સ્વરૂપને ધારી લ્યો!

એ ભાવી આત્મા અથવા નૂતન મનુષ્યનો આત્મા આજની આ સભાના શિરોભાગમાં સંચરી રહ્યો છે. અર્થાત્ તેના આગમનમાટે તમારાં

દ્વારોને ખોલી નાખો. તે ભાવી આત્મા આ જાતિ કિંવા રાષ્ટ્રના શિર• પર સંચાર કરી રહ્યો છે. તેના રાજ્યની પ્રતિષ્ઠા થાઓ!

૬ ઈશ્વરપુત્રો*

આ સૃષ્ટિમાં કેટલાક એવા વિશિષ્ટ પુરુષો અસ્તિત્વ ધરાવે છે કે જેમની સ્થિતિ અન્ય સાધારણ મનુષ્યોથી સર્વથા ભિન્ન પ્રકારની જ હોય છે. જેમના બાહ્ય દર્શનમાં એવી કોઇ વિશિષ્ટતા હોતી નથી કે જેના યોગે તેઓ ભિન્ન પ્રકારના મનુષ્યો તરીકે ઓળખાઇ આવે, એ જો કે સત્ય છે; તથાપિ વસ્તુતઃ પૃથ્વીના અંધકાર તથા શોક અને સ્વર્ગના પ્રકાશ તથા આનન્દ વચ્ચે જેટલો અંતર રહેલો છે તેટલો જ, કિંબહુના તેથી પણ કિંચિદ્ અધિક અંતર તેમનામાં અને અન્ય સાધારણ મનુષ્યોમાં પરસ્પર રહેલો હોય છે; કારણ કે, તેમનામાં તે દિવ્ય પ્રકાશના આનન્દ અને તે દિવ્ય આનન્દના પ્રકાશનો નિવાસ હોય છે અને તેથી પૃથ્વીના પુત્રોમાં તેઓ ઇશ્વરના પુત્રો છે, એ નિરંતર સ્મરણમાં રાખી લેવાનું છે.

એ ઇશ્વરપુત્રોનો અધિકસંખ્ય ભાગ તો સાંસારિક જનોથી સર્વથા અજ્ઞાત જ રહે છે. જેને શોધવામાટે અન્ય જનો પ્રત્યેક સ્થાનમાં પરિભ્રમણ કર્યા કરે છે અને જેને ન જોઇ શકવાથી જેનાં ગુપ્ત દ્વારો સાથે અથડાયા કરે છે તે દિવ્ય તેજોમય ધામમાં એ ઇશ્વરપુત્રો અજ્ઞાત અવસ્થામાં નિવાસ કરી રહે છે. જે વસ્તુ સર્વથી અજ્ઞાત છે તે વસ્તુના તેઓ જ્ઞાતા છે; તેઓ જીવનની ઉત્કૃષ્ટ વાસ્તવિકતા સહિત જીવે છે. અર્થાત્ એ પ્રમાણેના જીવનને સ્વીકાર્યા વિના એ જીવનના રહસ્યને કોણ જાણી શકે તેમ છે વારૂ? જીવનના જે ઉચ્ચતમ આનન્દને પ્રાપ્ત કરી લેવામાટેની સર્વ જનો તૃષ્ણા રાખે છે, તે આનન્દ એ ઇશ્વરપુત્રોની નૈસ-

* સાધુ પૉલ્ રિચર્ડે ઇ. સ. ૧૯૧૭ ના જૂન માસમાં ટોકિયો નગરમાં આ વ્યાખ્યાન આપ્યું હતું.

ર્ગિક સંપત્તિ છે અને જ્યાં સુધી જીવનના એ ઉચ્ચતમ આનન્દને મેળ-વવામાટેની તૃષ્ણા રહે છે ત્યાં સુધી એ આનન્દ કોઇને પણ મળી શકતો નથી. મારા આ કથનનો મથિતાર્થ એ જ છે કે વસ્તુતઃ જેની સર્વ વાસનાઓનો ક્ષય થઈ ગયેલો હોય છે તેને જ જીવનના એ ઉચ્ચ-તમ આનન્દની પ્રાપ્તિ થતાં તેનું સમસ્ત જીવન શાશ્વત આનન્દમય થઈ જાય છે.

અનેક વાર એવી સ્થિતિ પણ દૃષ્ટિગોચર થાય છે કે એ ઇશ્વર-પુત્રો એકબીજાથી સર્વથા અજ્ઞ હોય છે. તેઓ પૃથ્વીમાં છૂટા છવાયા વિસ્તરેલા હોય છે. કોઇ વેળાયે એવા ઇશ્વિરપુત્રોમાંના બે ઇશ્વિરપુત્રોનું અચા-નક સંમેલન થઈ જાય છે અને તેમ થતાં તેઓ તત્ક્ષણ એક બીજાને ઇશ્વરપુત્ર તરીકે ઓળખી લે છે. પરંતુ સામાન્યતઃ તેઓ જાણે માનવ-સમુદાયના હૃદયમાં સર્વથા ખોવાઈ ગયા હોયની! તેવી રીતે એકલા જ વસે છે; પરંતુ એવી રીતે માનવમંડળથી વિભક્ત હોવા છતાં તેઓ અજ્ઞેય ભાવથી માનવમંડળના મધ્યમાં તેમની સાથે જ હોય છે; કારણ કે, તેમનું જીવન એકતાના પ્રત્યક્ષજ્ઞાનરૂપ હોય છે અને તેથી તેમની વિભક્તતા કિંવા ઐકાન્તિકતા જ તેમને માનવમંડળ પ્રતિ આકર્ષે છે. વિશ્વ તેમનામાટે એકાન્તવાસરૂપ છે; છતાં તેમનો એકાન્તવાસ એક વિશ્વ છે અને તેમનું ગુપ્ત સ્થાન એક જનસભા છે. તેઓ કોલાહલના મધ્યમાં શાન્તિને ભોગવી શકે છે; પરંતુ તેમની તે શાન્તિ ભ્રાતૃત્વના નાદથી ભરેલી હોય છે.

સાધારણતઃ તેઓ ગર્ભદરિદ્ર જ હોય છે કિંવા પછીથી દરિદ્ર થઇ જાયુ છે; છતાં આશ્ચર્ય એ જ કે, તેઓ કપર્દિકાહીન હોવા છતાં આ નશ્વર વિશ્વના વસુવૈભવ તથા રાજપદમાટે પણ પોતાના ભાગ્યને બદલ-વાને કદાપિ તૈયાર થાય તેમ નથી. તેઓ સર્વ સૃષ્ટિઓના સર્વસત્તાધીશ સમ્રાટો છે; તેઓ સમસ્ત ભાવિપર પોતાની સત્તા ધરાવે છે તેમ જ તેઓ ભાવિમાં રહેલી સમાનતા તથા પરિપૂર્ણતાના પણ સર્વસત્તાધીશ સ્વામી છે. અહીં જે એક વિશિષ્ટ તત્ત્વને લક્ષમાં રાખવાનું છે તે વળી એ છે

કે તેઓ કેવળ પોતાની ઉપસ્થિત કરેલી ઘટનાઓથી પર કિંવા બાહ્ય એવી સત્તા ધરાવે છે એમ નથી; કિન્તુ એવી પ્રત્યેક ઘટનાના અંતર્ભાગમાં પણ તેમની એ સત્તા સમભાવથી વિસ્તરેલી હોય છે. તેમની આ પૂર્ણતાની વૃદ્ધિ કિંવા ક્ષીણતા કરી શકે એવું કાંઈ છે જ નહિ. તેમના માટે એ પૂર્ણતાના ઉપહાર રૂપ ન હોય તેવી કોઈ વસ્તુ છે જ નહિ. કોઈ પણ વસુવૈભવ કિંવા ધનભંડાર એવો નથી કે જે તેમની દરિદ્રતાની સમાનતા કરવાનું સામર્થ્ય ધરાવતો હોય. તેમની પાસે સર્વ વસ્તુઓનો અભાવ હોવા છતાં તેઓ આત્મશક્તિરૂપ વસ્ત્રથી જાજ્વલ્યમાન જણાય છે. આ વિશ્વના સર્વ ધનકોષો તેમના પોતાના જ છે.

તેઓ દુઃખ કિંવા સંતાપોથી સારી રીતે પરિચિત હોય છે. તેમની જીવનનૌકાઓ પણ અન્ય સાધારણ મનુષ્યોની જીવનનૌકાઓ પ્રમાણે સંસારસાગરમાં ચાલતાં અવસ્કંદ–તૂફાન–માં સપડાઈ જાય છે અને તેથી કેટલીક વાર તે જીવનનૌકાઓનો ભંગ કિંવા ધ્વંસ પણ થઈ જાય છે; તથાપિ વિરુદ્ધ વાયુનો આઘાત ગમે તેવો અને ગમે તેટલો પ્રચંડ હોય અને બાહ્યભાગમાં અવસ્કંદનો ગમે તેટલો પ્રચંડ વિસ્તાર થયેલો હોય; છતાં એમાંની કોઈ પણ ઘટના તેમના આભ્યંતર આકાશની મધુરતા કિંવા તેમની આભ્યંતર શાન્તિનો લેશમાત્ર પણ ભંગ કરી શકતી નથી. સમુદ્રનાં પક્ષીઓ જેવી રીતે સમુદ્રની ગગનભેદક ગર્જના કરતી ઉત્તુંગ લહરીઓના શિખરપર કોઇ પણ પ્રકારની શંકા વિના ઝીલે છે; તેવી જ રીતે એ ઇશ્વિરપુત્રોના આત્માઓ આભ્યંતર શક્તિરૂપ શય્યામાં વિશ્રાંતિ મેળવ્યા કરે છે. આ કારણથી અવસ્કન્દના મધ્યમાં હોવા છતાં પણ તેમનાં હૃદયો સર્વથા શાન્ત તથા નિઃસ્પન્દ રહી શકે છે અને તેમને, જાણે પ્રગાઢ શક્તિઓનો વેગ પાલણામાં ઝૂલાવતો હોયની! એવો જ ભાસ થયા કરે છે. રણભૂમિમાં પણ તેઓ એવી અદ્વિતીય શાન્તિને અનુભવે છે કે તેમની એ શાન્તિની કોઇથી કલ્પનામાત્ર પણ કરી શકાતી નથી. સારાંશકે, એવું કોઈ પણ નરક છે જ નહિ કે જેમાં તેઓ દિવ્ય હાસ્યની પ્રભાને ન જોઈ શકતા હોય.

આ સ્થિતિનો જે ધર્મને તેઓ પોતાના ધર્મ તરીકે દર્શાવતા હોય

તે વિશિષ્ટ ધર્મપર આધાર હોતો નથી; કારણ કે, ઇશ્વરપુત્રો પ્રત્યેક ધર્મમાં હોય છે; પરંતુ સામાન્ય નિયમ એવો છે કે તેઓ બહુધા પ્રત્યેક ધર્મથી અલિપ્ત કિંવા બાહ્ય જ હોય છે. જે ભિન્ન ભિન્ન ધર્મો છે તે પર્વતની તળેટીમાંના માર્ગો છે અને ઇશ્વરપુત્રો તો પર્વતના તે ઉચ્ચતમ શિખરપર વસેલા હોય છે કે જ્યાં એ સર્વ માર્ગો એકત્ર થાય છે, જ્યાં સર્વ ધર્મો સિદ્ધ થાય છે અને જ્યાં સ્વર્ગ પૃથ્વી સાથે મળીને એકાકાર થઇ જાય છે; કારણ કે, એ ઇશ્વરપુત્રો પૃથ્વીના વાસ્તવિક પુત્રો છે અને પૃથ્વીના વાસ્તવિક પુત્રો હોવાથી તેઓ પૃથ્વીને પોતાની જનની પ્રમાણે પોષે છે. જો કોઈ મનુષ્ય પૃથ્વીમાં પ્રેમ ન રાખતો હોય, તો તે સ્વર્ગને કેવી રીતે સમજી શકે વારૂ ? તેઓ સ્વર્ગને પૃથ્વીપર લાવીને વસાવે છે અને તેઓ સ્વર્ગીય જીવનથી પૃથ્વીમાં વસે છે.

જો વાસ્તવિકતાથી જોવામાં આવે તો એમ જ દેખાય છે કે પૃથ્વી મનુષ્યને સ્વર્ગથી વિયુક્ત કરનારી નથી; કિન્તુ પૃથ્વીને સ્વર્ગથી જો કોઇ પણ ભિન્ન કરનાર હોય, તો તે મનુષ્ય જ છે. પરંતુ અમુક પ્રસંગે મનુષ્ય જેવી રીતે પૃથ્વીને નરકના રૂપમાં પરિણત કરી શકે છે તેવી જ રીતે પૃથ્વીને સ્વર્ગના રૂપમાં પરિણત કરવું હોય તો મનુષ્ય તેમ પણ કરી શકે છે......વસ્તુતઃ પૃથ્વી કિંવા મનુષ્યનો દેહ મનુષ્યને સ્વર્ગના આનન્દથી ચ્યુત કરતાં નથી; કિન્તુ મનુષ્યનો અહંભાવયુક્ત આત્મા જ મનુષ્યને સ્વર્ગના આનન્દથી વિયુક્ત કરી નાખે છે. જો તેનાથી સ્વર્ગીય આનન્દને આ પૃથ્વીપર ન મેળવી શકાય, તો પછી તે આનન્દ તેને અન્યત્ર ક્યાંય પણ મળી શકે તેમ નથી. શરીરનો ક્ષય થઈ જવા પછી પણ અહંકાર સજીવન રહે છે અને તેથી અહંકારબદ્ધ આત્મા આ પૃથ્વીપર દુઃખ ભોગવતો હશે, તો સ્વર્ગોના પણ સ્વર્ગમાં જવા છતાં તે દુઃખ અને દુઃખ જ ભોગવતો રહેશે. જેણે પોતાના આભ્યન્તર દુઃખ તથા તે દુઃખના નિદાનને પરાજિત નથી કર્યાં તે આત્માને કયું સ્વર્ગ પોતાનો આનન્દ સમર્પી શકે તેમ છે વારૂ ? જો આત્મામાં સ્વર્ગનો નિવાસ ન હોય, તો પછી કયો એવો આત્મા છે કે જે સ્વર્ગમાં નિવાસ કરવાને સમર્થ હોય ?

તે ઇશ્વરપુત્રો જે સ્વર્ગમાં વસે છે તે સ્વર્ગ વિશિષ્ટ સાંપ્રદાયિકોના માનેલા સ્વર્ગથી તેટલું જ દૂર છે કે જેટલું તે સાંપ્રદાયિકોનું સ્વર્ગ તેમના પોતાના સ્વીકૃત નરકથી દૂર છે; કારણ કે, આ સ્વર્ગ અને નરક આદિ શબ્દો માત્ર માનવભીતિ તથા વાસનાઓની વિરાટ્ મૂર્તિનો શાશ્વતતામાં આરોપ જ કરે છે અને તેથી જો કોઈ પણ સત્ય સ્વર્ગ હોય, તો તેને આ સર્વ વિષયોના ત્યાગમાં જ સમાવેશ થયેલો છે; એટલે કે, સ્વર્ગ અને નરક આદિની કલ્પનાથી મુક્ત થવું એ જ વાસ્તવિક સ્વર્ગ છે. એવી જ રીતે સાધારણ મનુષ્યોના સ્વીકૃત દુઃખથી તેમનો માનેલો આનન્દ જેટલો ભિન્ન છે તેટલો જ તેમના આનન્દથી એ ઇશ્વિરપુત્રોનો આનન્દ ભિન્ન છે; કારણ કે, વસ્તુતઃ જે સ્થિતિને સુખ નામથી ઓળખવામાં આવે છે તે પોતે જ દુઃખ છે; કારણ કે, સુખ સાપેક્ષ હોવાથી સુખ શબ્દ દુઃખને સૂચવનારો છે અને તેથી જે અસાપેક્ષ આનન્દનો અધિકારી નથી તેનામાટે સુખ પણ સર્વથા દુઃખરૂપ જ થઈ પડે છે. આ કારણથી જે મનુષ્ય પોતાના નિજત્વના બંધનને તોડી નાખીને સર્વ-વ્યાપકતાના અનન્ત આનન્દને અવગત કરી લે છે તે મનુષ્યમાટે પીડા પણ પરમ પ્રમોદના રૂપમાં પરિણત થઇ જાય છે; કારણ કે, સર્વ પદાર્થો પ્રાણિપ્રમોદનાં માત્ર વિસ્મૃતિજનક સ્વરૂપો જ છે.

ઉપનિષદ્ કથે છે કેઃ—"જેમાંથી સર્વ ઉદ્‌ભવે છે, ઉદ્‌ભવ્યા પછી જેના યોગે તેઓ સર્વ જીવે છે અને જ્યાં તેઓ પાછાં જાય છે તેનો તું શોધ કર †...સર્વ જીવો આન્દમાંથી ઉદ્‌ભવે છે, આનન્દવડે જીવે છે અને પાછા આનન્દમાં જ લીન થાય છે."* તેઓ પોતાના અહંકારનાં

† "........यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति। यत्प्रयन्त्यभिसंविशन्ति। तद्विजिज्ञासस्व। तद्ब्रह्मेति।......"

तैत्तिरीयोपनिषत्, प्रथमोऽनुवाकः

* "आनन्दो ब्रह्मेति व्यजानात्। आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते। आनन्देन जातानि जीवन्ति। आनन्दं प्रयन्त्यभि-संविशन्तीति।................" तैत्तिरीयोपनिषत्, षष्ठोऽनुवाकः

અવરોધક બંધનોને છોડવાનો આરંભ કરવા માંડે છે અને જે અના-
ધનન્ત, અસીમ, વિભાગરહિત અખંડ, નિષ્કલંક તથા પ્રકાશમય છે તે
શાશ્વત-બ્રહ્મ-માં સહજ સંચરવા માંડે છે એટલે તત્કાળ તેઓ સ્વર્ગમાં
પ્રવેશે છે. કેટલાક મનુષ્યો એ મહાયજ્ઞને સિદ્ધ કરી લીધા પછી
એટલે કે સ્વર્ગપ્રાપ્તિરૂપ યજ્ઞમાં અહંકારનું બલિદાન આપી દીધા પછી
તે યજ્ઞને ત્યાગી દે છે અને દુ:ખ તથા અંધકારમાં ઐકાન્તિક એકાગ્ર-
તાના બળથી તે એક **પરબ્રહ્મ**ના વ્યક્તત્વમાટેનાં વ્યક્તિગત સાધનોને
ઉત્પન્ન કરે છે તેમ જ અન્ય કેટલાક મનુષ્યો એ આત્મનિર્માણના કાર્યને
પર્યાપ્ત કરી લીધા પછી તેના પારિતોષિકને પ્રાપ્ત કરે છે અને અન્તે
પ્રાપ્ત કરેલી અનિર્વચનીય આનન્દની સવેદનામાં દિવ્ય રમણના સ્વતંત્ર
ભોક્તા થાય છે.

આ કોઇ એક સિદ્ધાન્ત નથી; કારણ કે, જેવી રીતે નિયમો તથા
ઉદ્દેશો સજીવન હૃદયનું સ્થાન લેવામાટે નિર્માયલા હોય છે તેવી જ રીતે
અનુભૂત જ્ઞાનનું સ્થાન લેવામાટે સિદ્ધાન્તો રચાયલા હોય છે અને તેથી
આ સર્વ કાળ તથા સર્વ દેશોમાં સમાન ભાવથી વર્તતો એક અનુભવ છે.
જેઓ આ વસ્તુઓનું નિરૂપણ કરે છે તેઓ ઇશ્વરપુત્રો છે એ સર્વથા
નિર્વિવાદ છે. પરંતુ પ્રત્યેક ઇશ્વરપુત્ર એ વસ્તુઓનું પોતાની વિશિષ્ટ પદ્ધ-
તિથી નિરૂપણ કરે છે; કારણ કે, એ વસ્તુઓના પ્રકાશનની સહસ્રાવધિ
પદ્ધતિઓ છે એટલે જેને જે પદ્ધતિ અનુકૂલ હોય તે પદ્ધતિને તે
સ્વીકારી લે છે. કેટલાકો પોતાના મુખથી નામમાત્રને માટે પણ શબ્દને
નથી ઉચ્ચારતા; કારણ કે, તેઓ એમ જાણે છે કે જે સર્વથા અનિર્વ-
ચનીય તથા અજ્ઞેય છે તેને જાણવામાટેનો મૌન વિના અન્ય કોઈ
માર્ગ છે જ નહિ. પરંતુ તેઓ બોલતા હોય કે ન બોલતા હોય છતાં
તેમના જીવનને જેઓ પૂજ્ય માને છે તેમને પોતાના દૃષ્ટાન્તથી તેઓ
તે વસ્તુઓનો સાક્ષાત્કાર કરાવી દે છે. તેમના એ જીવનશિક્ષણમાં અન્ય
સર્વ શિક્ષણોનો સમાવેશ થઈ જાય છે અને આવશ્યકતા આવી પડતાં
તેમનું એ જીવનશિક્ષણ અન્ય સર્વ શિક્ષણોનું સ્થાન લઇ લે છે. સમસ્ત

પૃથ્વીતલપર વસતાં સર્વ મનુષ્યો જેને સમજી તથા સ્વીકારી શકે તેમ છે તેમ જ જે વસ્તુની સર્વ મનુષ્યો આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યાં છે, તે વસ્તુ એ એક જ છે; કારણ કે, એ વસ્તુ જ તેમને સુખનો સાક્ષાત્કાર કરાવે છે.

હું એ ઇશ્વિરપુત્રોના શોધમાં સમસ્ત પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યો છું. હવે તે ઘટિકા આવી લાગી છે કે જે ઘટિકામાં તેમણે એકત્ર થઇને એકતાના કેન્દ્રની અને ભાવિ વિશ્વના હૃદયની રચના કરવી જ જોઇએ. આ દિવ્ય મનુષ્યોમાંના કેટલાક ક્ષેત્રવિહારી મેષપાલ સરળ આત્માઓ છે અને અન્ય કેટલાક વિશ્વના રણક્ષેત્રના વિહારી પ્રજાપાલ યોદ્ધાઓ છે. કેટલાકો દિવ્યપ્રકાશદાતા હોવાથી સમાધિ વિના અન્ય કોઇ પણ શાસ્ત્રીય જ્ઞાન ધરાવતા નથી ત્યારે કેટલાકો આત્મસ્વર્ગના પ્રકાશરૂપ છે. કેટલાકો એવા છે કે જેમનામાં તેમના પોતાના આત્માની ફલદ્રૂપ શાન્તિ વિના અન્ય સર્વ શક્તિઓનો સર્વથા અભાવ હોય છે; ત્યારે કેટલાક મનુષ્યો એવા છે કે જેમને કોઇ પણ પ્રકારના પ્રત્યવાય વિના દિવ્ય કાર્યના સત્તાધીશ સ્વામી તથા ભવિષ્યના ઉત્પાદક કહી શકાય. સ્વર્ગ પોતાનો આનન્દ સર્વને સમર્પે છે અને કેટલાકોને પોતાની શક્તિવડે વિભૂષિત કરે છે. આજકાલ પુરાતન દંતકથાઓમાં વર્ણવાયલા વીર પુરુષોમાં મનુષ્યો ભાગ્યે જ શ્રદ્ધા ધરાવે છે; કારણ કે, આ સૃષ્ટિમાં એવા અલૌકિક વીરો અસ્તિત્વ ધરાવતા હોય, એ વાર્તા તેમના ગળે ઊતરી શકતી નથી. તથાપિ આશ્ચર્યનો વિષય એ છે કે પુનઃ તે અલૌકિક વીરોનો આ વિશ્વમાં આવિર્ભાવ થયો છે અને અત્યારે તેમને પોતાનું તેમ જ પોતાની શક્તિનું જેટલું જ્ઞાન છે તેટલું જ્ઞાન પૂર્વે કદાપિ થયું ન હોતું. સર્વ જાતિઓમાં કિંવા સર્વ રાષ્ટ્રોમાં એ મહાન્ નામરહિત અલૌકિક વીરો આગામિ પુરુષો સમક્ષ ભૂતકાળની વસ્તુઓને માત્ર એક જ કટાક્ષપાતથી વિક્ષુબ્ધ કરી નાખે છે!

તે ઇશ્વરપુત્રોને શોધી કાઢવામાટે મેં પૃથ્વીની પરિક્રમા કરી છે અને અદ્યાપિ કર્યા કરું છું. મારા એ પ્રવાસમાં જેટલા દિવ્ય પુરુષોના

દર્શનનો મને લાભ મળ્યો હતો તેમનામાંનો એક પુરુષ તો એવો હતો કે જે સર્વથા નિરાધાર, ગૃહહીન અને પરિવ્રાજક અવસ્થામાં હોવા છતાં માર્ગોમાં પોતાના ગીતને ગાતો અને પોતાના આનન્દનો પાઠ પઢાવતો ચાલ્યો ગયો. એક અન્ય પુરુષ પયગંબર છે અને દશ લક્ષ મનુષ્યોનો ધાર્મિક નેતા છે. એક તૃતીય પુરુષ કે જેનો મને સાક્ષાત્કાર થયો હતો તે એ સર્વથી મહત્તર છે, તે એકાન્તવાસી છે અને તે ભાવી નેતા તરીકે નિર્વાચિત થઇ ચૂકયો છે. તેની આસપાસ તરુણ પુરુષો, તરુણ દેવો; માત્ર એટલું જ નહિ, પણ પ્રમદાઓ, પત્નીઓ તથા પવિત્ર માતાઓ પણ સમુદાયબદ્ધ થઇને વિરાજેલી છે. પરંતુ તેમના સંબંધમાં બોલતાં તે સ્વર્ગની સુતાઓ જે આચ્છાદનવડે આવૃત છે તે આચ્છાદને લેશમાત્ર પણ સરકાવવાનો કોને અધિકાર છે વારૂ ?

એ સાધુ પુરુષોના શોધમાં ને શોધમાં હું આ ભૂમિ પર્યન્ત આવી પહોંચ્યો છું; કારણ કે, માનવજાતિની સર્વ પ્રજાઓ માનવજાતિના જે પ્રભુ, જે પરમેશ્વરના આગમનની તેનાં ભિન્ન ભિન્ન નામોવડે પ્રતીક્ષા કરી રહી છે તે વિશ્વપ્રભુના એક તથા અનન્ત રૂપની રચનામાટે પૌરસ્ત્ય તથા પાશ્ચાત્ય સર્વ જનોએ હવે એકત્ર થવું જ જોઇએ અને જ્યારે તેઓ સર્વ પરસ્પર સંબંદ્ધ થશે ત્યારે જ તે વિશ્વપ્રભુ તેમના સમક્ષ પ્રત્યક્ષ થશે.

૭ અરવિન્દ ઘોષ*

મારા સુહૃદો, હું અત્યારે જે વસ્તુને તમારા સમક્ષ લઈ આવ્યો છું તે માત્ર મારા શબ્દો નથી કિન્તુ હૃદય કિંવા અંતઃકરણ છે. અત્યારે તમારા તરુણ તથા ઉદાત્ત મંડળને જે અભિનન્દન આપે છે તે મારૂં

* સાધુ પૉલ્ રિચર્ડે ઇ. સ. ૧૯૧૯ ના મે માસની ૩ જી તારીખે જાપાનની રાજધાની ટોકિયો નગરની વાસેદા મહાવિદ્યાલયમાં 'સ્ટુડન્ટ્સ્ એશિયાટિક્ યૂનિયન' નામક વિદ્યાર્થિમંડળ સમક્ષ આ વ્યાખ્યાન આપ્યું હતું.

અંતઃકરણ છે; કારણ કે, મારો જે બે વસ્તુઓમાં અગાધ અનુરાગ કિંવા પ્રચંડ પ્રેમ છે તે બન્ને વસ્તુઓની તમારા આ મંડળમાં એકાગ્રતા થયેલી છે. મારો જે બે વસ્તુઓમાં અગાધ અનુરાગ છે તે બે વસ્તુઓમાંની એક વસ્તુ એવી છે કે જેનામાં મારી જન્મદાત્રી માતા પ્રમાણે મારો પ્રેમ છે અને તે વસ્તુ એશિયા છે; કારણ કે, એશિયાની ભૂમિ સમસ્ત વિશ્વની આધ્યાત્મિક માતા છે અને જે બીજી વસ્તુમાં મારો મારા પોતાના એક બાળક સમાન પ્રેમ બંધાયલો છે તે વર્તમાન યુવકવર્ગ કિંવા અન્ય શબ્દોમાં કહું તો ભવિષ્યનો ઉષઃકાળ છે; કારણ કે, એશિયાના કિંબહુના સમસ્ત વિશ્વના ભાવિ ઉદયનો આધાર તમારાપર જ રહેલો છે. આ રહસ્યને તમો જાણો છો અને તેથી જે કાર્ય તમારે અવશ્ય કરવું જોઈએ તે જ કાર્ય અત્યારે તમો કરી રહ્યા છો. ભિન્નભિન્ન રાષ્ટ્રોના વિદ્યાર્થીઓને બંધુભાવના બંધનથી પરસ્પર બાંધવાનો પ્રયત્ન કરીને તમો યુવકોનો સમુદાય ભિન્નભિન્ન રાષ્ટ્રોને પરસ્પર બંધુભાવના દૃઢ બંધનથી બાંધવાનો ગુપ્ત ઉદ્યોગ કરી રહ્યા છો એ તમારે કદાપિ ભૂલી જવાનું નથી; કારણ કે, એશિયાના વિચારશીલ યુવકોના એકીકરણનો જે ઉદ્યોગ તે સમસ્ત એશિયાના એકીકરણનો જ ઉદ્યોગ છે. અર્થાત્ તમો આવતી કાલના એશિયાને એકીકૃત કરી રહ્યા છો; કારણ કે, આવતી કાલે–નિકટના ભવિષ્યકાળમાં–એશિયાખંડ ખંડ મટીને અખંડ કિંવા અનેકરૂપ મટીને એકરૂપ થવાનો છે, એ નિઃસંદેહ છે.

આ એકત્રતા કિંવા એકતામાં એક સર્વોત્તમાંગપરિપૂર્ણ મહાન્ આત્માયુક્ત ઝળહળતા ભવિષ્યકાળ, ઉચ્ચતર જીવન તથા પૂર્ણતર સભ્યતા-સંસ્કૃતિ–નો અદૃષ્ટ નિવાસ છે, એ તમારે નિરંતર સ્મરણમાં રાખવાનું છે. તે સર્વોત્તમાંગપરિપૂર્ણ આત્મામાં જાપાનની સમસ્ત ગ્રાહક શક્તિ Sensibility–, ચીનની સમસ્ત બુદ્ધિમત્તા–Intellectuality–અને ભારતવર્ષની સમસ્ત આધ્યાત્મિકતા–Spirituality–એકત્ર કિંવા સંઘરૂપથી પ્રવેશ કરશે; અર્થાત્ ભવિષ્યકાળના તે મહાન્ આત્મામાં એશિયા-

ખંડના સમસ્ત મહાન્, દિવ્ય કિંવા ઉદાત્ત વિચારો આવીને એકત્ર થઇ જશે અને તે દિવ્ય વિચારો વેદ ધર્મના દેવોને, **શિન્ટો**+ ધર્મના વીરોને **બૌદ્ધ** ધર્મ તથા **ટાઓ*** ધર્મ એ બે બંધુ ધર્મોને, **ક્રિશ્ચિયાનિટી**†ની ભિન્ન ભિન્ન શાન્ત માન્યતાઓને તથા ઇસ્લામ‡ને એકત્ર કરશે; કારણ કે, એ સર્વ ધર્મો **અનન્ત** પુરુષ-**પરમાત્મા**-એકમેવાદ્વિતીય-એક જ-ધર્મનાં અનેક કિંવા ભિન્ન ભિન્ન સ્વરૂપો છે એટલે કે એ સર્વ ધર્મોમાં વાસ્તવિક ભિન્નતા જેવું કાંઈ છે જ નહિ.

પરંતુ ભવિષ્યકાળનો તે **મહાન્ આત્મા** જેનો શક્તિવિષયક ગર્વ તથા મિથ્યા અહંભાવ પોતાના અને પોતાના સમકાલિક જગતૂના શિર-પર કેવળ વિનાશને ખેંચી લાવવાના કાર્યમાં જ કૃતકાર્ય કિંવા વિજયી થઈ શક્યો છે તે **નિત્સે**-Nietzche-ના અલૌકિક મનુષ્ય કિંવા **પાશ્ચાત્ય** અલૌકિક મનુષ્યના હસ્તથી નિર્માણ થવાનો નથી; કિન્તુ **એશિયાના** નવીન જગદુત્પાદક દેવત્વયુક્ત મનુષ્ય કિંવા મનુષ્યત્વયુક્ત દેવના હસ્તથી જ ભવિષ્યકાળનો તે **મહાન્ આત્મા** નિર્માણ થવાનો છે. તે **મહાન્ આત્માના** નિર્માણકાર્યમાટે જ અત્યારે સમસ્ત પૃથ્વીનું અવ્યવસ્થિતતાના રૂપમાં પરિવર્તન થતું દેખાય છે; અર્થાત્ અત્યારે લોકો જે અવસ્થામાં છે તે અવસ્થામાં વધારે વાર રહેવા ન ઇચ્છતા હોવાથી પોતાની વર્તમાન અવસ્થા વિરુદ્ધ જે યુદ્ધ મચાવી રહ્યા છે તેનું કારણ એ નવીન

+ **શિન્ટો ધર્મ જાપાનમાં પ્રચલિત છે અને એ ધર્મમાં પ્રકૃતિની ઉપાસના તથા વીરપુરુષોની પૂજાને વિશેષ મહત્ત્વ અપાયલું છે.**

* ઈ. સ. થી ૬૦૪ વર્ષ પૂર્વે જન્મેલા લાઓત્સે નામક એક **ચીના** તત્ત્વજ્ઞે એ **ટાઓ** ધર્મની **ચીનદેશમાં** સ્થાપના કરી હતી અને તેના રચેલા '**ટાહો ટેહ કિંગ**' નામક ધર્મગ્રંથદ્વારા એ ધર્મનો **ચીનમાં** પ્રચાર તથા પ્રકાશ થયો હતો. એ **ટાઓ** ધર્મનો પ્રચાર **બૌદ્ધ** ધર્મ જેટલો જ હોવાથી **બૌદ્ધ** ધર્મ તથા **ટાઓ** ધર્મને અહીં ચીનના બંધુ ધર્મ તરીકે ઓળખાવેલા છે.

† **ક્રિશ્ચિયાનિટી એટલે ક્રિશ્ચીયન્-ખ્રીસ્તી-ધર્મ.**

‡ **ઇસ્લામ એટલે મુસલ્માનોનો ધર્મ કિંવા મહમ્મદીય ધર્મ.**

જગન્નિર્માણ કિંવા પુનર્ગઠન જ છે. સારાંશ કે, જો અત્યારે લોકો ક્યાંય પણ જેઓ તેમને મનુષ્યકર્તવ્યોનો ઉપદેશ આપે છે તેમના ઉપદેશને ન સાંભળતા હોય અને તેમના ઉપદેશ પ્રતિ લક્ષ ન આપતા હોય, તો એ તેમના હૃદયના ગહનતમ ભાગમાં જે અલૌકિક માનુષી શક્યતાઓ વિષયક જાગ્રતિની સંવેદના થવા માંડી છે તેનું જ પરિણામ છે, એમ તમારે નિશ્ચયપૂર્વક માની લેવાનું છે.

અતએવ હું તમોને એ સૂચના આપવામાટે જ આવ્યો છું કે તમો પોતાને મહાદેદીપ્યમાન કિંવા મહાતેજસ્વી આવતી કાલમાટે તૈયાર કરો અને તમારામાં તે દેદીપ્યમાન દિવસને તૈયાર કરી રાખો; કારણ કે, મહતી વસ્તુઓ, મહતી ઘટનાઓ તેમ જ મહાપુરુષો–એશિયાના પવિત્ર પુરુષો–ના ઉદયનો અવસર અત્યન્ત વેગપૂર્વક નિકટમાં આવતો જાય છે; માત્ર એટલું જ નહિ, પણ એશિયાના એવા મહાપુરુષો કિંવા પવિત્ર પુરુષો પ્રથમથી જ અસ્તિત્વ ધરાવે છે અને તેથી કેવળ તેમના પ્રત્યક્ષ પ્રકટીભવનની જ આવશ્યકતા છે. મારા અત્યાર સુધીના જીવનનો મેં એવા મહાપુરુષો કિંવા મહાત્માઓને શોધવાના કાર્યમાં જ વ્યય કરેલો છે અને મારા અત્યાર સુધીના જીવનમાં મારી એવી જ માન્યતા અવિચળ રહેલી છે કે આ વિશ્વમાંના કોઈ પણ એક સ્થાનમાં એવા મહાપુરુષો અસ્તિત્વ ધરાવતા હોવા જ જોઇએ; કારણ કે, વિશ્વમાં જો એવા પવિત્ર પુરુષોનો સર્વથા અભાવ જ હોય, તો આ વિશ્વનો અવશ્ય વિનાશ થઇ જાય એમાં કોઈ પણ પ્રકારનો સંશય છે જ નહિ. અન્તે મારા મનોરથ તથા પરિશ્રમની સફળતા એશિયામાં જ થઈ છે; કારણ કે, જેને મહાપુરુષોના મંડળનો પણ અગ્રેસર કહી શકાય તેવો એક મહત્તમ કિંવા અલૌકિક પુરુષ અને **આવતી કાલનો નાયક** મને એશિયાની ભૂમિમાં જ મળી આવ્યો છે.

તે એક હિન્દુ છે અને તેનું નામ **અરવિન્દ ઘોષ** છે.* ઇ. સ.

*** આ વ્યાખ્યાનના આરંભથી અહીં સુધીનો ભાગ 'શ્રી અરવિન્દ વિચારમાળા' ના પ્રથમ પુષ્પમાં 'મહર્ષિ અરવિન્દ ઘોષનો કિંચિત્ પરિ-**

૧૮૭૨ ના ઑગસ્ટ્ માસની ૧૫ મી તારીખે કલકત્તા નગરમાં તેમનો જન્મ થયો હતો અને તેથી અત્યારે તેમની અવસ્થા ૪૭ વર્ષની× છે. જ્યારે તેઓ કિશોર વયમાં હતા તે વેળાએ જ અભ્યાસના આરંભમાટે તેમને ઇંગ્લૅંડ મોકલી દેવામાં આવ્યા હતા; તેઓ ચૌદ વર્ષ પર્યન્ત ઇંગ્લૅંડમાં રહ્યા હતા અને તેટલા સમયમાં તેમણે સમસ્ત પાશ્ચાત્ય જ્ઞાનને પ્રાપ્ત કરી લીધું હતું, પરંતુ એ પાશ્ચાત્ય જ્ઞાન તેમનામાટે પર્યાપ્ત ન થયું. તેઓ અત્યારે પૌરસ્ત્ય પ્રાચીન શાસ્ત્ર તથા વિશાળ વિજ્ઞાનતા એક ધુરંધર અધિકારી કિંવા પંડિત છે, એવી મારી દૃઢ શ્રદ્ધા છે.

તેઓ વીસ વર્ષની અવસ્થામાં **ભારતવર્ષ**માં પાછા આવ્યા હતા અને **વડોદરા**ના શ્રીમન્ત મહારાજા–શ્રી **સયાજીરાવ**–ના એક વિશ્વાસ્ય કાર્યકર્તા તરીકે નિર્વાચિત થયા હતા; માત્ર એટલું જ નહિ, પણ જે અનેક સાધારણ મનુષ્યોની મહત્ત્વાકાંક્ષાઓને સંતોષી શકે તેવા લાભદાયક દુર્લભ પદની તેમને **વડોદરા** રાજ્યમાં પ્રાપ્તિ થઈ હતી; પરંતુ તેમની મહત્ત્વાકાંક્ષાઓ કિંવા અભિલાષાઓ અન્ય પ્રકારની હતી. તેમના હૃદયમન્દિરમાં પોતાની **ભરત**ભૂમિ નામક માતૃભૂમિ વિષયક પ્રેમજ્યોતિ પ્રજ્વલિત થયેલી હતી અને તેથી તેમણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે: "મારી માતા–જનની જન્મભૂમિ–ના વક્ષઃસ્થળપર જે ભાર પડેલો છે તે ભારથી તેને જ્યાં સુધી મારાથી મુક્ત નહિ કરી શકાય ત્યાં સુધી હું શાન્તિને સ્વીકારવાનો નથી !" માત્ર એટલું જ નહિ, પણ તેમણે એથી પણ મહતી દ્વિતીય એ પ્રતિજ્ઞા કરી હતી કે: "એક દિવસ હું ઇશ્વરનો અવશ્ય

ચય' શીર્ષક નિબંધના પ્રારંભમાં આવશ્યકતાનુસાર લેવામાં આવ્યો છે; પરંતુ ત્યાર પછીનો ભાગ તેમાં ન લેવાયલો હોવાથી તેમ જ આ વ્યાખ્યાન લીધા વિના પ્રસ્તુત વ્યાખ્યાનમાલા અપૂર્ણ રહેવાનો સંભવ હોવાથી અહીં એ સમસ્ત વ્યાખ્યાન આપવાનું ઉચિત ધાર્યું છે.

× આ વ્યાખ્યાન ઇ. સ. ૧૯૧૯ માં અપાયલું હોવાથી શ્રી **અરવિન્દ ઘોષ**ની અવસ્થામાં પાંચ વર્ષની વૃદ્ધિ થયેલી છે અને અત્યારે તેમની અવસ્થા ૫૨ વર્ષની છે.

સાક્ષાત્કાર કરીશ અને કરીશ જ !!" આવી પ્રતિજ્ઞાઓના કિંવા દિવ્ય મહત્ત્વાકાંક્ષાઓના કારણથી તેઓ ગાયકવાડ સરકારની રાજસભાને ત્યાગીને એક દિવસ ચાલતા થઈ ગયા. જેવી રીતે પૂર્વે બુદ્ધ ભગવાને કર્યું હતું તેવી રીતે પોતાની પદવીની લાલસા તથા સાંસારિક અને આર્થિક લાભોને તેમણે સર્વથા તિલાંજલિ આપી દીધી. તેઓ પોતાના કાર્યની પૂર્તિમાટે કિંવા પોતાના મહાન્ અને કષ્ટમય કર્ત્તવ્યની સિદ્ધિમાટે ત્યાંથી પ્રયાણ કરી ગયા.

તેઓ પાછા કલકત્તામાં આવ્યા અને સર્વથી પ્રથમ વિદેશીય યથેચ્છાચાર શાસનથી પોતાના તરુણ નાગરિક બાંધવોના આત્માઓના ઉદ્ધારમાટે તેમણે એક 'જાતીય મહાવિદ્યાલય'–'National College'–ની સ્થાપનાના કાર્યમાં અગ્રભાગ લીધો; તેમ જ '**વન્દે માતરમ્**' નામક એક સ્વતંત્રવિચારદર્શક સંવાદપત્રના સંચાલનકાર્યમાં પણ અગ્રતમ ભાગ લીધો કે જે સંવાદપત્રની આસપાસ ઉત્સાહપૂર્ણ તરુણ પુરુષોનું એક વિશાળ મંડળ પોતાની મેળે જ ઉત્પન્ન થઇ ગયું હતું. તેઓ લેખો પણ લખતા હતા અને વ્યાખ્યાનો પણ આપતા હતા. તેઓ વ્યાખ્યાન કરવા લાગ્યા અને તેમનો જે ધ્વનિ આત્માના ગહન સ્થાનમાંથી તેમ જ ભૂતકાળ તથા ભવિષ્યકાળના ગહન ભાગમાંથી નીકળવા લાગ્યો તે ધ્વનિના શ્રવણથી સમસ્ત બંગાળા દેશ એકાએક જાગી ઊઠ્યો. એ મહાન્ હિન્દુ પુનરુદ્ધાર, પુનર્જીવન કિંવા પુનરભ્યુદયનો મંગલમય આરંભ હતો કિંવા જે જાતીય કાર્યગતિએ પછીથી વર્ષાનુવર્ષ એક પ્રાન્તમાંથી અન્ય પ્રાંતમાં પ્રવેશ કરીને સમસ્ત ભારતવર્ષમાં પોતાના વિસ્તારને વધારી દીધો હતો અને જે કાર્યગતિએ આજની અનવરુધ્ય ઉત્તેજના તથા આવતી કાલના વિજયને તૈયાર કરી રાખ્યાં છે તે જાતીય કાર્યગતિનો પ્રારંભ હતો.

ત્યાર પછી તેમને કારાગારમાં એટલે કે મહાપુરુષો તથા ન્યાયશીલ પુરુષોની પાઠશાળામાં મોકલવામાં આવ્યા; પરંતુ તેઓ પોતાની ભારતભૂમિ નામક માતૃભૂમિના એક ઈશ્વરપ્રેરિત પયગંબર હતા એ

અપરાધ વિના એટલે કે તેમની ભારતોદ્ધાર વિષયક ઘોષણાના અપરાધ વિના તેમના વિરુદ્ધ અન્ય કોઈ પણ અપરાધ સપ્રમાણ સિદ્ધ થઈ ન શકવાથી એક વર્ષ જેટલા કાળના અન્તે તેમને કારાગૃહના બંધનથી મુક્ત કરવામાં આવ્યા. પરંતુ કારાગૃહવાસના સમયમાં તેઓ એ તત્ત્વને સ્પષ્ટતાથી સમજી શક્યા કે તેમના સ્વીકૃત કાર્યની સિદ્ધિમાટે કેવળ તેમનું માનવબળ પર્યાપ્ત નથી અને તેથી દેવોના બળને પ્રાપ્ત કરી લેવાની આવશ્યકતા અનિવાર્ય છે. તેમનો આવો નિશ્ચય થતાં દેવો તેમના સમક્ષ આવ્યા અને તેમણે તેમની સાથે વાર્તાલાપ પણ કર્યો. એ સમયથી તેઓ કેવળ ઈશ્વરને જ જોવા લાગ્યા અને સર્વ સ્થાનોમાં તથા સર્વ પ્રાણીઓમાં કેવળ ઈશ્વર તથા તેની દિવ્યતાનો જ સાક્ષાત્કાર કરવા લાગ્યા. જ્યારે ન્યાયાલયમાં તેમનાપરનો અભિયોગ ચાલી રહ્યો હતો તે વેળાયે તેમને એવો અનુભવ થયો હતો કે જાણે તેમનાં નેત્રો સમક્ષ મનુષ્યો હતાં જ નહિ, એટલે કે, ન્યાયાધીશો, કારાગૃહરક્ષકો તથા બંદિજનો એમાંનું કોઈ પણ ન હોતું; કિન્તુ તે સર્વમાં–ઉચ્ચતમ તથા માનાસ્પદ વ્યક્તિમાં તેમ જ નીચતમ તથા તિરસ્કરણીય વ્યક્તિમાં–શ્રી કૃષ્ણ પરમાત્માની કિંવા અનન્ત બ્રહ્મના પૌરુષ રૂપની એકમાત્ર પ્રતિમા તેમને દૃષ્ટિગોચર થયા કરતી હતી.

તેમણે પોતાના લેખનવ્યવસાયને ચાલૂ જ રાખ્યો અને ‘કર્મયોગિન્’ નામક એક સાપ્તાહિક પત્રના પ્રકાશનનો પ્રારંભ કર્યો; પરંતુ એ પત્રના પ્રકાશનમાં તેમનો પોતાના દેશબંધુઓને એ જ સંદેશ આપવાનો ઉદ્દેશ સમાયલો હતો કેઃ “જ્યાં સૂધી આધ્યાત્મિક મુક્તિનું અસ્તિત્વ ન હોય ત્યાં સૂધી ભૌતિક મુક્તિ સર્વથા અસંભવનીય છે.” ત્યાર પછી તેઓ એકાન્તવાસમાં રહેવામાટે દક્ષિણ ભારતના પૉંડીચેરી નામક નગરમાં આવ્યા હતા અને ત્યાં કેટલાક ઇશ્વરનિર્મિત યોગાનુયોગથી મને તેમનો સાક્ષાત્કાર થયો હતો. પૉંડીચેરીમાં આવ્યા પછી તેમણે યોગના મૌનયુક્ત અભ્યાસમાં પ્રવેશ કર્યો હતો અને પાંચ વર્ષના કાળમાં તેમનો એ અભ્યાસ અધિકાધિક ગહન થતો ગયો હતો. જ્યારે હું પાંચ

વર્ષ પછી બીજી વાર તેમને મળ્યો તે વેળાયે તેમને **પરમાત્મપ્રકાશ** તથા **પરમાત્મશક્તિ**ની પ્રાપ્તિ થઇ ચૂકી હતી. તેમને જે **પરમાત્મ-પ્રકાશ**ની પ્રાપ્તિ થઇ હતી તે પ્રકાશ એવા પ્રકારનો હતો કે તેના યોગે ભૂત, વર્તમાન તથા ભવિષ્યકાળ અને સ્વર્ગ, પૃથ્વી તેમ જ અન્ય કોઈ પણ લોકની સર્વ ઘટનાઓ સંપૂર્ણ ભાવથી તેમના જાણવામાં આવી શકતી હતી અને કોઈ પણ લોકની એવી કોઇ પણ ઘટના ન હોતી કે જે તેમનાથી અજ્ઞાત રહી શકે. એ જ પ્રમાણે તેમને જે **પરમાત્મ-શક્તિ**ની પ્રાપ્તિ થઈ હતી તે શક્તિદ્વારા તેમની સાર્વભૌમ ધારણા કોઈ પણ પ્રકારની ઇચ્છા કિંવા વાસના કોઇ પણ પ્રકારના પરિશ્રમ, કોઈ પણ પ્રકારની અધીરતા તથા કોઇ પણ પ્રકારની ભીતિ વિના **શાશ્વત સત્ય પરમાત્મા**ની ઇચ્છાનો સાક્ષાત્કાર કરી શકતી હતી (અને કર્યા કરે છે).

જે વેળાયે હું તેમને દ્વિતીય વાર મળ્યો હતો તે ઘટનાને પુનઃ પાંચ વર્ષ જેટલો કાલાવધિ થઈ ગયો છે અને એ પાંચ વર્ષના કાલાવધિમાં મારી પ્રાર્થનાથી તેમણે એક માસિક પત્રના–' **આર્ય** 'નામક માસિકપત્રના–પાંચ પ્રચંડ પુસ્તકોમાં તત્ત્વજ્ઞાનના અત્યંત ઉત્કૃષ્ટ તથા ભવ્ય શિક્ષણનો પ્રકાશ કરેલો છે; અર્થાત્ એ માસિક પત્રના પાંચ પ્રચંડ પુસ્તકોમાં માન-વજાતિએ જે લૌકિક તથા અલૌકિક જ્ઞાનની પ્રાપ્તિ કરેલી છે તે સમસ્ત સંસ્કૃતિ કિંવા જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ કરાયલો છે. હવે તે દિવસ નિકટમાં આવતો જાય છે કે જ્યારે તેઓ યૌગિક સમાધિ તથા એકાન્તવાસમાં રહ્યા પછી તે **ભારતોદ્ધારક** દિવસના પૂર્ણ પ્રકાશમાં આવીને દૃષ્ટિગોચર થશે અને પ્રકાશરૂપે **એશિયા**ના ગુરુ તથા સમસ્ત વિશ્વના ઉપદેષ્ટાના આસને વિરાજશે; કારણ કે, વિશ્વના ઉદ્ધારકો નિરંતર **એશિયા**માં જ ઉત્પન્ન થતા રહ્યા છે અને વિશ્વનો એ વર્તમાન કિંવા ભાવી ઉદ્ધારક પણ **એશિયાવાસી** હોય એ સર્વથા સ્વાભાવિક હોવાથી એમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ છે જ નહિ.

આજે પ્રથમ વાર જ જનસમુદાય સમક્ષ હું તેમના નામની ઘોષણા કરૂં છું; કારણ કે, સર્વથી પ્રથમ એ નામશ્રવણના અધિકારી તમો જ

છે. અસ્તુ ત્યારે હવે આ ક્ષણથી એ નામ તમારામાટે, તમારા મંડળમાટે, એશિયાના યુવકસમુદાયમાટે અને સમસ્ત એશિયામાટે એક ઉન્નતિચિહ્નરૂપ, ઐક્યસ્થાપના વિષયક ઘોષણા તથા દિવ્ય કાર્યક્રમ થાઓ, એવો મારો આશીર્વાદ છે; કારણ કે, આ નામ મુક્ત, ઐક્યબદ્ધ અને પુનર્ભૂત તેમ જ દિવ્યગૌરવાન્વિત એશિયાને દર્શાવનારૂં છે, એ સર્વથા નિઃસંશય છે.

પરિશિષ્ટ

જાતીય સામ્યસંસ્થાપક મંડળ

મંડળની ઉત્પત્તિ

જે મહાયુદ્ધમાં સર્વ જાતિઓનાં શોણિતનું સંમિશ્રણ થયું હતું; જે મહાવિગ્રહના પ્રસંગે અત્યંત અહંકારી પુરુષોએ નિર્બળથી પણ નિર્બળ મનુષ્યોની સહાયતાની ભિક્ષા માગી હતી; જે ભીષણ સંગ્રામમાં સર્વ સભ્યતાઓની ભેળભેળાં થઈ ગઇ હતી એટલે કે એક પ્રકારની સભ્યતાઓનું ઉત્થાન થતું હતું તો અન્ય પ્રકારની સભ્યતાઓનું પતન થતું હતું, એવી પરિસ્થિતિ થયેલી હતી અને જે ભયાનક સમરમાં સર્વ પ્રજાઓ પરસ્પર સર્વસામાન્ય વિનાશ નિપજાવી રહી હતી અને સર્વ મનુષ્યો પરસ્પર સંહારના કાર્યમાં નિમગ્ન થયા હતા તે વેળાયે તેઓ પોતાની સબળ સ્થિરતાને સમજી ગયા અને એ તત્ત્વ તેમના જાણવામાં આવી ગયું કે સમસ્ત માનવજાતિની શાશ્વત શાન્તિ તથા નિર્ભયતા કિંવા સુરક્ષિતતાનો તેમના પરસ્પર સત્કાર તથા સામ્યપર જ આધાર રહેલો છે અને તેથી તેમના પ્રયત્નથી એ '**જાતીય સામ્યસંસ્થાપક મંડળ**'ની ઉત્પત્તિ થઈ હતી. એ મંડળની ઉત્પત્તિનું મૂળ કારણ મહાયુદ્ધ હોવાથી એ મંડળને મહાયુદ્ધમાંથી જ ઉત્પન્ન થયેલું માનવામાં આવે તો તે સર્વ પ્રકારે યોગ્ય જ છે.

એ '**જાતીય સામ્યસંસ્થાપક મંડળ**'નો પ્રથમ **જા**પાનમાં ઉદ્ભવ થયો હતો. જેને તે વેળાયે '**શાન્તિપરિષદ્**' માનવામાં આવતી હતી તે '**શાન્તિપરિષદ્**' નું જ્યારે પૅરિસમાં અધિવેશન કિંવા સંમેલન થયું તે વેળાયે પ્રજાની સર્વ શક્તિઓના પ્રતિનિધિરૂપ **જા**પાનનાં સાડત્રીસ મહામંડળો વિશ્વની પીડિત જાતિઓમાટે એ પરિષદ્માં પ્રતિનિધિઓ જે યાચના કરવાના હતા તે યાચનાને અનુમોદન આપવાના ઉદ્દેશથી એકત્ર થયાં હતાં.

આવી રીતે આ મંડળની ઉત્પત્તિ થઈ અને એના પ્રથમ સંમેલનમાં અમીરોની સભાના એક સભાસદ્ અને તેના ભૂતપૂર્વ બીજી વારના પ્રમુખ **એમ. ટિઆઇચી સુગી**તાના અધ્યક્ષત્વથી તે '**શાન્તિપરિષદ્**'ને નિમ્નલિખિત સંદેશ પાઠવવાની વ્યવસ્થા કરવામાં આવી હતીઃ—

ટોકિયો, તા. ૧૧ મી ફેબ્રુવારી ૧૯૧૯.

'**શાન્તિપરિષદ્**' માં અત્યારે એકત્ર થયેલાં મિત્ર **રાષ્ટ્રો** એક 'રાષ્ટ્રસંઘ' ને અસ્તિત્વમાં લાવવાનો તથા વિશ્વમાં શાશ્વત શાન્તિને સ્થાપવાનો પ્રયત્ન કરી રહ્યાં છે.

અમો **જા**પાનીઓ અખંડ હૃદયથી એ પ્રયત્નને અનુમોદન આપીએ છીએ અને એ પ્રયત્નને પ્રત્યક્ષ વ્યવહારમાં યોજાયલો જોવાની આતુરતાથી પ્રતીક્ષા કરીએ છીએ.

પરંતુ આવી પરિસ્થિતિમાં પણ ભિન્ન ભિન્ન પ્રજાઓના પરસ્પર વ્યવહારમાં જે જાતીય ભેદભાવદર્શક વર્તન અદ્યાપિ અસ્તિત્વ ધરાવે છે તે સ્વતંત્રતા તથા સામ્યના સિદ્ધાન્તોથી સર્વથા વિરુદ્ધ છે અને એથી પ્રજાઓ કિંવા રાષ્ટ્રોના પરસ્પર વિગ્રહ કિંવા કલહનું શાશ્વત મૂળ રોપાય છે, એ નવીનતાથી જણાવવાની આવશ્યક્તા છે ખરી કે?

અર્થાત્ જ્યાં સૂધી આવી પરિસ્થિતિ અખંડ રહેશે ત્યાં સૂધી સર્વ **શાન્તિપરિષદો**, શાંતિસંસ્થાપક સંઘો તથા સંમતિપત્રો વાલુકામાં બાંધેલા પ્રાસાદ પ્રમાણે વ્યર્થ જ થવાનાં છે અને તેમનાથી સત્ય શાન્તિની કદાપિ આશા રાખી શકાય તેમ નથી.

અમો, **જાપાન**નાં સાડત્રીસ મહામંડળોના પ્રતિનિધિઓ વિશ્વનાં રાષ્ટ્રોને ન્યાય તથા માનવજાતિમાં શાશ્વત શાન્તિને સ્થાપવાની સૂચના આપીએ છીએ; અને એ આશયથી સ્પષ્ટ રૂપમાં જણાવીએ છીએ કે **જાપાની** રાષ્ટ્ર '**શાન્તિ**પરિષદ્' પાસેથી સમસ્ત જાતીય ભેદભાવ તથા વિષમતાના શાશ્વત વિનાશને મેળવવાની આશા રાખે છે.

એ '**જા**તીય **સામ્યસં**સ્થાપક **મં**ડળે' ઇ. સ. ૧૯૧૯ ના માર્ચ માસની ૨૩ મી તારીખે પોતાના દ્વિતીય સંમેલનના પ્રસંગે '**શાન્તિ**પરિષદ્'ના પુનઃ પરિવર્તનના સમાચાર સાંભળીને '**શાન્તિ**-પરિષદ્'ના અધ્યક્ષને નિમ્નલિખિત તાર મોકલવાનો નિશ્ચય કર્યો હતોઃ—

"**જા**પાની રાષ્ટ્ર જાતીય ભેદભાવમય વર્તનના પાલનરૂપ આધાર-પર રચાયલા કોઈ પણ '**રાષ્ટ્ર**સંઘ' કિંવા '**પ્રજા**સંઘ' થી સર્વ પ્રકારે વિરુદ્ધ છે."

'**જા**તીય **સામ્યસં**સ્થાપક **મં**ડળ' ના આવા પ્રકારના પ્રયત્નો હોવા છતાં જાતિઓ વિષયક પ્રશ્નના સંબંધમાં **જા**પાની પ્રતિનિધિઓએ મૂળ પ્રતિજ્ઞાપત્ર કિંવા દસ્તાવેજમાં જે સુધારાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો તેની જે દશા થઇ હતી તે સર્વત્ર વિખ્યાત છે. જો કે એ સુધારા વિષયક પ્રસ્તાવને અધિક જનસંખ્યાનું અનુમોદન મળ્યું હતું; તથાપિ '**શા**ન્તિપરિષદ્'ના એ અધિવેશનના અધ્યક્ષ **મિસ્ટર્ વિલ્સને** એવું નિમિત્ત દર્શાવીને એ સુધારા વિષયક પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો કેઃ 'આવા પ્રકારના સુધારાઓને સ્વીકારવામાટે સર્વ રાષ્ટ્રોની એકવાક્ય-તાની સર્વથી પ્રથમ આવશ્યકતા છે.'

આવી રીતે પોતાના એ સુધારા વિષયક પ્રસ્તાવનો અનાદર થવા પછી '**જા**તીય **સામ્યસં**સ્થાપક **મં**ડળે', પૅરિસ્‌ની '**શા**ન્તિપરિષદ્'ના સભાસદોએ નિમ્ન સંદેશમાં દર્શાવ્યા પ્રમાણે, પોતાનો યથાર્થ કિંવા ગંભીર વિરોધ પ્રદર્શિત કર્યો હતોઃ—

'અમો **જા**પાનનાં રાજનૈતિક, ધાર્મિક, સમાચારપત્રસંબંધીય, સૈનિક તથા સામુદ્રિક સૈન્યાધિકારીઓ ઇત્યાદિનાં સાડત્રીસ મંડળોના પ્રતિ-

નિધિઓએ ઈ. સ. ૧૯૧૯ ના એપ્રિલ માસની ૨૪ મી તારીખે ટોકિયો નગરમાં એકત્ર થઇને જાતીયભેદભાવદર્શક વર્ત્તન વિષયક પ્રશ્નના સંબંધમાં નિમ્ન લિખિત ઘોષણાને વ્યક્ત કરવાનો નિશ્ચય કર્યો છેઃ—

'જે સંઘની જાતીય ભેદભાવદર્શક વર્તનના પાલનપર રચના થયેલી છે તે સંઘમાં સંયુક્ત થવાનો જાપાની રાષ્ટ્ર અસ્વીકાર કરે છે.'

પરંતુ તેમના પ્રયત્નોની એ વિફળતાએ તેમને તેમના નિશ્ચયથી હતોત્સાહ કરી દેવાને બદલે તેમનામાં અધિક બળનો સંચાર કરી દીધો અને તેથી એ '**જા**તીય **સામ્યસં**સ્થાપક **મં**ડળે' પોતાના મંડળને સ્થાયિતા અર્પવાનો અને અન્ય દેશોમાં તેને વિસ્તારવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. તેની એકપક્ષીયતા તેની નિર્બળતાનું પ્રધાન કારણ હોવાથી જો **એ**શિયાની તેમ જ વિશ્વની સર્વ જાતિઓ તેમાં સંયુકત થઈ જશે, તો તે સંયુક્તતા અવશ્ય તેને સંપૂર્ણ બળ અર્પશે અને તેના વિજયને સુનિશ્ચિત કરી બતાવશે, એ નિર્વિવાદ છે.

એ '**જા**તીય **સામ્યસં**સ્થાપક **મં**ડળ' ના જે ઉત્પાદકોના કાર્ય સાથે **જા**પાનમાં મારો ગાઢ સંબંધ થયેલો છે, તેમની યાચનાથી **ભાર**તવર્ષમાં મારા **ભાર**તીય મિત્રોની સહાયતાવડે એ '**જા**તીય **સામ્યસં**સ્થાપક **મં**ડળ' ને સંગઠિત કરવાના કાર્યરૂપ ભારને મેં મારા મસ્તકે ધારી લીધો છે.

મંડળનો સર્વસાધારણ ઉદ્દેશ

જાતિઓ વચ્ચે લોકસત્તા વિષયક સિદ્ધાન્તને પ્રદર્શિત કરવો; તેમ જ કેવળ રાષ્ટ્રમાંની વ્યક્તિઓનાં જ નહિ, કિન્તુ માનવકોટિની સર્વ જાતિઓ તથા સર્વ પ્રજાઓના અધિકારીઓની સમાનતા તથા સમાનતાના અધિકારને સર્વત્ર વ્યકત કરવાં,

મનુષ્યનાં જાતિ તથા વર્ણ આદિને લેશમાત્ર પણ મહત્ત્વ ન આપતાં

કેવળ મનુષ્યની માનવપદવીનુંજ ગૌરવ કરવું અને માનવપદવીના એ ગૌરવદ્વારા ઉન્નતિના શિખરપર ચઢેલી તેમ જ અવનતિની ગર્તામાં અટવાયલી સમસ્ત માનવજાતિઓની પ્રગતિને સમભાવથી સાધવી; ઉન્નતિના શિખરપર ચઢેલી જાતિઓના અહંકારને તથા અવનતિની ગર્તામાં અટવાયલી જાતિઓની દીનતાને પરિમાર્જિત કરવાં; તેમ જ; જેનામાં પરસ્પરને જાણવાની શક્તિ તથા બંધુભાવનાનો અભાવ છે તેવી માનવી અસભ્ય અવસ્થાને સભ્યતાના ઉચ્ચતમ શિખરપર આરોહણ કરાવવું.

એશિયામાટે

એશિયાની પ્રજાઓ તથા જાતિઓને શાશ્વત સમાધાન તથા સર્વસામાન્ય લાભોની ભૂમિકા અર્પીને તેમના નૈતિક તથા આર્થિક ઐક્યની સેવા કરવી.

એશિયાના આંતર સંબંધોના વિકાસવડે એશિયાનાં રાષ્ટ્રોનાં મંડળ, પરિષદ્ તથા મહાસભા ઇત્યાદિને નિર્માણ કરવાં.

એશિયાવાસિની જાતિઓના સ્વતંત્ર વિકાસવડે વિશ્વની અન્ય જાતિઓ સાથેના તેમના વિરોધહીન સંબંધોને પુષ્ટ કરવા.

ભારતવર્ષમાટે

સમસ્ત માનવજાતિઓના પરસ્પર સમાનતા વિષયક વિશાળ પ્રશ્ન સાથે ભારતવર્ષના પોતાના વિશિષ્ટ પ્રશ્નને સંમિલિત કરી દઇને સામ્રાજ્યમાં તેના જાતીય સમાનતા વિષયક અધિકારોને સિદ્ધ કરવામાટે તેને–ભારતવર્ષને–વિશાળતર ક્ષેત્ર સમર્પવું.

સમુદ્રપારના ઉપનિવેશોમાં ભારતીય માનવજાતિઓના નિયમિત અન્વેક્ષણ–Inspection–, નિરંતર સાહાય્ય તથા સંરક્ષણ આદિનાં સાધનોને વ્યાવહારિકતાથી નિર્માણ કરવાં.

મંડળનું વિધાન

આ મંડળની શાખાઓ માનવમંડળોની તેમ જ વ્યક્તિરૂપ સભાસદોની સંયુક્તતાવડે નિર્માણ થાય છે.

ભારતવર્ષમાંની એ મંડળની શાખાઓને દાન, ઉઘરાણાં તથા

સ્વૈચ્છિક ઉપહાર આદિ રૂપોમાં આર્થિક સહાયતા મળે છે અને તદ્દ્વારા તેમનો નિર્વાહ થયા કરે છે.

એ મંડળ સાથે જોડાયલી નિયોજક સંસ્થાઓ કિંવા સભાઓના દિશાદર્શકો તથા પ્રતિનિધિઓની સમિતિથી ભારતવર્ષમાં એ મંડળની વ્યવસ્થા ચાલ્યા કરે છે.

એ મંડળના વિસ્તાર તથા ઉદ્દેશપ્રચારમાટે એક આંતર રાષ્ટ્રીય સંસ્થાની વ્યવસ્થા કરાયલી છે અને તેના ખર્ચમાટે પ્રત્યેક શાખા પોતપોતાની શક્તિ અનુસાર તેને આર્થિક સહાયતા આપ્યા કરે છે.

એ મંડળની ભિન્ન ભિન્ન શાખાઓની સંયોગભૂમિ તથા તેના કાર્ય વિષયક સિદ્ધાન્તની નિમ્ન લિખિત ઘોષણાથી નિશ્ચિતતા કરાયલી છે:—

ઘોષણા

જે ઇતિહાસ સર્વ યુગોએ તથા સર્વ જાતિઓએ લખ્યો છે અને જે ઇતિહાસ આપણને સમસ્ત માનવવંશોની ઉન્નતિ તથા અવનતિ કિંવા યથાવસર ઉષાવિહાર તથા સંધ્યાનિવાસ તેમ જ વારા પ્રમાણે તેની પ્રગતિની નાયકતાના સ્વીકારને દર્શાવે છે, તે ઇતિહાસના નામથી;

જે વિજ્ઞાન આ સંસારની સમસ્ત સંસ્કૃતિઓની સુતા છે, સર્વની જ્યોતિ છે અને જે સર્વને તેજસ્વી તથા સંસ્કૃત બનાવે છે; માત્ર એટલું જ નહિ, પણ જે વિજ્ઞાન, સર્વ માનવજાતિઓ એકબીજીમાંથી ઉદ્ભવેલી છે; કારણ કે, યુગોના પ્રવાહમાં વહન કરતાં તેમણે પરસ્પર શોણિતમિશ્રણના વ્યવસાયને કદાપિ અટકાવ્યો નથી, એ તત્ત્વનું શિક્ષણ આપે છે; તે વિજ્ઞાનના નામથી;

જે ધર્મોને સર્વ જાતિઓ પોતપોતાના સન્ત, દ્રષ્ટાઓ તથા માર્ગદર્શકો અર્પતી રહે છે અને જે ધર્મો આપણને એવો ઉપદેશ આપે છે કે:—

" જેનાવડે મનુષ્ય સર્વ વિભક્ત ભૂતોમાં અવ્યય તથા અવિભક્ત ભાવને વિલોકે છે તે જ્ઞાનને જ સાત્ત્વિક જાણ.* " ભગવદ્ગીતા:

* " सर्व भूतेषु येनैकं भावमव्यय मीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् " ॥
श्रीमद्भगवद्गीता: अ. १८. श्लो. २०.

આ વિશ્વ સર્વેનું એક પ્રજાતંત્રીય રાજ્ય છે કે જેના નાગરિકો એક અને અદ્વિતીય તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલા કિંવા નિર્માયલા છે.”

એપિક્ટેટસ્‌ના સંવાદો; ૧૪–૨૪.

“આપણે સર્વ અન્યનાં અંગો છીએ.”

રોમનોને પત્રઃ ૧૨–૫.

“તમો સર્વ એક બીજામાંથી ઉત્પન્ન થયેલાં છો.”

કુરાન શરીફ.

“આપણા પાડોશીમાં આપણે પોતા સમાન જ પ્રેમ રાખવો જોઇએ.”

કન્ફ્યૂશિયસ્‌, લૂન્‌–યૂઃ ૧–૪–૫.

“આપણે અન્ય જનો પાસેથી આપણા પ્રતિના તેમના જેવા વર્તનની આકાંક્ષા રાખીએ છીએ તેવું જ વર્તન આપણે અન્ય જનો પ્રતિ રાખવું જોઇએ.”

ધમ્મપદઃ ૧૨૯.

“પાંચ ખડો તે એક કુટુંબ.”

ચીનનો બૌદ્ધ શિલાલેખ.

—તે ધર્મોના નામથી;

જે વ્યષ્ટિ તથા સમષ્ટિરૂપ માનવજાતિનો સમસ્ત દેહ તેના કોઈ પણ એક અંગને વ્યથા થતાં પીડાની સંવેદનાને અનુભવે છે અને જે માનવજાતિ વિવિધિતાવડે સુસંપન્ન છે, વિવિધ જાતિઓની સ્થિરતાવડે સબળ છે, તે વિવિધ જાતિઓની પ્રગતિમાં જે પોતાની પ્રગતિ કરી રહી છે અને તેમનાં સ્વરૂપોના વિકાસના પ્રયત્નમાં પ્રવૃત્ત છે તે માનવ-જાતિના નામથી;

માનવજાતિની પરસ્પર સહકારિતાજન્ય શાન્તિના નામથી;

જે બુદ્ધિ ઐક્યની દિશામાં પ્રેરે છે અને જે આત્મા સ્નેહભાવથી સજીવન રહે છે તે બુદ્ધિ તથા આત્માના નામથી **અમો માનવજાતિઓની વિશ્વવ્યાપક સમાનતાને આ ઘોષણા દ્વારા વ્યક્ત કરીએ છીએ.**

એશિયાસ્તોત્ર

"રાષ્ટ્રોના દેવદૂતને અત્યારે ષષ્ઠ માસમાં તે રાષ્ટ્રોના ઈશ્વર પાસેથી એક પીડિત નગરીપ્રતિ પાઠવવામાં આવ્યો,

નવીન રાજ્યના નિર્માયક એક પુરુષને વરેલી એક કુમારિકા પાસે તેને મોકલવામાં આવ્યો કે જે કુમારિકા એશિયા નામથી વિખ્યાત હતી.

તે પુરુષ તે કુમારિકા પાસે આવ્યો અને તેને સંબોધીને કહેવા લાગ્યો કે: "હે કુમારિકે, તારૂં અભિવાદન હો! તું પરમાત્માની અત્યન્ત કૃપાભાજન છે અને પરમાત્મા તારી સાથે હોવાથી આ સૃષ્ટિની સર્વ ભૂમિઓમાં તું જ એકલી પુનિત ભૂમિ છે!"

પરંતુ જ્યારે તે કુમારિકાએ રાષ્ટ્રોના તે દેવદૂતને નિહાળ્યો એટલે તે અતિશય વિમાસણમાં પડી ગઈ અને પોતાના મનમાં વિચાર કરવા લાગી કે: 'આ અભિવાદન કેવા પ્રકારનું વારૂ?'

દેવદૂત પુનઃ તેને ઉદ્દેશીને બોલ્યો કે: "એશિયા, તું હવે સર્વ પ્રકારે નિર્ભય થા; કારણ કે, તેં ભાવિના કૃપાપ્રસાદને પ્રાપ્ત કરી લીધો છે. તું એ લક્ષમાં રાખી લે કે તું ગર્ભવતી થઈશ, એક નવીન આત્માને જન્મ આપીશ અને તેને તું સર્વ રાષ્ટ્રોના ઉદ્ધારકના અભિધાનથી બોલાવીશ. તે રાષ્ટ્રોદ્ધારક નવીન આત્મા મહાન્ થશે અને મહત્તમ પરમાત્માના પુત્ર તરીકે સર્વત્ર ઓળખાશે. ભવિષ્યકાળ તેને,પોતાના પિતા એટલે કે રાષ્ટ્રોના ઇશ્વરનું સિંહાસન અર્પશે અને તે રાષ્ટ્રોના આગારનો શાશ્વત રાજા થવાથી તેનું રાજ્ય અનન્ત થશે."

પરંતુ એશિયાએ તે દેવદૂતને સંબોધીને કહ્યું કે: "અત્યારે એવો કોઈ બળશાળી પુરુષ તેમ જ શક્તિમાન્ ઇશ્વિર મારા જાણવામાં છે જ નહિ, તો એવી પરિસ્થિતિમાં આ ઘટના કેવી રીતે ઘટશે વારૂ?"

એના ઉત્તરમાં તે દેવદૂતે એશિયાને જણાવ્યું કે: "તે ઇશ્વિરની શક્તિનો તારામાં આવિર્ભાવ થશે, ઇશ્વિરનો આત્મા તારામાં સ્વરૂપને ધારણ કરશે અને તેટલામાટે તારામાંથી જેનો સંભવ–ઉદ્દ્ભવ–થવાનો છે તે 'દિવ્ય ભાવિ'ના અભિધાનથી સર્વત્ર વિખ્યાત થશે.

કુમારીસ્તોત્ર

"...અને એશિયાએ કહેવા માંડ્યું:

"મારો આત્મા રાષ્ટ્રોના ઇશ્વિરને મહત્ત્વ સમર્પે છે અને મારો આત્મા મારા મુક્તિદાતા ભાવિકાળના આગમનની સૂચનાથી આનન્દને અનુભવી રહ્યો છે; કારણ કે, તેણે પોતાની પરિચારિકાસ્વરૂપિણી કુમારિકાની હીન અવસ્થા પ્રતિ દૃષ્ટિપાત કર્યો છે અને તેથી અત્યાર પછી સર્વ માનવવંશજો મને પુણ્યવતી ભૂમિના અભિધાનથી ઓળખશે; કારણ કે, જે સર્વશક્તિમાન્ છે તેણે મારા કલ્યાણનાં મહત્કૃત્યો કર્યાં છે અને તેનું નામ પવિત્ર છે. અને જેઓ તે ઇશ્વિરથી ભયભીત રહ્યા કરે છે તેમના પર તે ઇશ્વિરની દયા પ્રત્યેક સમયમાં વર્તમાન રહે છે. તે ઇશ્વિરે પોતાના બાહુબળનો સાક્ષાત્કાર કરાવ્યો છે. તે ઇશ્વિરે અહંકારી રાષ્ટ્રોને તેમનાં હૃદયોની કલ્પનાઓમાં જ વિસ્કલિત કરી નાખ્યાં છે. તે ઇશ્વિરે બલાઢ્ય રાષ્ટ્રોને તેમનાં સિંહાસનોપરથી નીચે ઉતારી દીધાં છે અને દીન તથા હીન રાષ્ટ્રોને ઉન્નતિના શિખરપર ચઢાવી દીધાં છે. તે ઇશ્વિરે ક્ષુધાતુર રાષ્ટ્રોને સારી વસ્તુઓવડે ભરપૂર કરી દીધાં છે અને ધનાઢ્ય રાષ્ટ્રોના કોષોને કપર્દિકાહીન કરી નાખ્યા છે. તે ઇશ્વિરે પોતાના નિર્વાચિત દેશ, પોતાના સેવકને પોતાની દયાશીલતાને સ્મરીને સહાયતા સમર્પી છે. તે ઇશ્વિરનો આશીર્વાદ સદાસર્વદા અવિચલ રહો........."*

---

* મૂળ અંગ્રેજી ગ્રંથમાં આ 'એશિયાસ્તોત્ર' તથા કુમારિકાસ્તોત્ર' ગ્રંથના આરંભમાં જ રખાયલાં હોવા છતાં અમોએ એ સ્તોત્રોને આ લેખના અંતમાં રાખવાનું જ કેટલાંક કારણોથી ઉચિત ધાર્યું છે. અનુવાદક

"એશિયાનો ઉષઃકાલ" નામક લઘુ ગ્રંથના મૂળ નિર્માતા સાધુ પુરુષ પૉલ્ રિચર્ડના સંબંધમાં કવિવર્ય રવીન્દ્રનાથ ઠાકુર (ટાગોર) નો અભિપ્રાય

"જ્યારે જાપાનમાં સાધુ પુરુષ પૉલ રિચર્ડના દર્શનનો યોગ મને પ્રાપ્ત થયો હતો ત્યારે સમસ્ત વિશ્વમાં શાન્તિયુગને સ્થાપી દેવામાટે રાજનૈતિક પુરુષોએ નિર્માણ કરેલી મહતી સંકલનાઓના વાંચનથી સંસ્કૃતિના ઉચ્ચતર યુગ વિષયક મારી આશા અવશ્ય દૃઢતર થઈ ગઇ હતી... જ્યારે પ્રચંડ વિઘાતક શક્તિઓ પોતાના કોપાનલને તીવ્રતાથી પ્રજ્વળાવવાના કાર્યમાં નિમગ્ન થયેલી હતી તે વેળાયે આ અવિખ્યાત અને એકાન્તવાસી ફ્રેંચ્ સાધુ પુરુષ સાથે મારો સમાગમ થયો હતો. એ સાધુ પુરુષનું મુખમંડળ નૂતન ઉષાના શાંત પ્રકાશવડે દેદીપ્યમાન દેખાતું હોવાથી તેમ જ એ સાધુ પુરુષનો કંઠસ્વર નવજીવનના સંદેશવડે ઝણત્કાર કરતો હોવાથી મારો દૃઢ નિશ્ચય થઇ ગયો કે વિશ્વનું ઉજ્જવલતમ ભવિષ્ય, રાજનૈતિક પુરુષોના પંચાંગમાં અનુલ્લિખિત હોવા છતાં પણ, અત્યંત નિકટમાં આવી લાગ્યું છે."

રવીન્દ્રનાથ ટાગોર

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ--વિશ્વવિચાર

ચતુર્થ દલ—આર્ય આદર્શ અને ગુણત્રય

આર્ય આદર્શ
અને
ગુણત્રય

'કારાગૃહ અને સ્વાધીનતા' શીર્ષક પ્રબંધ*માં મેં કેટલાક નિરપરાધી બંદિજનોના માનસિક ભાવોને વર્ણવીને એ જ સિદ્ધ કરવાનો યત્ન કરેલો છે કે આર્યશિક્ષણના ગુણપ્રભાવથી કારાગૃહવાસમાં પણ ભારતવાસીની આભ્યંતર સ્વાધીનતારૂપ મહામૂલ્યવતી પૈતૃક સંપત્તિ કદાપિ વિનષ્ટ થતી નથી; કિન્તુ ઘોર અપરાધીમાં પણ તે સહસ્રાવધિ વર્ષોથી સંચિત આર્યચરિત્રગત દેવભાવ ભગ્ન અવશેષનારૂપે વિદ્યમાન હોય છે; કારણ કે, સાત્ત્વિક ભાવ જ આર્યશિક્ષણનો મૂલ મંત્ર છે. જે સાત્ત્વિક હોય છે તે જ વિશુદ્ધ હોય છે એવો નિયમ હોવાથી સાધારણતઃ મનુષ્યમાત્ર અશુદ્ધ છે અને રજોગુણના પ્રાબલ્ય તથા તમોગુણની ઘોર નિબિડતાવડે મનુષ્યની એ અશુદ્ધિ પરિપુષ્ટ તથા વૃદ્ધિંગત થતી રહે છે. મનની મલિનતાના બે પ્રકાર છે; એમાંની જડતા અથવા અપ્રવૃત્તિજનિત મલિનતા તે મલિનતાનો પ્રથમ પ્રકાર છે અને એનો ઉદ્ભવ તમોગુણમાંની થાય છે; ઉત્તેજના અથવા કુપ્રવૃત્તિજનિત મલિનતા તે મલિનતાનો દ્વિતીય પ્રકાર છે અને એ દ્વિતીય પ્રકારની મલિનતા રજોગુણમાંથી ઉત્પન્ન થાય છે. અજ્ઞાનમોહ, બુદ્ધિની સ્થૂલતા, વિચારની અસંલગ્નતા, આલસ્ય, અતિનિદ્રા અને કર્મમાં આલસ્યજનિત વિરક્તિ એ સર્વ તમોગુણનાં લક્ષણો છે અને નિરાશા, વિષાદ તથા ભય આદિ એ નિશ્ચેષ્ટતાના પરિચાયક છે. જડતા તથા અપ્રવૃત્તિ અજ્ઞાનનું ફળ છે અને ઉત્તેજના તથા કુપ્રવૃત્તિ ભ્રાન્ત જ્ઞાનનું પરિણામ છે. વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં પણ જો તમોગુણજનિત મલિનતાનું નિવારણ કરવું હોય, તો તે કેવળ રજોગુણના ઉદ્રેકદ્વારા જ કરી શકાય છે; કારણ કે, રજોગુણ પ્રવૃત્તિનું કારણ હોવાથી પ્રવૃત્તિ જ નિવૃત્તિનું પ્રથમ સોપાન છે.

* 'કારાકાહિની' (બંગાળી) પૃષ્ઠ ૮૪.

અર્થાત્ જડતા કિંવા અપ્રવૃત્તિ તે નિવૃત્તિ નથી; કારણ કે, જડભાવ સર્વથા જ્ઞાનશૂન્ય હોય છે અને જ્ઞાન જ નિવૃત્તિનો માર્ગ છે એટલે જેમાં જ્ઞાનનો અભાવ હોય તે નિવૃત્તિ હોઈ શકે જ નહિ, એ નિર્વિવાદ છે. સારાંશ કે, જે મનુષ્ય કામનાશૂન્ય કિંવા વાસનારહિત થઈને જ કર્મમાં પ્રવૃત્ત થાય છે તે જ નિવૃત્ત મનુષ્ય છે અને તેથી કર્મનો ત્યાગ તે નિવૃત્તિ નથી. આ કારણથી જ ભારતવર્ષની તામસિક અવસ્થાને નિહાળીને સ્વામી વિવેકાનન્દના શ્રીમુખમાંથી એવા ઉદ્ગારો નીકળતા હતા કે: "આપણને રજોગુણની આવશ્યકતા છે અને આપણા દેશમાં કર્મવીરોની આવશ્યકતા છે એટલામાટે પ્રવૃત્તિનો પ્રચંડ પ્રવાહ વહન કરતો થાય એ જ ઇષ્ટ છે. પ્રવૃત્તિના એ પ્રચંડ પ્રવાહમાં કદાચિત્ પાપ પણ આવી પડે, તો તે પાપ પણ તામસિક નિશ્ચેષ્ટતા કિંવા અપ્રવૃત્તિ કરતાં સહસ્ત્રગુણ અધિક શ્રેયસ્કર છે!"

વસ્તુતઃ આપણે ઘોર તમોગુણમાં નિમગ્ન હોવા છતાં સત્ત્વગુણની દોહાઈ આપીને પોતાને મહાસાત્ત્વિક તરીકે ઓળખાવતાં ગર્વ દર્શાવીએ છીએ. અર્થાત્ અનેક ભારતવાસીઓની એવી જ માન્યતા દૃષ્ટિગોચર થાય છે કે: 'આપણે સત્ત્વગુણપ્રધાન કિંવા સાત્ત્વિક હોવાથી જ રજોગુણપ્રધાન કિંવા રાજસ જાતિઓદ્વારા પરાજિત થયેલા છીએ અને આપણી સાત્ત્વિકતા જ આપણી આ અવનતિ તથા આપણા આ અધઃપાતનું મૂળ કારણ છે.' તેઓ આ યુક્તિના પ્રદર્શનથી જ ખ્રીસ્તી ધર્મ કરતાં હિન્દુ ધર્મની શ્રેષ્ઠતાને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યા કરે છે. ક્રિશ્ચિયન્ જાતિ પ્રત્યક્ષફલવાદિની હોવાથી તે જાતિના મનુષ્યો ધર્મના ઐહિક ફળનું દર્શન કરાવીને ધર્મની શ્રેષ્ઠતાને સ્થાપવાની ચેષ્ટા કર્યા કરે છે; તેઓ કહે છે કે: 'વિશ્વમાં ક્રિશ્ચિયન્ જાતિ અત્યંત પ્રબળ હોવાથી ખ્રીસ્તી ધર્મ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.' અને આપણામાંના અનેક લોકો એમ કહે છે કે: 'એ ભ્રમ છે; કારણ કે, કેવળ ઐહિક ફળના દર્શનથી જ ધર્મની શ્રેષ્ઠતાનો નિર્ણય કરી શકાતો નથી; કિન્તુ ધર્મની શ્રેષ્ઠતાના નિર્ણયમાટે પારલૌકિક ફળનું પણ નિરીક્ષણ કરવું પડે છે. અર્થાત્

હિન્દુઓ અધિક ધાર્મિક હોવાથી જ અસુરપ્રકૃતિ બલિષ્ઠ પાશ્ચાત્ય જાતિને આધીન થયેલા છે.' પરંતુ આ યુક્તિમાં આર્યજ્ઞાનવિરોધી ઘોર ભ્રમ સમાયલો છે; કારણ કે, સત્ત્વગુણ કદાપિ અવનતિ તથા અધઃપાતનું કારણ થાય, એ સર્વથા અસંભવનીય છે અને તેથી કોઈ પણ સત્ત્વ-પ્રધાન જાતિ આવી રીતે દાસત્વશૃંખલાથી જકડાયલી થઇ જાય, એ કદાપિ ન માની શકાય તેવું બાલિશ વિધાન છે; કારણ કે, બ્રહ્મતેજ સત્ત્વગુણનું મુખ્ય ફળ છે અને ક્ષાત્રતેજ બ્રહ્મતેજની ભિત્તિ છે. આઘા-તના યોગે શાન્ત બ્રહ્મતેજમાંથી ક્ષાત્રતેજના સ્ફુલિંગનો ઉદ્ભવ થાય છે અને તે સ્ફુલિંગ ચતુર્દિશામાં પ્રજ્વલિત થઈ જાય છે. આ કારણથી જે સ્થાનમાં ક્ષાત્રતેજનો અભાવ હોય છે તે સ્થાનમાં બ્રહ્મતેજનો નિવાસ પણ નથી જ હોતો. જો દેશમાં કેવળ એક જ પ્રકૃત કિંવા સત્ય બ્રાહ્મણ હોય છે તો તે એકસોહ્ક્ષત્રિયોને ઉત્પન્ન કરે છે. આ વાસ્તવિકતાથી સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે કે સત્ત્વગુણની અતિશયતા આપણા દેશની અવનતિ તથા અધોગતિનું કારણ નથી; કિન્તુ રજોગુણનો અભાવ અને તમો-ગુણનું પ્રાધાન્ય એ જ આપણા દેશની અવનતિ તથા અધોગતિનાં પ્રધાન કારણો છે. રજોગુણના અભાવે આપણો અન્તર્નિહિત સત્ત્વગુણ મલિન થઇને તમોગુણમાં અદૃસ્ય થઈ ગયો છે. આલસ્ય, મોહ, અજ્ઞાન, અપ્રવૃત્તિ, નિરાશા, વિષાદ તથા નિશ્ચેષ્ટતાની સાથે સાથે આપણા દેશની દુર્દશા તથા અવનતિની પણ વૃદ્ધિ થતી રહી છે, એ નવીનતાથી વર્ણ-વવાની આવસ્યકતા છે જ નહિ. એ મેઘો પ્રથમ લઘુ તથા વિરલ હતા; પરંતુ કાલની ગતિથી ક્રમશઃ તેઓ એટલા બધા નિબિડ થઇ પડયા કે તેમણે આપણને અજ્ઞાનના અંધકારમાં ડૂબાવી દીધા અને તેથી આપણે એટલી સીમાપર્યન્ત અપ્રયત્નશીલ તથા મહત્ત્વાકાંક્ષાહીન થઈ ગયા કે ઇશ્વિરપ્રેરિત મહાપુરુષોના ઉપદેશથી આપણા તે અજ્ઞાનાન્ધકારનો લોપ ન થયો. ભારતવર્ષની આવી દુર્દશાને દેખીને ભગવાન્ સૂર્યનારાયણે રજોગુણજનિત પ્રવૃત્તિદ્વારા આપણા દેશને રક્ષવાનો સંકલ્પ કરી લીધો.

જાગ્રત રજઃશક્તિ પ્રચંડ ભાવથી કાર્યકારિણી થતાં તમઃશક્તિ

પલાયન કરી જવાને તત્પર થાય છે, એ જોકે સત્ય છે; તથાપિ અન્ય દિશામાં સ્વેચ્છાચાર, કુપ્રવૃત્તિ તથા ઉદ્દામ ઉચ્છૃંખલતા આદિ આસુર ભાવોના આવિર્ભાવની આશંકા રહ્યા કરે છે. રજઃશક્તિ જો પોતાની પ્રેરણાથી ઉન્મત્તતાની વિશાલ પ્રવૃત્તિની ઉદરપૂર્તિને લક્ષ્ય કરીને જ કાર્ય કરતી હોય તો એ આશંકાને હૃદયમાં સ્થાન આપવાનું આપણને સંપૂર્ણ કારણ મળી આવે છે; કારણ કે, જો રજોગુણ ઉચ્છૃંખલ ભાવથી પોતાના માર્ગમાં ચાલવા માંડે તો તે અધિક કાળ પર્યન્ત પોતાની ગતિને અવિચલ રાખી શકતો નથી; અર્થાત્ ઉચ્છૃંખલ ભાવને સ્વીકારવાથી કલાન્તિ આવી જાય છે, તમનો આવિર્ભાવ થાય છે અને પ્રચંડ ઝટિકા પછી આકાશ સર્વથા નિર્મલ તથા નિરભ્ર ન થતાં સર્વથા મેઘાચ્છાદિત તથા વાયુસ્પન્દનરહિત થઈ જાય છે. રાષ્ટ્રવિપ્લવ કિંવા રાજ્યક્રાન્તિ થઈ ગયા પછી ફ્રાન્સ્ દેશનું એ જ પરિણામ થયેલું છે. તે રાષ્ટ્રવિપ્લવ કિંવા રાજ્યક્રાન્તિમાં રજોગુણનો ભીષણ પ્રાદુર્ભાવ થયો હતો, ત્યાર પછી એટલે કે વિપ્લવનો અંત થઇ ગયા પછી તામસિકતાનું અલ્પાધિક પુનરુત્થાન થયું, રાષ્ટ્રવિપ્લવ થયો, કલાન્તિ આવી, શક્તિહીનતા આવી લાગી અને અંતે નૈતિક અવનતિનો ભીષણ આવિર્ભાવ થયો, એ જ ફ્રાન્સ્ દેશનો ગત શત વર્ષનો ઈતિહાસ છે. જેટલી વાર સામ્ય, મૈત્રી અને સ્વાધીનતારૂપ આદર્શજનિત સાત્ત્વિક પ્રેરણા ફ્રાન્સ્‌ના પ્રાણમાં જાગ્રત થયેલી છે; તેટલી વાર ક્રમશઃ રજોગુણ પ્રબળ થતાં સત્ત્વગુણ સેવાભિમુખ આસુર ભાવમાં પરિણત થઇને નિજ પ્રવૃત્તિની પૂર્તિમાટે ત્યાં યત્નશીલ થયેલો છે; અને એના પરિણામે તમોગુણનો પુનઃ આવિર્ભાવ થતાં ફ્રાન્સ્ દેશ પોતાની પૂર્વસંચિતા મહાશક્તિને ખોઇ નાખીને મ્રિયમાણ વિષમ અવસ્થામાં–ત્રિશંકુ સમાન નહિ સ્વર્ગમાં કે નહિ મૃત્યુલોકમાં–અર્થાત્ સર્વથા અનિશ્ચિત સ્થિતિમાં ઊભો રહી ગયો છે. પ્રબળ રજઃશક્તિને સત્ત્વગુણની સેવામાં નિયુક્ત કરી દેવી, એ જ એવા પ્રકારના પરિણામને અટકાવવાનો એકમાત્ર ઉપાય છે. જો સાત્ત્વિક ભાવ જાગ્રત થઇને રજઃશક્તિનો ચાલક થાય, તો

તેવી અવસ્થામાં તમોગુણના પુનઃ પ્રાદુર્ભાવની ભીતિ પણ રહેતી નથી અને ઉદ્દામ શક્તિ પણ શૃંખલિત તથા નિયંત્રિત થઈને ઉચ્ચ આદર્શને વશ રહી દેશના તથા સમસ્ત જગત્‌ના હિત કિંવા કલ્યાણને સાધતી રહે છે. સત્ત્વના ઉદ્રેકનો ઉપાય ધર્મભાવ છે અને ધર્મભાવની વ્યાખ્યા એવી છે કે સ્વાર્થને સર્વથા ત્યાગી દઇને પોતાની સર્વ શક્તિઓ પરમાર્થમાં સમર્પી દેવી અથવા તો **ભ**ગવાનને આત્મસમર્પણ કરીને સમસ્ત જીવનને એક મહાન્ તથા પવિત્ર યજ્ઞના સ્વરૂપમાં પરિણત કરી નાખવું. **શ્રી**મદ્**ભ**ગવદ્**ગી**તામાં કહેવામાં આવ્યું છે કેઃ 'સત્ત્વગુણ તથા રજોગુણ એ ઉભય ગુણો તમોગુણનો નાશ કરે છે.' અર્થાત્ એકલો સત્ત્વગુણ જ કદાપિ તમોગુણનો પરાજય કરી શકતો નથી. આ કારણથી જ **ભ**ગવાને અત્યારે ધર્મનું પુનરુત્થાન કરાવી આપણા અન્તર્નિહિત સત્ત્વગુણને જાગ્રત કરી, પછીથી રજઃશક્તિને સમસ્ત દેશમાં પ્રસારી દીધી છે. **રા**મમોહન **રા**ય આદિ ધર્મોપદેશક મહાત્માઓએ સત્ત્વગુણને પુનરુદ્દીપિત કરીને નવયુગનું પ્રવર્તન કર્યું હતું, ઊનવિંશ શતાબ્દિ–ઇ. સ. ની ઓગણીસમી સદી–માં **ભા**રતવર્ષમાં ધર્મ વિષયક જેટલી જાગ્રતિ થઈ હતી તેટલી રાજનૈતિક તથા સામાજિક વિષયોમાં જાગ્રતિ થઇ ન હોતી; કારણ કે, રાજનૈતિક તથા સામાજિક જાગ્રતિમાટે તે વેળાયે ક્ષેત્ર તૈયાર ન હોતું અને તેથી રાજનૈતિક તથા સામાજિક જાગ્રતિરૂપ ધાન્યને ઉત્પન્ન કરવામાટે વિપુલ પરિમાણમાં બીજ વાવવા છતાં પણ ક્યાંય શસ્ય ઊગેલાં દેખાતાં ન હોતાં. આ ઘટનાથી પણ **ભા**રતવર્ષપર **ભ**ગવાનની પૂર્ણ દયા તથા પ્રસન્નતા હોવાનું દેખાઇ આવે છે; કારણ કે, રાજસ ભાવમાંથી ઉદ્‌ભવેલું જાગરણ કદાપિ સ્થાયિ તથા પૂર્ણકલ્યાણદાયક થઇ શકતું નથી અને એટલામાટે એનાથી પૂર્વે જાતિના અંતરમાં કેટલેક અંશે બ્રહ્મતેજ ઉદ્દીપિત થવાની આવશ્યકતા અનિવાર્ય હોય છે. આ કારણથી જ અત્યાર સુધી રજઃશક્તિનો પ્રવાહ બંધ હતો. ઇ. સ. ૧૯૦૫ માં રજઃ–શક્તિનો જે વિકાસ થયો હતો તે સાત્ત્વિકભાવપૂર્ણ હતો અને તેથી તેમાં જે ઉદ્દામ ભાવ જોવામાં આવ્યો હતો તેના સંબંધમાં પણ આશંકાને

હૃદયમાં સ્થાન આપવાનું એવું કોઇ વિશેષ કારણ નથી; કારણ કે, એ રજોગુણ તથા સત્ત્વગુણનો ખેલ હોવાથી એમાં જે કાંઈ પણ ઉદ્દામ કિંવા ઉચ્છૃંખલ ભાવ હોય છે તે અલ્પ સમયમાં જ અવશ્ય નિયમિત તથા શૃંખલિત થઇ જાય છે; અર્થાત્ બાહ્ય શક્તિદ્વારા નહિ કિન્તુ અંતરમાં જે બ્રહ્મતેજ, સાત્ત્વિક ભાવનો નિવાસ હોય છે તે બ્રહ્મતેજ કિંવા સાત્ત્વિક ભાવદ્વારા જ એ ઉદ્દામ કિંવા ઉચ્છૃંખલ ભાવ વશીભૂત તથા નિયમિત થઇ જાય છે. સારાંશ કે, ધર્મભાવનો પ્રચાર કરીને આપણે માત્ર તે બ્રહ્મતેજ તથા સાત્ત્વિક ભાવની પોષકતા જ કરી શકીએ છીએ.

એ તો ઉપર કહેવાયલું જ છે કે પરાર્થમાં સમસ્ત શક્તિનો નિયોગ કરવો એ જ સત્ત્વગુણના ઉદ્રેક કિંવા વિકાસનો એકમાત્ર ઉપાય છે અને આપણી રાજનૈતિક જાગ્રતિમાં આપણને એ ભાવનું યથેષ્ટ પ્રમાણ મળી જાય છે. પરંતુ એ ભાવને નિરંતર અવિચલ તથા સુરક્ષિત રાખવાનું કાર્ય મહાકઠિન છે; અર્થાત્ એ કાર્ય જેટલા પરિમાણમાં વ્યક્તિમાટે કઠિન છે તેટલા કિંબહુના તેથી અધિકતર પરિમાણમાં જાતિમાટે કઠિન છે, એ કોઈએ કદાપિ ભૂલી જવાનું નથી; કારણ કે, આપણા જાણવામાં પણ ન આવી શકે તેવી રીતે અલક્ષ્ય ભાવથી પરાર્થમાં સ્વાર્થના અંશો આવી જાય છે અને એવા પ્રસગે, જો આપણી બુદ્ધિ વિશુદ્ધ ન હોય, તો આપણે એવી ભયાનક ભ્રાન્તિમાં પડી જઈએ છીએ કે તે ભ્રાન્તિના યોગે પરાર્થ કિંવા પરમાર્થના નામથી સ્વાર્થનો આશ્રય કરીને પરહિત તથા માનવજાતિના હિતનો વિનાશ કરી નાખીએ છીએ અને પોતાની ભ્રાન્તિને અંત પર્યન્ત જાણી કે ઓળખી શકતા નથી. ભગવત્સેવા સત્ત્વગુણના ઉદ્રેક–વૃદ્ધિ–નો અન્ય ઉપાય છે; પરંતુ એ માર્ગમાં પણ હિતની વિપરીતતા થવાનો સંભવ તો છે જ: કારણ કે, ભગવત્સાન્નિધ્યરૂપ આનન્દની પ્રાપ્તિથી આપણામાં સાત્ત્વિક નિશ્ચેષ્ટતા કિંવા કર્મહીનતાનો ઉદ્ભવ થાય છે અને આનન્દના આસ્વાદને ભોગવતાં ભોગવતાં આપણે આપણા પરિપીડિત દેશની ચિન્તા તથા માનવજાતિની સેવાથી સર્વથા વિમુખ થઈ જઇએ

છીએ. સાત્ત્વિક ભાવનું જો કોઈ પણ બંધન હોય તો તે એ જ છે. જેવી રીતે રાજસ અહંકાર હોય છે તેવી જ રીતે સાત્ત્વિક અહંકાર પણ અસ્તિત્વ ધરાવે છે. જેવી રીતે પાપ મનુષ્યને બંધનમાં નાખી દે છે તેવી જ રીતે પુણ્ય પણ મનુષ્યમાટે બંધનકારક થઇ પડે છે. અર્થાત્ જો સંપૂર્ણ વાસનાશૂન્ય થઇને અહંકારના ત્યાગ પૂર્વક ભગવાન્‌ને આત્મ-સમર્પણ કરવામાં ન આવે, તો કદાપિ પૂર્ણ સ્વાધીનતા આવતી જ નથી. એ ઉભય અનિષ્ટોનો ત્યાગ કરવો હોય તો તેમાટે સર્વથી પ્રથમ વિશુદ્ધ બુદ્ધિની આવશ્યકતા છે. અર્થાત્ દેહાત્મિકા બુદ્ધિને ત્યાગી દઇને માનસિક સ્વાધીનતાને પ્રાપ્ત કરવી એ જ બુદ્ધિશોધનની પૂર્વવર્તિની અવસ્થા છે; કારણ કે, મન સ્વાધીન થતાં જીવ વશ થાય છે અને ત્યાર પછી મનને વશ કરીને બુદ્ધિના આશ્રયથી મનુષ્ય સ્વાર્થના હસ્તથી અધિકાંશે પરિત્રાણ પામી શકે છે, એટલે કે, સ્વાર્થનાં બંધનથી મુક્ત થઇ શકે છે. છતાં આટલાથી પણ સ્વાર્થ સંપૂર્ણ ભાવથી આપણને ત્યાગી જતો નથી; અર્થાત્ તે અવશિષ્ટ રહેલો જે સ્વાર્થ તે મુમુક્ષા કિંવા પરદુઃખોને સર્વથા ભૂલી જઇને કેવળ નિજ આનન્દમાં રંજિત થઈ રહેવાની ઇચ્છા છે. સારાંશ કે, એનો, એ મુમુક્ષાનો પણ ત્યાગ કરવો જ જોઇએ. સર્વ ભૂતોમાં નારાયણનો સાક્ષાત્કાર કરીને તે સર્વભૂતસ્થ નારાયણની જે સેવા તે જ એ રોગના નિવારણમાટેનું ઔષધ છે અને એ જ સત્ત્વગુણની પરાકાષ્ઠા છે. એથી પણ ઉચ્ચતર અવસ્થા અસ્તિત્વ ધરાવે છે અને તે એ કે સત્ત્વગુણનો પણ અતિક્રમ કરીને સર્વથા ગુણાતીત થઈ સંપૂર્ણ ભાવથી ભગવાનનો આશ્રય લઈ લેવો. એ ગુણાતીતતાનું શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં જે વર્ણન કરાયલું છે તે આ પ્રમાણેઃ—

" नान्यः गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥
गुणानेतानतीत्य त्रीन् देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखै र्विमुक्तोऽमृत मश्नुते ॥
प्रकाशञ्च प्रवृत्तिञ्च मोहमेव च पाण्डव ।

न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥
उदासीनवदासीनो गुणै र्यो न विचाल्यते ।
गुणा वर्तन्त इत्येवं योऽवतिष्ठति नेंगते ॥
समदुःखसुखः स्वस्थः समलोष्ठाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीर स्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥
मानापमानयो तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥
मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते " ॥

"અર્થાત્ જ્યારે જીવ સાક્ષી થઇને ગુણત્રય અર્થાત્ ભગવાનની ત્રૈગુણ્યમયી શક્તિને જ એકમાત્ર કર્ત્તા તરીકે નિહાળે છે તેમ જ એ ગુણત્રયની ઉપર શક્તિના પ્રેરક ઇશ્વિરને જાણી શકે છે ત્યારે જ તે ભગવદ્ભાવ કિંવા ભગવત્સાધર્મ્યને પ્રાપ્ત કરી શકે છે. તે વેળાયે દેહસ્થ જીવ સ્થૂલ તથા સૂક્ષ્મ એ બે પ્રકારના દેહસંભૂત ગુણત્રયનો અતિક્રમ કરીને જન્મ, મૃત્યુ તથા જરા કિંવા વૃદ્ધાવસ્થાના દુઃખથી વિમુક્ત થઇને અમરતાને પ્રાપ્ત કરી લે છે. સત્ત્વગુણજનિત જ્ઞાન, રજોગુણજનિત પ્રવૃત્તિ તથા તમોગુણજનિત નિદ્રા, નિશ્ચેષ્ટતા અને ભ્રમસ્વરૂપ મોહ આદિના આગમનથી જે વિરક્ત થતો નથી—કંટાળતો નથી—અને એ ગુણત્રયના આગમન તથા નિર્ગમનમાં સમાન ભાવ રાખીને ઉદાસીન પ્રમાણે સ્થિરતાને રાખી રહે છે તેને એ ગુણો વિચલિત કરી શકતા નથી અને એ સર્વ ગુણોની સ્વધર્મજાત વૃત્તિઓ છે એમ માનીને તે દૃઢ રહે છે. જે સુખ તથા દુઃખને સમાન ગણે છે, પ્રિય તથા અપ્રિયને સમાન માને છે, નિન્દા તથા સ્તુતિમાં સમાનતા નિહાળે છે તેમજ કાંચન તથા લોષ્ઠમાં પણ સમાનતાને અનુભવે છે; જે ધીર, સ્થિર તથા પોતામાં અચલ છે; જે માન તથા અપમાનને સમાન માને છે તેમ જ મિત્રપક્ષ તથા શત્રુપક્ષને સમાન પ્રિય પ્રમાણે છે; જે પોતે પ્રેરાઇને કોઈ પણ કાર્યને આરંભતો નથી; કિન્તુ સર્વ કર્મો ભગવાનને સમર્પીને તેની પ્રેરણાથી જ

કર્મ કરે છે અને તેને જ ગુણાતીત કહે છે તેમ જ જે નિર્દોષ ભક્તિયોગથી મારી—ભગવાનની—સેવા કરે છે તેજ ત્રણ ગુણોનો અતિક્રમ કરીને બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય થાય છે." હવે એ ગુણાતીત અવસ્થા કદાચિત્ સર્વને પ્રાપ્ત થવાનો સંભવ ન હોય, તો પણ તેની પૂર્વવર્તિની અવસ્થાની પ્રાપ્તિ સત્ત્વગુણપ્રધાન પુરુષમાટે અસાધ્ય નથી. સાત્વિક અહંકારનો ત્યાગ કરીને વિશ્વનાં સર્વ કાર્યોમાં ભગવાનની ત્રૈગુણ્યમયી શક્તિની લીલાનો સાક્ષાત્કાર કરવો એ એનો સર્વથી પ્રાથમિક ઉપક્રમ છે. એ ઉપક્રમને જાણીને સાત્વિક કર્તા કર્તૃત્વ વિષયક અભિમાનને ત્યાગીને ભગવાનમાં સંપૂર્ણ આત્મસમર્પણપૂર્વક કર્મ કરે છે.

અહીં ગુણત્રય તથા ગુણાતીતના સંબંધમાં જે કાંઇ કહેવામાં આવ્યું છે તે જ ગીતાનું મૂલ કથન છે; કિન્તુ એ શિક્ષણનું સાધારણતઃ ગ્રહણ કરવામાં આવ્યું નથી. આજ સુધી આપણે જેને આર્યશિક્ષણના નામથી ઓળખીએ છીએ, તે શિક્ષણ બહુધા સાત્વિક ગુણનું અનુશીલન છે. આપણા દેશમાં ક્ષત્રિય જાતિના લોપ સાથે રજોગુણના આદરનો પણ લોપ થઈ ગયો છે અને જાતીય જીવનમાં તો રજઃશક્તિની પણ અતિશય આવશ્યકતા છે. અને તેટલામાટે જ આજકાલ લોકોનું મન શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પ્રતિ આકર્ષાયલું દેખાય છે. ગીતાનો ઉપદેશ પુરાતન આર્યશિક્ષણને ભિત્તિરૂપે સ્વીકારવા છતાં તેનો અતિક્રમ કરી ગયો છે. ગીતામાં કથાયલો ધર્મ રજોગુણથી ભયભીત થતો નથી; કિન્તુ ગીતાધર્મમાં રજઃશક્તિને સત્ત્વગુણની સેવામાં નિયુક્ત કરવાનો માર્ગ દર્શાવાયલો છે તેમ જ પ્રવૃત્તિના માર્ગથી મુક્તિને મેળવવાનો ઉપાય પણ બતાવવામાં આવ્યો છે. એ ધર્મના અનુશીલનમાટે જાતિનું મન કેવા પ્રકારે પ્રસ્તુત-તૈયાર—થાય છે, એ ઘટનાને હું પ્રથમ કારાગૃહમાં જ હૃદયંગમ કરી શકયો હતો. અર્થાત્ અદ્યાપિ સ્નાત થવો જોઇએ તેટલા પરિમાણમાં નિર્મલ થયો નથી; કિંતુ અદ્યાપિ તે કલુષિત તથા પાપકર્દમયુક્ત છે. વસ્તુસ્થિતિ અદ્યાપિ આવી હોવા છતાં પણ જ્યારે તેનો અતિરિક્ત વેગ કાંઇક શમી જશે એટલે પછી તેનામાં જે વિશુદ્ધ શક્તિ લપાઈ રહેલી છે તે વિશુદ્ધ શક્તિનું

નિષ્કલંક તથા નિર્દોષ કાર્ય પોતાની મેળે જ થવા માંડશે.

જેઓ મારી સાથેના બંદિ જનો હતા અને એક જ અભિયોગમાં અભિયુક્ત હતા તેમનામાંના અનેક જનો નિર્દોષ સિદ્ધ થઇને કિંવા નિર્દોષ હોવાથી બંધનમુક્તિ મેળવી શકયા હતા અને બાકીના સર્વ જનો ષડ્યંત્રમાં ભાગ લેવાના દોષથી લેપાયલા હોવાથી દંડભાજન થયા હતા. માનવસમાજમાં માનવહત્યા સમાન અન્ય કોઇ પણ ગુરુતમ અપરાધ હોઇ શકે તેમ છે જ નહિ. જાતીય સ્વાર્થવડે પ્રેરાઇને જે કોઇ પણ મનુષ્ય હત્યા કરે છે તેનું વ્યક્તિગત ચરિત્ર કદાચિત્ કલુષિત ન થાય એ સંભવનીય છે; તથાપિ સામાજિક દૃષ્ટિથી અપરાધીના એ અપરાધની ગુરુતામાં કશી પણ ન્યૂનતા થાય, એ સર્વથા અસંભવનીય છે; માત્ર એટલું જ નહિ, પણ એ તત્ત્વને સ્વીકારવું જ પડે તેમ છે કે હત્યાની છાયા અન્તરાત્મામાં પડતાં મનમાં રક્તનો કલંક-દાગ-બેસી જાય છે અને ક્રૂરતાનો સંચાર થાય છે. એ ક્રૂરતા બર્બરોચિત એટલે કે નિષ્ઠુર કિંવા અસભ્યજાતિના મનુષ્યને યોગ્ય ગુણ છે અને જે સર્વ ગુણોના યોગે મનુષ્ય ઉન્નતિના આનુક્રમિક વિકાસથી ધીમે ધીમે વર્જિત કિંવા પતિત થતો જાય છે, તે સર્વ ગુણોમાં-અધઃપાતક દુર્ગુણોમાં-ક્રૂરતા નામક દુર્ગુણ પ્રધાન પદ ભોગવે છે. આ કારણથી જો એ ક્રૂરતાનો સંપૂર્ણ પરિત્યાગ કરી શકાય, તો માનવજાતિના ઉન્નતિમાર્ગમાંનો એક ભીષણ વિઘ્નકારક કંટક જડમૂળથી નીકળી ગયેલો કહેવાય એમાં લેશમાત્ર પણ સંશય નથી. કોઈ પણ મનુષ્યના-અપરાધી મનુષ્યના-દોષનો વિચાર કરવામાં આવે, તો તે રજઃશક્તિની ક્ષણિક ઉદ્દામ ઉચ્છૃંખલતામાત્ર છે, એમ તત્કાળ જણાઈ આવે છે. પરંતુ તે અપરાધીઓમાં એવા પ્રકારની સાત્ત્વિક શક્તિનો નિવાસ છે કે તેના અસ્તિત્વના કારણથી તેમની એ ક્ષણિક ઉચ્છૃંખલતા દ્વારા દેશનું સ્થાયિ અમંગળ થવાની કશી પણ આશંકા નથી.

અન્તરની જે સ્વાધીનતાનો પૂર્વે ઉલ્લેખ કરાયલો છે તે સ્વાધીનતા મારા સગીઓનો સ્વભાવસિદ્ધ ગુણ હતો, એ સર્વથા નિર્વિવાદ છે; કારણ કે, જે વેળાયે અમો કેટલાક દિવસ પર્યન્ત કારાગૃહના એક જ બંદિગૃહમાં

પૂરાયલા હતા તે વેળાયે તેમનાં આચરણ તથા તેમના મનોભાવને વિશિષ્ટ રૂપથી જોઇ તથા જાણી લેવાનો અવસર મને મળ્યો હતો અને તેથી અન્તરની સ્વાધીનતા તેમનો સ્વભાવસિદ્ધ ગુણ હતો એ રહસ્ય મારા જાણવામાં આવ્યું હતું. તેમનામાંના માત્ર બે મનુષ્યો વિના અન્ય કોઇ પણ મનુષ્યના મુખમંડળમાં ભય તો શું પણ ભયની છાયામાત્ર પણ દૃષ્ટિગોચર થતી ન હોતી. તેમનામાં તરુણોની સંખ્યા અધિક હતી, અને કેટલાક અલ્પવયસ્ક બાળકો પણ હતા. જે અપરાધમાટે તેમને ચતુર્ભુજ કરીને કારાગારમાં પૂરવામાં આવ્યા હતા તે અપરાધ જો સપ્રમાણ સિદ્ધ થાય તો તેનો દંડ કેવો અને કેટલો ભીષણ મળે તેમ હતું, એ પરિણામના વિચારથી દૃઢમતિ પ્રૌઢ પુરુષનાં હૃદયો પણ હચમચી જવાનો સંભવ હતો અને આ અપરાધી તરીકે પકડાયલા તરુણો તથા અલ્પવયસ્ક બાળકો તો એ અપરાધથી મુક્ત થવાની આશામાત્રને પણ પોતાના વિચારમાં સ્થાન આપતા ન હોતા. વિશેષતઃ મૅજીસ્ટ્રેટ્ની કોર્ટમાં સાક્ષી તથા લિખિત પૂરાવા આદિની જે યોજના થવા લાગી તેને જોઇને કાયદાથી અજ્ઞ વ્યક્તિની સહજ એવી ધારણા થઇ જાય તેમ હતું કે, નિર્દોષ મનુષ્યમાટે પણ આ જાળમાંથી નિર્લેપ છટકી જવાનો માર્ગ નથી. પરંતુ તે અપરાધી તરીકે પકડાયલા તરુણો તથા અલ્પવયસ્ક બાળકોનાં મુખમંડળોમાં તો ભીતિ તથા વિષણ્ણતાના સ્થાને કેવળ પ્રફુલ્લતા, સરલ હાસ્ય, પોતાની વિપત્તિનું વિસ્મરણ તથા ધર્મ અને દેશ વિષયક વાર્તાલાપ જ દૃષ્ટિગોચર થતાં હતાં. અમારા વૉર્ડમાંના પ્રત્યેક મનુષ્ય પાસે બે અથવા ચાર પુસ્તકો તો અવશ્ય હોવાથી અમારા વૉર્ડમાં એક લઘુ લાયબ્રેરી થઇ ગઇ હતી. એ લાયબ્રેરીમાંનાં અધિકસંખ્ય પુસ્તકો ધર્મ વિષયક હતાં અને તેમાં ગીતા, ઉપનિષદ્, સ્વામી વિવેકાનન્દનાં વ્યાખ્યાનો તથા લેખોનો સંગ્રહ, રામકૃષ્ણ પરમહંસનું કથામૃત તથા જીવનચરિત્ર, પુરાણ, સ્તવમાલા તથા બ્રાહ્મસંગીત ઇત્યાદિનો સમાવેશ થતો હતો. એથી ભિન્ન જે અન્ય પુસ્તકો હતાં તેમાં બંકિમગ્રંથાવલી, સ્વદેશી ગાનનાં કેટલાંક પુસ્તકો તથા પુસ્તિકાઓ, યૂરોપીય દર્શન, ઇતિહાસ અને સાહિત્ય

વિષયક કેટલાંક અલ્પ સ્વલ્પ પુસ્તકોનો સમાવેશ થયેલો હતો. પ્રભાતમાં કેટલાકો સાધનામાં નિમગ્ન થતા હતા, કેટલાકો પુસ્તકો વાંચતા હતા અને કેટલાકો મંદ સ્વરથી વાર્ત્તાલાપમાં પ્રવૃત્ત થતા હતા. પ્રભાતમાં એ શાન્તિમયી નીરવતામાં વચ્ચે વચ્ચે હાસ્યલહરીનો પણ ઉદ્‌ભવ થતો હતો. જો કચેરી–કોર્ટ્–માં જવાનું ન હોય, તો કેટલાકો નિદ્રાસેવન કરતા હતા અને કેટલાકો ખેલવામાં પોતાનો સમય વીતાડતા હતાં; અર્થાત્ જે દિવસે જે ખેલ ખેલાતો હતો તેમાં કોઈની આસક્તિ દેખાતી ન હોતી એટલે કે ગમે તે ખેલ ખેલાય અને સમય વીતી જાય એટલોજ તેમનો ઉદ્દેશ હતો; અમુક ખેલ ખેલવો જ જોઇએ એવો કોઈનો આગ્રહ ન હોતો અને તેથી કોઈ દિવસ તેઓ મંડળમાં બેસીને કોઈ શાન્ત રમત રમતા હતા, તો કોઈ દિવસ તેમની દોડાદોડી તથા કૂદાકૂદની રમત ચાલતી હતી; કેટલાક દિવસ પર્યન્ત તો ફૂટબૉલની રમત ચાલતી રહી હતી. એ ફૂટબૉલની રમત અવશ્ય અપૂર્વ ઉપકરણોવડે સંગઠિત હોય છે. કેટલાક દિવસ 'કાણમાછિ' નામની રમત ચાલી હતી; એમાં એક એક દિવસે ભિન્ન ભિન્ન દલ બાંધીને એક બાજૂ જુજિત્સૂની શિક્ષાનો પ્રકાર, બીજી બાજૂ ઊંચા કૂદકા અને લાંબા કૂદકાનો પ્રકાર તથા ત્રીજી તરફ 'Drafts' કિંવા દશપચીસનો પ્રકાર ચાલતો હતો. બે ચાર ગંભીર તથા પ્રૌઢ પુરુષો વિના અન્ય સર્વ જનો બહુધા બાલકોના અનુરોધથી એ સર્વ ખેલોમાં પોતાથી લઈ શકાય તેટલો ભાગ લેતા હતા. અર્થાત્ એમના સમુદાયમાં વયસ્ક પુરુષો પણ બાલસ્વભાવના હતા, એ સ્પષ્ટ દેખાઇ આવતું હતું. સંધ્યાસમયે સંગીતોત્સવસમારંભ થતો હતો અને તે વેળાયે સંગીતકલાકુશલ ઉલ્લાસ, શચીન્દ્ર તથા હેમદાસ આદિની આસપાસ બેસીને અમો સર્વ તેમના સંગીતનું શ્રવણ કરતા હતા. એ સંગીતસમારંભમાં સ્વદેશસંગીત કિંવા ધર્મગાન વિના અન્ય કોઈ પણ વિષયનાં ગાન ગવાતાં ન હોતાં. કોઈ કોઇ વાર કેવળ આનન્દભોગની ઇચ્છાથી ઉલ્લાસકર હાસ્યરસાત્મક ગાન, અભિનય, Ventriloquism,*

* Ventriloquism નો સંક્ષિપ્ત અર્થ ઐન્દ્રજાલિક વાણી થાય છે.

અનુકરણ કિંવા ગંજેડીની નકલ કરીને સંધ્યાકાળ વીતાડતો હતો. * * * * * * કેસ્-મુકર્દમા અથવા અભિયોગ-માં કોઇ પણ મન પરોવતું ન હોતું; કિન્તુ સર્વ જનો ધર્મધ્યાન કિંવા આનન્દમાં જ પોતાના દિવસો વીતાડતા હતા. આવો નિશ્ચિન્ત ભાવ કઠિન તથા કુક્રિયામાં અભ્યસ્ત થઈ ગયેલાં હૃદયોમાટે પણ અસંભવનીય હોય છે; તો એમનામાં તો કઠિનતા, ક્રૂરતા, કુકર્માસક્તિ તથા કુટિલતા આદિનો અંશમાત્ર પણ ન હોતો અને તેમ છતાં આવા નિશ્ચિન્ત ભાવથી તેઓ પોતાનો સમય વીતાડતા હતા એ આશ્ચર્યકારક ન કહેવાય કે શું ? અર્થાત્ તેમની હાસ્ય, વાર્તાલાપ તથા ખેલ આદિ સર્વ ક્રિયાઓ આનન્દમયી, ધર્મમયી તથા પ્રેમમયી હતી, એ નવીનતાથી કહેવાની આવશ્યકતા જ નથી.

તેમની એ માનસિક સ્વાધીનતાના ફળનો અલ્પ કાળમાં જ વિકાસ થવા લાગ્યો. આવા પ્રકારના ક્ષેત્રમાં જો ધર્મબીજનું આરોપણ કરવામાં આવે તો તેમાંથી સર્વાંગસુંદર ફળની પ્રાપ્તિ થાય એ સર્વથા નિર્વિવાદ છે. ક્રાઇસ્ટે કેટલાક બાલકો પ્રતિ અંગુલીનિર્દેશ કરીને એક વાર પોતાના શિષ્યોને કહ્યું હતું કેઃ "જેઓ આ બાલકો સમાન છે તેઓ જ બ્રહ્મલોકને પ્રાપ્ત કરી શકે છે." જ્ઞાન તથા આનન્દ સત્ત્વગુણનાં લક્ષણો છે. જેઓ દુઃખને દુઃખ નથી જાણતા તેમ જ જેઓ સર્વ સ્થિતિમાં આનન્દિત તથા પ્રફુલ્લિત રહ્યા કરે છે તેઓ જ યોગના સત્ય અધિકારી છે. કારાગારમાં રાજસ ભાવ આદરણીય થઈ શકતો નથી અને નિર્જન કારાગારમાં પ્રવૃત્તિને પોષનારી કોઇ પણ વસ્તુ હોતી નથી. આવી અવસ્થામાં અસુરનું મન ચિરાભ્યસ્ત રજઃશક્તિરૂપ ઉપકરણના અભાવે ઘવાયલા વ્યાઘ્ર પ્રમાણે પોતાનો જ નાશ કરી નાખે છે. અર્થાત્ પાશ્ચાત્ય કવિજનો જેને 'Eating ones' own heart' કહે છે તે જ અવસ્થા કારાગૃહવાસી મનુષ્યની થાય છે; પરંતુ ભારતવાસીનું મન એવી નિર્જનતામાં

કોઇ મનુષ્ય પાસે બેઠેલો છતાં એવા પ્રકારે બોલતો હોય કે જેથી અન્ય મનુષ્યોને કોઈ બીજો જ મનુષ્ય બોલી રહ્યો છે અથવા તો તે ધ્વનિ કેટલાક અંતરપરથી આવે છે એવો ભાસ થયા કરે, તો તેના એ બોલવાને Ventriloquism કહેવામાં આવે છે. અનુવાદક

અને એવાં કષ્ટોના મધ્યમાં પણ ચિરંતન પ્રતિ આકર્ષાઇને ભગવાનના નિકટમાં ધાવમાન થાય છે. અમારા સંબંધમાં પણ એ જ ઘટના ઘટી હતી. કોણ જાણે ક્યાંથી એક પ્રવાહ આવીને અમો સર્વને તાણી ગયો. અર્થાત્ જેઓ કદાપિ ભગવાનના નામમાત્રને પણ ઉચ્ચારતા ન હોતા તેઓ પણ ભગવાનની સાધના કરવાનું શીખી ગયા; માત્ર એટલું જ નહિ, પણ તે પરમદયાલુ પરમેશ્વરની દયાને અનુભવીને સર્વથા આનન્દમગ્ન થઈ ગયા. યોગી જનો દીર્ઘકાલના અખંડ અભ્યાસ પછી જે અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે તે વસ્તુને કિંવા તે અવસ્થાને બાળકોએ કેવળ બે ચાર માસની સાધનાથી જ પ્રાપ્ત કરી લીધી. રામકૃષ્ણ પરમહંસે એક વાર કહ્યું હતું કે: "આને તમો શું જોઈ રહ્યા છો? આ તો કાંઈ નથી. અર્થાત્ આપણા આ દેશમાં એક એવો પ્રવાહ આવી લાગશે કે તેના યોગે અલ્પવયસ્ક બાળકો કેવળ ત્રણ દિવસની સાધનાથી જ સિદ્ધિને પ્રાપ્ત કરી લેશે!" અને એ બાળકોની યૌગિક અવસ્થાને જોતાં પૂજ્ય રામકૃષ્ણ પરમહંસની એ ભવિષ્યવાણીની સફળતાના સંબંધમાં લેશમાત્ર પણ સંદેહ રહી શકતો નથી. એ બાલકો તે પ્રત્યાશિત ધર્મપ્રવાહના મૂર્તિમાન્ પૂર્વપરિચયરૂપ હોવાથી એ સાત્વિક ભાવના તરંગે તે કાષ્ઠરૂપ બાળકોને એ પ્રવાહમાં વહેવડાવીને ચાર અથવા પાંચ બાળકો વિના અન્ય સર્વ બાળકોનાં હૃદયોને મહાનન્દમાં આપ્લુત કિંવા નિમજ્જિત કરી દીધાં હતાં. જેમણે એ અનન્ય આનન્દના આસ્વાદને એક વાર અનુભવ્યો હોય છે તેઓ તે આસ્વાદને કદાપિ ભૂલી શકતા નથી તેમ જ અન્ય આનન્દને કદાપિ એ આનન્દ સમાન માનીને સ્વીકારી શકતા નથી. એ સાત્વિક ભાવ જ દેશોન્નતિની આશા છે. ભ્રાતૃભાવ, આત્મજ્ઞાન તથા ભગવત્પ્રેમ જેટલી સાહજિકતાથી ભારતવાસીના મનમાં પોતાના અધિકારને સ્થાપી શકે છે તેટલી સાહજિકતાથી અન્ય કોઈ પણ જાતિના મનમાં તેમના અધિકારની સ્થાપના થઈ શકતી નથી. આપણને અત્યારે તમોગુણના ત્યાગની, રજોગુણના દમનની તથા સત્વગુણના પ્રકાશની આવશ્યકતા છે અને ભારતવર્ષમાટે ભગવાનના ઉદ્યોગથી એ આવશ્યકતાની પૂર્તિ થવા માંડી છે.

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ--વિશ્વવિચાર

પંચમ દલ–સ્વપ્ન

સ્વપ્ન

એક દરિદ્ર મનુષ્ય પોતાના કુટીરમાં બેસીને પોતાની શોચનીય અવસ્થા તથા ભગવાનના રાજ્યમાંના અન્યાય તથા અવિચાર કિંવા અવિવેક વિષયક વિચારમાં નિમગ્ન થયેલો હતો. તે દરિદ્ર પુરુષ અભિમાનવશ થઇને કહેવા લાગ્યો કે: "લોકો કર્મને મનુષ્યના દુ:ખનું કારણ કહીને ભગવાનની પ્રતિષ્ઠાને રક્ષવાની ચેષ્ટા કર્યા કરે છે. અર્થાત્ જો ગત જન્મના પાપના કારણથી જ મારી આવી દુર્દશા થયેલી હોય અને જો હું એટલો બધો પાપી હોઉં, તો અવશ્ય આ જન્મમાં પણ મારા મનમાં પાપ વિષયક વિચારોનો પ્રવાહ વહેતો હોવો જોઇએ; કારણ કે, એવા એક ઘોર પાપીનું મન એક દિવસમાં જ નિર્મળ થઈ જવાનો સંભવ હોય છે ખરો કે? અને આ મહલ્લામાં જ જે તિનકડિ શીલ નામક ગૃહસ્થ રહે છે તેના ગૃહમાં જે ધનસંપત્તિ, સ્વર્ણ તથા રજત અને દાસ તથા દાસી આદિ જોવામાં આવે છે તે જો પૂર્વજન્મનાં શુભ કર્મોનું જ ફળ હોય અને જો કર્મફળ સત્ય હોય, તો નિશ્ચયપૂર્વક તે ગૃહસ્થ પૂર્વજન્મમાં કોઇ વિશ્વવિખ્યાત સાધુ મહાત્મા હોવો જોઇએ; પરંતુ આ જન્મમાં તો તેનામાં સાધુતાનું એકાદ મંદ ચિહ્ન પણ દૃષ્ટિગોચર નથી થતું તેનું શું કારણ વારુ? અત્યારે તો એ તિનકડિ શીલ જેવો કોઈ પાજી, બદમાશ અને નિષ્ઠુર મનુષ્ય સમસ્ત જગત્માં પણ શોધ્યો મળે તેમ નથી. આથી સ્પષ્ટ દેખાઇ આવે છે કે કર્મવાદ ભગવાનની ચાતુરી કિંવા છલના છે અને મનને ભ્રાન્ત કરી દેનારી એક મિથ્યા કલ્પનામાત્ર છે. શ્યામસુન્દર મહાચતુરચૂડામણિ હોવાથી જ મારી સામો આવતો નથી અને તેથી જ તે સુરક્ષિત છે; જો મને તે ક્યાંક મળી જાય, તો હું તેને ઉત્તમ શિક્ષા આપીને તેની સઘળી ચાલાકી ભૂલાવી દઉં તેમ છું; પણ સામો આવે ત્યારે ને!" તેના મુખમાંથી આ અંતિમ ઉદ્ગાર હજી તો નીકળ્યો ન નીકળ્યો તેટલામાં તો અચાનક તે દરિદ્ર મનુષ્યના અંધકારમય ગૃહમાં એક અતિશય ઉજ્જ્વલ

પ્રકાશનો તરંગ વિસ્તરી ગયો અને તેથી તેનું ગૃહ પ્રકાશમય થઈ ગયું; પરંતુ અલ્પ ક્ષણ પછી તરત જ તે પ્રકાશતરંગ અંધકારમાં લીન થઈ ગયો અને એક સુન્દર તથા કૃષ્ણવર્ણ બાલક પોતાના હસ્તમાં પ્રદીપ ધારીને ઊભેલો તે દરિદ્ર પુરુષના જોવામાં આવ્યો. તે બાલક મૃદુ હાસ્ય કરી રહ્યો હતો, કિન્તુ મુખથી કાંઈ પણ બોલતો ન હોતો. તે બાલકના શિરપર મયૂરમુકુટ તથા તેનાં ચરણોમાં નૂપુરોને જોઇને તે દરિદ્ર મનુષ્યે જાણ્યું કે સ્વયં **શ્યામ**સુન્દરે આવીને તેને દર્શન દીધાં છે. દરિદ્ર પુરુષ ઝંખવાણો પડી ગયો. તેના મનમાં તે બાલકને પ્રણામ કરવાની ઇચ્છા થઇ, પરંતુ તેના હસિત વદનને જોઇને કોઈ પણ પ્રકારે પ્રણામકાર્યમાં તે પ્રવૃત્ત થઈ શક્યો નહિ અને અંતે તેના મુખમાંથી એ શબ્દો જ બહાર નીકળી પડયા કેઃ " અરે કાળમુખા, તું જ આવ્યો છે કે શું?" એના ઉત્તરમાં બાલકે હસીને કહ્યું કેઃ " શું મને તેં નથી બોલાવ્યો? તારા મનમાં મને ચાબૂકથી ફટકાવવાની જ એકમાત્ર પ્રબલ વાસના હતી અને તેથી જ અત્યારે મારે તારા સમક્ષ આવવું પડયું છે. અર્થાત્ ઊઠીને મને ચાબૂકથી ફટકાવ અને પોતાની તે વાસનાને પૂર્ણ કરી લે." તે બાલકના આ શબ્દો સાંભળીને તે દરિદ્ર પુરુષ આગળ કરતાં પણ અધિક પ્રતિભાહીન થઈ ગયો; પરંતુ એથી એમ માની લેવાનું નથી કે ભગવાનને ચાબૂક મારવાની ઇચ્છામાટે તેના મનમાં પશ્ચાત્તાપ થયો હતો; કારણ કે, તે પ્રતિભાહીન થયો તેનું કારણ એ હતું કે તે બાલક પ્રતિ તેનો સ્નેહ થવાથી આવા એક સુન્દર બાલકના શરીરને મારવાના આશયથી હસ્તસ્પર્શ કરવાનું તેને રુચિસંગત કિંવા યોગ્ય ન દેખાયું. બાલક તેને સંબોધીને કહેવા લાગ્યો કેઃ " જો, હરિમોહન, જે મારાથી ભયભીત ન થતાં મને પોતાના સખા–મિત્ર–પ્રમાણે જુએ છે, સ્નેહભાવથી ગાળ ભાંડે છે અને મારી સાથે રમવા ઇચ્છે છે, તે મનુષ્ય મને અતિશય પ્રિય છે. મેં ખેલ અથવા ક્રીડામાટે જ આ સૃષ્ટિને નિર્માણ કરેલી છે અને તેથી સર્વદા એ ખેલ કિંવા ક્રીડામાં ઉપયુક્ત થઈ શકે તેવા સંગીઓ કિંવા સહચરોને જ હું શોધ્યા કરૂં છું; પરંતુ, ભાઇ, મને એવા

સંગીઓ મળી શકતા નથી. સર્વ મનુષ્યો મારા પર કોપાયમાન રહ્યા કરે છે અને મારી નિન્દામાં જ નિમગ્ન રહે છે; તેઓ દાનને ઇચ્છે છે, માનને ઇચ્છે છે, મુક્તિને ઇચ્છે છે અને ભક્તિને ઇચ્છે છે; પણ મને પોતાને તો કોઇ પણ ઇચ્છતું જ નથી. અર્થાત્ સર્વને હું તેમની ઇચ્છાનુસાર વસ્તુઓ આપું છું; કારણ કે, જો તેમને એવી રીતે સંતુષ્ટ રાખવામાં ન આવે તો તેઓ મને છોડીને ચાલ્યા જાય તેમ હોવાથી મારે તેમને કોઇ પણ પ્રકારે સંતુષ્ટ રાખવા જ પડે છે. અત્યારે હું જોઉં છું કે તું પણ કાંઇક ઇચ્છે છે એટલે કે કોઈ એક વસ્તુને મેળવવાની તારી પણ ઇચ્છા છે. તું કંટાળી ગયેલો હોવાથી તારા ચાબૂકનો માર ખાય એવી કોઇ વ્યક્તિને તું ઇચ્છે છે અને પોતાની એ ઇચ્છાને પૂર્ણ કરવામાટે જ તેં અત્યારે મને બોલાવ્યો છે. સારાંશ કે, હું અત્યારે તારા ચાબૂકના પ્રહારોને મારા શરીરપર સહન કરવામાટે જ અહીં આવ્યો છું; કારણ કે, **'ये यथा मां प्रपद्यन्ते ताँस्तथैव भजाम्यहम्'** ('જેઓ મને જેવી રીતે ભજે છે તેમને હું પણ તેવી જ રીતે–તેવા જ સ્વરૂપમાં–ભજું છું.' ગીતાઃ અ. ૪ઃ શ્લો. ૧૧.) એ મારી પ્રતિજ્ઞા છે. છતાં જો પ્રહાર કરવાથી પૂર્વે મારી પ્રણાલીને મારા મુખથી સાંભળવાની તારી ઇચ્છા હોય, તો હું તે પ્રણાલી તને સંભળાવું. કહે, ત્યારે તારી પ્રસન્નતા શામાં છે ?" એના ઉત્તરમાં દરિદ્ર હરિમોહન કહેવા લાગ્યો કેઃ "તને બકતાં સારી રીતે આવડે છે તે હું જાણું છું; પણ તારા જેવો એક કાચી અવસ્થાનો છોકરો મને કાંઇક શીખવી શકશે એ કોણ માની શકે તેમ છે વારૂ ?" બાલકે કહ્યું કેઃ "ત્યારે આવ અને જો કે આ બાળક તને કાંઇક શીખવી શકે છે કે નહિ ?"

આ શબ્દો ઉચ્ચારીને શ્રી કૃષ્ણે હરિમોહનના મસ્તકપર પોતાના હસ્તને સ્થાપી દીધો; શ્રી કૃષ્ણના હસ્તનો સ્પર્શ થતાં જ તે દરિદ્રના સમસ્ત શરીરમાં વિદ્યુત્‌નો પ્રવાહ ખેલવા લાગ્યો. મૂલાધારમાં સુપ્ત કુંડલિનીશક્તિ અગ્નિમયી નાગિનીના આકારે ગર્જના કરતી બ્રહ્મરંધ્રમાં આવી લાગી અને મસ્તિષ્ક પ્રાણશક્તિના તરંગોવડે ભરાઈ ગયું. એ

પછીના મુહૂર્તમાં હરિમોહનની ચારે બાજૂ ઘરની દીવાલ જાણે દૂર પલાયન કરવા લાગી અને નામરૂપમય જગત્ જાણે તેનો પરિત્યાગ કરીને અનન્તમાં અદૃશ્ય થઈ ગયું ! જ્યારે પુનઃ તેનામાં ચૈતન્યનો આવિર્ભાવ થયો ત્યારે તેના જોવામાં આવ્યું કે કોઇ એક અજ્ઞાત આગારમાં તે પોતે તે બાલક સાથે ઊભેલો હતો અને તેના સમક્ષ જેણે એક હાથને પોતાના ગાલપર રાખ્યો હતો અને જે એક ઊંચી ગાદીપર બેઠેલો હતો તેવો એક વૃદ્ધ પુરુષ અત્યારે ગાઢ ચિન્તામાં નિમગ્ન થઇ ગયો હતો. તે વૃદ્ધ પુરુષના ઘોર દુશ્ચિન્તાથી વિકૃત થયેલા, હૃદયવિદારક નિરાશાવ્યાપ્ત તથા મલિન મુખમંડળને જોતાં હરિમોહન એમ માનતાં અચકાયો કે એ જ વૃદ્ધ પુરુષ તે ગ્રામનો કર્તા હર્તા તિનકડી **શીલ** હતો. અંતે તે ડરતો ડરતો તે બાલકને સંબોધીને કહેવા લાગ્યો કેઃ " અરે, ઊંધા કામના કરનારા, તે આ શું કર્યું ? આવી ઘોર રાત્રિના સમયમાં કોઈ એક ચોર પ્રમાણે બીજાના ઘરમાં મને ઘુસાવી દીધો ? અત્યારે જો પોલિસ આવશે તો આપણને પકડીને એવો માર મારશે કે તેમના દંડોના પ્રહારથી તારો અને મારો આટો નીકળી જશે એનું તને ભાન છે ખરૂં કે ? તિનકડિ **શીલ**ના 'પ્રતાપને તું અદ્યાપિ જાણતો નથી; નહિ તો આવું સાહસ તું ન કરત !" તેના આ ઉદ્‌ગારોને સાંભળીને બાલક કહેવા લાગ્યો કેઃ " હું એ તિનકડિ **શીલ**ના પ્રતાપને સારી રીતે જાણું છું; પરંતુ ચોરી મારો પુરાતન વ્યવસાય હોવાથી અને પોલિસ સાથે મારો ઘનિષ્ટ સંબંધ હોવાથી આટલી સીમા પર્યન્ત ભયને હૃદયમાં સ્થાન આપવાનું કાંઈ પણ પ્રયોજન નથી. હું તને અત્યારે સૂક્ષ્મ દૃષ્ટિ આપું છું એટલે તે સૂક્ષ્મ દૃષ્ટિથી તું આ વૃદ્ધના મનની આભ્યંતર અવસ્થાને જોઈ લે. અર્થાત્ તિનકડિ **શીલ**ના પ્રતાપને પણ જાણી લે અને મારા પ્રતાપને પણ જોઈ લે. " હરિમોહનને શ્રીકૃષ્ણની કૃપાથી સૂક્ષ્મ દૃષ્ટિની પ્રાપ્તિ થતાં તે તિનકડિ **શીલ**ના મનનું અવલોકન કરી શક્યો. તિનકડિ **શીલ**ના મનઃપ્રાંતમાં જે દૃશ્ય તેના જોવામાં આવ્યું તે આ પ્રમાણે હતુંઃ ધનાઢ્યા નગરી જાણે શત્રુઓના આક્રમણથી વિધ્વસ્ત થઈ ગયેલી છે અને તે વૃદ્ધ પુરુષની તીક્ષ્ણ બુદ્ધિમાં કેટલાક ભીષણ-

મૂર્તિ પિશાચો તથા રાક્ષસો પ્રવેશીને તેની શાન્તિને સંહારી રહ્યા છે, તેના ધ્યાનનો ભંગ કરી રહ્યા છે અને તેના સર્વ સુખને લૂટી રહ્યા છે. વૃદ્ધ **તિનકડિ શીલે** પોતાના કનિષ્ટ પુત્ર સાથે ક્લેશ કર્યો હતો અને તેને ગૃહમાંથી કાઢી મૂક્યો હતો એટલે પોતાના સ્નેહભાજન પુત્રને ખોવાથી તે શોકવડે મૃતતુલ્ય થઈ ગયો હતો. ક્રોધ, ગર્વ તથા હઠવાદિતા આદિ તેના હૃદયદ્વારોને આગળિયું ચઢાવીને સંત્રી થઈ બેઠાં હતાં અને તેઓ તેના હૃદયમન્દિરમાં **ક્ષમા** નામક દેવીનો પ્રવેશ થવા દેતાં ન હોતાં. તેની કન્યાનું નામ દુશ્ચરિત્રા કિંવા વ્યભિચારિણી તરીકે કલંકિત થયેલું હોવાથી તે વૃદ્ધે તેને પોતાના આગારમાંથી દૂર કરી દીધી હતી અને પછીથી તે પોતાની પ્રિય કન્યામાટે અશ્રુ વર્ષાવતો બેઠો હતો; કારણ કે, તે વૃદ્ધ પોતાની કન્યાને સર્વથા નિર્દોષ તથા નિષ્કલંક માનતો હતો; પરંતુ સમાજભય, લોકલજ્જા, અહંકાર અને સ્વાર્થપરાયણતાએ તેના પિતૃસ્નેહને દબાવી દીધો હતો. પોતાનાં સહસ્રાવધિ પાપોના સ્મરણથી તે વૃદ્ધ અત્યંત ભયભીત થતાં વારંવાર કંપાયમાન થયા કરતો હતો; પરંતુ પાપપ્રવૃત્તિને ત્યાગી દેવાના સાહસ કિંવા બળનો તેનામાં સર્વથા અભાવ હતો. વચ્ચે વચ્ચે મૃત્યુ તથા પરલોક વિષયક ચિન્તા તે વૃદ્ધને અત્યન્ત દારુણ વિભીષિકાનું દર્શન કરાવતી હતી. હરિમોહને જોયું કે મરણની ચિન્તાના પશ્ચાદ્‌ભાગમાંથી **યમ**ના દૂતો દૃષ્ટિપાત કરતા હતા અને દ્વારોને ખખડાવતા હતા. જેટલી વાર એ ખખડાટ થતો હતો તેટલી વાર તે વૃદ્ધનો અન્તરાત્મા ભયથી ઉન્મત્ત થઈને ચીત્કાર કર્યા કરતો હતો. આ ભયંકર દૃશ્યને જોઇને હરિમોહન આતંકપૂર્વક બાલકપ્રતિ દૃષ્ટિપાત કરીને કહેવા લાગ્યો કેઃ "અત્યાર સૂધી હું તો એમ જ ધારતો હતો કે આ વૃદ્ધ પુરુષ પરમસુખી છે." બાલક કહેવા લાગ્યો કેઃ "એ જ મારો પ્રતાપ છે. હવે કહે જોઇએ કે કોનો પ્રતાપ અધિક છે? **ઓ**પાડાના **તિનકડિ શીલ**નો કે વૈકુંઠવાસી શ્રીકૃષ્ણનો? જો, હરિમોહન, મારી પણ પોલિસ છે, પહેરો છે, ગવર્નમેન્ટ્ છે, કાયદાકાનૂન છે, ન્યાયવિચાર છે અને તેથી હું પણ રાજાનો વેશ ધારીને રાજાનો ખેલ ખેલી શકું છું; તો શું એ

ખેલ તને સારો લાગે છે ?" એના ઉત્તરમાં હરિમોહન કહેવા લાગ્યો કે: "ના, બાપા ! એ તો ઘણોજ ખરાબ ખેલ છે; છતાં હું ધારૂં છું કે તને આ ખેલ સારો લાગે છે." બાલક હસિત મુદ્રાથી કહેવા લાગ્યો કે: "મને તો સર્વ ખેલો સારા લાગે છે; અર્થાત્ મને તો ચાબૂક મારવાનું પણ ગમે છે અને ચાબૂક ખાવાનું પણ પ્રિય લાગે છે." એ પછી તે બાલકે ગંભીરતાથી કહેવા માંડયું કે: "જો, હરિમોહન, તું કેવળ બાહ્યતાને જ જોઇ રહ્યો છે અને પ્રત્યેક વસ્તુની આભ્યંતર સ્થિતિને જોવામાટે તેં પોતાની સૂક્ષ્મ દૃષ્ટિનો અદ્યાપિ વિકાસ કર્યો નથી એ કારણથી તું પોતાને પરમદુઃખી તથા તિનકડિ શીલને પરમસુખી તરીકે જોઈ રહ્યો છે; પરંતુ અત્યારે હવે તું સૂક્ષ્મ દૃષ્ટિની સહાયતાથી જોઈ રહ્યો છે કે આ વૃદ્ધના ગૃહમાં કોઇ પણ પાર્થિવ વસ્તુનો અભાવ ન હોવા છતાં આ લક્ષાધીશ તારા કરતાં કેટલા અધિક પરિમાણમાં દુઃખ તથા યંત્રણાઓને ભોગવી રહ્યો છે ! હવે એનાં એ દુઃખ તથા યંત્રણાઓનું કારણ શું છે તે તારાથી કહી શકાય તેમ છે ખરૂં કે ? કારણ એ છે કે મનની અવસ્થામાં જ સુખ હોય છે અને મનની અવસ્થામાં જ દુઃખ હોય છે. અર્થાત્ સુખ અને દુઃખ મનના વિકારમાત્ર જ છે. જે મનુષ્ય પાસે કાંઇ પણ નથી હોતું અને કેવળ વિપત્તિ જ જેની એકમાત્ર સંપત્તિ હોય છે તે મનુષ્ય પણ જો સુખી થવાની ઇચ્છા રાખે તો તે વિપદ્ગ્રસ્ત અવસ્થામાં પણ પરમસુખી થઈ શકે છે. અત્યારે જોઇ લે કે જેવી રીતે તું નીરસ પુણ્યમાં પોતાના દિવસોને વીતાડીને સુખ નથી પામતો અને દુઃખનો જ વિચાર કર્યા કરે છે તેવી જ રીતે આ વૃદ્ધ પણ નીરસ પાપમાં પોતાના દિવસોને વીતાડીને કેવળ દુઃખનો જ વિચાર કર્યા કરે છે. એ જ પુણ્યનું ક્ષણિક સુખ તથા પાપનું ક્ષણિક દુઃખ કિંવા પુણ્યનું ક્ષણિક દુઃખ તથા પાપનું ક્ષણિક સુખ છે અને તેથી એ દ્વન્દ્વમાં વાસ્તવિક આનન્દ નથી. આનન્દાગારની છબિ મારી પાસે છે અને તેથી જે કોઇ મારી પાસે આવે છે તે મારા પ્રેમમાં પડી જાય છે, મને સાધે છે, મારાપર બળ ચલાવે છે, અત્યાચાર કરે છે અને તે જ મારા આન-

ન્દની છબિને પ્રાપ્ત કરી લે છે." હરિમોહન આગ્રહપૂર્વક શ્રીકૃષ્ણનાં વચનોને સાંભળવા લાગ્યો. બાલક પુનઃ પોતાના પ્રવચનમાં આગળ વધીને કહેવા લાગ્યો કે: "વળી જો, હરિમોહન. શુષ્ક પુણ્ય તારા સમક્ષ નીરસ થઇ પડયું છે, અર્થાત્ સંસ્કારના પ્રભાવને તું ત્યાગી શકતો નથી એટલે કે તે તુચ્છ અહંકારને તું પરાજિત કરી શકતો નથી. એ જ પ્રમાણે આ વૃદ્ધ સમક્ષ પાપ સર્વથા નીરસ થઈ પડયું છે; અર્થાત્ સંસ્કારના પ્રભાવથી એ પણ તેને ત્યાગી ન શકવાથી પોતાના ઇહ જીવનમાં નરક-યંત્રણાને ભોગવી રહ્યો છે. આને જ પુણ્યનું બંધન તથા પાપનું બંધન કહેવામાં આવે છે. અજ્ઞાનજાત સંસ્કાર એ બંધનની રજ્જુ છે; પરંતુ આ વૃદ્ધની આ નરકયંત્રણા તે મહાશુભ અવસ્થા છે; કારણ કે, એથી જ એનું પરિત્રાણ તથા કલ્યાણ થવાનું છે!"

અત્યાર સુધી હરિમોહન મૌનનું અવલંબન કરીને બાલકના એ વ્યાખ્યાનને સાંભળી રહ્યો હતો; પણ હવે તે મૌનનો ભંગ કરીને કહેવા લાગ્યો કે: "હે કૃષ્ણ, તારૂં સંભાષણ અતિશય મધુર તથા મિષ્ટ હોવા છતાં મને એનો પ્રત્યય થઈ શકતો નથી, અર્થાત્ મારો એમાં વિશ્વાસ બંધાતો નથી; કારણ કે, સુખ અને દુઃખ કદાચિત્ મનના વિકાર હોઈ શકે તેમ છે; પરંતુ તેમનું ઉત્પાદક કારણ તો બાહ્ય અવસ્થા જ છે. જો, જ્યારે ક્ષુધાની જ્વાલાથી મન વિક્ષુબ્ધ થઇ જાય છે તે વેળાયે કોઇ પરમસુખી થઈ કિંવા હોઈ શકે છે ખરૂં કે? અથવા તો જે વેળાયે રોગના યોગે કિંવા યંત્રણાના પરિણામે શરીર કાતર કિંવા પીડાગ્રસ્ત થઇ જાય છે તે વેળાયે કોઈ તારાં આ વચનોનું સ્મરણ કરી શકે તેમ છે ખરૂં કે?" એના ઉત્તરમાં બાલકે જણાવ્યું કે: "આવ, હરિમોહન, હું તને એ પણ પ્રત્યક્ષ દેખાડી દઉં છું." આ શબ્દોને ઉચ્ચારીને બાલકે પુનઃ પોતાના હસ્તને હરિમોહનના મસ્તકપર સ્થાપી દીધો અને તેના હસ્તનો સ્પર્શ થતાં જ હરિમોહનના જોવામાં આવ્યું કે: **તિનકડિ શીલનો** વિશાળ પ્રાસાદ અદૃશ્ય થયો હતો અને હવે પછીના

દૃશ્યમાં એક નિર્જન તથા સુરમ્ય પર્વતના વાયુસેવિત શિખરપ્રાંતમાં એક સંન્યાસી ધ્યાનમગ્ન અવસ્થામાં વિરાજમાન હતો અને તેનાં ચરણો સમક્ષ એક પ્રકાંડ વ્યાઘ્ર પ્રહરી પ્રમાણે આડો પડેલો હતો. વ્યાઘ્રને જોઇને હરિમોહનનાં ચરણો આગળ વધવાની અનિચ્છા દર્શાવવા લાગ્યાં; પરંતુ તે બાલક તેને દોરીને સંન્યાસી સમક્ષ લઈ ગયો. હરિમોહનનું તે બાળક સમક્ષ કાંઇ પણ બળ ચાલી શકે તેમ ન હોવાથી તે બળાત્કારે તેની સાથે ચાલવા લાગ્યો. બાલકે હરિમોહનને સંબોધીને કહ્યું કે: "હરિમોહન, આ દૃશ્યને જોઇ લે." હરિમોહને સૂક્ષ્મદૃષ્ટિથી જોયું તો તે સંન્યાસીનું મન ખુલ્લી ખાતાવહી જેવું તેના જોવામાં આવ્યું અને તે ખાતાવહીના પ્રત્યેક પૃષ્ઠમાં સહસ્ર સહસ્ર વાર શ્રી કૃષ્ણનું નામ લખેલું તેણે જોયું. સંન્યાસી નિર્વિકલ્પ સમાધિના સિંહદ્વારથી પાર થઇને સૂર્યના પ્રકાશમાં શ્રીકૃષ્ણ સાથે ક્રીડા કરી રહ્યો હતો. એથી વિશેષ જે રહસ્ય હરિમોહનના જાણવામાં આવ્યું તે એ હતું કે સંન્યાસી કેટલાક દિવસથી અનાહાર અવસ્થામાં રહેલો હતો એટલે કે તેણે કોઈ પણ પ્રકારનો આહાર કર્યો ન હોતો અને ગત બે દિવસથી ક્ષુધા તથા પિપાસાની તેણે અધિક પીડા ભોગવી હતી. હરિમોહન તે સંન્યાસીની આવી અવસ્થાને જોઇ તે બાલકને સંબોધીને કહેવા લાગ્યો કે: "આ શું, કનૈયાજી? આ બિચારા સંન્યાસીનો તારામાં આટલી સીમા પર્યન્ત પ્રેમ હોવા છતાં અને એ ક્ષુધા તથા પિપાસાના કષ્ટને ભોગવતો હોવા છતાં તને એના દુઃખનિવારણનો કશો પણ વિચાર નથી એનું શું કારણ છે વારુ? આ સર્વથા નિર્જન અને વ્યાઘ્ર આદિ હિંસકપ્રાણિપરિપૂર્ણ અરણ્યમાં એને ખાવાનું કોણ લાવી આપે તેમ છે વારુ?" એના ઉત્તરમાં તે બાલક કહેવા લાગ્યો કે: "એને જે જોઈતો હશે તે આહાર તો હું જ આપીશ; પરંતુ તું એક અન્ય ચમત્કારને પણ જોઈ લે." તે બાલકના મુખમાંથી આ શબ્દો નીકળતાં જ હરિમોહનના જોવામાં આવ્યું કે તે આડો પડેલો વ્યાઘ્ર પોતાના સ્થાનેથી ઊઠ્યો અને તેણે પોતાના પંજાના એક જ પ્રહા-

રથી નિકટવર્તી એક વલ્મીક*ને તોડી નાખ્યો અને તેથી તેમાંથી બહાર નીકળેલી સહસ્રાવધિ પિપીલિકા–કીડી–ઓ ક્રોધપૂર્વક તે સંન્યાસીના શરીર-પર ચઢીને તેના શરીરને દંશવા લાગી. પિપીલિકાઓના સહસ્રાવધિ દંશો થવા છતાં પણ સંન્યાસી તો પોતાના ધ્યાનમાં સર્વથા નિમગ્ન, નિશ્ચલ અને દૃઢ જ રહ્યો. એ વેળાયે તે બાલકે સંન્યાસીના કર્ણકુહરમાં અતિ મધુર સ્વરથી "હે સખે!" એ શબ્દરૂપ અમૃત રેડ્યું અને એ શબ્દ સાંભળતાં જ તે સંન્યાસીએ પોતાનાં નેત્રોને ઊઘાડી નાખ્યાં. નેત્રો ઊઘાડી નાખવા છતાં પણ તેને પ્રથમ મોહજ્વાલામય દંશનનો અનુભવ ન થયો; કારણ કે, તેના કર્ણકુહરમાં તો તે જ વિશ્વવાંચ્છિત અને ચિરસ્થાયી બંસીધર જેવી રીતે રાધાના શ્રવણમાં વૃન્દાવનમાં વિરાજ્યો હતો તેવી જ રીતે વિરાજી રહ્યો હતો. ત્યાર પછી સહસ્રાવધિ દંશોના યોગે તેની બુદ્ધિ શરીરની દિશામાં આકર્ષાઈ; છતાં એથી સંન્યાસી પોતાની સ્થિર વૃત્તિથી ચળિત ન થયો અને વિસ્મયપૂર્વક મનોગત કહેવા લાગ્યો કે: "આ શું! મને આવા પ્રકારનો અનુભવ તો કદાપિ નથી થયો. શ્રી કૃષ્ણ મારી સાથે ક્રીડા કરી રહ્યા છે અને એ જ વેળાયે આ ક્ષુદ્ર પિપીલિકાઓ સમુદાયરૂપે મારા શરીરને દંશી રહી છે." હરિમોહન જોઈ શક્યો કે તે દંશની જ્વાલા તે સંન્યાસીની બુદ્ધિ પર્યન્ત પહોંચતી ન હોતી અને તેથી પિપિલીકાના પ્રત્યેક દંશમાં તે તીવ્ર શારીરિક આનન્દને અનુભવીને શ્રીકૃષ્ણ નામના ઉચ્ચારપૂર્વક અધીર આનન્દથી કરતલ-ધ્વનિ કરતો નૃત્ય કરવા મંડી ગયો. ત્યાર પછી પિપિલિકાઓ નીચે પડીને પલાયન કરી ગઈ. આ દૃશ્યને નિહાળીને હરિમોહને આશ્ચર્યપૂર્વક તે બાલકને પૂછ્યું કે: "હે કૃષ્ણ! આ શું માયા છે?" બાલકે તાળી વગાડીને બે વાર એક ચરણથી ચક્રાકાર ભ્રમણ કરીને ઉચ્ચ હાસ્ય કર્યું અને ત્યાર પછી કહ્યું કે: "હું જ જગતનો એકમાત્ર માયાવી, ઐન્દ્ર-

* વલ્મીક એટલે પિપીલિકાએ નિર્માણ કરેલો મૃત્તિકાસ્તૂપ અથવા કીડીઓનો રાફડો. વલ્મીક શબ્દ સંસ્કૃતમાં પુલ્લિંગવાચક પણ છે અને નપુંસકલિંગવાચક પણ છે. અનુવાદક

જાલિક અથવા જાદૂગર છું. આ માયાને કોઇ પણ જાણી શકે તેમ નથી અને એ જ મારૂં પરમ રહસ્ય છે. યંત્રણાને ભોગવવા છતાં પણ આ સંન્યાસી મારા સ્મરણને અવિચલ રાખી શક્યો એ તો તારા જોવામાં આવી ગયું ને ? હવે આ અન્ય દૃશ્યનું નિરીક્ષણ કર." એ પછી હરિ-મોહનના જોવામાં આવ્યું કેઃ સંન્યાસી પ્રકૃતિસ્થ થઈને ભૂમિપર બેસી ગયો અને તેનું શરીર ક્ષુધા તથા પિપાસાના કષ્ટને અનુભવવા લાગ્યું; પરંતુ વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ કેવળ સંન્યાસીની બુદ્ધિ જ એ શારીરિક વિકારને અનુભવતી હતી અને તેથી સંન્યાસી પોતે લેશમાત્ર પણ વિકૃત કિંવા લિપ્ત થતો ન હોતો, એ પણ હરિમોહનના જાણવામાં આવી ગયું. એ જ વેળાએ પર્વતપ્રદેશમાંથી કોઇએ બંસીવિનિન્દિત સ્વરથી "સખે !" એ શબ્દને ઉચ્ચાર્યો અને તે સાંભળીને હરિમોહન ચમકી ગયોઃ કારણ કે, એ શ્યામસુન્દરનો જ મધુરતમ તથા બંસી-વિનિન્દિત સ્વર હતો. ત્યાર પછી એવું દૃસ્ય તેના જોવામાં આવ્યું કે જાણે શિલાચલ કિંવા પર્વતના પશ્ચાદ્‌ભાગમાંથી એક પરમસુંદર અને કૃષ્ણવર્ણ બાલક એક થાળમાં ઉત્તમ આહાર તથા ફળ આદિ રાખીને તે થાળને હસ્તમાં ઉપાડી ચાલ્યો આવે છે. હરિમોહન હતબુદ્ધિ થઇને શ્રીકૃષ્ણ પ્રતિ જોવા લાગ્યો. તે બાલક તો તેની પાસે જ ઊભો હતો અને જે બાલક ભોજન તથા ફળાદિના થાળને ઉપાડીને ચાલ્યો આવતો હતો તે પણ અવસ્ય શ્રીકૃષ્ણ જ હતો. તે અન્ય બાળક નિકટમાં આવી તે સંન્યાસીને પ્રકાશ બતાવીને કહેવા લાગ્યો કેઃ "જો, હું શું લઈ આવ્યો છું !" સંન્યાસી તેના એ શબ્દોને સાંભળીને હાસ્યમંડિત મુખથી કહેવા લાગ્યો કેઃ "તું આવ્યો કે ? આટલા દિવસ તેં મને નિરાહાર કેમ રાખ્યો વારૂ? ઠીક છે, તું આવ્યો છે તો હવે બેસી જા અને મારી સાથે આ ભોજ્ય પદાર્થોને તું પણ ખા !" સંન્યાસી તથા અન્ય બાલક તે થાળમાંના ખાદ્ય પદાર્થો ખાવા લાગ્યા, એકબીજાના મુખમાં કોળિયા આપવા લાગ્યા અને વિશેષ ખાવામાટેનો પરસ્પર આગ્રહ કરવા લાગ્યા. ભોજનકાર્યની સમાપ્તિ થતાં તે બાલક થાળને લઈને અંધકારમાં અદૃસ્ય થઇ ગયો.

હરિમોહન કાંઇક પૂછવા જતો હતો પણ તેણે દૃષ્ટિને ફેરવતાં તેના જોવામાં આવ્યું કે ત્યાં શ્રીકૃષ્ણનો પણ અભાવ હતો, સંન્યાસી પણ અદૃશ્ય થઇ ગયો હતો, વ્યાઘ્ર પણ ન હોતો અને પર્વત પણ પલાયન કરી ગયો હતો; હરિમોહન પોતે ભદ્ર ગ્રામમાં વસતો હતો, તેના આગારમાં ધનસંપત્તિ વિપુલ પરિમાણમાં હતી, સ્ત્રી તથા સંતાન આદિ વિશાળ પરિવાર પણ હતો, તે નિત્ય બ્રાહ્મણોને દાન આપતો હતો, ત્રિસંધ્યા કરતો હતો અને સદાસર્વદા ઇશ્વરનિર્દિષ્ટ માર્ગમાં ચાલતો હતો; અર્થાત્ તે એક આદર્શ પિતા, આદર્શ સ્વામી અને આદર્શ પુત્ર થઈને પોતાના જીવનને વીતાડતો હતો; એવું દૃશ્ય ઉપર્યુક્ત દૃશ્યના સ્થાનમાં હરિમોહનને દૃષ્ટિગોચર થયું; પરંતુ એ પછી નિમેષમાત્રમાં જ તેના જોવામાં આવ્યું કે જે ભદ્ર ગ્રામમાં તેનો નિવાસ હતો તે ગ્રામનાં નિવાસીઓમાં લેશમાત્ર પણ સદ્‌ભાવ કિંવા આનન્દ ન હોતો અને તેઓ યંત્રવત્ કેવળ બાહ્ય આચારોની રક્ષાને જ પરમ પુણ્ય માનતાં હતાં. સારાંશ કે, પોતાની પ્રથમ પરિવર્તિત દશાના દર્શનથી હરિમોહનના હૃદયમાં જેટલો આનન્દ થયો હતો, તેટલો જ કિંબહુના તેથી પણ અધિકતર આ દશાના દર્શનથી તેના હૃદયમાં યંત્રણાપૂર્ણ વિષાદ થવા લાગ્યો. તેને એવો ભાસ થવા લાગ્યો કે જાણે તે અત્યંત તૃષાતુર થયેલો છે કિન્તુ તેને ક્યાંય પણ જળ મળી શકતું નથી; તે ધૂળ ખાય છે, કેવળ ધૂળ, ધૂળ અને અનન્ત ધૂળનો જ તે આહાર કરી રહ્યો છે! આ કારણથી એ ગ્રામમાંથી પલાયન કરીને તે એક અન્ય ગ્રામમાં જઇ પહોંચ્યો. ત્યાં એક ગગનચુંબિત પ્રાસાદ સમક્ષ લોકોની ભયંકર ભીડ જામેલી હતી અને આશીર્વાદની મૂષળધાર વૃષ્ટિ વર્ષી રહી હતી. હરિમોહને તે ભીડમાં પ્રવેશ કરીને જોયું તો તિનકડિ શીલ એક દાલાનમાં બેસીને ત્યાં એકત્ર થયેલાં મનુષ્યોને અતુલ ધન આપતો હતો અને કોઇ પણ નિરાશ થઈને કિંવા ખાલી હાથે ત્યાંથી પાછું ફરતું ન હોતું. હરિમોહને આ દૃશ્યને જોઇને ઉચ્ચ હાસ્ય કર્યું અને તેના મુખમાંથી સ્વાભાવિક જ એ ઉદ્‌ગાર નીકળી ગયો કે; " આ સ્વપ્ન તો નથી ને ! તિનકડિ શીલ અને તે આવો

અલૌકિક દાતા ! !" ત્યાર પછી હરિમોહને તિનકડિ શીલના મનનું નિરીક્ષણ કરતાં તેના જાણવામાં આવ્યું કેઃ તે તિનકડિ શીલના મનમાં લોભ, ઈર્ષા, કામ, અને સ્વાર્થ ઈત્યાદિ સહસ્ત્રાવધિ અતૃપ્તિઓ તથા કુપ્રવૃત્તિઓ 'દેહિ, દેહિ' નો ભીષણ કોલાહલમય ધ્વનિ કરી રહી હતી અને તિનકડિ શીલે પુણ્યમાટે, યશમાટે તથા ગર્વવશતાથી પોતાની સત્યભાવનાઓને છુપાવી રાખી હતી અને અતૃપ્ત રાખી હતી; પણ તે ભાવનાઓને મનમાંથી હાંકી કાઢી ન હોતી. એ સમયે જ કોઇએ હરિમોહનને અચાનક પકડી લઇને અલ્પ સમયમાં પરલોકનો પ્રવાસ કરાવ્યો. અર્થાત્ એ પરલોકના પ્રવાસથી હરિમોહન હિન્દુઓના નરક, ક્રિશ્ચિયનોના નરક, મુસલ્માનના દોજખ અથવા જહન્નમ્ તથા ગ્રીકોના નરકને તેમ જ હિન્દુઓના સ્વર્ગ, ક્રિશ્ચિયનોના પૅરેડાઇજ કિંવા હેવન્-સ્વર્ગ-, મુસલ્માનોની જન્નત, ગ્રીકોના સ્વર્ગ તેમ જ અન્ય કેટલાંક નરક તથા સ્વર્ગોનો સાક્ષાત્કાર કરી આવ્યો અને ત્યાર પછી એવું દૃશ્ય તેના જોવામાં આવ્યું કે તે પોતાના કુટીર કિંવા કુટીરતુલ્ય ગૃહમાં ફાટેલી તૂટેલી ગોદડીપર એક મેલા ઓસીકાને અઢેલીને બેઠો હતો અને તેની સામે શ્યામસુન્દર હતો. તે બાલક કહેવા લાગ્યો કેઃ "રાત્રિ બહુ વીતી ગઇ છે એટલે હવે જો હું પાછો ઘેર નહિ જઈ પહોંચું, તો ઘરનાં સઘળાં માણસો મારામાટે અનેક પ્રકારના તર્કવિતર્ક કરશે, કાંઇકિ કાંઇક બકશે અને મારી સાથે મારામારી કરવાને પણ તૈયાર થઇ જશે. આ કારણથી હવે મારે તને જે કાંઈ કહેવાનું છે તે હું સંક્ષેપમાં જ કહું છું." આ પ્રમાણેનો પ્રસ્તાવ કરીને તે બાલક કહેવા લાગ્યો કેઃ "જે સ્વર્ગ અને નરક આદિ તારા જોવામાં આવ્યાં તે સ્વપ્નસૃષ્ટિનાં સ્વર્ગ તથા નરક હતાં કિંવા કલ્પનાથી સૃજાયલાં સ્વર્ગ તથા નરક હતાં. મનુષ્ય મરી જવા પછી સ્વગ કિંવા નરકમાં જાય છે અને પોતાના ગત જન્મના ભાવોને અન્યત્ર ભોગવે છે. તું પૂર્વજન્મમાં પુણ્યવાન્ હતો; પરંતુ પ્રેમ તારા હૃદયમાં સ્થાન મેળવી શક્યો ન હોતો; અર્થાત્ તારો ઇશ્વરમાં પણ પ્રેમ ન હોતો અને મનુષ્યમાં પણ પ્રેમ ન હોતો. પ્રાણત્યાગની ઘટના પછી સ્વપ્નજગત્માં તે ભદ્ર

ગ્રામમાં નિવાસ કરીને પૂર્વજીવનના ભાવને તું ભોગવવા લાગ્યો અને તે ભાવને ભોગવતાં ભોગવતાં અંતે તું તે ભાવથી કંટાળી ગયો અને તારા પ્રાણ આકુલવ્યાકુલ થવા લાગ્યા. ત્યાંથી પલાયન કરીને તેં ધૂલિમય નરકમાં નિવાસ કર્યો અને અંતે જીવનના પુણ્યફળને ભોગવીને તું આ વેળાયે જન્મ પામ્યો. તારા પૂર્વજન્મમાં સાધારણ નૈમિત્તિક દાન તથા નીરસ બાહ્ય વ્યવહારના પાલન વિના તેં કોઈની આવશ્યકતાને પૂર્ણ કરવાનો કાંઇ પણ પ્રયત્ન ન કરેલો હોવાથી જ આ જન્મમાં તારા ગૃહમાં સર્વ વસ્તુઓનો સર્વથા અભાવ રહેલો છે; માત્ર એટલું જ નહિ, પણ અત્યારે પણ તું જે નીરસ પુણ્ય કરી રહ્યો છે તેનું કારણ એ છે કે કેવળ સ્વપ્નજગત્‌ના ભોગથી પાપ તથા પુણ્ય આદિનો સંપૂર્ણ ક્ષય થઇ શકતો નથી; કિન્તુ આ પૃથ્વીમાં કર્મફળને ભોગવવાથી જ પાપ તથા પુણ્ય આદિનો સંપૂર્ણ ક્ષય થઇ શકે છે. તિનકડિ શીલ તેના પોતાના પૂર્વજન્મમાં દાતા કર્ણ હતો અને તે જન્મમાં સહસ્રાવધિ મનુષ્યોના આશીર્વાદોને તેણે મેળવેલા હોવાથી આ જન્મમાં તે લક્ષાધીશ તથા અભાવશૂન્ય થઇ શક્યો છે; પરંતુ તેના ચિત્તની શુદ્ધિ થયેલી ન હોવાથી તેને આ જન્મમાં અતૃપ્ત કુપ્રવૃત્તિને પાપદ્વારા તૃપ્ત કરવી પડી છે. તું કર્મવાદના રહસ્યને જાણે છે ખરો કે? કર્મવાદનો અર્થ પુરસ્કાર કિંવા શાંતિ નથી, કિન્તુ અમંગળ કર્મદ્વારા અમંગળ પરિણામની સૃષ્ટિ થાય છે અને મંગળ કર્મદ્વારા મંગળ ફળની પ્રાપ્તિ થાય છે, એ જ કર્મવાદનો અર્થ છે કિંવા એ જ પ્રાકૃતિક નિયમ છે. પાપ અશુભ હોવાથી પાપદ્વારા કેવળ દુઃખની જ ઉત્પત્તિ થાય છે અને પુણ્ય શુભ હોવાથી પુણ્ય દ્વારા કેવળ સુખ તથા સુખનો જ ઉદ્ભવ થાય છે. આ વ્યવસ્થા ચિત્તની શુદ્ધિમાટે તથા અશુભના વિનાશમાટે જ કરાયલી છે. જો, હરિમોહન, આ પૃથ્વી મારા વૈચિત્ર્યમય વિશ્વનો એક અત્યંત ક્ષુદ્ર અંશમાત્ર હોવા છતાં આ પૃથ્વીમાં શુભ કર્મદ્વારા અશુભના વિનાશમાટે તમો જન્મગ્રહણ કરો છો અને તેથી જ્યારે પાપ તથા પુણ્યના હસ્તથી સર્વથા મુક્ત થઇને તમો પ્રેમરાજ્યમાં પદાર્પણ કરશો, ત્યારે જ એ કાર્યથી તમારો

નિસ્તાર થશે. હું મારી પ્રિય ભગિની શક્તિ તથા તેની સહચરી વિદ્યાને તારી પાસે મોકલીશ; પણ એમાં જે એક શર્ત છે તેને સારી રીતે સ્મરણમાં રાખી લેજે. તે શર્ત એ છે કે અંતે તારે મારા ક્રીડાસહચર–ગોઠિયા–તરીકે રહેવું પડશે; અર્થાત્ મુક્તિની આકાંક્ષાને તારાથી પોતાના હૃદયમાં સ્થાન આપી શકાશે નહિ. બોલ ત્યારે છે આ શર્ત કબૂલ ?" એના ઉત્તરમાં હરિમોહને જણાવ્યું કે: "તેં મારાપર અતિશય ઉપકાર કર્યો છે, કૃષ્ણ ! અને તેથી તને ગોદમાં બેસાડીને તારો પ્રેમપૂર્વક આદરસત્કાર કરવાની મારા હૃદયમાં અતિશય ઇચ્છા થયા કરે છે; કારણ કે, હવે આ જીવનમાં મારી કશી પણ વાસના અવશિષ્ટ રહી નથી."

બાલકે હસીને કહ્યું કે: "હરિમોહન, કાંઇ જાણ્યું ?" એના ઉત્તરમાં હરિમોહન બોલ્યો કે: "બહુ કાંઇ જાણ્યું !" પરંતુ એ ઉત્તર આપ્યા પછી તેના મનમાં કાંઇક વિચાર આવ્યો અને તેથી તે વિચાર કર્યા પછી આગળ વધીને કહેવા લાગ્યો કે: "અરે કૃષ્ણ, આ વેળાયે પણ પાછી તેં મને થાપ આપવા માંડી કે ? હું એમ પૂછવા માગું છું કે, તેં અશુભની ઉત્પત્તિ જ શામાટે કરી વારુ ? આ વિષયનું નિરાકરણ તો તેં કાંઈપણ કર્યું જ નહિ." આમ કહીને હરિમોહને બાલકનો હાથ ઝાલી લીધો. બાલક પોતાના હાથને તેના હાથમાંથી છોડાવી લઇને અને હરિમોહનનો તિરસ્કાર કરીને કહેવા લાગ્યો કે: "ચાલ દૂર થા, મૂર્ખ ! શું તું એક કે બે ઘટિકામાં જ મારી સર્વ ગુપ્ત કથા બહાર કઢાવી લેવા માગે છે ?" ત્યાર પછી બાલકે દીપકને તત્કાળ બુઝાવી નાખીને હસતાં હસતાં કહેવા માંડયું કે: "કેમ, હરિમોહન, મને ચાબૂકવડે ફટકાવવાની વાતને તો તું સર્વથા ભૂલી જ ગયો. તારા ચાબૂકના ભયથી જ હું તારી ગોદમાં ન બેઠો; કારણ કે, નહિ ને ક્યાંક આ બાહ્ય દુઃખોથી ચીડાઇને તું મને સારી રીતે મારી બેસે તો ! અર્થાત્ તારામાં મારો લેશમાત્ર પણ વિશ્વાસ નથી." હરિમોહને બાલકને પકડવામાટે અંધકારમાં પોતાના હસ્તોને વિસ્તાર્યા; પરંતુ તેની એ ચેષ્ટાને જોઇને ત્યાંથી વધારે આગળ

બેસી જઇને તે બાલકે કહ્યું કે: "તારો આ પ્રયત્ન અત્યારે તો સફળ થાય તેમ નથી; કારણ કે, મને પોતાની ગોદમાં બેસાડીને આલિંગન આપવાથી પ્રાપ્ત થનારા સુખને મેં તારા અન્ય જન્મમાટે સુરક્ષિત રાખી મૂક્યું છે.* વારુ ત્યારે અત્યારે તો હું પ્રયાણ કરીશ." આ શબ્દો ઉચ્ચારતાંની સાથે જ બાલક અંધકારમયી રજનીમાં કોણ જાણે ક્યાંય અદૃશ્ય થઇ ગયો. હરિમોહન નૂપુરધ્વનિના શ્રવણથી અચાનક જાગી ઊઠયો અને જાગ્યા પછી વિચાર કરવા લાગ્યો કે: "મેં આ કેવા પ્રકારનું સ્વપ્ન જોયું વારુ? નરક નિરખ્યું, સ્વર્ગનો સાક્ષાત્કાર કર્યો, તેમાં વળી સાક્ષાત્ ભગવાનને હુંકારા તુંકારા કર્યા અને તેને અલ્પવયસ્ક બાલક ધારીને વિભીષિકાઓ પણ બતાવી! અહાહા, કેવું ઘોર પાપ! જે કાંઈ પણ હોય,

---

* જેવી રીતે આ સંસારમાંનું કોઇ કઠિન કાર્ય એક કિંવા બે વારના સાધારણ પ્રયત્નોવડે સિદ્ધ થઈ શકતું નથી, કિન્તુ તે કઠિન કાર્યની સિદ્ધિમાટે અનેક વાર અવિશ્રાન્ત ઉદ્યોગો કરવા પડે છે, તેવી જ રીતે શ્રી કૃષ્ણ કિંવા ત્રિગુણાતીત પરમાત્માના સાક્ષાત્કારમાટે પણ મનુષ્યને આ વિશ્વમાં અનેક જન્મો ધારણ કરવા પડે છે; મનુષ્યને એક જ જન્મમાં પરમાત્મપ્રાપ્તિ થઈ જતી નથી. શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ શ્રી કૃષ્ણ ભગવાને પોતાના પ્રિયતમ સખા તથા પરમભક્ત અર્જુનને સપ્તમ અધ્યાયમાં એ જ વાર્તા સ્પષ્ટ શબ્દોમાં કહેલી છે. યથા:

"बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः" ॥

श्रीमद्भगवद्गीताः अ. ७, श्लोक १९.

અર્થાત્: "અનેક જન્મો પછી 'જે કાંઇ પણ છે તે કેવળ વાસુદેવ-પરમાત્મા-જ છે,'" એવા પ્રકારના જ્ઞાન કિંવા અનુભવની પ્રાપ્તિ કરી ચૂકેલો જ્ઞાની પુરુષ જ મને પ્રાપ્ત કરી શકે છે-મારા પર્યન્ત આવી પહોંચે છે-અને એવો મહાત્મા અત્યંત દુર્લભ હોય છે."

ઋષિ અરવિન્દે આ સ્થાનમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના એ તત્ત્વનું જ માર્મિકતાથી પ્રતિપાદન કર્યું છે. અનુવાદક

પરંતુ એટલું તો સત્ય છે કે અત્યારે હું મારા પ્રાણમાં અપૂર્વ શાન્તિને અનુભવી રહ્યો છું!!" ત્યાર પછી હરિમોહન તે કૃષ્ણવર્ણ બાલકની મોહનમૂર્તિના ધ્યાનમાં નિમગ્ન થયો અને વચ્ચે વચ્ચે તેના મુખમાંથી "અહા કેવી સુન્દર મૂર્તિ! કેવી મનોહારિણી અને વિશ્વમોહિની મૂર્તિ!!" એવા પ્રકારના સ્વાભાવિક ઉદ્‌ગારો નીકળવા લાગ્યા.



દેશબંધુ ચિત્તરંજન દાસ.

જોશી આર્ટ પ્રિંટિંગ વર્કસ, બજારગેટ કોટ, મુંબઇ.

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ—વિશ્વવિચાર

ષષ્ઠ દલ—ઉત્તરપાડા વ્યાખ્યાન

ઉત્તરપાડા વ્યાખ્યાન*

તમારી આ સભાના વાર્ષિક સંમેલન પ્રસગે કાંઈક બોલવામાટેનો મને અનુરોધ કરવામાં આવ્યો તે વેળાયે જે વિષયને આજના આ પ્રસંગમાટે ચૂંટવામાં આવ્યો હતો તે વિષય એટલે કે હિન્દુધર્મના સંબંધમાં થોડા શબ્દો બોલવાનો મારો મનોભાવ હતો; પરંતુ અત્યારે હું પોતે જ જાણતો નથી કે મારા એ મનોભાવને હું પૂર્ણ કરી શકીશ કે કેમ; કારણકે, જે વેળાયે હું આ સ્થાનમાં આવીને મારા આસને બેઠો તે વેળાયે જે શબ્દ મારે અત્યારે તમને તેમ જ સમસ્ત ભારતીય જાતિને સંભળાવવાનો છે તે શબ્દનો મારા મનમાં અચાનક આવિર્ભાવ થયો અને તેથી હવે એ જ શબ્દ તમને સંભળાવી દેવો એ અધિક શ્રેયસ્કર છે. એ શબ્દ જ્યારે હું કારાગૃહમાં હતો તે વેળાયે પ્રથમ મારા સમક્ષ ઉચ્ચારાયો હતો અને તે શબ્દને મારા દેશબાંધવો સમક્ષ ઉચ્ચારવામાટે જ હું કારાગૃહમાંથી આ બાહ્ય વિશ્વમાં આવ્યો છું.

---

* ઇ. સ. ૧૯૦૯ ના મે માસની ૩૦ મી તારીખ અને રવિવારને દિવસે કલકત્તાના નિકટવર્તી ઉત્તરપાડા નામક સ્થાનમાં ત્યાંની 'ધર્મરક્ષિણી સભા' નો દ્વિતીય વાર્ષિક ઉત્સવ હતો અને શ્રી અરવિન્દ ઘોષને આમંત્રણ હોવાથી તેઓ તે સભાના એ વાર્ષિક ઉત્સવમાં પધાર્યા હતા. ત્યાં પુષ્પમાલા આદિથી તેમનું યોગ્ય સ્વાગત કર્યા પછી એક વ્યાખ્યાન આપવામાટેનો તેમને આગ્રહ કરવામાં આવ્યો, તે સભાના સભાસદોના આગ્રહને માન આપીને શ્રી અરવિન્દ ઘોષ વ્યાખાન આપવામાટે ઊભા થયા અને તેમણે કારાગૃહમાં જે સાધના કરી હતી તથા તેના ફલસ્વરૂપ તેમને ભગવાનનો જે સાક્ષાત્કાર થયો હતો તેની મનોહારિણી ચર્ચા કરીને તેમણે સનાતન આર્ય ધર્મનું એક હૃદયંગમ તથા આકર્ષક શાબ્દિક ચિત્ર આલેખી દીધું. કારાગૃહના બંધનથી મુક્ત થવા પછી શ્રી અરવિન્દનું આ પ્રથમ વ્યાખ્યાન હતું અને તે ઉત્તરપાડા વ્યાખ્યાન નામથી પ્રસિદ્ધ છે. એ વ્યાખ્યાન અંગ્રેજી ભાષામાં અપાયલું હતું. અનુવાદક

જે વેળાયે હું છેલ્લો અહીં આવ્યો હતો તે ઘટનાને એક વર્ષથી પણ કાંઈક અધિક કાળ વીતી ગયો છે. એક વર્ષ પૂર્વે જ્યારે હું છેલ્લી વાર અહીં આવ્યો હતો તે વેળાયે હું એકલો ન હોતો; કિન્તુ મારા પાર્શ્વમાં ભારતવર્ષની જાતીયતાના એક ધુરંધર ધર્મદૂત વિરાજેલા હતા. એ ધર્મદૂત તે જ હતા કે જેઓ પોતાના ઇશ્વરનિર્દિષ્ટ એકાન્તવાસમાંથી મુક્ત થઈને આવ્યા હતા; અર્થાત્ તેમને ભગવાને કારાગૃહ નામક એકાન્તવાસમાં એટલામાટે જ પાડવ્યા હતા કે ત્યાં ઐકાન્તિકતા તથા મૌનપૂર્ણ શાંતિના યોગે જે પવિત્ર વાણીનો તેમના મુખદ્વારા પ્રકાશ થવાનો હતો તે પવિત્ર વાણીનું તેઓ અખંડ શ્રવણ કરી શકે. એ મહાનુભાવ તે જ હતા કે જેમના સત્કારમાટે તમો શતાવધિ મનુષ્યો સમુદાયબદ્ધ થઈને ઉપસ્થિત થયા હતા. અત્યારે તેઓ આપણાથી બહુ દૂર છે અને સહસ્ત્રાવધિ માઈલોના અંતરે તેમને આપણાથી વિભક્ત કરી દીધા છે. એવી જ રીતે અન્ય કેટલાક પુરુષો કે જેમને મારા પાર્શ્વમાં કાર્યમગ્ન અવસ્થામાં વિરાજેલા જોવાનો મને નિરંતર યોગ મળ્યા કરતો હતો તેઓ પણ અવર્ત્તમાન છે; કારણકે, જે ઝંઝાવાતનો આપણા દેશમાં વિસ્તાર થયો હતો તે ઝંઝાવાતે તેમને દૂર દૂર વિખેરી નાખ્યા છે. મેં એક વર્ષ જેટલો સમય કારાગૃહ નામક એકાન્તવાસમાં વીતાડયો છે અને અત્યારે બાહ્ય પ્રદેશમાં આવીને હું જોઈ રહ્યો છું કે એક વર્ષ પૂર્વની સમસ્ત પરિસ્થિતિનું પ્રચંડ પરિવર્ત્તન થઇ ગયું છે. જે એક પુરુષ નિરંતર મારા પાર્શ્વમાં વિરાજતા હતા અને જેઓ મારા કાર્યમાં સમ્મિલિત હતા તેઓ અત્યારે બ્રહ્મદેશમાં એક બંદિજનની અવસ્થામાં પડેલા છે,* અને એક અન્ય મિત્ર ઉત્તરભારતમાં અવરોધના કષ્ટને ભોગવી રહ્યા છે. જ્યારે હું કારાગૃહમાંથી બાહ્ય ભાગમાં આવ્યો તે વેળાયે જેમની મંત્રણા તથા પ્રેરણાને પ્રાપ્ત કરવામાટે હું જેમના પ્રતિ દૃષ્ટિપાત કરવાને ટેવાઈ ગયો હતો તેમના દર્શનમાટે મેં સર્વત્ર દૃષ્ટિપાત કર્યો; પરંતુ હું તેમને જોઇ ન શક્યો. હજી એ ઘટના

---

* **શ્રીયુક્ત પંડિત શ્યામસુન્દર ચક્રવર્તી.**

જાણે ન્યૂન નિરાશાદર્શક હોયની ! એટલે તે ન્યૂનતાની પૂર્તિકારિણી એક અન્ય અધિક નિરાશાદર્શિની ઘટના મારા જોવામાં આવી અને તે એકે જ્યારે હું કારાગૃહમાં ગયો તે વેળાયે આપણો સમસ્ત દેશ **'वन्दे मातरम्'**ના ધ્વનિથી નિનાદિત હતો તથા જાતિની આશા કિંવા અધઃપાતની ગર્તામાંથી તરતના નીકળેલા કોટયવધિ મનુષ્યોની ઉન્નતિ વિષયક આશાથી સર્વથા સજીવન હતો અને જ્યારે હું કારાગૃહમાંથી નીકળીને બહાર આવ્યો તે વેળાયે જો કે એ ધ્વનિ મારા સાંભળવામાં તો આવ્યો; પરંતુ તે ધ્વનિ ગગનભેદક હોવો જોઇએ તેને બદલે સર્વથા મંદ, એટલી સીમા પર્યન્ત મંદ, હતો કે જેને કદાચિત્ મૌન જ કહી શકાય. સમસ્ત દેશમાં એક પ્રકારની નિસ્તબ્ધતા વ્યાપી ગઇ હતી અને લોકો સર્વથા વિવ્હલ થઈ ગયા હતા; કારણ કે, પૂર્વે પરમાત્માના ભાવિ આશાપૂર્ણ જે પ્રકાશમય સ્વર્ગનો સાક્ષાત્કાર થતો હતો તેના સ્થાનમાં અત્યારે એવા જડ તથા નિસ્તેજ આકાશનો વિસ્તાર થયેલો હતો કે જેમાંથી માનવી ગર્જના તથા વિદ્યુત્‌ની વૃષ્ટિ થયા કરતી હતી. કોઈ પણ મનુષ્યને પોતાનો ગન્તવ્ય માર્ગ દૃષ્ટિગોચર થતો ન હોતો અને સર્વ દિશામાં કેવળ એ અને એ જ પ્રશ્ન ઉપસ્થિત થતો હતો કે: "અમારે હવે શું કરવું અને શું ન કરવું? હું પોતે પણ હવે પછીના ગન્તવ્ય માર્ગને જાણતો ન હોતો અને હવે પછીનું કર્ત્તવ્ય શું હતું એથી પણ સર્વથા અજ્ઞ હતો. આમ હોવા છતાં એક વસ્તુને હું જાણતો હતો અને તે એ કે પ્રથમ જે સર્વવ્યાપિકા શક્તિએ લોકોની ગર્જના કિંવા આશાધ્વનિનો ઉદ્ભવ કર્યો હતો તે જ મહાશક્તિએ આ મૌનમય મંદતાને પણ મોકલી હતી. અર્થાત્ જે પરમાત્મા ગર્જના તથા ચલનવલનમાં વિદ્યમાન હતો તે જ પરમાત્મા આ વિશ્રામ તથા જડતામાં પણ વિદ્યમાન હતો. પરમાત્માએ આપણામાં આ મંદતા તથા જડતા એટલામાટે જ અર્પી છે કે રાષ્ટ્ર અલ્પ સમયને માટે પાછું હટે, પોતાની સ્થિતિને જુએ અને પરમાત્માની ઇચ્છાને જાણી લે. ભારતીય જનતાના આ મૌનને જોઇને હું લેશમાત્ર પણ નિરાશ નથી થયો; કારણ કે, મારા કારાગૃહવાસના સમયમાં હું

એવા મૌન સાથે પરિચિત થઈ ગયો છું અને મારા એક વર્ષના કારાગૃહવાસના પ્રસંગે એ વિશ્રાંતિ તથા જડતામાંથી જ હું આ પાઠ ભણ્યો હતો. જ્યારે મહાશય વિપિનચન્દ્ર પાલ કારાગૃહમાંથી છૂટી આવ્યા ત્યારે તેઓ એક સંદેશ લાવ્યા હતા અને તેમણે અહીં જે વ્યાખ્યાન આપ્યું હતું તેનું અદ્યાપિ મને વિસ્મરણ થયું નથી. મહાશય વિપિનચન્દ્ર પાલનું તે વ્યાખ્યાન જેટલા પરિમાણમાં ધાર્મિક હતું તેટલા પરિમાણમાં રાજનૈતિક ભાવના તથા સંબંધયુક્ત ન હોતું; કારણ કે, જે પરમાત્મા આપણુ સર્વમાં વસેલો છે અને જે પરમાત્માનો જાતિ કિંવા રાષ્ટ્રમાં પણ નિવાસ છે તે પરમાત્માનો કારાગૃહમાં તેમને જે સાક્ષાત્કાર થયો હતો તે પરમાત્મસાક્ષાત્કારનો જ તેમણે પોતાના તે વ્યાખ્યાનમાં પ્રકાશ કર્યો હતો અને તેમનાં ત્યાર પછીનાં વ્યાખ્યાનોમાં પણ કોઈ પણ કાર્યમાં જે સાધારણ શક્તિ કરતાં એક ગુરુતર શક્તિ રહેલી હોય છે અને આપણા સમક્ષ જે સાધારણ ઉદ્દેશ કરતાં ગુરુતર ઉદ્દેશ આવીને ઉપસ્થિત થયેલો છે તે ગુરુતર શક્તિ તથા ગુરુતર ઉદ્દેશનો જ તેમણે પ્રકાશ પાડ્યો હતો. અત્યારે હું પણ તમને પાછો આવી મળ્યો છું; મહાશય વિપિનચન્દ્ર પાલ પ્રમાણે હું પણ જેલમાંથી છૂટીને આવ્યો છું અને પુનઃ તમો ઉત્તરપાડાના તે જ નિવાસીઓ છો કે જેઓ રાજનૈતિક સભામાં નહિ, કિન્તુ આપણા ધર્મની રક્ષામાટે સ્થપાયલી સભામાં સર્વથી પ્રથમ મારો સત્કાર કરી રહ્યા છો. સર્વેશ્વરનો જે સંદેશ મહાશય વિપિનચન્દ્ર પાલે બક્સરના કારાગૃહમાં મેળવ્યો હતો તે જ સંદેશ પરમાત્માએ મને અલીપુરના કારાગારમાં આપ્યો હતો. મારા કારાગૃહવાસના દ્વાદશ માસના કાલાવધિમાં નિત્ય દિવસાનુદિવસ પરમાત્મા મને તે જ્ઞાન આપતા હતા અને જે જ્ઞાનને પ્રકાશિત કરવામાટેનો પરમાત્માએ મને આદેશ સંભળાવ્યો છે તે જ્ઞાન એ જ છે અને તેના પ્રકાશમાટે જ હું કારાગૃહમાંથી આ બાહ્ય પ્રદેશમાં આવ્યો છું.

કારાગૃહમાંથી હું છૂટીશ જ, એ હું સારી રીતે જાણતો હતો. અર્થાત્ કારાગૃહવાસનું જે એક વર્ષ તે મારામાટે એકાન્તવાસ તથા

જ્ઞાનાર્જનનું જ એક વર્ષ હતું. **પ**રમાત્માના ઉદ્દેશની સિદ્ધિમાટે જેટલા સમયની આવશ્યકતા હોય તેટલા આવશ્યકીય સમયથી અધિક સમય પર્યન્ત મને કારાગૃહમાં કોણ રાખી શકે તેમ હતું વારૂ? **પ**રમાત્માએ મને વ્યક્ત કરવામાટે એક સંદેશ આપ્યો હતો અને કરવામાટે એક કાર્ય આપ્યું હતું એટલે જ્યાંસૂધી તે સંદેશને વ્યક્ત કરવામાં ન આવે ત્યાં સૂધી કોઇ પણ માનવસત્તા મારી ગતિનો અવરોધ કરી શકે તેમ ન હોતું અને જ્યાંસૂધી તે ઇશ્વરનિર્દિષ્ટ કાર્ય સિદ્ધ ન થાય ત્યાં સૂધી કોઇ પણ માનવશક્તિ આ ઇશ્વરના યંત્રની ગતિને, એ યંત્ર નિર્બળ તથા લઘુ હોવા છતાં પણ, બંધ પાડી શકે, એ સર્વથા અસંભવનીય હતું, એ રહસ્યને હું સંપૂર્ણતાથી જાણતો હતો. અર્થાત્ **પ**રમાત્માની ઇચ્છાનુસાર હું કારાગૃહમાંથી મુક્ત થઇને બાહ્ય વાતાવરણમાં આવી લાગ્યો છું અને આ થોડાં ક્ષણોમાં એક શબ્દ મને સાંકેતિકતાથી સૂચવવામાં આવ્યો છે કે જેને પ્રકાશિત કરવાની પ્રથમ તો મારી ઇચ્છા જ ન હોતી; પરંતુ **પ**રમાત્મા જ મારા મનમાંના તે શબ્દ કિંવા ભાવને ખેંચીને બહિર્ગત કરી રહ્યા છે અને તેથી અત્યારે હું જે કાંઇ પણ બોલી રહ્યો છું તે કેવળ **પ**રમાત્માની પ્રેરણા તથા **પ**રમાત્માના આગ્રહથી જ બોલું છું.

જ્યારે મને પકડવામાં આવ્યો અને **લાલ બાજાર**ની ચૉકીમાં લઈ જવામાં આવ્યો તે વેળાયે **પ**રમાત્મામાંની મારી શ્રદ્ધા કાંઇક ચળી ગઇ હતી; કારણ કે, હું **પ**રમાત્માના આંતરિક અભિપ્રાયને જાણી શક્યો ન હોતો અને તેથી ક્ષણૈક દુઃખથી ચલાયમાન થઇને મારા હૃદયમાં હું **પ**રમાત્માને સંબોધીને કહેવા લાગ્યો કેઃ "હે **ભ**ગવન્, મારા શિરપર અચાનક આ વિપત્તિના મેઘો ક્યાંથી અને કેમ ઘેરાઈ આવ્યા? મારી તો એવી જ શ્રદ્ધાપૂર્ણ માન્યતા હતી કે મારા દેશનાં મનુષ્યોમાટે મારે તારી આજ્ઞાથી એક કાર્ય કરવાનું છે અને તેથી જ્યાં સૂધી તે કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સૂધી મને તું સર્વ વિપત્તિઓથી રક્ષતો રહીશ. મારો આવો દઢ વિશ્વાસ હોવા છતાં હું આ ચૉકીમાં આવી પડ્યો છું અને મને હત્યાકારી કિંવા ઘોર અપરાધી તરીકે ચતુર્ભુજ કરવામાં

આવ્યો છે એનું કારણ શું હોવું જોઇએ વારૂ ?" એક દિવસ વીત્યો, દ્વિતીય દિવસ આથમ્યો અને તૃતીય દિવસ પણ ચાલ્યો ગયો. ચોથે દિવસે મારા અંતઃકરણમાંથી મને એવો સ્વર સંભળાયો કે: "ધૈર્ય ધાર અને જોયા કર કે શું થાય છે." એ સ્વરને સાંભળ્યા પછી હું શાન્ત થયો અને ધૈર્ય ધારીને બેસી રહ્યો. ત્યાર પછી મને લાલ બાજાર ચૉકીમાંથી અલીપુરની જેલમાં લઈ જવામાં આવ્યો અને ત્યાં સર્વ મનુષ્યોથી ભિન્ન એક એકાન્ત કોટડીમાં મને એક માસ પર્યન્ત રાખવામાં આવ્યો. એ એકાન્ત કોટડીમાં દિવસ અને રાત્રિ હું મારા પોતાના અંતરમાથી પરમાત્માના નાદને સાંભળવાની પ્રતીક્ષા કરવા લાગ્યો; કારણ કે, પરમાત્મા મને શી આજ્ઞા આપવાના હતા અને મારે શું કાર્ય કરવાનું હતું એ જાણી લેવામાટે હું અતિશય અધીર થઈ ગયો હતો. એ કારાગૃહવાસરૂપ એકાન્તવાસમાં જ મને પરમાત્માનો સર્વથી પ્રથમ સાક્ષાત્કાર થયો હતો અને મને પરમાત્માના પ્રથમ પાઠને શીખવાનો અવસર મળ્યો હતો. એ વેળાયે મને અચાનક સ્મરણ થયું કે હું પકડાયો તેથી એક માસ કિંવા કિંચિદ્ અધિક સમય પૂર્વે મને સર્વ કાર્યપરાયણતાને ત્યાગી દેવાની, એકાંતવાસને સ્વીકારવાની અને આત્મનિરીક્ષણ કરવાની સૂચના મળી હતી કે જેના યોગે મારાથી પરમાત્માના ઘનિષ્ટ સંબંધમાં આવી શકાય; પરંતુ તે વેળાયે હું દુર્બલ હોવાથી એ સૂચના અનુસાર વર્તી શક્યો ન હોતો; કારણ કે, મારૂં કાર્ય મને અત્યંત પ્રિય હતું અને મારા હાર્દિક ગર્વના યોગે હું એમ જ ધારતો હતો કે મારી ઉપસ્થિતિ વિના કાં તો એ કાર્ય ભ્રષ્ટ થઈ જશે અને કાં તો સર્વથા બંધ જ પડી જશે અને તેથી હું મારા કાર્યને ત્યાગીને એકાંતવાસને સ્વીકારી ન શક્યો. હવે મને એવો ભાસ થવા લાગ્યો કે પરમાત્માએ મારી સાથે વાર્તાલાપ કર્યો અને મને પુનઃ કહ્યું કે: "જે બંધનોને તોડી નાખવાનું બળ તારામાં ન હોતું તે તારાં બંધનોને મેં તોડી નાખ્યાં છે; કારણ કે, તારાં એ બંધનો એમનાં એમ રહ્યાં કરે એવી મારી ઇચ્છા નથી. મારે તારા હસ્તથી એક અન્ય કાર્ય કરાવવું છે અને તેટલામાટે

જ હું તને આ સ્થાનમાં લઇ આવ્યો છું. જે તું પોતે પોતાની મેળે શીખી ન શકયો તે મારે તને શીખવવું છે અને મારા કાર્યની સિદ્ધિ-માટે તને મારે તૈયાર કરવો છે." આ શબ્દોને ઉચ્ચારીને પરમાત્માએ મારા હસ્તોમાં ગીતા અર્પી અને તેથી હું ગીતાના સાધનમાં સમર્થ થયો. હું માત્ર ગીતાને બુદ્ધિપૂર્વક સમજી શકયો; એટલું જ નહિ, પણ શ્રી કૃષ્ણે અર્જુનના હસ્તથી શું કાર્ય કરાવવાની ઇચ્છા રાખી હતી અને જેઓ ઇશ્વરના કાર્યમાં ઉત્તેજનાપૂર્વક પ્રેરાયલા હોય છે તેમના હસ્તથી શ્રીકૃષ્ણ ભગવાન શું કરાવવા ઇચ્છે છે; તેમ જ પ્રતિ-ઘાત તથા વાસનાથી મુક્ત થવાની, ફળની આશા વિના કેવળ પરમા-ત્મામાટે કર્મ કરવાની, પોતાની ઇચ્છા કિંવા અહંભાવનાને ત્યાગીને પર-માત્માના હસ્તના તેની ઇચ્છામાત્રથી ચાલતા યંત્ર સમાન તદવલંબી સેવક થઈ જવાની, ઉચ્ચ તથા નીચમાટે સમભાવ રાખવાની, મિત્ર તથા શત્રુને સમદૃષ્ટિથી નિહાળવાની, સફળતા તથા અફળતાને કિંવા વિજય તથા પરાજયને સમાન માનવાની અને તેમ છતાં પરમાત્માના કાર્યમાં પ્રમાદ ન કરવાની કેટલી આવશ્યકતા છે એ રહસ્યનો પણ મને સંપૂર્ણ સાક્ષાત્કાર થઈ ગયો. આપણા હિન્દુધર્મનો વાસ્તવિક અર્થ શો હતો કિંવા છે એ પણ હું જાણવા લાગ્યો. આપણે વારંવાર હિન્દુધર્મ કિંવા સનાતન ધર્મની વાતો કર્યા કરીએ છીએ; પરંતુ હિન્દુધર્મ કિંવા સનાતન ધર્મ શો પદાર્થ છે એ તો આપણામાંના બહુ અલ્પસંખ્ય લોકો જ જાણતા હોય છે. અન્ય ધર્મો અધિકતમ પરિમાણમાં વિશ્વાસાત્મક તથા વ્યવસાયાત્મક ધર્મો છે; પરંતુ આપણો સનાતન વૈદિક ધર્મ પોતે જ જીવન છે અને તેટલામાટે આપણા એ સનાતન વૈદિક ધર્મને કેવળ બાહ્યતઃ વિશ્વાસપૂર્વક માનવાની એટલી આવશ્યકતા હોતી નથી કે જેટલી એને જીવનમાં વ્યાવહારિકતાથી યોજવાની કિંવા જીવનમાં તદાકાર કરી નાખવાની આવશ્યકતા હોય છે. આપણો ધર્મ તે ધર્મ છે કે અત્યંત પ્રાચીન કાળથી આપણા આ ભરતખંડમાંના એકાંતવાસ કિંવા અજ્ઞાતવાસમાં જે ધર્મનો માનવજાતિના મોક્ષમાટે વિકાસ કરવામાં

આવ્યો હતો અને એ ધર્મ સમસ્ત વિશ્વને અર્પવામાટે જ આપણો ભારતદેશ અત્યારે અભ્યુદયના માર્ગમાં અગ્રેસર થઈ રહ્યો છે. અર્થાત્ અન્ય દેશો પ્રમાણે આપણો ભારતદેશ કેવળ સ્વાર્થની સિદ્ધિમાટે કિંવા જો પોતામાં બલિષ્ઠતા હોય તો તે બલિષ્ઠતાથી અન્ય દુર્બલ દેશો કિંવા લોકોને પાદાક્રાન્ત કરી નાખવામાટે કિંવા ચગદી નાખવામાટે જાગ્રત થયેલો નથી; કિન્તુ જે પ્રકાશ પરમાત્મા પાસેથી તેને મળેલો છે તે પ્રકાશને સમસ્ત સૃષ્ટિમાં પ્રસારવામાટે જ તે જાગ્રત થઇને જાગ્રતિમાં અગ્રગામી થતો જાય છે. ભરતભૂમિ નિરંતર માનવજાતિના કલ્યાણમાટે જ અસ્તિત્વ ધરાવતી રહી છે; પોતાના લાભને તેણે કદાપિ મહત્ત્વ આપ્યું જ નથી અને એ પરોપકારિતામાટે, અદ્વિતીય તથા અલૌકિક પરહિતૈષિતામાટે તે અત્યંત ઉચ્ચતમ આસનની અધિકારિણી થવી જ જોઇએ, એ સર્વથા નિર્વિવાદ છે.

આ કારણથી પરમાત્માએ મને જે અન્ય વસ્તુ બતાવી તે એ હતી કે તેણે મને હિન્દુધર્મના કેન્દ્રરૂપ સત્યનો સાક્ષાત્કાર કરાવી દીધો. તેણે–તે પરમાત્માએ–મારા કારાધ્યક્ષો–જેલરો–નાં હૃદયોને મારાપ્રતિ વાળ્યાં અને કારાગૃહનો જે અંગ્રેજ વરિષ્ઠ અધિકારી હતો તેને તે અન્ય જેલરોએ જણાવ્યું કે: "આ મનુષ્ય આ એકાન્ત કોટડીમાં અતિશય દુ:ખી થાય છે એટલામાટે વધારે નહિ, તો પ્રભાતમાં અડધો કલાક અને સંધ્યાકાળે અડધો કલાક એને આ કોટડીમાંથી બહાર નીકળીને ફરવાની પરવાનગી આપવામાં આવે, તો સારૂં." અર્થાત્ મારા જેલરોના એ પ્રસ્તાવના પરિણામે મને પ્રભાતમાં અડધો કલાક અને સંધ્યાકાળે અડધો કલાક મારી કોટડીમાંથી બહાર નીકળીને ખુલ્લી હવામાં ફરવામાટેની રજા આપવામાં આવી અને એ વ્યવસ્થા થઇ ગયા પછી હું ભ્રમણકાર્યમાં પ્રવૃત્ત હતો તે વેળાયે પુન: પરમાત્માની શક્તિએ મારામાં સંચાર કર્યો. જે કારાગારે મને માનવસમાજથી સર્વથા વિયુક્ત કરી રાખ્યો હતો તે કારાગાર પ્રતિ મેં દૃષ્ટિપાત કર્યો; પરંતુ એ વેળાયે જે ગગનગામિની દીવાલોએ મને આબદ્ધ કરી રાખ્યો હતો તે દીવાલો મારા જોવામાં ન

આવી, કિન્તુ તે દીવાલોને બદલે જાણે ચારે તરફથી મને વાસુદેવે પોતે જ ઘેરી લીધો હોયની ! એવા પ્રકારનો મને સાક્ષાત્કાર થવા લાગ્યો. મારી કોટડીની સામે એક વૃક્ષની શાખાઓ નીચે હું ફરતો હતો; પરંતુ મને તે વૃક્ષ ન દેખાયું; મને તો એમ જ લાગ્યું કે ત્યાં વાસુદેવ અથવા શ્રી કૃષ્ણ પોતે જ ઊભા હતા અને મારા શિરપર પોતાની છાયાને પ્રસારી રહ્યા હતા ! ત્યાર પછી મારી કોટડીની તે લોહશલાકાઓ પ્રતિ મેં દૃષ્ટિપાત કર્યો કે જે શલાકાઓ દ્વારનું કાર્ય કરી રહી હતી; પરંતુ ત્યાં પણ મેં તે લોહશલાકારૂપ દ્વારના સ્થાનમાં કેવળ વાસુદેવને જ વિલોક્યા. અર્થાત્ ત્યાં શ્રી નારાયણ પોતે જ મારા રક્ષક અને સંત્રી તરીકે ઊભા હતા, એવું દૃશ્ય મારા જોવામાં આવ્યું. ત્યાર પછી જ્યારે હું પર્યંકશય્યા તરીકે યોજવામાટે મને અપાયલા કઠિન બ્લૅંકેટ ઉપર પડયો ત્યારે જાણે શ્રી કૃષ્ણે પોતાના વરદ હસ્તોને મારા શરીરની આસપાસ વીંટાળી દીધા હોયની ! કિંવા મારા તે પરમમિત્ર તથા પ્રેમિકે મને પોતાના આલિંગનમાં બદ્ધ કરી લીધો હોયની ! એવો મને સાક્ષાત્કાર થવા લાગ્યો. ગહનતર સાક્ષાત્કારનો પરમાત્માએ મને જે પ્રથમ ઉપયોગ દર્શાવ્યો તે આ હતો. ત્યાર પછી કારાગૃહમાંના બંદિજનો એટલે કે ચોર લોકો, મનુષ્યહંતાઓ તથા ઠગ અને બદમાશો પ્રતિ દૃષ્ટિપાત કરતાં તે અંધકારમય આત્માઓ તથા દુરુપયુક્ત દેહોમાં પણ મને તે વાસુદેવ, તે નારાયણનો જ સાક્ષાત્કાર થવા લાગ્યો. એ ચોર તથા લૂટારાઓના સમુદાયમાં એવા અનેક મનુષ્યો હતા કે જેમણે પોતાની માયાળુતા તથા અનુકંપા આદિથી મને લજ્જિત કરી નાખ્યો હતો; અર્થાત્ આવી વિપરીત તથા ભયાનક પરિસ્થિતિમાં પણ તેમનાં હૃદયોમાં મનુષ્યત્વનો સંપૂર્ણ વિજય થયેલો દેખાતો હતો. એ બંદિજનોના સમુદાયમાં એક વિશિષ્ટ પુરુષ તો એવો પણ જોવામાં આવ્યો કે જેને વસ્તુતઃ સાધુ પુરુષ જ કહી શકાય. તે આપણી ભારતીય જાતિનો એક કૃષિકાર હતો અને લખવું વાંચવું પણ તે જાણતો ન હોતો. તે એક લૂટારા તરીકે પ્રમાણિત થયો હતો અને તેને દશ વર્ષના સપરિશ્રમ કારા-

ગૃહવાસની શિક્ષા અપાયલી હતી. આપણા મિથ્યા ગર્વના યોગે આપણે જેમને હીન દૃષ્ટિથી નિહાળીએ છીએ અને પતિત મનુષ્યો કહીએ છીએ તેમનામાંનો જ તે એક હતો; છતાં તેની સાધુતા અપૂર્વ હતી અને પ્રશંસનીય હતી. પરમાત્માએ પુનઃ એક વાર મારી સાથે વાર્તાલાપ કરતાં મને સંબોધીને કહ્યું કેઃ " જે મનુષ્યોના મધ્યમાં મેં મારા કાર્યની આંશિક-સિદ્ધિમાટે તને પાઠવ્યો છે તે મનુષ્યોને જોઈ લે. જે જાતિને હું અત્યારે જાગ્રત કરી રહ્યો છું તે જાતિની પ્રકૃતિ કિંવા તે જાતિનો સ્વભાવ આ છે અને એ કારણથી જ આ જાતિના લોકોને હું અત્યારે જાગ્રત કરવામાં પ્રવૃત્ત થયો છું. "

જ્યારે મૅજિસ્ટ્રેટ્‌ની કોર્ટ્‌માં અમારો કેસ્ ચાલવા લાગ્યો અને અમોને મૅજિસ્ટ્રેટ્ સમક્ષ લાવીને ઊભા કરવામાં આવ્યા તે વેળાયે પણ મને એવી જ આંતર દૃષ્ટિનો અનુભવ થયો. પરમાત્માએ મને ન્યાયાલયમાં પણ જણાવ્યું કેઃ " જ્યારે તેને કારાગૃહમાં નાખવામાં આવ્યો હતો ત્યારે તારૂં હૃદય નિરાશ થઈ ગયું ન હોતું અને તેં મને સંબોધીને એમ ન હોતું કહ્યું કેઃ ' તારી સહાયતા ક્યાં છે ? ' અત્યારે હવે તું મૅજિસ્ટ્રેટ્‌ને જો તેમ જ રાજપક્ષના અભિયોગચાલક ધારાશાસ્ત્રીને પણ જોઇ લે. " મેં ભગવાનની આજ્ઞા અનુસાર દૃષ્ટિપાત કર્યો; પરંતુ મૅજિસ્ટ્રેટ્‌ના આસને શ્રી નારાયણ જ મને વિરાજમાન દેખાયા અને રાજપક્ષના અભિયોગ-ચાલક ધારાશાસ્ત્રીને જોવા જતાં ત્યાં ધારાશાસ્ત્રીનો સર્વથા અભાવ તથા શ્રીકૃષ્ણ પરમાત્માનો પ્રભાવ પૂર્ણ રૂપમાં દૃષ્ટિગોચર થવા લાગ્યો; અર્થાત્ મારો પ્રેમી મિત્ર જ ત્યાં બેઠો બેઠો સ્મિત કરી રહ્યો હતો. એ પછી પરમાત્માએ કહ્યું કેઃ " હવે તારા મનમાં કશી પણ ભીતિ છે ખરી કે ? સર્વ મનુષ્યોમાં મારો નિવાસ છે અને સર્વ મનુષ્યોની કૃતિ તથા વાણીમાં મારી સત્તા જ વ્યાપેલી છે. હું તારો સહાયક તથા રક્ષક હોવાથી તારે લેશમાત્ર પણ ભયભીત થવાનું નથી. જે અભિયોગને તારા વિરુદ્ધ ઊભો કરવામાં આવ્યો છે તે અભિયોગને મારા હસ્તમાં સમર્પી દે; એ અભિયોગને ચલાવવાનું કાર્ય તારૂં નથી; કારણ કે, હું આ અભિયોગ ચલા-

વવામાટે તને આ સ્થાનમાં નથી લાવ્યો; કિન્તુ એક અન્ય કાર્યમાટે જ લાવ્યો છું. આ અભિયોગ તો મારા કાર્યનું કેવળ એક સાધનમાત્ર જ છે. ત્યાર પછી જ્યારે સેશન્સ્ કોર્ટ્‌માં અભિયોગના ચાલનનો આરંભ થયો, તે વેળાએ મારા ધારાશાસ્ત્રી કિંવા બૅરિસ્ટરને અભિયોગચાલનમાં સરળતા કરી આપવામાટે મેં કેટલીક સૂચનાઓ લખવા માંડી; એમાં મારા વિરુદ્ધ ઊભા કરેલા પૂરાવામાં જૂઠાણું શું હતું અને સાક્ષીઓની ઉલટ પાલટ તપાસ કયા મુદ્દાઓને અનુસરીને કરવાની હતી ઇત્યાદિ સૂચનાઓનો મારે સમાવેશ કરવાનો હતો. એટલામાં મને જેનું સ્વપ્ન પણ ન હોતું તેવી એક ઘટના અચાનક ઘટી. તે ઘટના એ હતી કે મારા બચાવમાટેની જે વ્યવસ્થા પ્રથમ કરવામાં આવી હતી તેનું અચાનક પરિવર્તન થઈ ગયું અને એક અન્ય ધારાશાસ્ત્રી બૅરિસ્ટર મારા બચાવમાટે આવીને ઊભો રહ્યો. એ ધારાશાસ્ત્રીનું આગમન સર્વથા અચિન્ત્ય જ થયું હતું. જો કે એ ધારાશાસ્ત્રી મારા એક મિત્ર હતા; પરંતુ તેઓ મારા બચાવમાટે આવવાના છે એ હું જાણતો જ ન હોતો. એ પુરુષનું નામ તો તમો સર્વેએ સાંભળેલું છે; અર્થાત્ જેમણે મારા અભિયોગના વિચાર વિના અન્ય સર્વ વિચારોને ત્યાગી દીધા હતા, પોતાના સમસ્ત વ્યવસાયને તિલાંજલિ આપી દીધી હતી અને માસોના માસો પર્યન્ત નિત્ય અર્ધરાત્રિ પર્યન્ત જાગી જાગીને જેમણે પોતાના આરોગ્યને પણ ખોઈ દીધું હતું તે ચિત્તરંજન દાસ જ એ પુરુષ કિંવા મારા ધારાશાસ્ત્રી હતા. જ્યારે મેં તેમને જોયા ત્યારે મને બહુ જ સંતોષ થયો અને તેઓ મારો બચાવ બહુ જ યોગ્યતાથી કરશે એવો મારો વિશ્વાસ પણ બંધાયો; છતાં સૂચનાઓ લખવાની આવશ્યકતાનો વિચાર તો મારા મનમાં અવિચલ જ રહ્યો. એટલામાં અચાનક કોઇએ મારા એ વિચારોને મારા મનમાંથી કાઢી નાખ્યા અને મારા અંતઃકરણમાંથી મને એવો નાદ સંભળાયો કે: “ તારાં ચરણોની આસપાસ જે જાળનો વિસ્તાર કરવામાં આવ્યો છે તે જાળને છેદી નાખીને આ પુરુષ અવશ્ય તને બચાવી લેશે અને તેટલામાટે હવે તું આ કાગળોને

દૂર ફેંકી દે; કારણ કે, એ કાગળોની એટલે કે સૂચનાઓની કશી પણ આવશ્યકતા રહી જ નથી. અર્થાત્ આ પુરુષને સૂચના આપવાનું કાર્ય તારૂં નથી; કિન્તુ એ કાર્ય મારૂં છે." એ ક્ષણ પછી મેં મારા એ બૅરિસ્ટરને મારા અભિયોગના સંબંધમાં એક શબ્દમાત્ર પણ કહ્યો ન હોતો કિંવા કોઈ પણ પ્રકારની સૂચના પણ આપી ન હોતી; માત્ર એટલું જ નહિ, પણ મને જ્યારે કોઇ વાર પ્રશ્ન પૂછવામાં આવતો હતો ત્યારે મારા મુખમાંથી જે ઉત્તર નીકળતું હતું તે ઉત્તરથી મારા અભિયોગને કશી પણ સહાયતા કિંવા પુષ્ટિ મળવાનો સંભવ દેખાતો ન હોતો. મેં મારા રક્ષણનો સમસ્ત ભાર ચિત્તરંજન દાસના શિરપર જ નાખી દીધો હતો અને એનું શું પરિણામ આવ્યું હતું એ આપ સર્વને વિદિત હોવાથી એ વિષયના વિશેષ વિવેચનથી આવશ્યકતા છે ખરી કે? ઇશ્વરની મારા સંબંધમાં શી ઇચ્છા હતી એ હું સારી રીતે જાણતો હતો; કારણ કે, હું વારંવાર એવા અંતર્નાદને સાંભળ્યા કરતો હતો કે: "હું તારો રક્ષક તથા સહાયક હોવાથી નિર્ભય રહે. જે કાર્યમાટે હું તને કારાગૃહમાં લાવ્યો છું તે કાર્યપ્રતિ વળી જા અને જ્યારે તું કારાગૃહમાંથી બાહ્ય પ્રદેશમાં આવે ત્યારે પણ કદાપિ ભયભીત ન થવાના તેમ જ અધીરતાને હૃદયમાં સ્થાન ન આપવાના સિદ્ધાન્તને નિરંતર સ્મરણમાં રાખતો રહેજે. એ કદાપિ ભૂલીશ નહિ કે આ સર્વ તું કિંવા અન્ય કોઈ કરતું નથી; કિન્તુ આ સર્વ હું પોતે જ કરી રહ્યો છું. એટલામાટે વિપત્તિના ગમે તેટલા મેઘો ઘેરાઇ આવે તેમ જ ગમે તેટલી ભીતિઓ, યંત્રણાઓ, કઠિનતાઓ તથા અશક્યતાઓ આવીને તારા સમક્ષ ઊભી રહે; તો પણ એ દૃઢતાથી માનજે કે કાંઈ પણ અશક્ય તથા કઠિન છે જ નહિ. જાતિમાં તેમ જ તેની ઉન્નતિમાં મારો નિવાસ છે. હું **વાસુદેવ** છું, હું **નારાયણ** છું અને હું જે ધારૂં તે થઈ શકું છું; અર્થાત્ હું અન્યોની ઇચ્છા અનુસાર નહિ કિન્તુ મારી પોતાની ઇચ્છા અનુસાર વર્તનારો છું, એ તારે કદાપિ ભૂલી જવાનું નથી. જે સ્થિતિને ઉત્પન્ન કરવાની મારી ઇચ્છા થાય છે તે સ્થિતિને કોઇ પણ માનવશક્તિ અટકાવી

શકે તેમ છે જ નહિ."

ત્યાર પછી પરમાત્માએ મારા કારાવાસરૂપ એકાંતવાસમાંથી મને બાહ્ય પ્રદેશમાં લાવીને જેઓ મારી સાથે અપરાધી તરીકે અભિયુક્ત થયેલા હતા તેમના મધ્યમાં લાવીને મૂકી દીધો. આજે તમોએ મારા આત્મબલિદાન તથા જન્મભૂમિસ્નેહની અતિશય પ્રશંસા કરી છે. જ્યારથી કારાગૃહમાંથી હું બાહ્ય વાતાવરણમાં આવ્યો છું ત્યારથી હું આવા પ્રકારનાં પ્રશંસાત્મક વ્યાખ્યાનો સાંભળતો રહ્યો છું; પરંતુ એ વ્યાખ્યાનો હું અતિશય દુ:ખ તથા કષ્ટપૂર્વક સાંભળું છું એ પણ મારે તમને જણાવવું જ જોઈએ; કારણ કે, હું પણ એક મનુષ્ય હોવાથી મારામાં મનુષ્યોચિત દોષો તથા ન્યૂનતાઓ હોય એ સ્વાભાવિક છે અને મારી જે નિર્બળતા છે તેને હું સારી રીતે જાણું છું. જ્યારે મારા કારાગૃહ-વાસના સમયમાં મારી એ નિર્બળતા તથા ન્યૂનતાઓ મારા વિરુદ્ધ ઊઠીને ઊભી થઇ ગઈ હતી તે વેળાયે પણ એ નિર્બળતા તથા ન્યૂનતાઓને હું યથાર્થ સ્વરૂપમાં નિહાળતો હતો અને મારા અંતરમાં તેમની સંવે-દના પણ થતી હતી. અર્થાત્ તે વેળાયે હું સ્પષ્ટતાથી જાણી શક્યો હતો કે હું કેવળ દુર્બળતાઓના સમુદાયરૂપ એક મનુષ્ય હતો અને તેથી દોષપૂર્ણ તથા અસંપૂર્ણ યંત્રરૂપ હતો અને તેથી જ્યાં સુધી મારામાં ઉચ્ચતર શક્તિનો સંચાર ન થાય ત્યાં સુધી મારામાટે સબળ થવાની સંભાવના હતી જ નહિ. અસ્તુ: હું એ તરુણ મનુષ્યોના સમુદાયમાં આવી પડ્યો અને તેમનામાંના અનેક તરુણોમાં મને એવી બળવતી સાહ-સિકતા કિંવા આત્મવિસ્મૃતિ વિષયક શક્તિનો સાક્ષાત્કાર થયો કે તેની સાથે સરખાવતાં મારા આત્મબલિદાન તથા સ્વદેશપ્રેમ આદિને હું સર્વથા તુચ્છ કિંવા નહિવત્ માનવા લાગ્યો. મેં એક અથવા બે એવા તરુણોને પણ જોયા કે જેઓ કેવળ બળ તથા ચારિત્ર્યમાં જ મારા કરતાં ચઢિયાતા હતા, એમ ન હોતું; કારણકે, બળ તથા ચારિત્ર્યમાં ચઢિ-યાતા હોય એવા તો અન્ય અનેક તરુણો હતા; કિન્તુ એઓ તો મારી જે બૌદ્ધિક યોગ્યતાનો મારા અંતઃકરણમાં અતિશય ગર્વ હતો તે બૌદ્ધિક

યોગ્યતાના વિષયમાં પણ મારાપર વર્ચસ્વ ધરાવનારા હતા. પરમાત્માએ મને સંબોધીને કહ્યું કે: “મારી આજ્ઞાથી જે નવીન તથા બલાઢ્ય રાષ્ટ્ર નિર્માણ થઇ રહ્યું છે તે આ છે; અર્થાત્ ભારતવર્ષોદ્ધારિણી નવીન વંશાવલિનો આ તરુણોમાં જ સમાવેશ થયેલો છે. આ તરુણો તારા કરતાં મહત્તર હોવાથી તારે હવે ભયભીત શામાટે થવું જોઇએ? જો અત્યારે તું તટસ્થ રહીશ અથવા આલસ્યને આધીન થઇને નિદ્રાધીન થઇશ, તો પણ જે કાર્ય થવાનું છે તે તો થશે જ. જો તને આવતી કાલે દૂર ખસેડી દેવામાં આવે, તો તારા કાર્યના ભારને પોતાના મસ્તકપર ધારી લેવામાટે જે તરુણો તૈયાર થઇને ઊભા છે તેઓ તારા કાર્યના ભારને પોતાના મસ્તકપર ઊપાડી લેશે અને અત્યાર સુધી એ કાર્ય તેં જેટલા બળથી કર્યું છે તેથી અધિક બળ તથા પ્રભાવપૂર્વક તેઓ તારા કાર્યને સિદ્ધ કરી બતાવશે. આ જાતિ કિંવા રાષ્ટ્રને એક શબ્દ સંભળાવવા-માટેની કેટલીક શક્તિ તેં મારી પાસેથી પ્રાપ્ત કરેલી છે કે જે શક્તિ આ જાતિને જગાડવાના કાર્યમાં સહાયતા કરનારી થઇ પડશે.” પરમેશ્વરે મને જે અન્ય સૂચના આપી તે આ હતી.

એ પછી અચાનક એક એવી ઘટના ઘટી કે જેના પરિણામે મને એક ક્ષણમાત્રમાં જ પાછો તે જૂદી કોટડીના એકાન્તવાસમાં નાખી દેવામાં આવ્યો. મારા એ દ્વિતીય વારના એકાન્તવાસના કાલાવધિમાં મારા સંબંધમાં જે જે ઘટનાઓ ઘટી હતી તે કહેવાની મને પ્રભુની આજ્ઞા નથી. મારાથી જે કાંઈ પણ કહી શકાય તેમ છે તે એ જ કે નિત્યપ્રતિ પરમાત્મા મને પોતાના ચમત્કારોનું દર્શન કરાવતા હતા અને તેમણે હિન્દુધર્મના સત્યનો મને સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવી દીધો હતો. આ અવસરથી પૂર્વે મારા હૃદયમાં અનેક પ્રકારની શંકાઓ રહ્યા કરતી હતી. હું ઇંગ્લૅંડમાં વિદેશી વાતાવરણમાં ઉછરીને મોટો થયો હતો અને તેથી એક સમયમાં હિન્દુધર્મમાંની અનેક વસ્તુઓને કેવળ કલ્પનારૂપ જ માનતો હતો. અર્થાત્ મારી એવી દૃઢ માન્યતા થઇ ગયેલી હતી કે હિન્દુધર્મમાં સ્વપ્નના અંશો અધિક પરિમાણમાં સમાયલાં હતાં અને તેમાં

કેવળ ભ્રાન્તિ તથા માયાનો જ અધિકાર વ્યાપેલો હતો; પરંતુ હવે દિવસાનુદિવસ હું મારા મન, હૃદય તથા શરીરમાં હિન્દુધર્મનાં સત્યોનો સાક્ષાત્કાર કરવા લાગ્યો અને તે સાક્ષાત્કારના યોગે હિન્દુધર્મનાં સત્યો મારામાટે સજીવન અનુભૂતિ સમાન થઇ ગયાં; માત્ર એટલું જ નહિ, પણ જે વસ્તુઓનું જડ વિજ્ઞાનથી કોઈ પણ પ્રકારનું નિરૂપણ કરી શકાતું નથી તે વસ્તુઓ મારા સમક્ષ તેમના યથાર્થ સ્વરૂપમાં પ્રકાશવા લાગી. જે વેળાયે હું પ્રથમ વાર પરમાત્માના નિકટમાં ગયો તે વેળાયે મારો સર્વથા એક ભક્તનો આકાર પણ ન હોતો તેમ જ સર્વથા એક જ્ઞાનીનો અવતાર પણ ન હોતો; અર્થાત્ સ્વદેશીના આરંભથી કેટલાંક વર્ષ પૂર્વે જ્યારે હું વડોદરામાં હતો તે વેળાયે મેં પરમાત્માના શરણને સ્વીકાર્યું હતું અને ત્યાર પછી હું સાર્વજનિક કાર્યના ક્ષેત્રમાં આકર્ષાયો હતો.

જ્યારે હું તે વેળાયે પ્રથમ વાર ભગવાનના નિકટમાં ગયો હતો ત્યારે મારી તેનામાં ભાગ્યે જ દૃઢ શ્રદ્ધા હતી; અર્થાત્ મારી ભગવાનમાં શ્રદ્ધા ન હોતી એમ કહેવામાં પણ અતિશયોક્તિ થવાનો સંભવ નથી; કારણકે, મારા હૃદયમાં યૂરોપના સંશયવાદ, અનીશ્વરવાદ તથા અજ્ઞાનવાદ આદિ વાદોનો અધિકાર વ્યાપેલો હોવાથી ઇશ્વરના અસ્તિત્વના સંબંધમાં હું નિશ્ચયાત્મક હતો જ નહિ. આ કારણથી જો હું પરમાત્માની વિદ્યમાનતાને ન અનુભવી શક્યો હોઉં તો તે સર્વથા સ્વાભાવિક હતું. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ કોઈ એક વસ્તુ મને વેદો, ગીતા તથા હિન્દુધર્મના સત્ય પ્રતિ આકર્ષ્યા કરતી હતી. મને એમ ભાસવા લાગ્યું કે યોગમાં અને જેનો મૂલાધાર વેદાન્ત છે તે ધર્મમાં અવશ્ય ક્યાંક પણ બલિષ્ઠ સત્યનો નિવાસ હોવો જ જોઇએ. આવી માન્યતાથી જ્યારે હું યોગ પ્રતિ વળ્યો અને મેં યોગનો અભ્યાસ કરવા માંડ્યો એટલે પછી તરત જ મારા જાણવામાં આવી ગયું કે મારી તે માન્યતા કિંવા ધારણા સર્વથા સત્ય હતી. મેં આવી પ્રાર્થના સહિત યોગનો આરંભ કર્યો હતો: " હે ભગવન, જો તારૂં અસ્તિત્વ છે, તો તું મારા હૃદયને જાણતો હોવો જ જોઇએ. અર્થાત્

હું મુક્તિને નથી યાચતો તેમ જ અન્ય જનો માગે છે તેવી કોઈ વસ્તુ પણ નથી માગતો એ તું સારી રીતે જાણે છે. હું તારી પાસેથી જે શક્તિના યોગે આ રાષ્ટ્રને ઉન્નત કરી શકાય તે શક્તિની જ યાચના કરી રહ્યો છું. મારી માત્ર એટલી જ યાચના છે કે જે ભારતીય જનતામાં મારો પ્રગાઢ પ્રેમ છે અને જે ભારતીય જાતિના કલ્યાણમાટે મારા જીવનને સમર્પી દેવાનો મેં દૃઢ સંકલ્પ કરી લીધો છે તે ભારતીય જાતિના કાર્યની સિદ્ધિમાટે મને જીવવા દે, મને વિશાળ આયુષ્ય આપ!" યોગની સિદ્ધિને પ્રાપ્ત કરવામાટે મેં દીર્ઘ કાળ પર્યન્ત અવિશ્રાંત પરિશ્રમ કર્યો અને અંતે કેટલીક સીમાપર્યન્ત એ સિદ્ધિ મને પ્રાપ્ત થઈ પણ ખરી; તથાપિ તે સિદ્ધિ એવી અને એટલી ન હોતી કે જે મારામાટે પૂર્ણ સંતોષદાયિની થઈ શકે. ત્યાર પછી કારાગૃહના એકાન્તવાસમાં એટલે કે તે ઐકાન્તિક કક્ષમાં મેં પુનઃ પરમાત્માનાં ચરણોમાં પ્રાર્થના કરતાં કહ્યું કેઃ "હે પરમાત્મન્, મને તારો આદેશ આપ; કારણ કે, શું કાર્ય કરવું અને તે કેવા પ્રકારે કરવું એ હું જાણતો નથી. એટલામાટે મને તું પોતાનો એક સંદેશ આપી દે." એ પછી યોગસમાધિમાં મને બે સંદેશ મળ્યા. તેમાંનો એક સંદેશ એ હતો કેઃ 'મેં તને એક કાર્ય અર્પેલું છે અને તે તને આ ભારતીય જાતિની ઉન્નતિના કાર્યમાં સહાયતા આપશે. આ કારાગૃહના બંધનથી મુક્ત થવાનો તારો સમય નિકટમાં આવી લાગ્યો છે; કારણ કે, તું આ વેળાયે અપરાધી સિદ્ધ થાય અથવા તો જેવી રીતે અન્ય જનોનો સમય દેશમાટે સંકટો વેઠવામાં વીતવાનો છે તેવા જ પ્રકારે તારો સમય પણ વીતી જાય એવી મારી ઇચ્છા નથી. મેં કાર્યમાટે તને બોલાવ્યો છે અને મારા જે આદેશની તું યાચના કરી રહ્યો છે તે મારો આદેશ એ જ છે કે તું આગળ વધ અને જે કાર્ય તને સોંપાયલું છે તે કરતો થા." પરમાત્માનો દ્વિતીય સંદેશ એ હતો કેઃ "તારા આ એકાંતવાસના વર્ષમાં તને સત્યાંશનો કેટલીક સીમાપર્યન્ત સાક્ષાત્કાર કરાવવામાં આવ્યો છે; એટલે કે, જેના સંબંધમાં તારા અંતઃકરણમાં અનેક સંશયો રમી રહ્યા હતા તે હિન્દુધર્મના સત્યનો અમુક

અંશે મેં તને પ્રત્યક્ષ પરિચય કરાવ્યો છે. તે એ હિન્દુધર્મ જ છે કે જેને અત્યારે હું વિશ્વ સમક્ષ ઉન્નત કરી રહ્યો છું; તે ધર્મ એ હિન્દુધર્મ જ છે કે જે ધર્મનો મેં ઋષિઓ, સન્તો તથા અવતારોદ્વારા પૂર્ણતા-યુક્ત વિકાસ કરેલો છે અને અત્યારે એ જ ધર્મ સર્વ જાતિઓ કિંવા રાષ્ટ્રોમાં મારા કાર્યને સિદ્ધ કરવામાટે અગ્રેસર થઈ રહ્યો છે. મારા શબ્દના પ્રચારમાટે હું આ ભારતીય જાતિને ઉન્નત તથા જાગ્રત કરી રહ્યો છું. જેનો અર્થ શાશ્વત કિંવા ચિરસ્થાયી ધર્મ થાય છે તે, જે ધર્મના રહસ્યને તું પૂર્વે જાણતો ન હોતો તે અને અત્યારે જેનો મેં તારા સમક્ષ પ્રકાશ કર્યો છે તે આ સનાતન ધર્મ છે. તારા હૃદયમાં વસી રહેલા અજ્ઞાનવાદ તથા સંશયવાદનું તો નિવારણ થઇ ગયું છે; કારણ કે, મેં તને આપેલાં પ્રાકૃતિક કિંવા ભૌતિક તથા અનુભવસિદ્ધ પ્રમાણોથી તારા હૃદયને યથેષ્ટ સંતોષ મળી ચૂક્યો છે. જ્યારે તું પોતાના કાર્યક્ષેત્રમાં અગ્રેસર થાય તે વેળાયે તારી જાતિ કિંવા તારા રાષ્ટ્રને એ જ ઉપદેશ આપતો રહેજે કે: 'તમો સનાતન ધર્મમાટે જાગ્રત થાઓ છો અને તમારા પોતાના કલ્યાણમાટે નહિ કિન્તુ વિશ્વના કલ્યાણમાટે જ જાગી રહ્યા છો. પરમાત્મા વિશ્વની સેવામાટે તમને સ્વતંત્રતા આપી રહ્યા છે. એટલામાટે જ્યારે એમ કહેવામાં આવે કે: 'ભારતદેશનું ઉત્થાન થવાનું છે' ત્યારે એથી એમ જ સમજવું કે સનાતન ધર્મનું જ ઉત્થાન થવાનું છે; જ્યારે એમ વદવામાં આવે કે: 'ભારતદેશ મહાન્ થવાનો છે' ત્યારે એનું તાત્પર્ય એ જ કે: સનાતન ધર્મ જ મહાન્ થવાનો છે; તેમ જ જ્યારે એવું વિધાન કરવામાં આવે કે: 'ભારતદેશની વૃદ્ધિ થવાની છે અને તે પોતે જ પોતાનો વિકાસ કરવાનો છે;' ત્યારે એનો ભાવાર્થ એ જ સમજવો કે: સનાતન ધર્મની વૃદ્ધિ થવાની છે અને સનાતાન ધર્મ પોતે જ સમસ્ત વિશ્વમાં પોતાનો વિકાસ કરવાનો છે. સારાંશ કે, ધર્મના વિકાસને જ આ દેશનો વિકાસ સમજવાનો છે. એ તો મેં તને પ્રત્યક્ષ બતાવી દીધું છે કે હું સર્વ સ્થાનોમાં, સર્વ મનુષ્યોમાં અને સર્વ વસ્તુ-ઓમાં વ્યાપેલો છું; અર્થાત્ નવીનતાથી કહેવાની આવશ્યક્તા નથી કે

આ નવીન ઉદ્યોગ કિંવા પ્રવૃત્તિમાં પણ મારો સંપૂર્ણ નિવાસ છે અને આશ્ચર્ય તો એ છે કે આ દેશના કલ્યાણમાટે જેઓ પરિશ્રમ કરી રહ્યા છે તેમનામાં તો હું કાર્ય કરી જ રહ્યો છું; પરંતુ જેઓ એ દેશહિત-સાધકોના વિરોધીઓ છે અને જેઓ એમના દેશકલ્યાણના માર્ગમાં વિઘ્ન-રૂપ થઇને ઊભા રહે છે તેમનામાં પણ હું જ કાર્ય કરી રહ્યો છું. હું પ્રત્યેક વ્યક્તિમાં કાર્ય કરી રહ્યો છું; કારણ કે, સર્વ કાર્યસાધકો અને તેમના વિરોધીઓ પોતાના વિચાર તથા આચારથી કેવળ મારા ઉદ્દેશને જ સહાયતા આપી રહ્યા છે. અર્થાત્ કાર્યના વિરોધીઓ પણ મારૂં જ કાર્ય કરી રહ્યા છે; કારણ કે, તેઓ મારા શત્રુ નથી; કિન્તુ તેઓ મારાં હથિયાર છે. તમારાં સર્વ કર્મોમાં તમો પોતે કયા માર્ગમાં જાઓ છો એ જાણ્યા વિના જ આગળ અને આગળ વધતા રહો છો. તમારી ઇચ્છા એક કાર્ય કરવાની હોય છે અને તમારા હસ્તથી બીજું જ કાર્ય થઇ જાય છે. તમારો પ્રયત્ન અમુક એક વિશિષ્ટ પરિણામને મેળવવાનો હોય છે અને તમારા તે પ્રયત્નનું તમારી ધારણાથી ભિન્ન બીજું જ પરિ-ણામ આવીને ઊભું રહે છેઃ માત્ર એટલું જ નહિ, પણ તે પરિણામ કેટલીક વાર તો તમારી પોતાની ધારણાથી સર્વથા વિરુદ્ધ કિંવા વિપરીત પણ હોય છે. આ સર્વ ઘટનાઓ એ જ દર્શાવે છે કે મનુષ્યોની નહિ, કિન્તુ મારી ધારણા જ પાર પડે છે. મારી શક્તિ ક્યારની પ્રયાણ કરી ચૂકી છે અને ભારતીય જાતિમાં તેનો પ્રવેશ થઇ ચૂક્યો છે. ભારતવ-ર્ષની આ જાગ્રતિની હું દીર્ઘ કાળથી તૈયારી કર્યા કરતો હતો અને તે જાગ્રતિનો અવસર હવે આવી લાગ્યો છે. અર્થાત્ આ પ્રવૃત્તિને તેની સિદ્ધિના પ્રદેશમાં હું જ પહોંચાડવાનો છું."

મારે તમોને પરમાત્માનો જે શબ્દ કિંવા સંદેશ સંભળાવવાનો હતો તે આ છે. તમારી સભાનું નામ 'ધર્મરક્ષિણી સભા' છે અને અત્યારે આપણા સમક્ષ જે કાર્ય આવીને ઉપસ્થિત થયેલું છે તે ધર્મ-રક્ષણનું કાર્ય છે, સમસ્ત વિશ્વસમક્ષ હિન્દુધર્મના રક્ષણ તથા અભ્યુ-ત્થાનનું કાર્ય છે. પરંતુ **હિન્દુધર્મ શું છે વારૂ? અર્થાત્ આપણે જેને**

સનાતન **ધ**ર્મના નામથી ઓળખીએ છીએ તે **સ**નાતન **ધ**ર્મ એટલે શું? આ પ્રશ્નનું ઉત્તર એ જ છે કે હિન્દુજાતિએ એ ધર્મને ધારણ કરેલો છે, આપણા આ **ભ**રતખંડના હિમાલય આદિ પર્વતો તથા સમુદ્રના એકાન્તવાસમાં એ ધર્મની અભિવૃદ્ધિ થયેલી છે અને આપણી આ પવિત્રતમ તથા પ્રાચીનતમ ભૂમિમાં **આ**ર્યજાતિને એ ધર્મ યુગયુગમાં તેની રક્ષામાટે સોંપાયલો છે એટલામાટે જ એ ધર્મ હિન્દુધર્મના નામથી ઓળખાય છે. આમ હોવા છતાં પણ એ ધર્મ એક વિશિષ્ટ દેશની સીમામાં બદ્ધ થયેલો નથી અને એ ધર્મે સદાને માટે વિશ્વના એક અમુક સીમાબદ્ધ વિભાગના આધિપત્યને સ્વીકારી લીધો નથી, એ અવશ્ય લક્ષમાં રાખવાનું છે. સારાંશ કે, આપણે જે ધર્મને હિન્દુધર્મના નામથી ઓળખીએ છીએ તે વસ્તુતઃ **સ**નાતન **ધ**ર્મ છે; કારણ કે, તે વિશ્વવ્યાપક કિંવા વિશ્વમાન્ય ધર્મ હોવાથી અન્ય સર્વને આલિંગન કરે છે. જો કોઈ એક ધર્મ સાર્વભૌમ કિંવા વિશ્વવ્યાપક ન હોય, તો તે ધર્મ કદાપિ **સ**નાતન થઇ શકતો નથી. કોઇ પણ સંકુચિત ધર્મ, સાંપ્રદાયિક ધર્મ અને પોતામાંથી અન્ય સર્વને વર્જ્ય કરનારો ધર્મ અમુક વિશિષ્ટ કાળ પર્યન્ત અને અમુક એક સીમાબદ્ધ વિશિષ્ટ ઉદ્દેશમાટે જ જીવી શકે છે. અર્થાત્ એવો જો કોઇ પણ ધર્મ હોય તો તે **સ**નાતનધર્મ જ છે કે જે ધર્મ સર્વ વૈજ્ઞાનિક શોધો તથા તાત્ત્વિક તર્કોનો પોતામાં સમાવેશ કરીને તેમ જ તેમનો અગ્રગામી થઇને જડવાદપર પોતાના વિજયને સ્થાપી શકે છે. તે એક **સ**નાતન **ધ**ર્મ જ છે કે જે **પ**રમેશ્વરનો આપણીસાથે કેટલો નિકટતમ સંબંધ છે એ તત્ત્વને માનવજાતિના હૃદયમાં સ્થાપી દે છે અને **પ**રમેશ્વરપ્રાપ્તિનાં સર્વ સંભવનીય સાધનોને પોતાના પરિધિમાં દૃઢ આલિંગન આપે છે. તે ધર્મ માત્ર એ એક જ છે કે જે '**પ**રમાત્માનો સર્વ મનુષ્યોમાં તથા સર્વ વસ્તુઓમાં નિવાસ છે અને આપણે **પ**રમાત્મામાં જ વિચરીએ છીએ તથા **પ**રમાત્મામાં જ અસ્તિત્વ ધરાવીએ છીએ' એ સર્વ ધર્મોએ સ્વીકારેલા સર્વમાન્ય સત્યમાં પ્રતિક્ષણ આગ્રહ દર્શાવે છે. તે ધર્મ એ એક જ છે કે જે આપણને એ સત્યને માન-

વાની તથા સમજવાની યોગ્યતા સમર્પવા ઉપરાંત આપણા અસ્તિત્વના પ્રત્યેક અંશમાં એ સત્યને અનુભવવાનું સામર્થ્ય પણ સમર્પી દે છે. તે ધર્મ કેવળ એ એક જ ધર્મ છે કે જે આ વિશ્વ શી વસ્તુ છે, એટલે કે, આ વિશ્વ વાસુદેવની લીલા છે, એ તત્ત્વનો વિશ્વસમક્ષ પ્રકાશ કરે છે. તે ધર્મ તે આ એક જ ધર્મ છે કે જે વાસુદેવની એ લીલામાં આપણે આપણી પોતાની ભૂમિકા ઉત્કૃષ્ટતાથી કેવી રીતે ભજવી શકીએ એ આપણને દેખાડે છે અને તેના ઉત્તમોત્તમ તથા સૂક્ષ્મતમ નિયમો આપણને બતાવી દે છે. તે ધર્મ કેવળ એ જ છે કે જે લઘુતમ વિષયમાં પણ જીવનને ધર્મથી વિભક્ત નથી કરતો, અમરતા શી વસ્તુ છે એ તત્ત્વને જે સારી રીતે જાણે છે અને જેણે મૃત્યુની વાસ્તવિકતાને આપણા હૃદયમાંથી સર્વથા દૂર કરી દીધી છે.

જે શબ્દ તમારા સમક્ષ વ્યક્ત કરવામાટે મારા મુખમાં મૂકાયલો છે તે આ છે. જે કાંઇ પણ બોલવાની મારી ઇચ્છા હતી તે હું બોલી ચૂક્યો છું અને વ્યક્ત કરવામાટે મને જે કાંઇ અર્પાયલું છે તેથી વિશેષ મારે કાંઈપણ બોલવાનું છે જ નહિ. જે વાણી મારે તમને સંભળાવવાની હતી તે સમાપ્ત થઈ છે. અતઃપૂર્વ એક વાર મારા આભ્યંતર બળપૂર્વક મેં એ શબ્દો ઉચ્ચાર્યા હતા કે આ પ્રવૃત્તિ કિંવા ઉદ્યોગ રાજનૈતિક નથી અને રાષ્ટ્રીયતા કિંવા જાતીયતા રાજનીતિ નથી, કિન્તુ તે એક ધર્મ છે, એક સંપ્રદાય છે કિવા એક માન્યતા છે. તે જ શબ્દોનો આજે હું પુનઃ ઉચ્ચાર કરૂં છું; પરંતુ આજના મારા તે શબ્દોનું સ્વરૂપ અન્ય પ્રકારનું છે. હવે હું એમ નથી કહેતો કે રાષ્ટ્રીયતા કિંવા જાતીયતા એક ધર્મ છે, એક સંપ્રદાય છે કિવા એક માન્યતા અથવા મત છે; કિન્તુ હવે મારૂં એ કથન છે કે રાષ્ટ્રીયતા કિંવા જાતીયતામાં **સનાતન ધર્મ**નો નિવાસ હોવાથી **સનાતન ધર્મ** જ આપણામાટે રાષ્ટ્રધર્મ કિંવા જાતિધર્મ છે. આપણી આ **હિન્દુજાતિ**નો જન્મ **સનાતન ધર્મ** સહિત થયેલો છે, આપણી **હિન્દુજાતિ સનાતન ધર્મ** સાથે જ સંચરે છે અને **સનાતન ધર્મ**ના સહવાસથી જ આપણી **હિન્દુજાતિ**ની વૃદ્ધિ થાય છે.

જ્યારે સનાતન ધર્મનો અસ્ત થાય છે ત્યારે રાષ્ટ્ર અથવા જાતિ પણ અસ્તંગત થઇ જાય છે તેમ જ જો સનાતન ધર્મના નાશનો સંભવ હોય, તો તેની સાથે રાષ્ટ્ર કિંવા જાતિનો નાશ પણ અવસ્યંભાવી હોય છે. સારાંશ કે, **સનાતન ધર્મ જ રાષ્ટ્રીયતા કિંવા જાતીયતા છે** અને જે સંદેશ મારે તમને સંભળાવવાનો છે તે એ જ છે.*

---

* "શ્રી **અરવિન્દ ઘોષ** રચિત કારાવાસની કહાણી, વ્યાખ્યાનો, પત્રો અને લેખો" નામક ગુજરાતી ભાષામાં લખાયલો જે લઘુ ગ્રંથ '**રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય**' (અમદાવાદ) તરફથી રા. ઈન્દુલાલ **કનૈયાલાલ યાજ્ઞિકે** પ્રકાશિત કરેલો છે અને જેના અનુવાદક રા. **નવલરામ જ. ત્રિવેદી** છે તે લઘુ ગ્રંથમાં શ્રી **અરવિન્દ ઘોષના** આ 'ઉત્તરપાડા વ્યાખ્યાન'નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે અને એ લઘુ ગ્રંથની તૃતીય આવૃત્તિની અનુક્રમણિકામાં લખવામાં આવ્યું છે કે: "આ વ્યાખ્યાનો સુધારા વધારા કરી સંપૂર્ણ બનાવ્યાં છે." (અહીં વ્યાખ્યાનો એટલે આ 'ઉત્તરપાડા વ્યાખ્યાન તથા શ્રી **અરવિન્દ ઘોષે** મુંબઇમાં આપેલું વ્યાખ્યાન એવી રીતે બે વ્યાખ્યાનો સમજવાનાં છે.) અર્થાત્ અનુવાદકના પોતાના કથનથી એ તો સિદ્ધ જ છે કે એ ગ્રંથની પ્રથમ તથા દ્વિતીય આવૃત્તિમાં એ ઉભય વ્યાખ્યાનોના ગુજરાતી અનુવાદો અપૂર્ણ જ અપાયલા હતા. એ ગ્રંથના અનુવાદક રા. **નવલરામ જ. ત્રિવેદી** એક ગ્રૅજ્યૂએટ્ (બી. એ.) હોવા છતાં; માત્ર એટલું જ નહિ, પણ એ ગ્રંથના પ્રકાશક રા. ઇન્દુલાલ **કનૈયાલાલ યાજ્ઞિક** પણ ગ્રૅજ્યૂએટ હોવા છતાં જ્યારે એ ગ્રંથની પ્રથમ આવૃત્તિમાં મેં શ્રી **અરવિન્દ ઘોષનાં** ઉપર્યુક્ત બે વ્યાખ્યાનોને અપૂર્ણ રૂપમાં જોયાં હતાં ત્યારે મારા મનમાં પણ આશ્ચર્ય થયું હતું અને 'આનું કારણ શું હોવું જોઇએ?' એવો સ્વાભાવિક પ્રશ્ન પણ ઉદ્ભવ્યો હતો. એના કારણને શોધતાં જે કારણ જણાયું તે એ હતું કે, પંડિત **ઝાબરમલ્લ શર્માએ** હિન્દી ભાષામાં શ્રી **અરવિન્દ ઘોષનાં** કેટલાંક વ્યાખ્યાનો તથા લેખોનો અનુવાદ કરીને તેમના સંક્ષિપ્ત ચારિત્ર સહિત જે '**શ્રી અરવિન્દ ચરિત**' નામક

લઘુ ગ્રંથ કલકત્તાની 'રાજસ્થાન એજન્સી'દ્વારા પ્રકાશિત કરાવ્યો છે તેમાં એ બન્ને વ્યાખ્યાનો ટૂંકા કરી નાખીને લેવામાં આવ્યાં છે અને રા. નવલરામ જ. ત્રિવેદીએ એ બે વ્યાખ્યાનોના હિન્દી અનુવાદોના જ ગુજરાતી અનુવાદો કરી નાખેલા હોવાથી અને તેમને મૂળ વ્યાખ્યાનો સાથે મેળવી લેવાનો પરિશ્રમ પણ ન લીધેલો હોવાથી આ પરિણામ આવ્યું હતું. પોતાની એ ભૂલને તેમણે પછીથી સુધારી લીધી છે એમાટે જો કે તેમને ધન્યવાદ ઘટે છે; તથાપિ એથી એટલું તો અવશ્ય સિદ્ધ થાય છે કે રા. નવલરામ જ. ત્રિવેદીએ શ્રી અરવિન્દ ઘોષનાં વ્યાખ્યાનો તથા લેખોનો તેમના એક અનુવાદક તરીકે જેટલો અભ્યાસ કરવો જોઇએ તેટલો અભ્યાસ તો નથી જ કર્યો, નહિ તો એ બે વ્યાખ્યાનોના હિન્દી અનુવાદો અપૂર્ણ હતા એ ભેદ તેમના જાણવામાં આવ્યા વિના રહેત નહિ. આજકાલના કેટલાક ગુજરાતી ગ્રૅજ્યૂએટો પણ પોતાના પરિશ્રમને ન્યૂન કરી નાખવામાટે કિંવા અન્ય કોઇ કારણવશાત્ પોતે આંગ્લભાષાભિજ્ઞ હોવા છતાં પણ આટલી સીમા પર્યન્ત પરાવલંબી થઇ જાય છે એ આશ્ચર્યનો વિષય નથી કે શું ?

અનુવાદક

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ--વિશ્વવિચાર

સપ્તમ દલ—પ્રાસ્તાવિક વિચારો

પ્રાસ્તાવિક વિચારો

૧ શૃંખલા

સમસ્ત વિશ્વ નિરંતર સ્વતંત્રતા, સ્વાધીનતા કિંવા મુક્ત અવસ્થાને મેળવવામાટે જ આતુર રહ્યા કરે છે અને તેમ છતાં પ્રત્યેક પ્રાણીનો પોતાને સ્વતંત્રતાથી દૂર રાખનારી પોતાની શૃંખલાઓમાં અનન્ય અનુરાગ રહેલો હોય છે; આ આપણી પ્રકૃતિ કિંવા આપણા સ્વભાવની સર્વથા પ્રથમ વિરુદ્ધતા તથા જે કદાપિ ન છૂટી શકે તેવી મજબૂત ગાંઠ છે.

મનુષ્ય જન્મબંધનના અનુરાગમાં જકડાયલો છે અને તેટલામાટે જ તે જન્મના નિરંતર સહચર મૃત્યુના જાળમાં સપડાય છે. આવી શૃંખલાઓમાં બંધાયલો કિંવા જકડાયલો હોવા છતાં મનુષ્ય પોતાના અસ્તિત્વની સ્વતંત્રતા તથા પોતાની પૂર્ણતાની આકાંક્ષા ધરાવે છે.

મનુષ્યનો શક્તિમાં અનુરાગ હોવાથી તે નિર્બળતાનો ભોગ થાય છે; કારણ કે, આ વિશ્વ શક્તિની લહરીઓવડે વ્યાપ્ત એક મહાસાગર હોવાથી તેમાં શક્તિની લહરીઓ પરસ્પર મળે છે અને નિરંતર એકબીજાપર પછડાતી રહે છે અને તેટલામાટે જે કોઈ એ લહરીઓમાંની એક લહરીના શિખરપર આરોહણ કરે છે તેને અન્ય શતાવધિ લહરીઓના આઘાતથી અવશ્ય મૂર્છિત થવું જ પડે છે.

મનુષ્યનો સુખ તથા આનન્દમાં સ્વાભાવિક અનુરાગ હોવાથી તેને દુઃખ તથા શોકના દાસત્વને અવશ્ય સ્વીકારવું જ પડે છે; કારણ કે, વિશુદ્ધ કિંવા નિર્વિકાર આનન્દ તો કેવળ મુક્ત તથા નિર્વિકાર આત્મામાટે જ સૃજાયલો છે. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં જે મનુષ્યમાં સુખને મેળવવાનો પ્રયત્ન કરે છે તે કેવળ દુઃખને જ ભોગવતી અને પોતાના ઉદ્યોગદ્વારા દુઃખને બળાત્કારે દમવા ઇચ્છતી કાર્યકારિણી શક્તિ છે.

મનુષ્ય નિરંતર શાન્તિમાટે ક્ષુધાતુર રહ્યા કરે છે; પરંતુ એ શાન્તિ વિષયક ક્ષુધા સાથે અવિશ્રાંત મન તથા વિક્ષુબ્ધ હૃદયના અનુભવોને મેળવવાની તેની પિપાસા પણ અવિચળ હોય છે. આ કારણથી ભોગ-

વિલાસ તેના મનને જ્વર સમાન ભાસે છે અને શાન્તિમાં તેને જડતા તથા વિરક્તિકારક એક ભાવનો સાક્ષાત્કાર થયા કરે છે.

મનુષ્ય પોતાના શારીરિક વ્યક્તિત્વની સીમાઓ સાથેના અનુરાગ કિંવા પ્રેમમાં લપટાયલો હોવા છતાં પોતાના અનન્ત મન તથા અમર કિંવા શાશ્વત આત્માના સ્વાતંત્ર્ય કિંવા મોક્ષને મેળવવાની આકાંક્ષા રાખે છે, એ આશ્ચર્ય નથી કે શું ?

આવા પ્રકારના વિરોધોના પરિણામે મનુષ્યમાં એક પ્રકારના વિલક્ષણ આકર્ષણનો ઉદ્‌ભવ થાય છે અને એ વિરોધો તેના માનસિક વ્યક્તિત્વમાટે જીવનના એક એવા આકારને નિર્માણ કરી દે છે કે તેના યોગે કેવળ જીવનદાયક અમૃત જ નહિ, કિન્તુ પ્રાણહારક હલાહલ પણ તેની સ્વાદ વિષયક આસક્તિ તથા કૌતૂહલનું આકર્ષણ કર્યા કરે છે.

આ સર્વ વસ્તુઓમાં એક અર્થ સમાયલો છે અને આ સવ વિરોધોમાં મુક્તિનો સમાવેશ થયેલો છે; કારણ કે, પ્રકૃતિએ પોતાનાં મિશ્રણોના ઉન્માદમાં એક વિશિષ્ટ પદ્ધતિ કિંવા વ્યવસ્થા રાખેલી છે અને પોતાના કદાપિ ન છૂટી શકે તેવા ગ્રંથિઓને છોડવામાટેનો એક ઉપાય પણ રાખ્યો છે.

મૃત્યુ એક પ્રશ્ન છે કે જેને પ્રકૃતિ જીવન સમક્ષ નિરંતર રજૂ કર્યા કરે છે અને મનુષ્ય અદ્યાપિ પોતાની અમરતાને પ્રાપ્ત કરી શક્યો નથી એ ઘટનાનું જો કોઇ પણ સ્મારક હોય તો તે મૃત્યુ જ છે. જો મૃત્યુનો અંત ન જ હોય, તો નો સર્વ જીવો અપૂર્ણ જીવનના રૂપમાં ચિરકાળ બંધાયલા રહે, એ સ્વાભાવિક છે; પરંતુ વસ્તુસ્થિતિ એથી સર્વથા ભિન્ન પ્રકારની હોવાથી મૃત્યુવડે ઘેરાયલા મનુષ્યના મનમાં સંપૂર્ણ કિંવા ચિરજીવન વિષયક ભાવના જાગ્રત થાય છે અને તેથી એ ચિર કિંવા શાશ્વત જીવનનાં સાધનો તથા શક્યતાઓને તે શોધવા માંડે છે.

આપણે જેમના યોગે પોતાને ગૌરવશાળી માનીએ છીએ તે આપણી બલાઢ્યતાઓ, કાર્યકારિણી શક્તિઓ તથા મહત્તાઓ સમક્ષ નિર્બળતા કિંવા અશક્તતા પણ એ જ પરીક્ષા તથા પ્રશ્નને ઉપસ્થિત

કરે છે. શક્તિ જીવનનો ખેલ છે, જીવનના પરિમાણને દર્શાવનારી છે તથા તેના પ્રકાશના મૂલ્યને આંકનારી છે અને નિર્બળતા, દુર્બળતા કિંવા અશક્તતા મૃત્યુની ક્રીડા છે, જીવનની સર્વ ગતિઓમાં તેની પાછળ દોડનારી છે અને તેની પ્રાપ્ત કરેલી શક્તિની સીમાને સંકુચિત કરી નાખનારી છે.

દુ:ખ તથા શોક આત્માને એ વસ્તુસ્થિતિનું સ્મરણ કરાવનારાં પ્રકૃતિનાં કાર્યો છે કે આત્મા અત્યારે જે સુખ કિંવા આનન્દને ભોગવી રહ્યો છે તે અસ્તિત્વના વાસ્તવિક આનન્દનું એક અંધુક સૂચનમાત્ર છે. આપણા શરીરનાં પ્રત્યેક દુ:ખ તથા યંત્રણામાં જેની સાથે સરખાવતાં આપણા મહત્તમ આનન્દો પણ દીપકની વાયુના આઘાતથી કંપતી એક મંદતમ જ્યોતિ સમાન દેખાવાનો સંભવ છે તેવા એક અસીમ આનન્દની જ્વાલાના રહસ્યનો નિવાસ છે. આપણું નિર્બળ કિંવા અશક્ત મન આપણામાંનાં જીવનનાં જે ભયંકર અનુભવો, યંત્રણાઓ અને કઠોર પરીક્ષાઓ પ્રતિ ઘૃણા દર્શાવે છે તથા જેમને વર્જ્ય કરે છે, તે જીવનનાં ભયંકર અનુભવો, યંત્રણાઓ તથા કઠોર પરીક્ષાઓ વિષયક આકર્ષણને એ રહસ્ય આત્મામાટે નિર્માણ કરે છે.

આપણા કાર્યતત્પર શરીર તથા તેનાં સાધનોની અવિશ્રાંતતા તથા અકાલ ક્ષીણતા પ્રકૃતિની એ અર્થને દર્શાવનારી સૂચના છે કે આપણી જો કોઇ પણ મૌલિકતા હોય તો તે શાંતિ જ છે અને ઉત્તેજના આત્માનો એક રોગ છે; તેમ જ કેવળ શાંતિની કિંવા કર્મહીનતાની વંધ્યતા કિંવા નિષ્ફળતા તથા વિરક્તિકારક સમસ્વરતા પ્રકૃતિના એ ભાવને દર્શાવે છે કે કર્મોની ક્રીડા આપણી તે મૌલિકતાના દ્રઢ આધારપર જ થવી જોઇએ, એ વસ્તુને પ્રકૃતિ આપણી પાસેથી ઇચ્છે છે. ઇશ્વર નિરંતર ક્રીડામગ્ન રહ્યા કરે છે અને તેના એ કાર્યમાં કોઇ કશી પણ બાધા નાખી શકતું નથી.

શરીરનાં સીમાબંધનો એક મૂસ સમાન છે; આત્મા તથા મન તેમાં પોતાને ધાતુરસરૂપ કરીને રેડે છે, તે સીમાબંધનોને તોડી નાખે છે અને વિશાળ સ્વરૂપમાં તેમને વારંવાર જ્યાં સુધી આ શાન્ત જગત્

તથા તેમની પોતાની અનન્તતા વચ્ચે સમભાવનું સૂત્ર ઉત્પન્ન થઇ જાય ત્યાં સૂધી પુનઃ પુનઃ ઢાળતાં રહે છે.

સમસ્ત પ્રકૃતિની જે ગુપ્ત સ્વામિની છે તે પોતાની અસીમ એકતામાં સ્વતંત્રતા, સ્વાધીનતા કિંવા મુક્તિને અનુભવવી એ જ મનુષ્યનો સ્વભાવ છે, મનુષ્યનો નિયમ છે; અને દાસત્વ મનુષ્યમાં વસતા પ્રેમનો સ્વભાવ કિંવા નિયમ છે કે જે અનેકતામાં પોતાના અન્ય વિભાગોની ક્રીડાના દાસત્વ-માટે પોતે પોતાને પોતાની ઇચ્છાથી જ સમર્પી દે છે.

જ્યારે એ સ્વતંત્રતા શૃંખલાબદ્ધ થઇને કાર્ય કરવા માંડે છે અને દાસત્વ પ્રેમનું નહિ, કિન્તુ બળાત્કારનું નિયમન થઇ જાય છે, તે વેળાયે વસ્તુઓની સ્વાભાવિકતા અસ્વાભાવિકતાના રૂપમાં પરિણત થાય છે અને અસ્તિત્વસાથેના આત્માના વ્યાપાર કિંવા વ્યવહારપર અસત્ય પોતાની સત્તા ચલાવવા માંડે છે.

પ્રકૃતિ એ અસ્વાભાવિકતાથી જ પોતાના કાર્યનું મંગળાચરણ કરે છે અને જ્યાં સૂધી એ અસ્વાભાવિકતાને સ્વાભાવિકતાના રૂપમાં પોતે પરિણત ન કરે ત્યાં સૂધી સર્વ સંમિશ્રણોની સાથે ક્રીડા કરતી રહે છે. ત્યાર પછી તે પ્રકૃતિ એ સર્વ સમિશ્રણોના નિષ્કર્ષને સ્નેહ તથા સ્વતંત્રાના એક નવીન અને અલૌકિક એકતારૂપ પાત્રમાં એકત્ર કરે છે.

નિઃસીમ એકતાવડે સ્વતંત્રતાનો આવિર્ભાવ થાય છેઃ કારણ કે, આપણું વાસ્તવિક વ્યક્તિત્વ કિંવા અસ્તિત્વ એ જ છે. એ એકતાનો નિષ્કર્ષ આપણને આપણા પોતામાં જ મળે તેમ છે અને અન્ય વ્યક્તિઓ સાથેની એકતામાં જ આપણે એનો સાક્ષાત્કાર કરી શકીએ તેમ છીએ. દ્વિગુણ અનુભવ એ જ પ્રકૃતિમાં વસતા આત્માનો સંપૂર્ણ મનોભાવ છે.

આપણા પોતામાં અનન્ત એકતાનો સાક્ષાત્કાર કર્યા પછી પોતાનું વિશ્વના હસ્તમાં સમર્પણ કરી દેવું એ જ સંપૂણ સ્વતંત્રતા છે અને એ જ સર્વથા સ્વાધીન સામ્રાજ્ય છે.

આપણે અનન્ત થતાં મૃત્યુથી સર્વથા મુક્ત થઇ જઇએ છીએ; કારણ કે, તે વેળાયે જીવન આપણા શાશ્વત અસ્તિત્વની એક ક્રીડા

થઈ જાય છે. આપણે સમસ્ત સમુદ્ર હોઇને તેના તરંગોના અસંખ્ય આઘાતોને ઉપભોગતા હોવાથી સર્વ નિર્બળતાથી મુક્ત થઇએ છીએ. આપણા વ્યક્તિત્વ કિંવા અસ્તિત્વને જે સર્વ વસ્તુઓનો સ્પર્શ થાય છે તેમની સાથે આપણા અસ્તિત્વની એકતા કેવી રીતે કરી નાખવી અને સર્વ વસ્તુઓમાં અસ્તિત્વના આનન્દની ક્રિયા તથા પ્રતિક્રિયાનો કેવી રીતે સાક્ષાત્કાર કરવો એ સર્વ આપણે શીખેલા હોવાથી આપણે દુઃખ તથા શોકથી મુક્ત થઇએ છીએ. આપણો દેહ અનન્ત મનની ક્રીડાનો એક પદાર્થ થયેલો હોવાથી અને અમર આત્માની ઇચ્છાને આધીન થતાં શીખેલો હોવાથી આપણે કોઈ પણ પ્રકારની સીમાના બંધનથી સર્વથા મુક્ત થઇએ છીએ. આપણે નિર્બળ મન તથા દુર્બળ હૃદયના જ્વર-વિકારથી મુક્ત હોવા છતાં સ્થાવરત્વ કિંવા અચલત્વના બંધનમાં બંધાયલા નથી એ પણ અહીં વિશિષ્ટતાપૂર્વક લક્ષમાં રાખી લેવાનું છે.

અમરતા, એકતા અને સ્વતંત્રતા કિંવા મુક્તિનો આપણા પોતામાં જ નિવાસ છે અને તેઓ આપણા શોધની જ પ્રતીક્ષા કરી રહી છે; પરંતુ સ્નેહના આનન્દમાટે આપણામાં ઇશ્વર હજી અનેકરૂપે જ રહેવાનો છે.

૨ અન્તિમ ધ્યેય

જ્યારે આપણે જાણવાના પ્રદેશને ઓળંગી જઇશું ત્યારે જ આપણને જ્ઞાનની પ્રાપ્તિ થશે. બુદ્ધિ જાણવાના પ્રદેશમાં આપણી સહાયિકા હોય છે; પરંતુ તે જ બુદ્ધિ જ્ઞાનના પ્રદેશમાં બંધન કિંવા વિઘ્નરૂપ થઈ પડે છે.

જ્યારે આપણે ઇચ્છવાની કિંવા વાસનાની સીમાનું ઉલ્લંઘન કરી જઇશું; ત્યારે જ આપણે શક્તિના સંપાદક થઇશું. વાસનાપૂર્તિના સમયમાં પ્રયત્ન સહાયક હોય છે; પરંતુ ત્યાર પછી તે વિઘ્નરૂપ કિંવા અવરોધરૂપ થઈ પડે છે.

જ્યારે આપણે ભોગોની સીમાનો અતિક્રમ કરી જઇશું, ત્યારે જ આપણે અવિચલ આનન્દના અધિકારી થઇશું. ભોગપ્રાપ્તિના સમયમાં વાસના સહાયિકા હોય છે; પરંતુ સત્ય આનન્દની પ્રાપ્તિમાં તે બાધારૂપિણી થઇ પડે છે.

જ્યારે આપણે મનુષ્યત્વની સીમાથી બહિર્ગત થઇશું ત્યારે જ આપણે વાસ્તવિક મનુષ્યના પદને પ્રાપ્ત કરી શકીશું. મનુષ્યત્વની સિદ્ધિમાં પ્રાણી સહાયક હોય છે અને ત્યારપછી તે અવરોધરૂપ થઇ પડે છે.

જ્યારે આપણે વિભક્તીકરણની સીમાને ઓળંગીને આગળ વધીશું ત્યારે જ આપણે વાસ્તવિક પુરુષની પદવીપર આરૂઢ થઇશું. વિભક્તીકરણમાં અહંભાવ સહાયક હોય છે અને ત્યાર પછીની અવસ્થામાં તે પ્રત્યવાયરૂપ થઇ પડે છે.

બુદ્ધિનું સુવ્યવસ્થિત સ્વતઃસિદ્ધ જ્ઞાનમાં રૂપાન્તર કરી નાખ; તું સર્વથા પ્રકાશરૂપ થઇ જા. એ જ તારૂં **અન્તિમ ધ્યેય** છે.

પ્રયત્નનું આત્મશક્તિના સમાન્તર અને પ્રબલ વેગશીલ પ્રવાહના રૂપમાં પરિવર્તન કરી નાખ અને તું પોતે અખંડ આત્મશક્તિરૂપ થઇ જા. એ જ તારૂં **અન્તિમ ધ્યેય છે.**

ભોગનું એકવિધ અને નિર્હેતુક ઉલ્લાસમાં રૂપાન્તર કરી નાખ અને તું પોતે સર્વથા આનન્દરૂપ થઇ જા. એ જ તારૂં **અન્તિમ ધ્યેય છે.**

વિભક્ત વ્યક્તિત્વનું વિશ્વપુરુષતામાં રૂપાન્તર કરી નાખ અને તું પોતે સર્વથા દિવ્યરૂપ થઇ જા. એ જ તારૂં **અન્તિમ ધ્યેય છે.**

પ્રાણિત્વ કિંવા પશુતાનું ગોપાલના સ્વરૂપમાં પરિવર્તન કરી નાખ અને તું પોતે કૃષ્ણ થઇ જા. એ જ તારૂં **અન્તિમ ધ્યેય છે.**

અત્યારે મારાથી જે કાંઇ પણ ન કરી શકાતું હોય તે હું હવે પછી–ભવિષ્યમાં–કરી શકીશ એમ દર્શાવનારૂં ચિહ્ન છે. **અશક્યતા શબ્દ સર્વ** શક્યતાઓના **અર્થ** કિંવા આશયનો બોધક છે; કારણ કે, પ્રારંભમાં આ પાર્થિવ અથવા અનિત્ય વિશ્વ જેને અસંભવનીયતા તથા અશક્યતા

કહેવામાં આવે છે તે જ હતું અને તેટલામાટે જ શાશ્વત પરમાત્માએ એને પોતામાંથી ઉત્પન્ન કર્યું હતું.

અશક્યતા માત્ર અવ્યક્ત-મહત્તર અવ્યક્ત-શક્ય વસ્તુઓનો સરવાળો છે કે જે એક ઉચ્ચતર ભૂમિકા તથા અદ્યાપિ અપરિપૂર્ણ રહેલા પ્રવાસને આચ્છાદિત કરી રાખે છે.

જો પોતાના મનુષ્યત્વને ઉચ્ચતર ભૂમિકામાં લઇ જવાની તારી ઇચ્છા હોય, તો હૃદયમાંથી સર્વ પૂર્વ ભાવનાઓને હાંકી કાઢ અથવા તો તેમના પર પ્રહાર કર. આવી રીતે પ્રહાર થતાં વિચાર જાગ્રત થાય છે અને તે ઉત્પાદક થઇ જાય છે; અન્યથા વિચાર એક જ પ્રકારની ગતિમાં યંત્રવત્ ચાલ્યા કરે છે અને પ્રમાદવશ થઈને તેને જ પોતાની સત્ય ક્રિયા માની લે છે.

પોતાની અક્ષરેખાની આસપાસ નિરંતર ભ્રમણ કર્યા કરવું એ જ માનવ આત્માની એકમાત્ર ગતિ નથી; કિન્તુ કદાપિ મંદ ન થનારી જ્યોતિના પુંજની આસપાસ ચક્રાકાર ભ્રમણ કરવું એ ગતિ પણ તેના માટે નિર્માયલી છે.

પ્રથમ આભ્યંતર જ્ઞાનથી આત્મશુદ્ધ થા અને ત્યાર પછી વિચાર તથા કર્મના માર્ગમાં અગ્રેસર થા. સર્વ સજીવન વિચાર એક નિર્માતું વિશ્વ છે અને સર્વ વાસ્તવિક કર્મ એક વ્યક્ત થયેલો વિચાર છે. દિવ્ય આત્મબોધમાં એક ભાવનાએ ક્રીડાનો આરંભ કરેલો હોવાથી આ જડ વિશ્વ અસ્તિત્વ ધરાવે છે.

અસ્તિત્વ તથા તેના કારણમાટે વિચાર આવશ્યકીય નથી; કારણ કે, તે અમુક સ્થિતિના કિંવા સ્વરૂપના ઉત્પાદનનું એક સાધનમાત્ર છે. હું મારા પોતામાં જે વસ્તુનો સાક્ષાત્કાર કરું છું તે પ્રમાણે જ હું થાઉં છું. વિચાર જે કાંઇ પણ પરામર્શ આપે છે તે સર્વ હું કરી શકું છું અને વિચાર મારામાં જેને વ્યક્ત કરે છે તદનુસાર મારી સ્થિતિ થાય છે. મનુષ્યોની પોતામાં આવા પ્રકારની અવિચલિત અને અખંડ શ્રદ્ધા હોવી જોઈએ; કારણ કે, ઇશ્વરનો તેનામાં નિરંતર નિવાસ છે.

આપણે જે કાંઇ પણ કર્યું હોય તેની વારવાર ઘોષણા કર્યા કરવી એ આપણું કર્તવ્ય નથી; કિન્તુ નવીન અપરોક્ષ અનુભૂતિઓને પ્રાપ્ત કરવી તેમ જ અજ્ઞેય સ્વામિત્વોને મેળવી લેવાં એ જ આપણું કર્તવ્ય છે. કાળ–સમય–, આત્મા અને વિશ્વ આપણને આપણા ક્ષેત્ર તરીકે આપવામાં આવ્યાં છે; દર્શનશક્તિ, આશા તથા ઉત્પાદક કલ્પાશક્તિ એ ક્ષેત્રમાં આપણી ઉદ્બોધિકા તરીકે કાર્ય કરી રહી છે અને ઇચ્છા, વિચાર તથા પરિશ્રમ આપણા એ ક્ષેત્રમાંનાં કર્મણ્ય કિંવા ફલોત્પાદક સાધનો છે.

આપણામાટે અદ્યાપિ જેને પ્રાપ્ત કરવાની આવશ્યકતા હોય એવી સર્વથા નવીન વસ્તુ કઇ છે વારૂ? એવી જો કોઇ પણ વસ્તુ હોય તો તે કેવળ **પ્રેમ** જ છે; કારણ કે, અત્યારસૂધી આપણે માત્ર તિરસ્કાર તથા સ્વાર્થમય પ્રેમનો જ વિકાસ કરેલો છે; જે દ્વિતીય વસ્તુને પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે તે **જ્ઞાન** છે; કારણકે, અદ્યાપિ આપણે કેવળ પ્રમાદ, મિથ્યા જ્ઞાન તથા આત્મવંચના વિના અન્ય કાંઇ પણ પ્રાપ્ત કરી શક્યા નથી; આપણામાટે જે તૃતીય વસ્તુને પ્રાપ્ત કરી લેવાની આવશ્યકતા છે તે વસ્તુ **આનન્દ** છે; કારણ કે, અદ્યાપિ આપણે આપણામાં કેવળ અનિત્ય સુખ, દુઃખ તથા ઉદાસીનતા આદિનું જ લાલન પાલન કરેલું છે; જે ચતુર્થ વસ્તુ આપણામાટે આવશ્યક છે તે વસ્તુ **શક્તિ** છે; કારણ કે, અત્યારસૂધીમાં આપણે કેવળ નિર્બળતા, પ્રયત્ન અને પરાજયાત્મક વિજયની પ્રાપ્તિ કરેલી હોવાથી આપણામાં સત્ય શક્તિનો તો અભાવ જ છે; જે પંચમ વસ્તુને મેળવવાની આવશ્યકતા છે તે વસ્તુ **જીવન** છે; કારણ કે, અત્યારસૂધીમાં આપણે કેવળ જન્મ, વૃદ્ધિ તથા મૃત્યુને જ સંપન્ન કરેલાં છે અને તેથી આપણામાં જો **સત્ય જીવનનો** અભાવ હોય, તો તે એક સ્વાભાવિક ઘટના છે અને એ જ પ્રમાણે આપણને જે ષષ્ઠ વસ્તુને પ્રાપ્ત કરી લેવાની આવશ્યકતા છે તે વસ્તુ **એકતા અથવા ઐક્ય** છે; કારણ કે, અત્યારસૂધીમાં આપણે કેવળ યુદ્ધ તથા બહુવ્યક્તિના ઐક્યહીન સમ્મેલનને જ સંપન્ન કરી શક્યા છીએ

અને તેથી **ઐક્ય**ની આવશ્યકતા આપણામાટે અનિવાર્ય છે.

આ કથાનો સંક્ષિપ્ત સારાંશ એટલો જ છે કે આપણી અત્યારની પ્રતિમાને દિવ્ય મૂર્તિના આકારમાં સર્વથા નવીનતાથી ઘડવાની આવશ્યકતા છે; મનુષ્યત્વનું પરિવર્તન કરીને દેવત્વ કિંવા ઇશ્વરત્વને પ્રાપ્ત કરી લેવાની આવશ્યકતા છે.

૩ વિચારો અને ભાવજ્યોતિઓ

એક વિશિષ્ટ ઇશ્વિરને માનવો અને પોતાને ઇશ્વરના હસ્તના એક યંત્ર તરીકે સ્વીકારવો એ વાર્તાને કેટલાક લોકો સર્વથા મિથ્યા કલ્પનારૂપ જ માને છે અને એમાં સત્યના લવલેશ અંશનો પણ તેમને સાક્ષાત્કાર નથી થતો; પરંતુ મને તો એમ જ દૃષ્ટિગોચર થાય છે કે પ્રત્યેક મનુષ્યનો એક વિશિષ્ટ ઇશ્વર કિંવા ઇષ્ટદેવ હોય છે અને હું પ્રત્યક્ષ જોઉં છું કે ઇશ્વર પરિશ્રમશીલ મનુષ્યના કુદાલનો ઉપયોગ કરે છે અને એક અલ્પવયસ્ક બાળકના મુખ સાથે પોતાના મુખને મેળવીને તેના જેવું તોતડું બોબડું બોલવા મંડી જાય છે (એટલે કે, ઇશ્વર પરિશ્રમશીલ સમક્ષ પરિશ્રમશીલ મજૂર થઈ જાય છે અને બાળક સમક્ષ બાળકના સ્વરૂપને ધારી લે છે).

જે નૌકાભંગના પરિણામે અન્ય સર્વ મનુષ્યો સમુદ્રમાં ડૂબી ગયાં હોય તે નૌકાભંગની ઘટનામાંથી મને જે સર્વથા સુરક્ષિત બહાર કાઢે છે અને મારા જીવનની રક્ષા કરે છે તે જ કેવળ **પરમેશ્વર** છે એમ નથી; કિન્તુ એ નૌકાભંગની આપત્તિના પ્રસંગે અન્ય સર્વ મનુષ્યોને સર્વથા સુરક્ષિત રાખીને તેમનાં જીવનની રક્ષા કરે છે અને મારી સુરક્ષિતતા તથા નિર્ભયતાના અંતિમ સાધનરૂપ કાષ્ઠખંડને મારા હસ્તમાંથી છીનવી લઇને મને અનન્ત સમુદ્રના ગંભીર જળમાં ડૂબાવી દે છે તે પણ **પરમેશ્વર** જ છે.

કેટલીક વાર યંત્રણાભોગ તથા દુઃખભોગના આકર્ષણ સાથે સર-

ખાવતાં મનુષ્યને વિજયનો આનન્દ પણ ન્યૂન કિંવા અલ્પ આકર્ષક ભાસે છે; તથાપિ વધસ્તંભ થવાનો નહિ, કિન્તુ કલ્પવૃક્ષ થવાનો જ વિજય પામતા માનવ આત્માનો ઉદ્દેશ હોવો જોઇએ.

જે આત્માઓ ઉચ્ચતર આકાંક્ષાથી હીન રહે છે અને પ્રોત્સાહિત નથી થતા તેઓ ઇશ્વરના અભાવરૂપ કિંવા ઇશ્વરના નિષ્ફલત્વરૂપ છે; પરંતુ તે આત્માઓ પ્રકૃતિ કિંવા માયાને તેની નિશ્ચલતાને અખંડ રાખવાની અને માયાના સામ્રાજ્યને વિસ્તારવાની ખાત્રી આપતા હોવાથી તેમનાથી માયા સંતુષ્ટ રહે છે અને તેમની સંખ્યાને નિરંતર વૃદ્ધિંગત કરવાને તે પ્રેમપૂર્વક મથતી રહે છે.

જે મનુષ્યો દરિદ્ર, અજ્ઞાનાવૃત્ત, હીનવંશી તથા અસભ્ય હોય છે તેઓ સામાન્ય જનતારૂપ કિંવા નીચ કોટિના મનુષ્યો નથી; કિન્તુ નીચ કોટિના મનુષ્યો તો તે જ છે કે જેઓ ક્ષુદ્રતા તથા અત્યન્ત સામાન્ય મનુષ્યત્વથી જ સંતુષ્ટ રહ્યા કરે છે.

મનુષ્યોને સહાયતા આપો: પરંતુ તેમની શક્તિથી તેમને દરિદ્ર ન કરી નાખો; મનુષ્યોને યોગ્ય માર્ગમાં ચલાવો અને તેમને ઉપદેશ આપો, તથાપિ એમ કરતાં તેમની સ્વાભાવિક કાર્યસૂચકતા તથા મૌલિકતાની કોઇ પણ પ્રકારે ક્ષતિ ન થાય એનું તમારે અવશ્ય લક્ષ રાખવાનું છે. બીજાઓને તમો આનન્દથી પોતામાં સમાવી લ્યો; પરંતુ એના બદલામાં તેમની પ્રકૃતિનું સંપૂર્ણ દેવત્વ કિંવા તેમના સ્વભાવનું સંપૂર્ણ ઇશ્વરત્વ તેમને આપો. જે પુરુષ આવી રીતે અન્ય મનુષ્યોને પોતામાં સમાવીને તેના બદલામાં તેમનું સ્વાભાવિક દેવત્વ તેમને અર્પી શકે છે તે જ માનવસમાજનો સત્ય નેતા કિંવા ગુરુ છે.

ઇશ્વિરે આ વિશ્વને યુદ્ધક્ષેત્ર બનાવ્યું છે અને તેને યુદ્ધાકાંક્ષી યોદ્ધાઓના ભૂમિને કંપાવનારા ચરણનિક્ષેપ તેમ જ મલ્લયુદ્ધ તથા વિવાદ-વિગ્રહાદિના ભયંકર નાદોથી ભરી દીધું છે. તો શું પરમેશ્વરે પોતાની શાન્તિમાટે જે મૂલ્ય નિશ્ચિત કરેલું છે તે મૂલ્ય આપ્યા વિના તમો તેની શાન્તિનું અપહરણ કરશો ?

હે મનુષ્ય, તું સંપૂર્ણ દેખાતી સફળતામાં લેશમાત્ર પણ વિશ્વાસ ન રાખ; પરંતુ સફળતાને પ્રાપ્ત કર્યા છતાં પણ કરવામાટેનાં અનેક કાર્યો અવશિષ્ટ રહેલાં દેખાય ત્યારે જ આનન્દ માન અને તે કાર્યોના ક્ષેત્રમાં આગળ વધ; કારણ કે, વાસ્તવિક પરિપૂર્ણતાની પ્રાપ્તિ પૂર્વે દીર્ઘ પરિશ્રમની આવશ્યકતા હોય છે એ તારે કદાપિ ભૂલી જવાનું નથી.

અમુક એક વિશિષ્ટ ભૂમિકાને અંતિમ ગન્તવ્ય સ્થાન તરીકે માની લેવી અથવા તો કોઈ એક વિશ્રામભૂમિમાં અત્યન્ત દીર્ઘ કાળ પર્યન્ત પડયા રહીને વ્યર્થ કાલક્ષેપ કરવો એના જેવો અન્ય કોઈ પણ વિઘાતક **પ્રમાદ છે જ નહિ.**

જ્યારે પણ કોઈ એક મહાન્ અન્ત તારા જોવામાં આવે ત્યારે તે એક મહાન્ આરંભની સૂચના આપે છે એમ નિશ્ચયપૂર્વક તારે માનવાનું છે. જ્યારે કોઈ એક મહાભયંકર તથા અત્યન્ત દુઃખમય વિનાશ તારા મનને ભયભીત કરી નાખતો હોય તે વેળાયે એ વિનાશને એક વિશાળ તથા મહત્ ઉત્પાદન કિંવા સૃજનના સૂચનરૂપ માનીને પોતાના મનને આશ્વાસન આપતો રહે; કારણ કે, કેવળ શાન્ત અને લઘુ નાદમાં જ ઇશ્વરનો નિવાસ છે એમ નથી; કિન્તુ પાવક તથા ઝંઝાવાતમાં પણ ઈશ્વર વિદ્યમાન છે.

વિનાશ જેટલા પરિમાણમાં ગુરુતર હોય છે તેટલા જ પરિમાણમાં ઉત્પાદનના સંભવોનો માર્ગ મુક્તતર થાય છે, એ સર્વથા નિર્વિવાદ છે; પરંતુ વિનાશ બહુધા દીર્ઘકાલવ્યાપી, મંદગતિથી ચાલનારો તથા પીડાદાયક હોય છે અને ઉત્પાદનક્રિયા પોતાના આગમનમાં વિલંબશીલ હોય છે અથવા તેના વિજયમાં વારંવાર વિઘ્નો પણ આવી પડે છે. ઉત્પાદનના આગમનમાં આવી રીતે દીર્ઘ વિલંબ થતો જોઇને અંધકારમયી રાત્રિ આપણને વારંવાર આવતી દેખાય છે અને દિવસને સૂચવતો અરુણોદય આપણને મિથ્યા પ્રભાત સમાન દેખાવા માંડે છે; તથાપિ **એવી સ્થિતિમાં નિરાશાને આધીન ન થાઓ; નિરંતર જાગ્રત રહો અને પોતાના કાર્યને કર્યા કરો. જેઓ ઉગ્રતાપૂર્વક આશાન્વિત થાય છે તેઓ**

તેટલા જ વેગથી નિરાશાને આધીન થઈ જાય છે; એટલામાટે આશા તથા ભય એ બેમાંની એક પણ વસ્તુને આધીન ન થાઓ; અને ઈશ્વરના ઉદ્દેશમાં દૃઢ વિશ્વાસ રાખો એટલે તમારી ઇચ્છા અવશ્ય સિદ્ધ થશે એ સર્વથા નિઃસંશય તથા નિર્વિવાદ છે.

દિવ્ય કલાભિજ્ઞનો હસ્ત, જાણે તે પોતાની સ્વાભાવિક શક્તિ કિંવા પ્રતિભા તેમ જ પોતાના સાધનના સંબંધમાં સર્વથા અનિશ્ચિત હોયની ! તેવા પ્રકારે કાર્ય કરતો હોય છે. તે પોતાના કાર્યને હસ્તમાં લે છે, તેની પરીક્ષા કરે છે અને તેને મૂકી દે છે; પોતાના કાર્યને તે હસ્તમાં ઉપાડે છે, નાખી દે છે અને પાછું હસ્તમાં ધારણ કરે છે. તે પરિશ્રમ કરે છે, તેમાં તેને નિષ્ફળતા મળે છે; તેને પોતાના કરેલા કાર્યનું સ્વરૂપ વિકૃત દેખાય છે અને તેથી તે તેના ચૂરેચૂરા કરી નાખે છે. અર્થાત્ સર્વ વસ્તુઓ તૈયાર થવા પૂર્વે કેવળ આશ્ચર્યચકિતતા તથા નિરાશાની પરંપરા જ તેના સમક્ષ વર્તમાન રહ્યા કરે છે. જેનું નિર્વાચન કરાયલું હોય છે તેને ત્યાગની ગંભીર ગર્તામાં નાખી દેવામાં આવે છે અને જેનો ત્યાગ કરાયલો હોય છે તે એક અદ્ભુત તથા બૃહત્ પ્રાસાદનો મૂલાધાર પાષાણ થઈ પડે છે. પરંતુ આ સર્વની પાછળ જ્ઞાનનુ એક નિશ્ચિત નેત્ર રહેલું છે કે જે આપણી બુદ્ધિનો તથા એક અનન્ત યોગ્યતાના મંદ સ્મિતનો અતિક્રમ કરી જાય છે.

સમસ્ત કાળ કિંવા અનન્ત કાળ ઈશ્વિર સમક્ષ હોવાથી ઈશ્વિરને નિરંતર ઊતાવળા થવાની આવસ્યકતા હોતી જ નથી. ઇશ્વર પોતાના ઉદ્દેશ તથા સાફલ્યના સંબંધમાં નિશ્ચયાત્મક હોવાથી પોતાના કાર્મને તેની પૂર્તિમાટે જો શતાવધિવાર તોડી નાખવું પડે તો તેની તેને લેશમાત્ર પણ ચિન્તા હોતી નથી. જો આપણો સર્વથી પ્રથમ અને અત્યન્ત આવસ્યક પાઠ હોય તો તે ધૈર્ય છે; એક ભીરુ, સંશયવાદી, શ્રાંત, આલસ્યપૂર્ણ, મહત્ત્વાકાંક્ષાહીન તથા દુર્બલ મનુષ્યની ગતિની નીરસ મન્દતા આપણો શિક્ષણીય પાઠ નથી; એટલે કે, એ મન્દતાને ધૈર્યશીલતા માનવાની નથી. અર્થાત્ જે શાન્તિયુક્ત અને શક્તિસંગ્રાહક ધૈર્ય નિરંતર

જાગ્રત કિંવા સચેત રહે છે અને ભાગ્યપરિવર્તનકારક જે ઘટિકા આવવાની હોય છે તે ઘટિકાના મધુર નાદના શ્રવણમાટે પોતાને તૈયાર કરી રાખે છે તે શાન્તિયુક્ત અને શક્તિસંગ્રાહક ધૈર્યની જ આપણને આવશ્યકતા છે.

પરમેશ્વર પોતાના ઉત્પન્ન કરેલા વિશ્વપર આટલી બધી ક્રૂરતાથી મુદ્દગરના પ્રહારો શામાટે કર્યા કરે છે, વિશ્વને પોતાના ચરણતળે આટલી સીમા પર્યન્ત કેમ ચગદી નાખે છે, લોટની પેઠે શા કારણથી ગુંદી નાખે છે, શોણિતની સરિતામાં શામાટે સ્નાન કરાવે છે અને અગ્નિકુંડના રક્તવર્ણ નરકતાપતુલ્ય તાપમાં શામાટે નાખી દે છે વારૂ ? આવો એક પ્રશ્ન થવાનો સંભવ છે અને એ પ્રશ્નનું ઉત્તર એ છે કે બહુસંખ્ય માનવસમાજ અદ્યાપિ અત્યંત કઠિન, અપક્વ અને નીચ કોટિના મૃત્તિકામિશ્રિત ધાતુ સમાન હોવાથી તેનાપર એ ક્રિયા થવા વિના તે કદાપિ ગળી શકે તેમ નથી તેમ જ આકારને ધારણ કરી શકે તેમ નથી; અર્થાત્ માનવસમાજરૂપ ઇશ્વરની જેવી વસ્તુ છે તેવી જ તેને ઘડવામાટેની ઇશ્વરની પદ્ધતિ છે. સારાંશ કે, માનવસમાજ જ્યારે ઉચ્ચ કોટિના અને વિશુદ્ધ ધાતુના રૂપમાં પરિણત થઈ જશે એટલે તે વેળાએ તેની સાથેનો વ્યવહાર મૃદુતર તથા મધુરતર થશે અને તેની ઉપયુક્તતા પણ અત્યંત ઉચ્ચતર કોટિની તથા સુંદરતર કિંવા અધિક આકર્ષક થઇ પડશે.

ઇશ્વરના સંબંધમાં જે એક અન્ય શંકા ઉપસ્થિત થવાનો સંભવ છે તે શંકા એ છે કે ઇશ્વિરપાસે જ્યારે ચુંટી કાઢવામાટે વસ્તુઓનો અનન્ત ભંડાર ભરેલો છે, તો પછી તેણે જેને સુંદર સ્વરૂપ આપવામાટે આટલા ભીષણ 'પરિશ્રમની આવશ્યકતા છે તેવી વસ્તુને શામાટે શોધી કાઢી અથવા તેવી વસ્તુને નિર્માણ જ શામાટે કરી વારૂ ? એ વસ્તુને શોધી કાઢવાનુ કિંવા નિર્માણ કરવાનું કારણ તેનો દિવ્ય ભાવ છે; કારણ કે, એ દિવ્ય ભાવે કેવળ સુંદરતા, મધુરતા તથા શુદ્ધતામાં જ પોતાની દૃષ્ટિ નથી રાખી; કિન્તુ એ વસ્તુની બલિષ્ઠતા, ઇચ્છિા તથા મહત્તામાં પણ દૃષ્ટિપાત કરેલો છે. બલિષ્ઠતાની મુખમુદ્રામાં રહેલી કેટલીક વિદ્રૂપતાના કારણથી તમો બલિષ્ઠતાની અવજ્ઞા ન કરો અને તેના પ્રતિ તિરસ્કાર ન

દર્શાવો; તેમ જ કેવળ પ્રેમને જ ઇશ્વર ન માની લ્યો; કારણ કે, સમસ્ત સંપૂર્ણ પરિપૂર્ણતામાં વીરભાવનો; માત્ર એટલું જ નહિ, પણ દૈત્યભાવનો પણ કેટલોક અંશ રહેલો હોય છે અને તે અવશ્ય હોવો જ જોઇએ. પરંતુ મહત્તમ કઠિનતામાંથી જ મહત્તમ બલિષ્ઠતાનો ઉદ્ભવ થાય છે.

*　　*　　*　　*

એક વાર જો મનુષ્ય આધ્યાત્મિક થવાને અનુમત થાય તો આ ક્ષણે જ સમસ્ત સ્થિતિનું પરિવર્તન થઈ જાય તેમ છે; પરંતુ તેનો માનસિક તથા શારીરિક સ્વભાવ ઉચ્ચતર નિયમ પ્રતિ નિરંતર વિદ્રોહી જ રહ્યા કરે છે; મનુષ્યનો પોતાની અપરિપૂર્ણતામાં જ પ્રબળ પ્રેમ બધાઇ ગયો છે અને તેથી જ તે સંપૂર્ણતાને પ્રાપ્ત નથી કરી શકતો.

આત્મા આપણા અસ્તિત્વનું સત્ય છે; અપરિપૂર્ણ અવસ્થાગત મન તથા શરીર તેનાં આવરણ છે; પરંતુ તેમની અપરિપૂર્ણ અવસ્થામાં આત્માનાં બીબાં થવાનાં છે. કેવળ આત્મિક થવામાં જ સમસ્ત સંપૂર્ણતા આવી જતી નથી; કારણ કે, આત્મિકતા આત્માઓની એક સંખ્યાને સ્વર્ગમાટે તૈયાર કરે છે; પરંતુ પૃથ્વીને તો તેની જે અવસ્થા હોય તેની તે અવસ્થામાં જ મૂકી દે છે. આ કારણથી એ ઉભયમાંની એક પણ અવસ્થા અંતર્મુક્તિ કિંવા મોક્ષનો માર્ગ નથી.

વિશ્વ ક્રાન્તિના ત્રણ પ્રકારોનું જ્ઞાન ધરાવે છે. એમાંની પ્રથમ ભૌતિક ક્રાંતિ છે અને તે બલિષ્ઠ પરિણામો નિપજાવનારી હોય છે; દ્વિતીય પ્રકારની ક્રાન્તિઓમાં નૈતિક તથા બૌદ્ધિક ક્રાન્તિનો સમાવેશ થાય છે; એ ક્રાન્તિઓની સીમા અનન્તતુલ્ય વિશાળતમ હોય છે અને એમનાં ફળો પણ અતિમધુર હોય છે; પરંતુ આધ્યાત્મિક ક્રાન્તિ મહદ્‌બીજોનું વપન કરનારી હોય છે.

જો આ ત્રણ પ્રકારની ક્રાન્તિ–કિંવા પરિવર્તન–પરિપૂર્ણ ઉપયુક્તતાના સંબંધમાં એકમતાવલંબિની કિંવા પરસ્પર અનુકૂલ થઇ શકે તો તેના યોગે એક સર્વથા દોષહીન કાર્ય સિદ્ધ થાય છે; પરંતુ માનવજાતિનાં મન તથા શરીર આત્મિક અંતઃપ્રવાહને સંપૂર્ણતાથી ધારણ કરી

શકતાં નથી એટલે તે પ્રવાહનો વિશેષતર ભાગ બહિર્ગત થઈને વહી જાય છે અને જે ભાગ અવશિષ્ટ રહે છે તેમાંનો અધિક અંશ દૂષિત થઇ જાય છે. વિશાળ આત્મિક બીજવપનના સ્વલ્પ ફળની પ્રાપ્તિમાટે પણ આપણી ભૂમિનાં અનેક બૌદ્ધિક તથા શારીરિક ઉચ્ચ શ્રમણની આવશ્યકતા અનિવાર્ય છે.

પ્રત્યેક ધર્મે માનવજાતિને પોતાથી આપી શકાય તેટલી સહાયતા જ આપેલી છે. પૌત્તલિક પેગન ધર્મે મનુષ્યમાં સૌન્દર્યના પ્રકાશની, જીવનની વિશાળતા તથા ઉચ્ચતાની અને સાર્વદેશીય સંપૂર્ણતાના ઉદ્દેશની યથેષ્ટ વૃદ્ધિ કરેલી છે; ક્રિશ્ચિયાનિટીએ મનુષ્યને દિવ્ય પ્રેમ તથા ઉદારતાની ઝાંખી કરાવેલી છે; બૌદ્ધ ધર્મે મનુષ્યને વિશેષ વિજ્ઞ કિંવા પરિણામદર્શી, મૃદુતર અને વિશુદ્ધતર થવાનો ઉત્કૃષ્ટ માર્ગ દર્શાવેલો છે; યહૂદી ધર્મે તથા ઇસ્લામે ધાર્મિકતાપૂર્વક કર્મમાં શ્રદ્ધાલુ થવાનો અને ઈશ્વરમાં એકનિષ્ઠ ભક્તિભાવ રાખવાનો મનુષ્યને અદ્વિતીય પાઠ પઢાવેલો છે અને હિન્દુ ધર્મે મનુષ્યના પ્રવેશમાટે વિશાળતમ તથા નિગૂઢતમ આધ્યાત્મિક શક્યતાઓનાં દ્વારોને ઉન્મુક્ત કરી દીધાં છે. જો આ સર્વ ઇશ્વરસૃષ્ટ ધર્મો બંધુભાવથી પરસ્પર આલિંગીને પરસ્પર સંમિલિત થઈ જાય અને વિરોધને ત્યાગી દે, તો એક મહત્તમ અને અશ્રુતપૂર્વ કાર્ય સિદ્ધ થઈ જાય એ સર્વથા નિર્વિવાદ છે; પરંતુ બૌદ્ધિક માન્યતા કિંવા સિદ્ધાન્ત અને ધર્મમમત્વ એ પરસ્પર સંમેલનના માર્ગમાં અવરોધરૂપ થઈને ઊભાં રહે છે.

સર્વ ધર્મોએ અસંખ્ય આત્માઓનો ઉદ્ધાર કરેલો છે; પરંતુ અદ્યાપિ કોઈ પણ ધર્મ માનવજાતિને આધ્યાત્મિક કરવાને સમર્થ થયો નથી; કારણ કે, આધ્યાત્મિક થવામાટે કોઈ એક વિશિષ્ટ ધર્મ તથા સંપ્રદાયની આવશ્યકતા હોતી નથી; કિન્તુ આધ્યાત્મિક આત્મક્રાન્તિમાં તો કેવળ એક રૂપમાં રક્ષાયલા અને સર્વાનુભૂતિયુક્ત પ્રયત્નની જ અગત્ય હોય છે.

આજે વિશ્વમાં આપણે જે પરિવર્તનોને જોઈ રહ્યા છીએ તે

તેમના પોતાના આદર્શ તથા ભાવ અનુસાર બૌદ્ધિક, નૈતિક તથા ભૌતિક પરિવર્તનો છે. આધ્યાત્મિક ક્રાન્તિ પોતાના યોગ્ય અવસરની પ્રતીક્ષા કરી રહી છે અને તે અવસરની પ્રતીક્ષા કરતી પોતાની લહરીઓને ઇતસ્તતઃ પ્રસારી રહી છે. જ્યાં સૂધી એ આધ્યાત્મિક ક્રાન્તિનો અવસર નહિ આવી લાગે ત્યાં સુધી અન્ય પક્ષનો અભિપ્રાય જાણવામાં આવી શકે તેમ નથી તેમ જ વર્તમાન ઘટનાઓ વિષયક અનુવાદ તથા મનુષ્યના ભવિષ્ય વિષયક પૂર્વસૂચના કિંવા પૂર્વસંકલ્પ આદિ સર્વ વસ્તુઓ નિષ્ફળ જ થવાની છે; કારણ કે, તેની પ્રકૃતિ, સત્તા અને ઘટના જ આપણી માનવજાતિના ભાવિ કાલાવર્તનો અન્તિમ નિશ્ચય કરવાની છે.*

---

* શ્રી અરવિન્દ ઘોષ કૃત "Thoughts and Glimpses" નામક આંગ્લ ભાષામાં પ્રકટ કરાયલી એક પુસ્તિકાનો જો કે આ અનુવાદ છે, તથાપિ તેમાંના 'Delight of Being', 'Man, The Purusha' અને 'The End' એ ચાર વિષયોનો અનુવાદ હવે પછીના પુષ્પ (ખંડ)માં આપવાનો હોવાથી પ્રસ્તુત પુષ્પ (ખંડ)માં આપવામાં નથી આવ્યો. પ્રસ્તુત પુષ્પમાં 'The Chain', 'The Goal, અને 'Thoughts and Glimpses' એ ત્રણ વિષયોનો અનુવાદ જ અનુક્રમના પરિવર્તન સહિત આપવામાં આવ્યો છે.

અનુવાદક

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ--વિશ્વવિચાર

અષ્ટમ દલ

આપણી આધુનિક અવસ્થા અને આપણું કર્તવ્ય

(મુંબઇમાં અપાયલું વ્યાખ્યાન)

આપણી આધુનિક અવસ્થા
અને
આપણું કર્તવ્ય*

મારા દેશબાંધવો, આજની આપણી આ સભાનો અધ્યક્ષ કોઇ પણ નથી; પરંતુ વસ્તુતઃ ઇશ્વર જ આપણો અધ્યક્ષ છે અને તેથી આપ સમક્ષ ઊભો રહીને મારા વ્યાખ્યાનનો આરંભ કરવા પૂર્વે મારા હૃદયમાં યોગ્ય પ્રેરણા કરવામાટે હું તે જગન્નિયંતા જગદીશ્વરની પ્રાર્થના કરૂં છું.

દેશની પરિસ્થિતિ

આપણી આધુનિક અવસ્થા કિંવા આપણી અત્યારની પરિસ્થિતિમાં આપણું કર્તવ્ય શું છે કિંવા આપણે શું કરવું જોઇએ એ વિષયપરત્વે ચાર શબ્દો બોલવાનું મને કહેવામાં આવ્યું છે અને તેથી સ્વાભાવિક જ એ પ્રશ્ન ઉપસ્થિતિ થાય છે કે આપણા દેશની આધુનિક અવસ્થા કેવા પ્રકારની છે? અથવા આપણા દેશની અત્યારની પરિસ્થિતિ શી છે? હું આ સભામંડપ પ્રતિ આવતો હતો ત્યાં માર્ગમાં જ કોઈએ "**વન્દે માતરમ્**" નો આ તાજો અંક લાવીને મારા હાથમાં આપ્યો અને એના પ્રથમ પૃષ્ઠમાં જ બે નવીન સમાચારો મારા જોવામાં આવ્યા. એમાંના પ્રથમ સમાચાર "'યુગાન્તર' પત્ર પરનો અભિયોગ, ન્યાયાધીશનો નિર્ણય અને મુદ્રકને બે વર્ષના સપરિશ્રમ કારાગૃહવાસની શિક્ષા" એ છે અને દ્વિતીય સમાચાર "'નવશક્તિ' પત્રના કાર્યાલયની જડતી અને મુદ્રકનો રૂપિયા દશ હજારના જામિનપર છૂટકો!' એ પ્રમાણે છે. આપણી આધુનિક અવસ્થા આવા પ્રકારની છે કિંવા આપણા દેશની અત્યારની પરિસ્થિતિ આ છે. મારા કથનનો આશય આપની સમજમાં આવી ગયો કે કેમ?

---

* ઇ. સ. ૧૯૦૭ ના ડિસેમ્બરના અંતમાં સૂરત કૅાંગ્રેસનો ભંગ થવા પછી ઇ. સ. ૧૯૦૮ ના જાન્યુઆરીની ૧૯ મી તારીખે મહારાષ્ટ્ર પ્રવાસના સમયમાં મુંબઇમાં ભાટિયા મહાજન વાડીમાં શ્રી અરવિન્દ ઘોષે 'બૅામ્બે નૅશનલ્ યૂનિયન્'ના આશ્રયતળે આ વ્યાખ્યાન શ્રોતાઓની વિશાળ સંખ્યા સમક્ષ આપેલું હતું.

રાષ્ટ્રધર્મ અને તેનો ઇશ્વરમાંથી ઉદ્‌ભવ

ભારતવર્ષમાં રાષ્ટ્રધર્મ નામક એક નવીન ધર્મપંથનો ઉદ્‌ભવ થયેલો છે. એ રાષ્ટ્રધર્મ નામક ધર્મપંથનો પ્રથમ ઉદ્‌ભવ બંગાળામાં થયેલો હોઇને ત્યાંથી સમસ્ત દેશમાં પ્રસરતો તે તમારા નિવાસસ્થાન પર્યન્ત આવી પહોંચ્યો છે. તમો પોતાને રાષ્ટ્રીય પક્ષના અભિમાની કિંવા અનુયાયી તરીકે ઓળખાવો છો એટલે તમોએ એ પંથને સ્વીકારી લીધો છે એ સ્પષ્ટ હોવાથી એના અધિક વિવેચનની આવશ્યકતા છે જ નહિ. પરન્તુ રાષ્ટ્રધર્મ એટલે શું એ રહસ્યને યથાર્થ સ્વરૂપમાં તમો જાણી શક્યા છો ખરા કે ? તમોએ શાનો સ્વીકાર કરેલો છે એની યથાથ કલ્પના તમારા મસ્તિષ્કમાં આવી ગઈ છે ખરી ? કે પછી રાષ્ટ્રીય પક્ષ એટલે બુદ્ધિમત્તાદર્શક તથા શ્રેષ્ઠ મનાતો પક્ષ હોવાથી જ તમો એ રાષ્ટ્રીય પક્ષના અનુયાયી થઈ ગયા છો ? તમો પોતાને રાષ્ટ્રીય પક્ષના અનુયાયી તરીકે ઓળખાવો છો એ સત્ય છે; પરંતુ રાષ્ટ્રધર્મ શો છે વારૂ ? અર્થાત્ કોઈ મનુષ્ય રાષ્ટ્રીય દૃષ્ટિથી કોઈ એક ઉપયુક્ત કાર્યક્રમને અંકિત કરી નાખે એટલે તત્કાળ તે કાર્યક્રમ ‘રાષ્ટ્રધર્મ’ સંજ્ઞાને પાત્ર થઇ જતો નથી, એ કોઇએ પણ કદાપિ ભૂલી જવાતું નથી. **પ્રત્યક્ષ ઇશ્વરમાંથી જ રાષ્ટ્રધર્મનો ઉદ્‌ભવ થયેલો છે, રાષ્ટ્રધમ એક ધર્મપંથ** છે અને તેથી રાષ્ટ્રધર્મના અનુયાયી થવા પછી તમારે આ સંસારમાં મૃત્યુની ઘટિકા પર્યન્ત એ દૃષ્ટિથી જ વર્તવું પડશે, એ તમારે નિરંતર સ્મરણમાં રાખી લેવાનું છે. અર્થાત્ આપણે કાંઇક અધિક બુદ્ધિમાન્ છીએ, આપણે અન્ય સામાન્ય જનો કરતાં વિશેષ સ્વદેશાભિમાની છીએ અને જેઓ રાષ્ટ્રીય પક્ષના અનુયાયી નથી તેમના કરતાં કેટલાક વિષયોમાં આપણે શ્રેષ્ઠતર છીએ એવી અભિમાનદર્શક કલ્પનાઓવડે પોતાને રાષ્ટ્રીયપક્ષવાદી તરીકે ઓળખાવવાની ધૃષ્ટતા તમો કદાપિ કરશો નહિ. જો વસ્તુતઃ રાષ્ટ્રીય પક્ષમાં આવી મળવાનો તમારો દૃઢ વિચાર હોય અને એ રાષ્ટ્રીય ધર્મ કિંવા રાષ્ટ્રધર્મને સદાનેમાટે સ્વીકારી લેવાનો જો તમોએ દૃઢ નિશ્ચય કરી લીધો હોય, તો તમો ધાર્મિક દૃષ્ટિથી તથા

શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી જ રાષ્ટ્રીય પક્ષના અનુયાયી થજો અને રાષ્ટ્ર-ધર્મને સ્વીકારજો એવી હું તમોને સ્પષ્ટ સૂચના આપું છું, **તમો પોતે ઇશ્વરના એક સાધન કિંવા હસ્તક છો** એ સિદ્ધાન્તને નિરંતર લક્ષમાં રાખજો અને એનું કદાપિ વિસ્મરણ થવા દેશો નહિ.

બંગાળાનું સામર્થ્ય દૈવી છે

બંગાળામાં અત્યારે કેવા પ્રકારો ચાલી રહ્યા છે તે તમો જાણો છો ખરા કે? તમો પોતાને રાષ્ટ્રીય પક્ષના અનુયાયી તો માનો છો; પરંતુ બંગાળા સમાન પ્રસંગો જો તમારા શિરપર આવી પડે, તો તે વેળાયે તમો શું કરશો વારુ? બંગાળામાં આવા પ્રસંગો નિત્ય ઉપસ્થિત થયા કરે છે તેનું કારણ એ જ અને એટલું જ છે કે બંગાળીઓએ ધાર્મિક તથા શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી રાષ્ટ્રધર્મને સ્વીકારેલો છે. અર્થાત્ એ રાષ્ટ્રધર્મની નિત્ય વૃદ્ધિંગત થતી શક્તિને સંહારી નાખવામાટેના તેના શત્રુઓએ પણ તેની વિરુદ્ધ પોતાના પ્રયત્નોને આરંભી દીધા છે. આવી ઘટનાઓ નિત્ય ઘટતી જ રહે છે એટલે આમાં આશ્ચર્ય જેવું કાંઇપણ નથી; કારણ કે, જે જે વેળાયે કોઈ એક નવીન ધર્મનો ઉપ-દેશ આપવામાં આવે છે અને જે જે સમયે દેશમાં ઇશ્વિરનો જન્મ કિંવા અવતાર થવાનો હોય છે; તે તે વેળાયે તેના શત્રુઓ શક્ય હોય તેટલા સર્વ ઉપાયોવડે અને હાથમાં આવી શકે તેટલાં સર્વ શસ્ત્રાસ્ત્રોવડે તે નવીન ધર્મને નષ્ટભ્રષ્ટ કરી નાખવાના જીવતોડ પ્રયત્નો કરતા રહે છે. બંગાળામાં પણ એક નવીન, સાત્ત્વિક તથા દૈવી ધર્મનો સર્વત્ર ઉપદેશ કરવાનો વ્યવસાય આરંભાયલો હોવાથી જો તેના શત્રુઓ શક્ય હોય તેટલા સવ ઉપાયોવડે તેનો વિરોધ કરીને તે ધર્મને ધરાશાયી કિંવા ધ્વંસોન્મુખ કરી નાખવાના પ્રયત્નો કરી રહ્યા હોય, તો તે સર્વથા સ્વાભાવિક જ છે. આવી પરિસ્થિતિમાં જીવિત રહેવામાટે કિંવા પોતાના અસ્તિત્વને અવિચલ રાખવામાટે આપણામાં કયું સામર્થ્ય અવશ્ય હોવું જોઇયે, એ પ્રશ્ન અત્યંત વિચારણીય તથા મહત્ત્વયુક્ત છે અને એ પ્રશ્નનું ઉત્તર એ જ છે કે કેવળ દૈવી સામર્થ્યના બળથી જ

રાષ્ટ્રધર્મ ચિરસ્થાયી થવાનો છે. અર્થાત્ રાષ્ટ્રધર્મ વિરુદ્ધ કોઈ ગમે તેવાં શસ્ત્રોનો ઉપયોગ કરે, તો પણ તેથી રાષ્ટ્રધર્મનો કદાપિ નાશ થવાનો નથી; કારણ કે, રાષ્ટ્રધમ અમર હોવાથી તેનો નાશ કિંવા પરિપાત થાય એ સર્વથા અશક્ય તથા અસંભવનીય ઘટના છે અને તે એટલા-માટે કે રાષ્ટ્રધર્મનો ઉદ્‌ભવ મનુષ્યમાંથી નહિ કિન્તુ ઇશ્વિરમાંથી જ થયેલો છે. અર્થાત્ અત્યારે બંગાળાનો સૂત્રધાર કોઇ મનુષ્ય નથી કિન્તુ **ઇશ્વર પોતે જ બંગાળાનાં સર્વ સૂત્રોને ચલાવ્યા કરે છે.** તે ઇશ્વિરને કોણ મારી શકે તેમ છે અને કોણ કારાગૃહમાં નાખી શકે તેમ છે વારૂ ?

મહારાષ્ટ્રને એક પ્રશ્ન

આવા પ્રસંગો જો તમારા મહારાષ્ટ્રમાં ઉપસ્થિત થવા માંડે, તો તે વેળાયે તમો શું કરશો વારૂ ? તમો પણ બંગાળી લોકોના વર્તન અનુ-સાર વર્તન કરી બતાવશો ખરા કે ? (શ્રોતાઓએ ધ્વનિ કર્યો કે, 'હા, હા; અમો તદનુસાર વર્તન કરી બતાવીશું.') કેવળ વિનોદાર્થ 'હા, હા'ના પોકારો ન કરો; કારણ કે, આ કાર્ય તમો માનતા હશો તેવું અને તેટલું સરળ તથા સુલભ નથી. અર્થાત્ જો ઇશ્વર પોતે જ તમોને આવો પ્રશ્ન પૂછે, તો તે પ્રશ્નનું તમો શું ઉત્તર આપશો વારૂ ? તમારામાં સત્ય નિષ્ઠા છે ખરી કે ? સત્ય શ્રદ્ધાનો તમારા અંતઃકરણમાં ઉદ્‌ભવ થયો છે ખરો કે ? કિંવા તમને જે ભાસે છે તે કેવળ રાજનૈતિક મહત્ત્વાકાંક્ષા જ છે ? તમારા મનમાં જે વિષય વસી રહ્યો છે તે કેવળ વિસ્તૃત સ્વાર્થ તો નથી ને ? અથવા તો આજ સૂધી તમારાપર જે અત્યાચારો થયેલા છે તેથી પોતે એકવાર સ્વતંત્ર થઇને શત્રુપર તેવા જ અત્યાચારો કરીને અત્યાચારનો પ્રતિશોધ અત્યાચારથી જ કરી લેવાની આ તમારી ઉત્કંઠા તો નથી ? તમારા અંતઃકરણરૂપ મન્દિરમાં ઇશ્વિરરૂપ દીપકની જ્યોતિ પ્રકટવા માંડી છે કે કેમ ? '**આપણે કેવળ ઇશ્વરના હાથમાંનાં રમકડાં જ છીએ અને આ શરીરનું સ્વામિત્વ આપણું પોતાનું નહિ, કિન્તુ ઇશ્વરનું જ છે;**' એમ તમને ભાસવા લાગ્યું છે ખરૂં

કે ? આવો અનુભવ તમને થવા માંડ્યો છે ખરો કે ? પરમેશ્વરના કાર્યને પાર પાડવામાટે તમો કેવળ સાધનીભૂત છો, એવા વિશ્વાસનો તમારા ચિત્તમાં આવિર્ભાવ થવા માંડ્યો છે ખરો કે ? અર્થાત્ જો વસ્તુતઃ તમારી આવી જ દૃઢ શ્રદ્ધા થયેલી હોય, તો જ તમો રાષ્ટ્રીય પક્ષના વાસ્તવિક અનુયાયી છો અને જો તમારી આવી દૃઢ શ્રદ્ધા હશે, તો જ તમારાથી આપણા આ રાષ્ટ્રનો કિંવા આપણા આ દેશનો ઉદ્ધાર કરી શકાશે. બંગાળામાં કેટલાક લોકોના હૃદયમાં આવી શ્રદ્ધાનો સંપૂર્ણ નિવાસ થયેલો છે અને કેટલાકોના હૃદયમાં આ શ્રદ્ધા ન્યૂનાધિક પરિમાણમાં નિવાસ કરી રહી છે. સારાંશ કે, એકંદર રીતે જોતાં તેમને આવા પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ થવા લાગ્યો છે અને મહારાષ્ટ્રમાં પણ તેવા જ અનુભવ, તેવી જ શ્રદ્ધા તથા તેવા જ વિશ્વાસનો આવિર્ભાવ થવો જોઇએ; કારણ કે, એ અનુભવ તથા શ્રદ્ધાના યોગે જ આ કાર્યને સર્વશ્રેષ્ઠ પરમાત્માના આશીર્વાદની પ્રાપ્તિ થવાની છે અને એ અનુભવ તથા શ્રદ્ધાના યોગે જ આ રાષ્ટ્રને ઉદય તથા પૂર્ણ આધ્યાત્મિક વૈભવોના શિખરપર આરોહણ કરવાનો પ્રસંગ પુનઃ એક વાર પ્રાપ્ત થવાનો છે, એ સત્યને કદાપિ ભૂલી જશો નહિ. સ્વયં ધર્મ કિંવા અધ્યાત્મજ્ઞાનનું રક્ષણ કરીને અધર્મ તથા દુર્લૌકિકમાં ડૂબી જતી અને વિપન્ન અવસ્થામાં આવી પડેલી આર્યભૂમિના ઉદ્ધારના કાર્યમાં તમો કેવળ ઇશ્વરના હસ્તની કાષ્ઠપુત્તલિકાઓ છો એ સત્યને તમારે નિરંતર સ્મરણમાં રાખવાનું છે.

નાસ્તિક બંગાળ દેશ કેવળ ભક્તિથીજ તરી શકયો છે

બંગાળાનો કેટલોક વૃત્તાન્ત હું તમોને કહી સંભળાવું છું. બંગાળાની અવસ્થા અતઃપૂર્વ કેવા પ્રકારની હતી એ તો તમો સારી રીતે જાણો જ છો. અર્થાત્ એક રાષ્ટ્રને કોઈ અન્ય રાષ્ટ્રની નિન્દા કરવાની હોય તે વેળાયે તે રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રને બંગાળાની ઉપમા આપી દે એટલે તે રાષ્ટ્રે જાણે તે અન્ય રાષ્ટ્રની પૂરેપૂરી ફજેતી કરી નાખી, એમ જ પ્રથમ માનવામાં આવતું હતું. અર્થાત્ બંગાળાના સંબંધમાં બોલતી વેળાયે લોકોના મનમાં કેવા પ્રકારની ભાવના રહેતી હતી,

કોઇનિા પણ હૃદયમાં બંગાળાના સંબંધમાં આદર કિંવા કૌતુકનો નિવાસ રહેતો હતો કે કેમ અને વિદેશીય લોકો બંગાળી બાબૂઓના સંબંધમાં કેવા પ્રકારના હીનતાદર્શક ઉદ્ગારો કાઢતા હતા, એ સર્વ વાર્તાઓ તમારાથી અજ્ઞાત હોય એવી મારી માન્યતા નથી. પરંતુ આજે બંગાળા તથા બંગાળીઓના સંબંધમાં તમને તેવા પ્રકારનો ભાસ થાય છે ખરો કે ? જો અત્યારના સમયથી પૂર્વે કોઈએ તમોને એમ કહ્યું હોત કે, ‘ દેશોદ્ધારના કાર્યમાં બંગાળા ભારતવર્ષના અન્ય સર્વ દેશોનો નેતા થશે; ’ તો તેના એ કથનમાં તમારામાંના કેટલાકોનો વિશ્વાસ બંધાવાનો સંભવ હતો વારૂ ? અર્થાત્ તમોએ તેને એવો જ જવાબ આપ્યો હોત કે: ‘ નહિ, ભારતવર્ષના ઉદ્ધારનું કાર્ય બંગાળાથી કરી શકાય તેમ નથી. તે કાર્ય કદાચિત્ મહારાષ્ટ્ર કરશે અથવા તો પંજાબ કરી શકશે અને તેથી બંગાળા રાષ્ટ્રનો ઉદ્ધાર કરશે એ કલ્પના જ સર્વથા ચમત્કારિક, અશક્ય તથા જેને બુદ્ધિ કદાપિ માન્ય ન કરી શકે તેવી અસંભવનીય છે ! ’ વસ્તુસ્થિતિ આવી હોવા છતાં તે સમયના અને અત્યારના બંગાળામાં અવની તથા આકાશ જેટલો અંતર પડી ગયો, એ પરિવર્તન શા કારણથી થયું વારૂ ? બંગાળી બાબૂઓ બિલ્કુલ બદલાઇ ગયા તે શા કારણથી ? તેનું કારણ એ છે કે બંગાળામાં એક નવીન ઘટના ઘટી છે અને તે એ કે બંગાળ દેશ શ્રદ્ધાવાન્ થવા લાગ્યો છે. યૂરોપિયન્ સંસ્કૃતિ શુદ્ધ મદિરા હોવાથી તે મદિરાના સેવનવડે બંગાળાનાં નેત્રો અંજાઈ જતાં બંગાળાનાં નેત્રોમાં અંધકાર છવાઇ ગયો હતો અને તેથી તે કાળમાં કેવળ બુદ્ધિના અંધુક પ્રકાશથી જ સર્વ વસ્તુઓને નિહાળવી અને તેની યોગ્યતાનો બુદ્ધિના અંધુક પ્રકાશવડે જ નિશ્ચય કરવો એવી બંગાળાની પ્રવૃત્તિ થયેલી હતી. સારાંશ કે, આવી સ્થિતિ થતાં બંગાળામાં સર્વત્ર સંશયશીલ, નાસ્તિક તથા ‘ધર્મ’ શબ્દના ઉચ્ચારને સાંભળતાં જ તેની ઠઠ્ઠા કરનારાઓનો એક વિશાળ પાક ઉદ્ભવ્યો હતો. તથાપિ બંગાળામાં એક પ્રકારની શક્તિ અવિચળ રહી હતી, બંગાળાનો વિશ્વાસ અતિશય દૃઢ તથા બલિષ્ઠ હતો અને બંગાળાની શ્રદ્ધાનો લોપ

થયો ન હોતો. અનેક લોકો એવા હોય છે કે જેમનો કશામાં પણ વિશ્વાસ હોતો જ નથી; પરંતુ એવામાં જો બંગાળીએ કોઈ પણ વસ્તુમાં પોતાના વિશ્વાસને સ્થાપી દીધો એટલે પછી થઈ જ ચૂક્યું એમ માની લેવું; કારણ કે, બંગાળી તે વિશ્વાસના ધોરણ અનુસાર પોતાના જીવનક્રમનું સર્વ પ્રકારે તત્કાળ પરિવર્તન કરી નાખે છે. ઉદાહરણ તરીકે માનો કે એક બંગાળી બ્રહ્મસમાજિષ્ટ કિંવા સામાજિક સુધારણાનો પુરસ્કર્તા થઇ ગયો છે, એટલે એ વિષયમાં જ્યાં તેનો વિશ્વાસ બંધાયો કે પછી તે કોઇ પણ પ્રકારનો વિચાર કરે એ સર્વથા અસંભવનીય છે. અર્થાત્ 'મેં જે પક્ષને સ્વીકારેલો છે તે મારૂં કાર્ય યથાર્થ છે કિંવા પ્રમાદમૂલક છે અને સયુક્તિક છે કે ભ્રામક છે?' એ પ્રશ્ન તેનામાટે અવશિષ્ટ રહેતો જ નથી. સારાંશ કે, એક વાર જ્યાં કોઈ પણ એક વિષયને બંગાળીએ પોતાનો માની લીધો એટલે પછી તેની વ્યવહારમાં સંપૂર્ણ યોજના થવી જ જોઇએ અને તેમાં કોઈ પણ કારણવશાત્ કોઈ પણ પ્રકારની ક્ષતિ કિંવા ત્રુટિ ન જ થવી જોઈએ; પછી ભલેને તેનું પરિણામ ગમે તેવું અને ગમે તેટલું ભયંકર હોય તેની ચિન્તા નહિ. જો કોઈ બંગાળી બ્રહ્મસમાજિષ્ટ ન હોઈને દૃઢ કર્મઠ કિંવા કર્મનિષ્ઠ હોય અને પોતાનાં હિન્દુશાસ્ત્રોમાં તેનો દૃઢ વિશ્વાસ બંધાયલો હોય, તો શાસ્ત્રવિરુદ્ધ વર્તનાર મનુષ્ય તેનો ગમે તેટલો પ્રિય તથા જીવશ્ચ કંઠશ્ચ મનુષ્ય હોવા છતાં તેને તે પોતાના ગૃહમાંથી હાંકી કાઢવામાં એક નિમેષમાત્રનો પણ વિલંબ કરશે નહિ, એ સર્વથા નિશ્ચિત છે. અર્થાત્ પ્રેમપાશમાં જકડાઇને પોતાની નિર્બળતાનું પ્રદર્શન કરાવવું અને સમાજમાં એક પ્રકારની અવ્યવસ્થાને ઉત્પન્ન કરી દેવી તેના કરતાં પોતાના તે પ્રિયજનનો ગૃહમાંથી બહિષ્કાર કરી દેવો એ જ તેને ઉત્તમ ભાસે છે. બંગાળીની એક વાર એક વિષયમાં જ્યાં શ્રદ્ધા બેસી ગઈ એટલે પછી તેનો વ્યવહારમાં પ્રયોગ થવો જ જોઇએ. એવી રીતે પોતાના ઇષ્ટ વિષયને વ્યવહારમાં યોજતાં તેને જે ક્ષતિ, સંકટ તથા છળ આદિ સહન કરવાં પડે તે સર્વ સહન કરી લેવામાટે તે સદૈવ તત્પર જ રહ્યા.

કરે છે. અર્થાત્ બંગાળી રાષ્ટ્રમાં જો કોઈ પણ શ્રેષ્ઠતમ ગુણ હોય તો તે એ જ છે. બંગાળાની શ્રદ્ધા અત્યંત દૃઢ તથા બલવતી છે; તે એક પ્રકારની મડાગાંઠ છે કે જે કદાપિ છૂટી શકતી જ નથી. વિશ્વાસ કિંવા શ્રદ્ધા કેવળ બૌદ્ધિક વ્યાયામ કિંવા મનને વાળવાનું એક સાધન નથી; અર્થાત્ વિશ્વાસ કિંવા શ્રદ્ધાનો સંબંધ મન સાથે નથી, કિન્તુ અંતઃકરણ સાથે જ તેનો ઘનિષ્ટ સંબંધ છે; એટલે કે, વિશ્વાસ, શ્રદ્ધા કિંવા ભક્તિનું નિવાસસ્થાન અંતઃકરણ છે. કોઇ એક કાર્યમાં જ્યાં ભક્તિ કિંવા શ્રદ્ધા બંધાઇ ગઈ એટલે પછી તે કાર્ય કરવું જ જોઇએ; અને તેમાં ભૂલ; બેપરવાઈ કે હેં ગેં ફેં ફેં ન જ થવી જોઇએ; કારણ કે, ભક્તિ ઇશ્વરદત્ત પ્રસાદ છે; ઇશ્વરની આપેલી વિભૂતિ છે. ઇશ્વરનું અસ્તિત્વ અંતઃકરણમાં જ પ્રકટ થાય છે; અર્થાત્ અંતઃકરણ જ ઇશ્વરનું નિવાસ-સ્થાન હોવાથી ભક્તિની મહત્તા પણ શ્રેષ્ઠતમ છે. કેવળ ભક્તિના યોગે જ બંગાળાનો ઉદ્ધાર થયો છે. બંગાળી લોકોમાં ભક્તિ તથા શ્રદ્ધાનો નિવાસ હોવાથી જ રાષ્ટ્રોદ્ધારના કાર્યમાં ઇશ્વરે અમો બંગાળી લોકોને ચૂંટી કાઢીને અગ્ર ભાગમાં અમારી જ યોજના કરેલી છે. ઈશ્વરનો અમારામાં નિવાસ છે અને ઇશ્વર જ અમારો પૃષ્ટરક્ષક છે એવી અમારી અવિચલ શ્રદ્ધા છે અને તેથી જ અમો કોઇ પણ પ્રકારનાં દુઃખોને સહન કરવામાટે અને કોઈ પણ પ્રકારના સંકટના મુખમાં જવામાટે યોગ્ય તથા તત્પર છીએ, એ નવીનતાથી કહેવાની આવશ્યકતા છે જ નહિ. જો રાજનૈતિક દૃષ્ટિથી જોવામાં આવે તો એવા મનુષ્યો સશક્ત જ હોવા જોઇએ એવો કોઈ નિયમ છે જ નહિ; એટલે કે, તેમનાં શરીરો પણ અત્યંત બલિષ્ઠ તથા હૃષ્ટપુષ્ટ હોવાં જોઇએ તેમ જ તેમની બુદ્ધિમત્તા પણ શ્રેષ્ઠ પ્રકારની હોવી જોઇએ, એમ માની લેવાનું કાંઈ પણ કારણ નથી. અર્થાત્ જો તેમનામાં બલવતી શ્રદ્ધાનો નિવાસ હોય તો તે જ સંપૂર્ણ છે; કારણ કે, શ્રદ્ધાના બળથી તેઓ ગમે તેવાં દુઃખોને સહન કરી શકે છે અને કોઈ પણ પ્રકારના સંકટના મુખમાં પ્રવેશ કરી શકે છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસનો પ્રભાવ

બંગાળામાં બ્રહ્મજ્ઞાન કિંવા આત્મવિદ્યાની એક પ્રચંડ લહરી આવી અને તેના યોગે બંગાળામાં કેટલાક વિશ્વવંદ્ય મહાપુરુષો કિંવા સાધુ પુરુષોનો જન્મ થયો. તેમની યોગ્યતા કદાચિત્ અર્વાચીન સુશિક્ષિતો તથા વિદ્વાનોના જાણવામાં પણ ન આવી હોત; કારણ કે, પાશ્ચાત્ય શિક્ષણે બીજી જ વસ્તુઓને મહત્ત્વ આપીને તે વસ્તુઓનાં સ્તુતિસ્તોત્ર ગાવાની તેમને ટેવ પાડી દીધી છે. પરંતુ એ સાધુ પુરુષોની વર્તન-પદ્ધતિ તથા વિચારસરણી સર્વથા ભિન્ન પ્રકારની તથા શ્રદ્ધા અને ભક્તિ અત્યંત દૃઢ હોવાથી તેમનાં અંતઃકરણોમાં પ્રત્યક્ષ ઈશ્વરનો જ નિવાસ હતો અને તેથી તેમણે તે પાશ્ચાત્ય શિક્ષણથી સુશિક્ષિત થયેલાઓનાં નેત્રોને પણ અંજનના લેપથી દેખતાં કરી દીધાં હતાં. તે સાધુ પુરુષોમાંના જે સાધુ પુરુષનું સામર્થ્ય સર્વથી પ્રચંડ હતું અને જેમના પુણ્યના બળથી બંગાળાના ઉદ્ધારનું કાર્ય વિશેષાંશે સિદ્ધ થયું હતું તે સાધુ પુરુષને એક અક્ષર પણ લખતાં કે વાંચતાં આવડતું ન હોતું. અર્થાત્ જગતની દૃષ્ટિથી તો તેઓ સર્વથા એક નિરુપયોગી મનુષ્ય સમાન જ હતા. પરંતુ તેમનામાં એક દૈવી ગુણનો નિવાસ હતો. તેમનામાં કેવળ ભક્તિનો જ નિવાસ હતો એમ ન હોતું; કારણ કે, ભક્તિ સાથે તેમને ઇશ્વરના પ્રત્યક્ષ દર્શન કિંવા સાક્ષાત્કારનો લાભ પણ મળી ચૂક્યો હતો. વ્યાવહારિક દૃષ્ટિથી જોતાં તેઓ એક ઉન્મત્ત કિંવા વિક્ષિપ્ત મનુષ્ય સમાન દેખાતા હતા; પાઠશાળામાં તેમને ઐહિક શિક્ષણની નામમાત્રને માટે પણ પ્રાપ્તિ થઈ ન હોતી; વિદ્વત્તા તથા સુસંસ્કૃતિનાં બાહ્ય ચિહ્નોનો તેમનામાં સર્વથા અભાવ હતો અને તેઓ ભિક્ષા માગીને પોતાના ઉદરનો નિર્વાહ કરતા હોવાથી જો આધુનિક સુશિક્ષિત પુરુષોએ તેમને પોતાના સમાજના કેવળ મલ તથા કલંક ન કહ્યા હોય, તો પણ નિદાન તેમને સમાજના ગળામાંના એક ભારરૂપ લોલક તો અવશ્ય કહ્યા હશે. તે સુશિક્ષિતો એમ તો અવશ્ય બોલતા હશે કે: "આ કેવો ગમાર માણસ છે! એને એકડો પણ ઘૂંટતાં નથી આવડતું એટલે એનામાં બુદ્ધિનો

અંશમાત્ર પણ હશે કે કેમ એની શંકા જ છે. અર્થાત્ આપણા જેવા પાશ્ચાત્ય વિદ્યાપારંગતોને એ શું પોતાનું કપાળ શીખવવાનો હતો!" તથાપિ પોતાના આરંભેલા કાર્યને ઇશ્વિર પોતે તો સારી રીતે જાણતો હતો અને તેથી જ ઇશ્વરે તે સાધુ પુરુષને બંગાળામાં મોકલીને કલકત્તામાંના દક્ષિણેશ્વરના દેવાલયમાં તેમની સ્થાપના કરી દીધી હતી. ત્યાં તે સાધુ પુરુષના દર્શનમાટે સર્વ સ્થાનોમાંથી લોકો આવવા લાગ્યા. એ લોકસમુદાયમાં ભોળા, ધાર્મિક તથા શ્રદ્ધાળુ મનુષ્યો તો હતા જ; પરંતુ તે ઉપરાંત સારા મજાના સુશિક્ષિતો, યૂનિવર્સિટીના નામાંકિત પદવીધરો અને યૂરોપીયન્ શાસ્ત્ર તથા વિદ્યામાં પારંગત થયેલા વિદ્વાનો પણ તે સાધુ પુરુષના દર્શનથી તથા તેમની ચરણધૂલિથી પોતાને પાવન કરી લેવામાટે આવતા હતા. રાષ્ટ્રને લાગેલું ગ્રહણ છૂટવા લાગ્યું અને રાષ્ટ્રોદ્ધારના કાર્યનો આરંભ પણ થઇ ગયો.

બંગાળી લોકનાયકો સાધુઓના શિષ્ય છે

અત્યારના કાર્યક્રમના સત્ય નાયકો કિંવા નેતા કોણ છે એનો તમો થોડી વાર વિચાર કરી જુઓ. એક વાર્તા લક્ષમાં રાખવા યોગ્ય છે અને તે એ કે જેમને સાધુઓનો સમાગમ ન થયો હોય તેવા પુરુષો અત્યારના અગ્રેસરોમાં છે જ નહિ. શ્રીયુત વિપિનચન્દ્ર પાલનો માર્ગદર્શક કોણ હતો એમ જો પૂછવામાં આવે, તો તેમનો માર્ગદર્શક એક સાધુ જ હતો એ જ ઉત્તર મળશે. અત્યારે જે વર્તમાનપત્રપર અભિયોગ કરવામાં આવ્યો છે તેનો ચાલક પણ બંગાળામાંના લોકનાયકોમાંનો જ એક લોકનાયક છે. અહીં તેનું નામ કદાચિત્ વિશેષ જાણવામાં નહિ આવ્યું હોય, પરંતુ બંગાળામાં તે સર્વત્ર વિખ્યાત છે. આ પ્રવૃત્તિના પ્રસારનું વિશેષ કાર્ય તેણે જ કરેલું છે. તે પોતે સાધુવૃત્તિથી જ રહે છે અને કોઇ પણ શ્રેષ્ઠ કાર્ય કરવામાટે મનુષ્યને જે એક માર્ગથી ઇશ્વરી પ્રેરણા તથા સામર્થ્યની પ્રાપ્તિ થવાનો સંભવ છે તે માર્ગનું અવલંબન કરીને તેણે દૈવી પ્રેરણા તથા સામર્થ્યને પણ પ્રાપ્ત કરી લીધાં છે. તે દિવસે હું રાષ્ટ્રીય શિક્ષણના સંબંધમાં ચાર શબ્દો બોલ્યો હતો તે વેળાયે જેણે

પોતાનું સમસ્ત આયુષ્ય તે કાર્યને સમર્પી દીધું છે તે વિભૂતિનું નામ મેં તમોને જણાવ્યું હતું. તેણે જ કલકત્તાની રાષ્ટ્રીય કૉલેજની સ્થાપના કરેલી છે અને તે એક સંન્યાસીનો જ શિષ્ય છે. અર્થાત્ તે કદાચિત્ ગૃહસ્થ તરીકે પોતાના સંસારને ચલાવી રહ્યો હોય, તો પણ વસ્તુતઃ તે સંન્યાસી જ છે. બંગાળાના જે કાર્યકર્તા પુરુષોએ એ દૈવી કાર્યને પોતાનાં જીવન સમર્પી દીધાં છે તેમના પ્રતિ જો તમો દૃષ્ટિપાત કરશો, તો એ જ પરિસ્થિતિ તમારી દૃષ્ટિએ પડતી રહેશે. ત્યારે હવે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે તેમનામાં આ સામર્થ્યનો આવિર્ભાવ ક્યાંથી થયો? અર્થાત્ પોતાના માર્ગમાં આવનારાં સંકટોની સામા થવામાટે અને પોતાપર થનાર ભાવી અત્યાચારોના પ્રતિકારમાટે જે સામર્થ્યની આવશ્યકતા અનિવાર્ય હોય છે તે સામર્થ્ય તેમનામાં આવ્યું ક્યાંથી? એ પ્રશ્નનું ઉત્તર આ છેઃ—

વિનીત પક્ષ બુદ્ધિપ્રધાન છે

આપણા ભારતવર્ષમાં રાજનૈતિક દૃષ્ટિથી વિચારશીલ લોકોનો એક પક્ષ છે અને તે લોકોની માન્યતા એવી છે કે રાષ્ટ્રધર્મ એક ઉન્માદ છે. તે પક્ષમાંના લોકો કુશાગ્રબુદ્ધિ છે; તેમનું અધ્યયન વિશાળ છે અર્થશાસ્ત્રનો તેમણે ગહન વિચાર કરેલો છે અને તેમનો ઈતિહાસ વિષયક અભ્યાસ પણ પ્રશંસનીય છે; અર્થાત્ તે લોકો મહામાન માન્યતાવાળા હોઈને રાષ્ટ્રના નેતા થવાની બહુ અંશે તેમનામાં યોગ્યતા રહેલી છે; એટલું તો આપણે સ્વીકારવું જ જોઇએ. આવા યોગ્ય પુરુષોનો એવો અભિપ્રાય છે કે આ નવીન રાષ્ટ્રધર્મના યોગે દેશનું કલ્યાણ ન થતાં સંપૂર્ણ અકલ્યાણમાત્ર થવાનું છે. એ પુરુષો આવી યોગ્યતા ધરાવનારા હોવા છતાં આવા પ્રકારનું વિધાન કરે છે તેનું કારણ શું હોવું જોઈએ વારુ? એમનામાંના ઘણાકો તો કટ્ટા સ્વદેશાભિમાની અને અનેક જનો બહુ જ પ્રામાણિક, સત્યનિષ્ઠ તથા મનોભાવથી કાર્ય કરનારા હોઈને તેમની ઇચ્છાઓ પણ અત્યંત તીવ્ર છે; તો પછી તેમનામાં ન્યૂનતા શી છે વારુ? તેમનામાં એક ન્યૂનતા છે અને તે એ કે આજ

પર્યન્ત કેવળ બૌદ્ધિક વાતાવરણમાં વિચરીને તથા કેવળ તર્કશાસ્ત્રનું જ અવલંબન કરીને તેમણે પોતાના સર્વ વ્યવહારો કરેલા અથવા ચલાવેલા હોવાથી અત્યારની પરિસ્થિતિને તેઓ કેવળ તર્કશાસ્ત્રની દૃષ્ટિથી જ જોઇ રહ્યા છે અને કેવળ તર્કશાસ્ત્રની દૃષ્ટિથી જોનારને એવું જ કાંઇક દેખાય એ સર્વથા સ્વાભાવિક છે. આપણા રાષ્ટ્રે જે કાર્યના ભારને પોતાના શિરપર ઉપાડી લીધું છે તે કાર્ય અત્યંત મહત્ તથા કષ્ટસાધ્ય છે; તે કાર્યને પાર પાડવામાટેનાં આપણા રાષ્ટ્રના હાથમાંનાં સાધનો કેવળ અપૂર્ણ જ નહિ, કિન્તુ હાસ્યાસ્પદ પણ છે; શત્રુપક્ષની તૈયારીઓ પ્રચંડ છે; તેમનાં સાધનોની વ્યવસ્થિતતા તથા યથાનિયમ કાર્ય કરવાની પદ્ધતિ અલૌકિક છે અને તે સર્વના યોગે નિર્માણ થનારૂં સામર્થ્ય અભેદ્ય હોય એ તો નૈસર્ગિક જ છે; અર્થાત્ ભૌતિક શાસ્ત્રોની સર્વ સુધારણાઓનો ઉપયોગ કરીને તૈયાર કરેલી સર્વ વિઘાતક શસ્ત્રાસ્ત્રસામગ્રી તેમના હસ્તમાં છે તેમ જ માનવશક્તિ તથા સત્તા એ ઉભય દેવીઓ પણ તેમના પક્ષમાં જ વિરાજી રહી છે. સારાંશ કે, આ પરસ્પર વિરોધિની ઉભય શક્તિઓના બલાબલની વાસ્તવિક સ્થિતિ આવા પ્રકારની હોવા છતાં આ પ્રચંડ કાર્યને તમો કયા સામર્થ્ય તથા કયાં સાધનોવડે સિદ્ધ કરી શકવાના હતા વારૂ ? અર્થાત્ એ લોકો જેવી રીતે વિચાર કરે છે તેવી રીતે કેવળ તર્કશાસ્ત્રની દૃષ્ટિથી વિચાર કરી જોતાં આ કાર્ય અવશ્ય નિરાશાજનક તથા અશક્ય દેખાય છે એ સત્ય છે. ઉદાહરણાર્થ વર્તમાનપત્રોના મુદ્રકો તથા સંપાદકોપર ધડાધડ જે અભિયોગો મંડાતા જાય છે ને અભિયોગોને આપણે કેમ કરીને અટકાવી શકીશું વારૂ ? અર્થાત્ આ બાબતમાં આપણાથી સરકારને અટકાવી શકાય તેમ નથી અને સરકારનો હાથ ઝાલી શકાય તેમ નથી. એટલે કે, વર્તમાનપત્રોના મુદ્રકો તથા સંપાદકોએ મૌનનું અવલંબન કરીને કારાગૃહના માર્ગને સ્વીકારી લેવો એ વિના અન્ય ગતિ જ નથી. આવી રીતે કેવળ તર્કશાસ્ત્રનું અવલંબન કરીને એ લોકો પૂછે છે કે: "આવી રીતે આપણે આપણા વિરોધીઓ સમક્ષ કેટલાક દિવસ ટકાવ કરી શકીશું વારૂ ? આ સત્યા-

ગ્રહનો માર્ગ કેટલાક દિવસ ટકી શકશે? અર્થાત્ તમારા સર્વ નેતાઓ અને તમારામાંના સર્વ સામર્થ્યશીલ પુરુષો કારાગૃહમાં પૂરાઈ જશે અને તેમનો ત્યાં અંત થઈ જશે એટલે તેમના અંત સાથે રાષ્ટ્રનો પણ સંપૂર્ણ નાશ થઇ જવાનો એ સર્વથા નિર્વિવાદ છે." કેવળ વિચારશક્તિ તથા તર્કશાસ્ત્રની દૃષ્ટિથી તેમના આ કથનમાં અવશ્ય તથ્ય સમાયલું છે એની તો કોઇથી પણ ના પાડી શકાય તેમ નથી; કારણ કે, જો તમો રાષ્ટ્રધર્મ અનુસાર વર્તવા માંડશો, તો તમારા રાષ્ટ્રધર્મની ઈમારતને તોડી પાડવાનું કામ જેમને સોંપવામાં આવ્યું છે તેમની સાથે બે હાથ કરી અથવા ખેલી બતાવવામાટે જે સાધનોની આવશ્યકતા છે તે ઉપયુક્ત તથા આવશ્યકીય સાધનો તમારી પાસે અત્યારે હોય, એવી મારી માન્યતા નથી; માત્ર એટલું જ નહિ, પણ તે સાધનો તમારાથી સૂચવી શકાય તેમ પણ નથી. 'એવું કોઇ પણ ભૌતિક સાધન તમારી પાસે છે કે કેમ?' એવો પ્રશ્ન જો કોઈ મને પૂછે, તો મારે તેના એ પ્રશ્નનું એ જ ઉત્તર આપવું પડે તેમ છે કે, માની લ્યો કે, અમારી પાસે એવાં કેટલાંક સાધનો છે અને તે સાધનોનો કેટલેક અંશે ઉપયોગ પણ કરી શકાય તેમ છે; પરંતુ જો તમો કેવળ એ સાધનોપર જ સર્વ આધાર રાખીને બેસી રહેશો, તો જેમ એ તર્કશાસ્ત્રીઓ કહે છે તેમ આ રાષ્ટ્રધર્મ વસ્તુતઃ એક પ્રકારનો ઉન્માદ કિંવા પ્રમાદ છે એમ જ સિદ્ધ થઈ જશે એમાં લેશમાત્ર પણ સંશય નથી.

વિનીત પક્ષનો આધાર પરકીયોની અનુકંપા ઉપર જ રહેલો છે

પરંતુ વિચારનો એથી સર્વથા વિપરીત એક અન્ય પાર્શ્વ પણ છે જ. જેમ તમો કહો છો તેમ, માની લ્યો કે, રાષ્ટ્રધર્મ એક પ્રકારનો ઉન્માદ છે અને તેથી એ રાષ્ટ્રધર્મના યોગે આપણા દેશને કોઇ પણ પ્રકારનો વાસ્તવિક લાભ થવાનો નથી. અર્થાત્ આમ માની લેવા છતાં પણ તે તર્કશાસ્ત્રની દૃષ્ટિથી પુનઃ એક પ્રશ્ન અવશિષ્ટ રહે છે અને તે એ કે, અમારો રાષ્ટ્રધર્મ રહ્યો એને ઘેર, એની વાત જવા દો અને તમારી પાસે અન્ય કોઈ ઉપયુક્ત તથા લાભદાયક માર્ગ કિંવા કાર્યક્રમ

છે કે કેમ તે બોલી નાખો. આ પ્રશ્નનું આપણને વિનીતપક્ષીય તર્કશાસ્ત્રીઓ પાસેથી શું ઉત્તર મળવાનું હતું વારૂ ? તેમને અન્ય કયો માર્ગ કિંવા કાર્યક્રમ ઉપયુક્ત તથા લાભકારક જણાય તેમ છે ? તેમને આનો આધાર શો ભાસે છે ? અર્થાત્ વિનીત પક્ષનો સર્વ આધાર પરકીય રાજસત્તા ઉપર જ રહેલો છે અને તેથી આ પરકીય સરકાર જ આપણને આપણા દેશોદ્ધારના કાર્યમાં સહાયતા આપશે એમ જ તેમને ભાસ્યા કરે છે. સારાંશ કે, ઇશ્વિરપર આધાર રાખીને જો તમો ન ચાલી શકતા હો અને ભૌતિક સામર્થ્ય કરતાં શ્રેષ્ઠતર દૈવી સામર્થ્યમાં જો તમારી શ્રદ્ધા ન હોય, તો પછી પરકીય રાજસત્તાનો પાલવ તમારે પકડવો જ જોઇએ. તાત્પર્ય કે, એકંદર વસ્તુસ્થિતિનો વિચાર કરતાં એ લોકોની એવી માન્યતા થયેલી દેખાય છે કે ભારતીય રાષ્ટ્રના મોક્ષમાટે જે વસ્તુ ઇશ્વિર પણ આપી શકે તેમ નથી તે વસ્તુ આ પરકીય બ્રિટિશ સરકાર તત્કાળ આપી દેશે. ઇશ્વિર પાસેથી જે વસ્તુની પ્રાપ્તિ તમોને અસંભવનીય જણાય છે, તે વસ્તુ તમોને બ્રિટિશ સરકાર પાસેથી મળી જશે એમ તમોને ભાસે છે, કેમ ? જો તમારી આવી માન્યતા હોય, તો એ કેવળ તમારો ભ્રમ છે; કારણ કે, બ્રિટિશ સરકારનું હિત તમારા હિતથી ભિન્ન છે અને તમારૂં હિત બ્રિટિશ સરકારના હિતથી ભિન્ન છે, એટલે કે ઉભયનાં હિતો પરસ્પર વિરોધી હોવાથી બ્રિટિશ સરકાર જ્યારે પણ કરશે ત્યારે પોતાના હિતની જ વ્યવસ્થા કરશે. એકંદર સાર એ જ કે બ્રિટિશ સરકાર પાસેથી તમોને તમારી ધારણા પ્રમાણે કોઈપણ વસ્તુની પ્રાપ્તિ થવાની નથી.

વિનીત પક્ષનો વિજય સર્વથા અસંભવનીય છે

ત્યારે એ તર્કશાસ્ત્રના યોગે શી વાર્તા સિદ્ધ થાય છે વારૂ ? એ જ કે, પ્રામાણિકતાથી તર્કશાસ્ત્રના નિયમો અનુસાર જો આપણે બરાબર વિચાર કરતા રહીએ, તો કેવળ નિરાશા વિના આપણને બીજી કોઇ પણ વસ્તુ દેખાતી નથી અને મરી જવા વિના અન્ય કોઇ પણ માર્ગ આપણામાટે અવશિષ્ટ રહેતો નથી. તમારામાટે ઉપયુક્ત થઇ પડે તેવું કોઈપણ

સાધન જોવામાં આવતું નથી. કોઈ પણ પ્રકારનાં ભૌતિક સાધનોના બળથી જો તમો શત્રુનો પ્રતિકાર કરવા માંડશો, તો આ સરકાર તમારાં તે ભૌતિક સાધનોનો ચુટકી બજાવતાંમાં નાશ કરી શકશે અને તેમ કર્યા વિના સરકાર રહેવાની પણ નથી; કારણ કે, એવો તે કોણ મૂર્ખ હોય કે જે પોતાનાં નેત્રો સમક્ષ પોતાના શત્રુને શાંતિથી સામર્થ્યને વધારવા-માટેનો અવસર ઉદારતાથી આપી દે ? અર્થાત્ જો આમ થાય, તો પછી ? તો પછી કાંઇ જ નહિ; કારણ કે, આપણાથી કરી શકાય તેવું કાંઇ પણ બાકી રહેવાનું નહિ અને તેથી આપણા રાષ્ટ્રનાં સો વર્ષ ભરાઈ ગયાં એમ જ એ તર્કશાસ્ત્રીઓએ કબૂલ કરવું પડશે.

બુદ્ધિ કરતાં અન્તઃકરણ જ શ્રેષ્ઠ છે

પૂનામાં આ વિષયપરત્વે બોલતાં મેં મારા બંગાળા વિષયક અનુભવનો પ્રકાશ કર્યો હતો. સ્વદેશીની હીલચાલથી ત્રણ ચાર વર્ષ પૂર્વે જ્યારે હું બંગાળામાં ગયો હતો ત્યારે ત્યાં રાષ્ટ્રના પુનર્જીવનની આશા કેટલી છે, ત્યાં કોઈ પણ પ્રકારની હીલચાલ યશસ્વિની થવાનો સંભવ છે કે કેમ અને ત્યાંના લોકોની રાજનૈતિક પરિસ્થિતિ કેવા પ્રકારની છે ઇત્યાદિ વિષયોનું વિચારપૂર્વક અવલોકન કરતાં સર્વત્ર નિરાશા તથા પ્રતિ-કૂલ પરિસ્થિતિ જ મારા જોવામાં આવી હતી. બંગાળાના લોકોની એવી દૃઢ માન્યતા થઈ ગઇ હતી કે જો રાષ્ટ્રનો ઉદય થવાનો જ હોય તો તે ઉદયમાટેના પ્રયત્નો બાહ્ય જનોએ જ કરવા જોઇએ; અર્થાત્ જ્યાં સૂધી કોઈ પરકીય રાષ્ટ્ર આપણને પોતાના બાહુપર ઊપાડીને ઊંચા નહિ કરે ત્યાં સૂધી આપણાથી કાંઈ પણ કરી શકાય તેમ નથી અને તેથી જ્યાં સૂધી કોઇની એવી સહાયતા ન મળે ત્યાં સૂધી શાંત થઇને બેસી રહ્યા વિના અન્ય કોઇ ઉપાય જ નથી. સારાંશ કે, આપણી પોતાની હિમ્મ-તથી આપણે કાંઈ પણ કરી શકીએ તેમ નથી એવો તેમનો દૃઢ નિશ્ચય થઈ ગયો હતો. પરંતુ અત્યારે હવે આવી કલ્પનાઓમાટે બંગાળામાં ક્યાંય અલ્પસ્વલ્પ સ્થાન પણ અવશિષ્ટ રહ્યું નથી; કારણ કે, બંગાળાના લોકો એ વાર્તાને સારી રીતે જાણી ગયા છે કે એવી કોઈ પણ પ્રકારની

સહાયતા સરકાર તરફથી આપણને બિલકુલ મળવાની નથી અને તેથી પરાવલંબી રહેવા કરતાં સ્વાવલંબનના માર્ગને સ્વીકારી લેવો એ જ અધિક શ્રેયસ્કર છે. પરંતુ તે વેળાએ અન્ય કોઈ આપણા સહાયક તરીકે દોડી આવશે એવો રંગ તેમને દેખાતો ન હોતો અને તેથી સર્વત્ર કેવળ નિરાશા તથા ઉદ્વિગ્નતા જ વ્યાપેલી દેખાયા કરતી હતી; માત્ર એટલું જ નહિ, પણ જેઓ સ્પષ્ટવક્તા હતા તેઓ તો એમ જ બોલતા હતા કે: "હવે કોઇ પણ પ્રકારનો તરણોપાય ન હોવાથી આપણા દેશનો કાળ નિકટમાં આવી લાગ્યો છે!" બંગાળામાં આવા પ્રકારની નિરાશા તથા ઉદ્વિગ્નતાનો પ્રસાર થયો એ એક રીતે બહુ જ સારૂં થયું; કારણ કે, એ નિરાશા તથા ઉદ્વિગ્નતાના યોગે આ કાર્ય તો નિર્વિવાદ સિદ્ધ થઈ ગયું કે: વિચાર, ધોરણ તથા તર્કશાસ્ત્રની પરીક્ષા થઈ ગઈ અને હવે કેવળ વિચારની પાછળ પડવાથી કશો પણ લાભ થવાનો નથી એ તત્ત્વ લોકોના જાણવામાં આવી ગયું. અર્થાત્ વિચારશક્તિને કેવળ નિરાશા વિના અન્ય કોઇ પણ વસ્તુ ન દેખાવા માંડી એટલે પછી સ્વાભાવિક જ બુદ્ધિ, વિચારશક્તિ તથા તર્કશાસ્ત્રના કાર્યની સમાપ્તિ થઇ ગઇ અને તેમનો માર્ગ ખૂટી જતાં બંગાળાના અંતઃકરણનાં દ્વારો ઊઘડી ગયાં અને ઇશ્વર વિષયક ભક્તિભાવથી પ્રગતિનો આરંભ થયો. અર્થાત્ પરમેશ્વરની ઇચ્છા શી છે એ રહસ્યને જાણી લેવામાટે બહુ લોકો પોતાનાં અંતઃકરણોને મુક્ત કરીને ભક્તિના માર્ગમાં અગ્રેસર થવા લાગ્યા. જ્યારે ઇશ્વરની ઇચ્છા તેમના જાણવામાં આવી ગઇ તે વેળાએ ઇશ્વરની તે ઇચ્છાને સ્વીકારી લેવામાટે બંગાળદેશ તૈયાર થઈ ગયો હતો એટલે ઇશ્વરની તે ઇચ્છાને બંગાળાએ નિમેષમાત્રમાં જ સ્વીકારી લીધી, સમસ્ત રાષ્ટ્ર ગાઢ નિદ્રાને ત્યાગીને અચાનક જાગ્રત થઈ ગયું અને સર્વ ભ્રમ, મોહ તથા નિરાશા આદિનો સર્વથા બહિષ્કાર કરી દેવામાં આવ્યો. બંગાળાને મોક્ષનો માર્ગ મળી આવ્યો અને તેણે સમસ્ત દેશમાં '**वन्दे मातरम्**'નો જયઘોષ કરીને એમ વ્યક્ત કરી દીધું કે: જેવી રીતે ઇશ્વરની કૃપાથી મરણોન્મુખ રોગી આરોગ્યને મેળવીને અમર થઈ જાય છે તેવી જ રીતે જનની

ભારતભૂમિના નષ્ટચર્યની શાશ્વત સમાપ્તિ થઈ ગઈ છે અને તેને અમરતા પણ પ્રાપ્ત થયેલી છે. પોતાની નિષ્ઠાને ઇશ્વરમાં સ્થિર કરીને બંગાળાએ તદનુસાર પોતાના આયુષ્યના કાર્યક્રમને રેખાંકિત પણ કરી દીધું. નિષ્ઠા, ભક્તિ તથા શ્રદ્ધા એ સર્વ ઇશ્વરદત્ત ભાવનાઓ છે અને એ ભાવનાઓના યોગે જ આપણા શરીરમાં એક પ્રકારનો અકલ્પનીય બલિષ્ઠ વાયુ વિહરવા લાગ્યો છે એમ બંગાળીઓને ભાસવા લાગ્યું.

સંકટોનો ઉપયોગ

પરિસ્થિતિનું આવું પરિવર્તન થતાં ઇશ્વિરની નિત્યની પદ્ધતિ પ્રમાણે ઇશ્વરની પોતાની નિર્માણ કરેલી શક્તિ સાથે ઝગડવામાટે વિરુદ્ધ પક્ષને પણ ઉત્તેજિત કરવામાં આવ્યો; કારણ કે, ઇશ્વરનિર્મિત શક્તિ પોતાની વિરોધિની શક્તિ સાથે ઝગડવાથી અને સંકટોને સહન કરવાથી જ પોતાની વૃદ્ધિ તથા દૃઢતાને પ્રાપ્ત કરી શકે છે અને તેની વૃદ્ધિ તથા દૃઢતામાટે એ વિગ્રહ આવશ્યકીય તથા અનિવાર્ય મનાય છે. અર્થાત્ જો સંકટોને સહન કરવાનો સમય નથી આવતો, તો મનુષ્યને નિઃસ્વાર્થતાના પાઠને શીખવાનો પ્રસંગ પ્રાપ્ત નથી થતો અને જો સ્વાર્થત્યાગના નૈતિક બળને પ્રકટ કરવાનો અવસર નથી આવતો, તો મનુષ્યના દૈવી સામર્થ્યનો કપાપિ વિકાસ થઈ શકતો નથી. સાક્ષાત્ શ્રી કૃષ્ણ હોય, તો પણ શું? અર્થાત્ 'જગત્‌ના કલ્યાણમાટે અવતાર લે' એવું કઠોર આમંત્રણ આવ્યા વિના અને તેની સાથે વૈર કરીને તથા તેના માર્ગમાં વિઘ્નોને ઉપસ્થિત કરીને જ્યારે તેનો શત્રુ તેની સાથે લડવાને તૈયાર થઈ જાય છે તે વેળાયે 'તારાં ઉપસ્થિત કરેલાં સર્વ વિઘ્નોને નષ્ટ કરી નાખવાનું સામર્થ્ય મારામાં છે!' એવા આત્મવિશ્વાસનો તેના હૃદયમાં આવિર્ભાવ થયા વિના તેનામાં પણ અવતારકૃત્ય કરી બતાવવાની પાત્રતા કિંવા યોગ્યતા નથી આવતી; તો પછી વિગ્રહ તથા સંકટો વિના મનુષ્યમાં સ્વાર્થત્યાગ તથા દૈવી સામર્થ્યનો આવિર્ભાવ ન થાય એ તો સ્વાભાવિક જ છે. આ નિયમ અનુસાર રાષ્ટ્રોન્નતિ વિષયક વિજયની આશા નિર્માણ થતાં તજ્જન્ય આનન્દમાં બંગાળદેશ હજી તો નૃત્ય કરી રહ્યો હતો એટ-

લામાં તો તે નવીન જન્મેલા રાષ્ટ્રધર્મને ધરાશાયી કરી નાખવામાટે ધીમે ધીમે આસુરી સામર્થ્યને અથવા અન્ય શબ્દોમાં કહીએ તો ભય-નીતિ કિંવા દમનનીતિને ઉપયોગ કરવામાં આવ્યો અને બંગાળાની પરીક્ષા કરવામાટે તેને બે પ્રશ્નો પૂછાવા લાગ્યા. તે બે પ્રશ્નો એ હતા કેઃ "તમો સંકટોને સહન કરવામાટે કટિબદ્ધ કિંવા તૈયાર છો ખરા કે ?" અને "સંકટોને સહન કરીને તમારામાં જીવિત રહેવાની શક્તિ છે ખરી કે ?"

એક નવીન તેજસ્વિની હીલચાલનો વેગયુક્ત પ્રવાહ સમસ્ત દેશમાં પ્રસરી ગયેલો હોવાથી અને પોતાના શરીરમાં નવીન રક્તનું અભિસરણ થતું હોવાથી છલાંગ મારીને એ હીલચાલમાં શામિલ થયેલા, રાષ્ટ્ર-ધર્મની નવીન દીક્ષા મળવાથી આનન્દાતિશયથી ઉછળવા મંડી ગયેલા અને જે 'સંકટો આવશે તેમને દૈવી સામર્થ્યના બળથી સહન કરીને આપણે આપણા વિજયના માર્ગને મુક્ત કરી લઇશું' એવી આશાથી જયઘોષ કરતા પોતાની જનની જન્મભૂમિની સેવામાં તત્પર રહેવાને તૈયાર થયેલા બંગાળી તરુણોના શિરપર ધર્મમાટે સ્વાર્થને સર્વથા ત્યાગી દેવાનો અને સંકટોને સહન કરવાનો પ્રસંગ આવી લાગ્યો. અર્થાત્ વિજયનાં મધુર ફળોને ચાખવાનો પ્રસંગ મળવાને બદલે કેવળ સંકટોને સહન કર-વાના કટુ પ્રસંગો જ તેમને પ્રાપ્ત થવા લાગ્યા. પોતાનું નવીન સામર્થ્ય કેવા પ્રકારનું હતું એનો તેમને અનુભવ થવા લાગ્યો; એટલે કે, 'જે નવીન સામર્થ્ય આપણને પ્રાપ્ત થયેલું છે તે આપણું પોતાનું નથી; કિન્તુ આપણામાં જે નવીન વાયુ વિહરવા લાગ્યો છે તેનું જ તે સામર્થ્ય છે અને આપણે પોતે તેના હસ્તમાંના પુત્તલ–રમકડાં–છીએ' એ રહ-સ્યને તેઓ શનૈઃ શનૈઃ જાણવા લાગી ગયા.

કાર્યક્રમની મહત્તા કરતાં શ્રદ્ધાની મહત્તા અધિક છે

આ સમસ્ત વૃત્તાન્તમાંથી જે સ્વીકરણીય સાર નીકળે છે તે શો છે વારુ ? આજની પરિસ્થિતિમાં આપણે જે અવશ્ય કરવું જોઇએ તે શું છે, એવો પ્રશ્ન તમોએ મને પૂછેલો છે. અમુક પ્રકાર કિંવા અમુક

રીતિનો રાજનૈતિક દૃષ્ટિનો કાર્યક્રમ હોય એટલે થયું, એવી મારી માન્યતા નથી. મેં અનેક વિષયોનો લોકો સમક્ષ ઊહાપોહ કિંવા પ્રકાશ કરેલો છે, તેમ જ સ્વદેશી, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ તથા લવાદ આદિ કેટલાક વિષયોપર મેં વર્તમાનપત્રોમાં લેખો પણ લખેલા છે; પરંતુ અમારા સર્વ ઉપદેશોના પાયા એટલે કે મૂલભૂત સિદ્ધાન્ત તરીકે એક જ તત્ત્વને હું તથા મારા સહકારી સ્નેહીઓ એક સરખી રીતે લોકો સમક્ષ રજૂ કરતા આવ્યા છીએ અને તે એ કે, કેવળ સ્વદેશી, કેવળ બહિષ્કાર, કેવળ રાષ્ટ્રીય શિક્ષણ કિંવા એવા કોઈ પણ પ્રકારના અન્ય રાજનૈતિક કાર્યક્રમના યોગે આ દેશનો ઉદ્ધાર કદાપિ થઇ શકે તેમ નથી. કેવળ સ્વદેશી વ્રતનું અવલંબન કરતા રહેવાથી દેશની સાંપત્તિક સ્થિતિ કદાચિત્ થોડી ઘણી સુધરશે પણ ખરી; પરંતુ એમ થવાથી ધનની વિશેષ પ્રાપ્તિ થવાથી ધનના લોભથી દૃષ્ટિમાં મદાન્ધતાનો આવિર્ભાવ થતાં કિંવા મેળવેલા ધનને જાળવી રાખવાના કાર્યમાં આત્મવિસ્મૃત થતાં મૂળ હેતુ કિંવા ઉદ્દેશ ભૂલાઈ કે ભૂંસાઈ જવાનો અતિશય સંભવ છે, એ કોઇએ કદાપિ ભૂલી જવાતું નથી. કેવળ સાંપત્તિક સુસ્થિતિના ધ્યેયને સ્વીકારવાથી જ રાષ્ટ્રનું કાર્ય ચાલી શકતું નથી. રોમન સામ્રાજ્યના છત્રની છાયામાં વિરાજેલા પરતંત્ર દેશોમાં પણ ઔદ્યોગિક પ્રગતિ તથા સાંપત્તિક સુસ્થિતિ તો હતી જ; પરંતુ એટલાથી જ તે પરતંત્ર દેશોમાં ચૈતન્યનો આવિર્ભાવ થયેલો દેખાતો ન હોતો. અર્થાત્ જ્યારે પરીક્ષાનો પ્રસંગ આવી લાગ્યો ત્યારે તત્કાળ જણાઈ આવ્યું કે જે દેશોની કેવળ ઔદ્યોગિક તથા ભૌતિક દૃષ્ટિથી જ પ્રગતિ થયેલી હતી તે દેશોમાં ઓજસ્વિતા, તેજસ્વિતા તથા એવા જ અન્યાન્ય ગુણોનો સર્વથા અભાવ હતો. તેઓ વસ્તુતઃ મૃત જ હતા અને તેથી પરકીય સત્તાનો સાધારણ આઘાત થતાં જ તેમના સમસ્ત વૈભવોનો પ્રાસાદ તત્કાળ ધરાશાયી થઈ ગયો. આ કારણથી અમુક વિષયની અમુક દિશાથી અને અમુક એક રીતિથી સુધારણા કરી દીધી એટલે આપણા કર્તવ્યની સમાપ્તિ થયેલી માની લેવી એ એક મોટામાં મોટો પ્રમાદ છે. અર્થાત્ એ સર્વ કાર્ય કરવાના માર્ગો

છે કિંવા રાષ્ટ્રમાં ઇશ્વરી સૂત્ર કેવી રીતે ચાલ્યા કરે છે તે દર્શાવનારાં એ કેવળ યંત્રો અથવા સાધનો છે; પરંતુ એ અત્યંત આવશ્યકીય વસ્તુ નથી. ત્યારે હવે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અત્યંત આવશ્યકીય વસ્તુ કઈ અથવા શી છે? જેમને કારાગૃહમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો તેમને સહાયતા કિંવા ઉત્તેજના શાનાથી મળી હતી? તેમનુ સામર્થ્ય શામાં રહેલું હતું? સર્વ પ્રકારના પ્રાપંચિક મોહને વશ ન થતાં સર્વ પ્રકારનાં સંકટોને શાંતિથી સહન કરી લેવાની ક્ષમતાનો તેમનામાં ક્યાંથી આવિર્ભાવ થયો હતો વારૂ? એકજાત સર્વનાં મસ્તિષ્કોમાં એક જ પ્રચંડ પ્રવાહ વહી ગયો હતો, એક જ કલ્પનાથી તેઓ ઉન્મત્ત થઇ ગયા હતા અને તે ભાવના, તે કલ્પના તથા તે ઉન્મત્તતા એ જ હતી કે હિન્દુસ્તાનના ઉદ્ધારમાટે એક પ્રચંડ શક્તિ નિર્માણ થયેલી છે અને અત્યારે આપણા હસ્તથી જે કાંઇ પણ કાર્ય થાય છે તે સર્વ તેની પ્રેરણાથી જ થાય છે. એમાં આપણી પોતાની ઇચ્છા ઇત્યાદિનો પ્રશ્ન છે જ નહિ. અર્થાત્ તેઓ પોતે શું કરી રહ્યા છે એનું પણ તેમને ઘણીક વાર જ્ઞાન કે ભાન રહેતું નથી. આપણે અમુક કાર્ય કોઇના કહેવાથી કરીએ છીએ અથવા તો આવી રીતે વર્તવાનું પરિણામ શું આવશે ઇત્યાદિ વિચારો તેમના મનમાં આવતા જ નથી. તેમની પોતાની માન્યતા તર્કશાસ્ત્ર અનુસાર યથાર્થ છે કિંવા નહિ એ જો કે તેમનાથી કહી શકાતું નથી; તથાપિ તેમનાં અંતઃકરણોમાં એવો દૃઢ વિશ્વાસ બંધાઇ ગયેલો હોય છે કે તેમની માર્ગદર્શિની શક્તિ પ્રચંડસામર્થ્યવતી તથા અજેયા હોવાથી તેનો કોઇથી પણ અવરોધ કિંવા વિનાશ કરી શકાય એ સર્વથા અશક્ય તથા અસંભવનીય છે. અર્થાત્ તે શક્તિ પોતાના અંગીકૃત કાર્યને સિદ્ધ કર્યા વિના શાંત થવાની નથી. આપણામાટે તે શક્તિના કાર્યથી ભિન્ન અન્ય કોઈ કાર્ય અવશિષ્ટ રહેતું જ નથી; અર્થાત્ તે શક્તિની આજ્ઞા અનુસાર આપણે કાર્ય કર્યું એટલે આપણા કર્તવ્યની પૂર્તિ થઈ જાય છે. તે શક્તિ આપણને જ્યાં લઇ જાય ત્યાં આપણે મૌનનું અવલંબન કરીને ચાલ્યા જવું, જેટલા શબ્દો ઉચ્ચારવાની તે

શક્તિની આજ્ઞા થાય તેટલા જ શબ્દોને મુખથી ઉચ્ચારવા અને તે શક્તિ જે કાર્ય કરવાનું કહે તે કાર્ય કરી નાખવું એટલું જ આપણું કર્તવ્ય છે એવી જ તેમની શ્રદ્ધા બંધાયલી હોય છે અને તેથી તેમને કારાગૃહમાં જવાની આજ્ઞા મળતાં જ તેઓ કારાગૃહના માર્ગમાં આનન્દપૂર્વક ચાલવા માંડે છે અને જે સંકટો આવે તેમને શાંતિથી સહન કરી લે છે. આવી રીતે સંકટોને સહન કરવાથી દેશનુ શું કલ્યાણ થવાનું છે એ રહસ્યને જાણવાની તેમની ઇચ્છા જ હોતી નથી. વ્યવહારદક્ષ, પ્રાપંચિક તથા દીર્ઘદર્શી મનુષ્યો તેમને નિરંતર એવી ચેતવણી આપતા રહે છે કે: "આમ વર્તવાથી સત્ય ઉદ્દેશનો ઘાત થાય છે; આવા પ્રકારના વર્તનથી દેશમાં જે અલ્પસ્વલ્પ સામર્થ્ય અવશિષ્ટ રહેલું છે તેનો અકારણ વ્યય કિંવા અપવ્યય થઈ જાય છે અને લાભ લેશમાત્ર પણ થતો નથી. દેશમાંના સત્યપ્રતિભાસંપન્ન, તેજસ્વી અને કાયકર્તા પુરુષો એથી કોઈ પણ પ્રકારના યોગ્ય કારણ વિના શત્રુના કારાગૃહમાં જઇને પૂરાઇ રહે છે અને તેથી રાષ્ટ્રની શક્તિ દિવસાનુદિવસ અધિકાધિક ક્ષીણ થતી જાય છે." પરંતુ આપણે એ તો સારી રીતે જાણીએ છીએ કે રાષ્ટ્રનું સત્ય કિંવા વાસ્તવિક સામર્થ્ય બાહ્ય, સ્થૂલ તથા દૃશ્ય વ્યક્તિઓમાં છે જ નહિ; અર્થાત્ તે સામર્થ્ય સર્વથા ભિન્ન છે. રાષ્ટ્રમાં સંચરતી શક્તિ એક છે અને તેથી તેના કાર્યમાટે મારી, તમારી કે કોઇની કશી પણ આવશ્યકતા છે જ નહિ. તે શક્તિને અરવિન્દની પણ અગત્ય નથી, વિપિન પાલની પણ આવશ્યકતા નથી, તિલકની પણ આવશ્યકતા નથી તેમ જ અન્ય કોઇની પણ આવશ્યકતા નથી. અર્થાત્ તેઓ કારાગૃહમાં વસતા હોય, સ્વર્ગવાસી થઇ ગયા હોય કિંવા અન્યત્ર ક્યાંક જઇને બેસી રહ્યા હોય, તો પણ તેથી દેશનું કાર્ય કાંઈ અટકી રહેવાનું નથી તેમ જ તે કાર્યની કશી ક્ષતિ પણ થવાની નથી એ સર્વથા નિ:સંશય છે. સારાંશ કે, તેઓ ભૂસાની પેઠે ગમે ત્યાં ઊડી જાય તો તેની કશી પણ ચિન્તા નથી. હીલચાલ અથવા ચળવળનો સત્ય ચાલક સૂત્રધાર કેવળ પરમાત્મા જ છે, એટલે પરમાત્મા સમક્ષ

આપણી મહત્તા તે શી હોઇ શકે વારૂ ? પરમેશ્વરના સામર્થ્ય સમક્ષ આપણા સામર્થ્યની શી ગણના ? જ્યારે પરમેશ્વર આપણાપર સંકટ લાવીને આપણને દુઃખી થવાનું કહે છે તો પછી આપણે આનન્દથી તે સંકટોને સહન કરવાં જ જોઇએ; કારણ કે, આવી રીતે સંકટો તથા દુઃખોને સહન કરવાથી જ અન્ય જનોનું ધૈર્ય અવિચલ રહેશે, તેમના શૌર્યની વૃદ્ધિ થતી રહેશે અને તેમનું સામર્થ્ય પણ વધતું રહેશે. જ્યારે તે પરમેશ્વર આપણને મૃત્યુના મુખમાં કિંવા કોઇ અન્ય સ્થાનમાં નાખી દે છે તે વેળાયે તેને આપણા કાર્યની આવશ્યકતા નથી હોતી તેટલા-માટે જ તે આપણને દૂર ખસેડી દે છે એમ જ આપણે માનવું જોઇએ. અત્યારે તો કેવળ વર્તમાનપત્રોપર અભિયોગ જ થાય છે; પરંતુ જો આ પરિસ્થિતિ વધારે બગડતી જશે, તેમ જ દમનનીતિનું બળ વધતું જશે, તો કારાગૃહવાસ તો શું, પણ ફાંસીને લાકડે લટકી જવાનો પ્રસંગ પણ કદાચિત્ આવી લાગશે. આજે જે પુરુષો દેશનાયકની પદવીથી મંડિત થયેલા છે અને જેમનું અસ્તિત્વ રાષ્ટ્રની પ્રગતિ, હીલચાલના પ્રસાર તથા લોકશિક્ષણના કાર્યમાટે અત્યંત આવશ્યકીય ભાસે છે તે દેશનાયકોના શિરપર જો આજન્મ કારાગૃહવાસ કિંવા દેહત્યાગનો પ્રસંગ આવી લાગે, તો તે પ્રસંગ પણ આપણને આવશ્યકીય જ દેખાવાનો. અર્થાત્ આવી પડેલા સંકટને આપણે આનન્દ તથા ધૈર્યપૂર્વક સહન કરવું જ જોઇએ. આજના અમુક જૂના તથા નામાંકિત અગ્રેસરો જો અસ્તંગત થઇ જશે, તો તેમના સ્થાનમાં ઇશ્વર અન્ય નવીન અગ્રે-સરોને પ્રતિષ્ઠિત કરી દેશે. સર્વનો આધાર તથા ચાલક તેજ એક પર-મેશ્વર છે. સત્ય સૂત્રધાર તે જ છે અને આ કાર્ય કિંવા આ હીલચાલ પણ તેનું જ એક સ્વરૂપ છે. રાષ્ટ્રના અંતરમાં તે જ અમર આત્મા નિરંતર નિવાસ કરી રહ્યો છે.

વિચારથી પણ શ્રદ્ધા ઉદ્ભવે છે

એકંદર રીતે બંગાળામાં જે વિશિષ્ટતા કિંવા વિશેષતા દેખાઈ આવી તે આ હતી. શ્રદ્ધા, નિષ્ઠા તથા ભક્તિનો વિશ્વાસ બંગાળી

લોકોમાં ઉત્પન્ન થયેલો છે. એને તમો ગમે તે નામ આપો, પણ જ્ઞાત કિંવા અજ્ઞાત ભાવથી એ ગુણ બંગાળીઓમાં સર્વત્ર દેખાઈ આવે છે. પ્રારંભમાં જ એ તો મેં તમોને કહેલું જ છે કે આપણે અતિશય વિચારશીલ થઇ ગયા છીએ. જ્યાં ત્યાં આપણા વિચારો અને આપણું તર્કશાસ્ત્ર આપણા સમક્ષ આવીને ઊભાં રહે છે અને અદ્યાપિ આપણાપર તેમનો કેટલોક અધિકાર ચાલતો દેખાયા કરે છે. ઉપર વર્ણવાયલી શ્રદ્ધા કેટલાક મનુષ્યોના હૃદયમાં વિચારના યોગે પણ ઉત્પન્ન થયેલી છે. દેશ તથા દેશબાંધવોમાટે જ જીવિત રહીને તેમની સેવામાં તત્પર રહેવાની તથા પ્રસંગ વિશેષે જે સંકટ પોતાના ભાગમાં આવી પડે તેને સહન કરી લેવાની ઇચ્છાથી પણ એ શ્રદ્ધા ઉત્પન્ન થયેલી છે; કારણ કે, એમાં વિચારસરણી એવી છે કે જે ઇશ્વર મારામાં છે તે જ ઇશ્વિર સર્વમાં વસેલો છે. મારી ભક્તિ, મારો પ્રેમ અને મારો ભાવ આદિ સર્વ ઇશ્વરમાં જ છે અને મને સંકટોને વેઠવાની જે ઇચ્છા થાય છે તે પણ ઇશ્વિરવિષયક પ્રેમનું જ પરિણામ છે. આ વિચારસરણીનું અવલંબન કરીને અનેક મનુષ્યો ઇશ્વરની આજ્ઞા પાળવાને તૈયાર થઇ ગયા છે. કોને કેવી રીતે કાર્યમાં લગાડી દેવો એ પરમેશ્વર સારી રીતે જાણે છે અને તેથી જ્યારે તેની ઇચ્છા હોય ત્યારે તે કોઈ પણ મનુષ્યને યોગ્ય માર્ગમાં જ ચલાવે છે.

રાષ્ટ્રધર્મનું દ્વિતીય ફળ સ્વાર્થત્યાગ છે

રાષ્ટ્રધર્મમાંથી જેવી રીતે આપણે શ્રદ્ધા તથા નિઃસ્વાર્થતાની ઉત્પત્તિને જોઈ શક્યા છીએ તેવી જ રીતે ધૈર્યની ઉત્પત્તિ પણ રાષ્ટ્રધર્મમાંથી જ થાય છે. અર્થાત્ શ્રદ્ધા કિંવા ભક્તિ, નિઃસ્વાર્થતા તથા ધૈર્ય એ ત્રણે શબ્દો પર્યાયવાચક કિંવા એક જ અર્થને દર્શાવનારા છે એમ જો કહેવામાં આવે, તો તે ચાલી શકે તેમ છે. જ્યારે ઇશ્વરમાં તમારો સંપૂર્ણ વિશ્વાસ બંધાય છે, ઇશ્વિર જ તમારો માર્ગદર્શક છે એવો તમારો દૃઢ નિશ્ચય થઈ જાય છે અને સર્વ કાર્યોનો કર્તા પરમેશ્વર જ હોવાથી આપણે વસ્તુતઃ કાંઈ પણ કરતા જ નથી એવી તમારી અવિચલ શ્રદ્ધા

થઈ જાય છે તે વેળાયે તમારા અંતઃકરણમાં ભીતિનો સર્વથા લોપ થઈ જાય છે. જ્યાં આવી અચલ શ્રદ્ધા હોય ત્યાં ભીતિનો નિવાસ હોઈ જ ક્યાંથી શકે વારૂ ? સારાંશ કે, 'પરોપકારમાટે કિંવા અન્ય જનોના કલ્યાણ-માટે મારી ગમે તેવી દુર્દશા થઈ જાય; મારૂં ધન, મારૂં જીવન, મારૂં શરીર અને અન્ય જે કાંઈ પણ મારૂં હોય તે સર્વ મારે ત્યાગી દેવું પડે, તો તેની મને પરવા નથી; કારણ કે, એ જ મારૂં વ્રત છે અને એજ મારો ધર્મ છે.' એવો નિશ્ચય જ્યાં એક વાર થઈ ગયો ત્યાં પછી ભીતિ હોય જ શાની વારૂ ? કારણ કે, આવી પરિસ્થિતિમાં ભયનું કોઇ પણ કારણ અવશિષ્ટ રહેતું જ નથી. તમારા મનનો આવો નિશ્ચય થઈ ગયા પછી જગત્‌માંની કોઈ પણ એક જ નહિ, પણ હજારો કોર્ટો સમક્ષ તથા સત્તાધીશો સમક્ષ તમોને પકડીને ઊભા રાખવામાં આવે, તો પણ તમો ધૈર્યથી તેમની સામા ઊભા રહી શકશો. તમારી છાતી ફૂલેલી રહેશે, ગર્દન સરળ રહેશે અને આંખો પણ વિસ્ફારિત જ રહેશે એ નિશ્ચિત છે. તમારો ધર્મ જ તમને કહી રહ્યો છે કે: ' વાસ્તવિક કર્તા તમો નથી પણ તમારાથી ભિન્ન છે અને સૂક્ષ્મ રૂપથી તે તમારા અંતરમાં વસી રહ્યો છે !' એટલે પછી ધૈર્યશીલતાની ખોટ તે શી હોય વારૂ ? તમારા અંત-રમાં જેનો નિવાસ છે તે અમર છે, અજન્મા છે, શસ્ત્રવડે તે છેદાતો નથી, અગ્નિ તેને બાળી શકતો નથી અને જળ તેને પલાળી શકતું નથી; અર્થાત્ એવો જે પરમાત્મા તેને આ મર્ત્યભૂમિમાંના સત્તાધારક લોકો તે શું કરી શકવાના હતા વારૂ ? કારણ કે, કોઇ તેને કારાગૃહમાં બંધ કરીને રાખી શકે તેમ નથી તેમ જ ફાંસીના લાકડે લટકાવી દેવાથી તેનો નાશ કિંવા અંત થઈ જાય તેમ નથી. તમારા અંતરમાં નિત્ય વસી રહેલા પરમાત્માની એક વાર જ્યાં તમને પૂર્ણ પિછાન થઈ ગઈ એટલે પછી ભય હોય જ શાનો વારૂ ? આવા પ્રસંગે ધૈર્યનું જ અવલં-બન કરવું પડે છે; ધૈર્ય વિના અન્ય ઉપાય હોતો જ નથી. આવી સ્થિતિમાં મનુષ્યના હૃદયમાં ધૈર્યનો આવિર્ભાવ એક સરળ તથા સહજ ઘટના સમાન જ થઈ પડે છે.

પાશ્ચાત્યોના ભૌતિક રાષ્ટ્રધર્મની આપણને આવશ્યકતા નથી

ઈશ્વરના સામર્થ્યપર આધાર ન રાખતાં જો તમો અન્ય સાધન સામગ્રીપર આધાર રાખશો, તો તમારો રાષ્ટ્રીય પક્ષ યૂરોપીયન્ પદ્ધતિનો કેવળ ભૌતિક છે એમ જ હું સમજીશ. પરકીયોની રાજસત્તા નષ્ટ થઈ જાય અને આપણા હિન્દુસ્તાનમાં કોઈ પણ સ્વકીયનું જ રાજ્ય હોય તો વધારે સારૂં અથવા હિન્દુસ્તાનમાં હિન્દુસ્તાનીની જ રાજસત્તા હોવી જોઇએ એમ જો તમોને ભાસતું હોય, તો તે કેવળ ઐહિક, ભૌતિક પરિવર્તન કરી નાખવાનો જ વિષય છે અને તેથી એ કૃત્યને ધર્મનું સ્વરૂપ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. હિન્દુસ્તાનના ત્રીસ કરોડ લોકોની દુર્દશાના દર્શનથી તમારાં મન ખળભળી ગયાં છે અને તેથી જ તમો તેમનો ઉદ્ધાર કરીને તેમને તેમની સ્વતંત્રતા આપી તેમને સુખી કરવામાટે તલપાપડ થઈ રહ્યા છો એવી પરિસ્થિતિ તો છે જ નહિ. અર્થાત્ તમારી કલ્પના કિંવા વિચારસરણી એવી છે કે તમારૂં રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રોથી સર્વથા ભિન્ન છે અને હિન્દુસ્તાનના અત્યારના રાજ્યકર્તાઓ પરકીય હોઇને સાત સમુદ્રપારથી અહીં આવેલા છે એટલે તેમને અહીંથી હાંકી કાઢીને સર્વ રાજસત્તાને આપણે આપણા હાથમાં લઈ લેવાની આવશ્યકતા અનિવાર્ય છે. સારાંશ કે, પોતાના દેશબાંધવોને સ્વાતંત્ર્યની પ્રાપ્તિ કરાવી આપવી એ તમારૂં ધ્યેય નથી, કિન્તુ પરકીયોના સ્થાનમાં પોતે જ સત્તાધીશ તરીકે વિરાજવાની મહત્ત્વાકાંક્ષા તમારા હૃદયમાં રમી રહી છે. આવી બુદ્ધિથી જો તમો કાર્યમાં પ્રવૃત્ત થશો, તો વાસ્તવિક પરીક્ષાના પ્રસગે તમારી શી સ્થિતિ થશે એનો જરા વિચાર કરી જુઓ. તે વેળાયે દુઃખોને સહન કરવાનું ધૈર્ય તમારામાં અવશિષ્ટ રહેશે ખરૂં કે ? તે સમયે તમો સંકટોને નિર્ભયતાથી સત્કારી શકશો ખરા કે ? એ તો તમો સારી રીતે જાણી ચૂક્યા છો કે જે ઉદ્દેશથી કાર્યને આરંભીને વાત અત્યારની સ્થિતિમાં આવી લાગી છે તે ઉદ્દેશ કેવળ મનની એક માન્યતા કિંવા કલ્પના જ છે; તે મનનું માની લીધેલું એક કારણ છે, એટલે એવા કટાકટીના સમયમાં તમારૂં મન તમને શો ઉપદેશ આપશે વારૂ ? તમારી

બુદ્ધિ, તમારૂં મન અને તમારૂં તર્કશાસ્ત્ર તમને શો પરામર્શ આપશે, એનો તમોએ કદાપિ વિચાર કર્યો છે ખરો કે? તમારૂં મન તો તમોને એમ જ કહે શે કે: "દેશોદ્ધારમાટે પ્રયત્ન કરવો એ પ્રશંસનીય કાર્ય છે એની તો જો કે કોઈથી ના પાડી શકાય તેમ નથી, પરંતુ એ પ્રયત્ન કરતાં મરી જવાનો, નિદાન અસહ્ય યાતનાઓને સહન કરવાનો પ્રસંગ આવી લાગે છે તેનું કેમ? અર્થાત્ ભવિષ્યમાં કોઈ કાળે આ પ્રયત્નની સફળતા થતાં જ્યારે સ્વાતંત્ર્યસુખ પ્રસરી જશે તે વેળાયે તે સુખને ભોગવવામાટે હું પોતે ક્યાં જીવતો બેસી રહેવાનો છું! અર્થાત્ કેવળ દેશસેવાના કાલ્પનિક મનોરાજ્યમાટે મારે આ પ્રત્યક્ષ અનુભવાતી દુર્દશાને શામાટે ભોગવવી વારૂ?" આ ઘર તમારૂં છે, આ સમસ્ત સંપત્તિ તમારી છે અને આ સર્વ વૈભવ તમારો છે; પરંતુ જો અત્યારે સાહસ કરીને તમો સરકારના મનને દુઃખવશો, તો તમારી આ સર્વ સંપત્તિને સરકાર જપ્ત કરી લેશે. આવા પ્રકારના ભયથી તમો એવા નિશ્ચયપર જ આવી લાગશો કે: "મારો માર્ગ ભિન્ન છે; કારણ કે જે માર્ગમાં સંકટ સાહસ, હાનિ તથા દુર્દશા આદિ કંટકો વિસ્તરેલા છે તે માર્ગ મારો નથી." મારા કથનનું તાત્પર્ય એ છે કે, શ્રદ્ધા, ભક્તિ તથા સ્વાર્થત્યાગ આદિ દૈવી સામર્થ્યનો જો તમારામાં અભાવ હશે, તો તમો ઇતર મોહ-પાશથી મુક્ત થવાના નથી અને જે ક્રાન્તિ–પરિવર્તન–ના યોગે તમને પોતાને લેશમાત્ર પણ લાભ થવાનો સંભવ નહિ હોય, તે ક્રાન્તિમાટે દુર્દશાને ભોગવવા તમો તૈયાર થઈ શકવાના નથી; કારણ કે, આવી સ્થિતિમાં સંકટોને સહન કરવાનું ધૈર્ય તમારામાં હોય જ ક્યાંથી વારૂ? પરંતુ જ્યારે તમારો ઉદ્દેશ એના કરતાં શ્રેષ્ઠ પદવીનો થયેલો હશે, તમો જ્યારે પોતાને સર્વથા ભૂલી ગયા હશો, તમો પોતે કોઈ પણ નથી તેમ જ તમારા સ્વામિત્વની કોઇ પણ વસ્તુ છે જ નહિ એવી ભાવના તમારા હૃદયમાં સ્થિર થઇ ગયેલી હશે; ત્રીસ કરોડ ભારતવાસીઓના સ્વરૂપને ઇશ્વરે જ ધારણ કરેલું છે એવો જ્યારે તમોને પ્રત્યક્ષ અનુભવ થયેલો હશે અને તે ઇશ્વરપરથી ઘરબાર, સ્ત્રીપુત્ર તથા માલમત્તા વગેરે સર્વ

વસ્તુઓને ઓવાળી નાખવાની ઇચ્છા તમારા મનમાં જાગ્રત થઇ ગયેલી હશે તે વેળાયે જ આપણું અંગીકૃત કાર્ય અમર તથા ચિરસ્થાયી છે અને આપણા શરીરદ્વારા કોઈ એક પ્રચંડ શક્તિ પોતાનું કાર્ય કરી રહી છે એવા પૂર્ણ વિશ્વાસનો તમારા હૃદયમાં આવિર્ભાવ થઇ જશે. તે વેળાયે જ અન્ય સર્વ મોહપાશથી તમો મુક્ત થશો; અન્ય સર્વ ચિન્તાઓ, શંકાઓ તથા વિચારો આદિ તમારા મનમાંથી નીકળી જશે અને તેમ થયા પછી ધૈર્યને ધારવાના પ્રયત્નની આવશ્યક્તા જ નહિ રહે. તે અંતઃસ્થા શક્તિ જ તમારી માર્ગદર્શિકા થઇ જશે; કારણ કે, નિરંતર ને અંતઃસ્થા શક્તિ જ તમારી માર્ગદર્શિકા થતી રહે છે; જીવનકાળમાં તમારી રક્ષિકા દેવતા તે જ હોય છે અને જે વેળાયે શરીરને અંતકાળની પ્રાપ્તિ થતી હોય છે તે વેળાયે પણ તમારા અંતઃકરણમાં તે જ અમરશક્તિ પ્રકટ થઇને તમારાપર ગમે તેટલાં સંકટો આવી પડયાં હોય, તમારી ગમે-તેવી દુર્દશા થયેલી હોય અને તમારા શરીરમાં ગમે તેવી ભયાનક મૃત્યુ-વેદના થયા કરતી હોય, તો પણ 'આપણે તો અમર જ છીએ; જે કાંઇ દુઃખ કે સુખ થાય છે તે મર્ત્ય શરીરને જ થાય છે; આપણે પોતે તો અમર તથા અજેય જ છીએ!" એવી ભાવનાને તમારામાં ઉત્પન્ન કરીને અંતકાળે પણ તે જ શક્તિ તમને રક્ષવામાટે સદોદિત ઊભી હોય છે.

ભારતીય રાષ્ટ્રને પરમેશ્વરે સોંપેલું કાર્ય

આજની એટલે કે અત્યારની પરિસ્થિતિમાં ત્રણ વસ્તુઓની અત્યન્ત આવશ્યકતા છે, એમ મેં અત્યાર સૂધી દર્શાવ્યું છે; કારણ કે, આ પરિસ્થતિ જ એવી છે. એવા એક પ્રચંડ કાર્યને અત્યારે તમોએ પોતાના શિરપર ધારી લીધું છે કે જે કાર્ય વ્યવહારની દૃષ્ટિથી કેવળ અશક્ય કોટિમાંનું જ છે. તમારા કાર્યનો વિરોધ કરવામાટે વિશ્વમાંનું એક અત્યન્ત બલિષ્ઠ રાષ્ટ્ર જીવસટોસટના પ્રયત્નો કરવાને ઊભું થઈ ગયું છે. એ તો પુરાણ કાળથી આરંભીને આજ સૂધીના અનુભવનો જ વિષય છે કે જ્યારે જ્યારે ઈશ્વર અવતાર ધારીને આવે છે ત્યારે ત્યારે તેનાં કાર્યોનો વિરોધ કરવામાટે બલિષ્ઠ દૈત્યો તથા અસુરોનો પણ જન્મ થયેલો હોય છે.

અર્થાત્ જો તમો રાષ્ટ્રધર્મને સ્વીકારશો, તો તમારે પણ તમારા કાર્યને બગાડવામાટે તમારી વિરુદ્ધ ઊઠીને ઊભા થયેલા અને વ્યવહારદૃષ્ટિથી અજેય મનાતા શત્રુ સાથે અવસ્ય ઝગડવું જ પડશે. ઘોડો અને મેદાન પાસે જ છે અને યુદ્ધનો આરંભ સુદ્ધાં પણ થઈ ગયો છે. તમારી માનસિક માન્યતાઓ તથા કલ્પનાઓનો ઉપયોગ શો? રાષ્ટ્રકાર્ય વિષયક અત્યારનો આ ઉત્સાહ કેટલાક સમય પર્યન્ત ટકવાનો હતો વારૂ? કેવળ '**वन्दे मातरम्**' ના જયઘોષથી જ શો શુક્રવાર થવાનો હતો? જ્યારે પરીક્ષાનો સમય આવી લાગશે, ત્યારે આ બાહ્ય સાધનો કેટલાક સમય પર્યન્ત ટકી શકશે? બંગાળામાં આજે સંકટોને સહન કરવામાટે જે તરુણો તૈયાર છે તેમના સ્થાનમાં તમો છો એવી કલ્પના કરી જુઓ અને વિચારો કે તેમનામાં શું સામર્થ્ય રહેલું છે? અર્થાત્ તેવા પ્રસંગો જો તમારા શિરપર આવી પડે, તો તેમના સમાન સંકટોને સહન કરવાનું સામર્થ્ય તમારામાં છે ખરૂં કે? તમારામાં એવું કયું સામર્થ્ય છે? કયા સામર્થ્યના યોગે તમો અજેય થઇ શકશો? સંકટોને સહન કરી લઇને પુનઃ દૃઢ રૂપમાં જીવિત રહેવાનું તમારામાટે શક્ય તથા સંભવનીય છે ખરૂં કે કેમ? આ સર્વ પ્રશ્નોનાં સમાધાનકારક ઉત્તરો તમારાથી આપી શકાશે ખરાં કે? અત્યારના પ્રસંગમાં કેવળ ભૌતિક એટલે કે શારીરિક શક્તિઓનો ઉપયોગ થવાનો નથી એ વાર્તા અત્યાર સુધી મેં તમોને સમજાવીને કહી છે; એટલે દ્વિતીય જે દૈવી શક્તિ છે તે દૈવી શક્તિ તમારામાં છે ખરી કે? તમો જે કાર્ય કરવા ઇચ્છો છો તે ધર્માચરણ છે એવો તમારો દૃઢ નિશ્ચય થઇ ગયો છે ખરો કે? અર્થાત્ જો તમારો એવો દૃઢ નિશ્ચય થઇ ગયો હશે, તો જ હું તમોને રાષ્ટ્રપક્ષીય તરીકે સ્વીકારીશ અને રાષ્ટ્રધર્મને એક વાર દૃઢતાથી સ્વીકારી લીધા પછી નિત્ય તદનુસાર વર્તવાનો પ્રયત્ન કરતા રહેજો. તે શક્તિનો તમારા અંતઃકરણમાં ઉદય થયેલો છે કે નહિ તે જુઓ અને જો તે શક્તિનો તમારા અંતઃકરણમાં ઉદય થયો હોય, તો પોતાના સર્વ વ્યવહારોમાં તેનો ઉપયોગ કરી બતાવો. સર્વ વ્યવહારોને તે શક્તિના તંત્રવડે જ ચલાવવાનું

શીખી લ્યો એટલે પછી જે કાંઇપણ પરિણામ થશે તે તમારાં પોતાનાં કૃત્યો ન હોઇને તે અંતઃસ્થ શક્તિનાં જ કૃત્યો તરીકે સિદ્ધ થઈ જશે. એવો ઉદ્યોગ કરતા રહો કે જેના યોગે સદા સર્વકાળ તમોને તે શક્તિનું સ્મરણ તથા દર્શન થતું રહે. તમારા મનમાં ઉદ્ભવતા સર્વ વિચારો તે શક્તિની પ્રેરણાથી જ પ્રેરાશે; કારણ કે, પ્રેરણા કરનારી શક્તિ તે એક જ છે અને તમારા ગુણો, તમારી ઇન્દ્રિયો તથા તમારૂં સમસ્ત શરીર તે અમર શક્તિના કાર્યમાં જ ઉપયુક્ત થવાનાં છે. આવા પ્રકારની સર્વ વ્યવસ્થા થઈ ગયા પછી અત્યારે "લોકો કેવા મૂર્ખ તથા ગમાર છે? કારણ કે, નવીન કલ્પના તેમના મસ્તિષ્કમાં પોપાતી જ નથી. કોઈ પણ કાર્ય કરવાને લોકો તૈયાર હોતા જ નથી; કારણ કે, તેઓ આલસ્યના ગ્રાસ થઈ ગયા છે. અત્યારે યોગ્ય નેતા કોઈ છે જ નહિ. આજકાલ મોટા મોટા પુરુષો કેટલીક ભિન્ન ભિન્ન વાર્તાઓ સંભળાવીને બુદ્ધિભેદ માત્ર કર્યા કરે છે; પણ આગળ વધીને માર્ગ બતાવવાનું કાર્ય કોઇથી પણ કરી શકાતું નથી!" આવા પ્રકારના જે ઉદ્ગારો તમારા મુખમાંથી નીકળ્યા કરે છે તે ઉદ્ગારોને કાળવાનો પ્રસંગ તમોને અને તે ઉદ્ગારોને સાંભળવાનો પ્રસંગ મને પ્રાપ્ત થવાનો જ નથી. તમોને અન્ય કોઇની વિરુદ્ધ તકરાર કરવાનો અવસર મળશે નહિ; કારણ કે, આવી પરિસ્થિતિમાં તમોને અન્ય કોઈ નેતાની આવશ્યક્તા જ ભાસવાની નથી. અર્થાત્ '**मूलं नास्ति कुतः शाखा**'? એક વાર જ્યાં તમોએ તે અંતઃસ્થ અમરશક્તિને ઓળખી લીધી અને તેના ઉપદેશને સાંભળી લીધો એટલે પછી લોકો તમારા ઉપદેશને ન સાંભળે એમ કદાપિ બનવાનું જ નહિ; કારણ કે તે લોકોના અંતઃકરણમાં પણ તે ઉપદેશ પ્રવેશ કરીને પૂર્ણતાથી પ્રસરી જવાનો. તે વક્તા તથા તે શક્તિનો તમારા હૃદયમાં નિવાસ તો છે જ એટલે હૃદયમાં તે શક્તિ હોવાનો જો તમોને સાક્ષાત્કાર થઇ જાય, તેના જ તંત્રથી જો તમારા સર્વ વ્યવહારો થવા માંડે અને તમો જો તેનામાં તન્મય થઇ જાઓ; તો તેના યોગે તત્કાળ તમોને દેખાઇ આવશે કે તમારા મુખમાંથી નીકળતા પ્રત્યેક શબ્દને લોકો કેવી શ્રદ્ધા તથા કેવા

ઉત્સાહથી ઝીલી લે છે. અર્થાત્ આવી રીતે તમો જે ધર્મનો ઉપદેશ કરી રહ્યા છો તે ધર્મનો સત્વર જ સર્વત્ર પ્રસાર થઇ જશે. એ ધર્મના પ્રસારમાં બંગાળાને સમયનો અધિક ભોગ આપવો પડ્યો નથી. આ ધર્મપ્રસારના કાર્યને સો વર્ષની પણ આવશ્યકતા નથી અને પચાસ વર્ષની પણ અગત્ય નથી; કારણ કે, કેવળ ત્રણ વર્ષના અલ્પ કાલાવધિમાં જ બંગાળાની પ્રતિભાનું પરિવર્તન થઈ ગયું છે, બંગાળામાં સર્વત્ર નવીન તેજ તથા નવીન ઉત્તેજનાનો સાક્ષાત્કાર થવા લાગ્યો છે અને સમસ્ત ભારતવર્ષમાં કર્તૃત્વના સંબંધમાં બંગદેશ અગ્ર ભાગે વિરાજવાના ભાગ્યને પ્રાપ્ત કરી શક્યો છે. હવે સમસ્ત ભારતવર્ષને બંગદેશના હસ્તથી જ રાષ્ટ્રધર્મની દીક્ષા મળવાની છે. જે બંગાળાને અત્યાર સુધી કોઈ પૂછતું પણ ન હોતું અને લોકો જે બંગાળાની તેને અશક્ત તથા કોમળ કહીને નિર્ભત્સના કર્યા કરતા હતા, તે જ બંગાળા આ ગત ત્રણ વર્ષના કાલાવધિમાં આટલું બધું બદલાઈ ગયું તેનું કારણ ઈશ્વિરશ્રદ્ધા જ છે. અર્થાત્ 'ઈશ્વિરનું આગમન થાય છે એટલે તેના સ્વાગતમાટે પોતપોતાના અંતઃકરણને મુક્ત કરવાને તમો તૈયાર છો કે કેમ?' એવો એક પ્રશ્ન બંગાળામાં પૂછવામાં આવ્યો અને બંગાળામાં જે કેટલાક સત્પુરુષો તથા સાધુસંતો હતા તેમણે એ પ્રશ્નનું એવું ઉત્તર આપી દીધું કે: "હા, અમો તૈયાર છીએ." આવું ઉત્તર આપીને તેમણે ઇશ્વરની પોતાના હૃદયમાં સ્થાપના કરી રાખી; તેના પરિણામે આવેલાં સંકટો તથા દુઃખોને સહન કરી લીધાં અને આભ્યંતર શક્તિના બળથી તેઓ પોતાના વ્યવહારમાંના માર્ગને આક્રમી ગયા. તે અંતઃસ્થ શક્તિ સાથેના તાદાત્મ્યના યોગે તેઓ આજે તેનો સર્વત્ર પ્રચાર કરી શકે છે. આવી રીતે માત્ર ત્રણ વર્ષના સમયમાં જ બંગાળાનું પૂર્ણ રૂપાન્તર થઇ ગયું છે અને તેથી સર્વના મુખમાંથી એ જ ઉદ્ગાર નીકળવા લાગ્યો છે કે: "આ શો ચમત્કાર!" ગમે તેવાં અને ગમે તેટલાં વિઘ્નો આવવા છતાં પણ બંગાળાની હીલચાલ અટકતી નથી અને લોકો એટલા તો ઉન્નત થતા જાય છે કે કોઇ પણ પ્રકારની બલિષ્ઠ સત્તા તેમની ઉન્નતિની પ્રગતિનો

અવરોધ કરી શકતી નથી. રાષ્ટ્રધર્મરૂપ અવતારી પુરુષનો બંગાળામાં જન્મ થયો છે. જો તમો પણ ઇશ્વરનું પોતાના હૃદયમાં સ્વાગત કરશો અને જો તે શક્તિને હૃદયમાં પ્રતિષ્ઠિત કરી દેશો, તો એના કરતાં પણ સ્વલ્પ સમયમાં સમસ્ત ભારતવર્ષનું પરિવર્તન થઇ ગયેલું તમારા જોવામાં આવી શકશે; કારણ કે, તે શક્તિ પ્રકટ તો થઇ ચૂકી છે, તેનો પ્રભાવ પણ દૃષ્ટિગોચર થવા લાગ્યો છે અને તેથી હવે પછી તેનું કાર્ય અત્યંત વેગપૂર્વક થવા માંડે એ સર્વથા સ્વાભાવિક જ છે. અર્થાત્ તે શક્તિનું કાર્ય જ્યાં સૂધી દૈવી તેજનો પૂર્ણ વિકાસ થશે અને તે દૈવી તેજ સમસ્ત વિશ્વમાં પ્રસરી જશે ત્યાં સૂધી અખંડ ચાલતું જ રહેશે એ નિઃસંશય છે. શ્રી કૃષ્ણે પોતાના અજ્ઞાતવાસના દિવસો ગોકુલ ગ્રામમાં વીતાડયા હતા અને આરંભમાં તેમણે જેવી રીતે વૃન્દાવનના ગોપ-ગોવાળિયા-સમુદાયમાં નિવાસ કર્યો હતો તેવી જ રીતે ભારતવર્ષના દીન, અશક્ત તથા તુચ્છ મનાયલા બંગાળીઓના સમુદાયમાં રાષ્ટ્રધર્મનો ઉદય થયો છે અને તેનો બાલ્યકાળ પણ ત્યાંજ વીતી રહ્યો છે. અર્થાત્ હવે પછી જ્યારે તે પોતાના ઇશ્વરી તેજને પ્રકટ કરશે તે વેળાયે સમસ્ત રાષ્ટ્રનો ઉદય થઇ જશે. આપણા પુરાતનવૈભવશાલી ભરતખંડમાંના સર્વ લોકોમાં દૈવી શક્તિનો સંચાર થતાં ઇશ્વરી પ્રેરણાથી તેઓ જાગ્રત થઈને પોતાના કાર્યમાં લાગી જશે અને ત્યાર પછી ગમે તેવાં તથા ગમે તેટલાં સંકટો તથા વિઘ્નો તેમના માર્ગમાં આવી પડશે, તો પણ તેમની ગતિનો અવરોધ થશે નહિ અને તેમને આગળ વધતા અટકાવવાની કોઇની હિમ્મત પણ ચાલી શકશે નહિ; કારણ કે, પ્રત્યક્ષ ઇશ્વર જ અવતાર ધારીને પધાર્યા છે અને આ તેમનું જ અવતારકૃત્ય છે; એટલું જ નહિ પણ ઇશ્વર પોતાના હસ્તથી જ પોતાના એ અવતારકૃત્યનું સંપાદન કરાવી રહ્યા છે. આ અતિ પુરાતન તથા વૈભવશાલી રાષ્ટ્રના હસ્તમાં ઇશ્વરે એક કાર્ય સોંપ્યું છે, તે કાર્યની સિદ્ધિમાટે તેણે પુનઃ અવતાર ધાર્યો છે અને તેથી જ તે તમારામાં પ્રકટ થઇ રહ્યો છે. ઇશ્વરની ઇચ્છા એવી છે કે ભારતવર્ષે ઇતર

રાષ્ટ્રો પ્રમાણે ન વર્તવું; એટલે કે, કેવળ માનવી તથા ભૌતિક સાધનોના બળથી દીન તથા શક્તિહીન રાષ્ટ્રોને પોતાનાં ચરણો તળે ચગદી નાખવાં એ ભારતવર્ષનું કર્તવ્ય નથી. તમારે પોતાના ઉદાહરણથી સમસ્ત વિશ્વને એક એવો પાઠ પઢાવવાનો છે કે જેના યોગે સમસ્ત વિશ્વનું કલ્યાણ થઈ જાય. એ પાઠ કિંવા એ તત્ત્વોને આપણા પ્રાચીન ઋષિઓ સારી રીતે જાણતા હતા અને તેથી એ તત્ત્વોનું તેમણે માનવજાતિને શિક્ષણ આપ્યું હતું. અત્યારે એ જ તત્ત્વોનો પુનઃ સર્વ જનોને પરિચય કરાવી દેવાની આવશ્યકતા છે. ઇશ્વરના જ્ઞાનને સમસ્ત વિશ્વમાં પ્રસારવા-માટે પ્રથમ તમારે ઇશ્વરની અનુભૂતિ–અપરોક્ષ અનુભૂતિ–અવશ્ય કરવી જ જોઇએ. પોતાના તથા ભારતીય રાષ્ટ્રના સર્વ વ્યવહારો તમારે એવી રીતે ચલાવી બતાવવા જોઇએ કે તમારા દ્વારા ઈશ્વિરથી સહજ પ્રકટ થઇ શકાય. અને ઇશ્વરનું જ્યાં એક વાર આ રાષ્ટ્રમાં પ્રકટીભવન થઇ ગયું એટલે તમારા કર્તવ્યની સમાપ્તિ થયેલી જ તમારે માની લેવી. મારા આટલા કથનથી એ તત્ત્વ તો હવે તમારા જાણવામાં આવી ગયેલું હોવું જ જોઈએ કે આજે આપણે જે ચળવળ ચલાવી રહ્યા છીએ તે કેવળ રાજનૈતિક હીલચાલ નથી કિંવા રાજનૈતિક બળવો નથી તેમ જ રાજ્યક્રાંતિ પણ નથી; કિન્તુ ઈશ્વિરના અવતારકૃત્યને પાર પાડવામાટેની જ આ તમારી હીલચાલ છે અને ઇશ્વરના કાર્યની સિદ્ધિ-માટે જ તમારા આ સર્વ પ્રયત્નો ચાલી રહ્યા છે.



वङ्किमचन्द्र

શ્રી

અરવિન્દ વિચારમાળા

તૃતીય પુષ્પ--વિશ્વવિચાર

નવમ દલ—ઋષિ બંકિમચન્દ્ર

ઋષિ બંકિમચન્દ્ર

પ્રાચીનકાળમાં આપણી આ પવિત્ર ભરતભૂમિમાં જે ઋષિયો થઇ ગયા છે અને જેમણે માનવી વિચારોને વલન આપીને સંસ્કૃતિનાં બીજ પેર્યાં છે તે ઋષિવર્ય તે કાળના અવતારી પુરુષો હોવાથી અત્યારના અવનતિના કાળમાં તે પ્રાચીન ઋષિયો સમાન પુરુષો ઉત્પન્ન થાય એ સર્વથા અશક્ય તથા અસંભવનીય છે, એમ અનેક જનોને ભાસ્યા કરે છે; માત્ર એટલું જ નહિ, પણ આપણી આ પ્રાચીન તથા ઉજ્જવલા ભરતભૂમિના ગત વૈભવના સ્મરણ તથા વિચારથી એ લોકોના હૃદયમાં નિરંતર અનિવાર્ય શોક થયા કરે છે. પ્રાચીન કાળ શુદ્ધ વૈભવનો હોવાથી એવા લોકોત્તર પુરુષો તે કાળમાં નિર્માણ થયા હતા અને અત્યારનો કાળ કેવળ કલિયુગનો હોવાથી અત્યારના સમયમાં એવી વ્યક્તિઓના નિર્માણની સંભાવના છે જ નહિ, એમ એ લોકો કહ્યા કરે છે. પરંતુ તેમનું એ કથન સર્વથા ભ્રમભૂલક તથા પ્રમાદજન્ય છે એમ એક વાર નહિ, પણ ત્રણ વાર છાતી ઠોકીને હું કહું છું. આપણી આ માતૃભૂમિ અનન્તકાલિક છે અને તે સનાતન ધર્મની માતૃભૂમિ છે. અહીંનું માનવી જીવિત પણ અનન્ત છે. આ ભૂમિનાં વૈભવ, પાવિત્ર્ય તથા તે જ તેમના પર મેઘોનું આચ્છાદન આવતાં કોઇ કોઇ વાર આચ્છાદિત થઈ જાય એ સંભવનીય છે; પરંતુ એ વસ્તુઓ સર્વથા નષ્ટ થઇ જાય એ તો કદાપિ સંભવનીય છે જ નહિ. ઋષિ, સાધુ તથા લોકોત્તર વીરપુરુષો એ સર્વ આપણી ભરતભૂમિનાં નૈસર્ગિક સંતાનો હોવાથી જે કાળમાં એવા પુરુષો નિર્માણ ન થયા હોય, તેવો કાળ આ દેશમાં કદાપિ દૃષ્ટિગોચર થયો જ નથી અને ભવિષ્યમાં થવાનો પણ નથી. અર્વાચીન કાળના એવા જ પ્રકારના મંત્રદ્રષ્ટાઓની નામાવલીમાં એક અન્ય નામને સમાવિષ્ટ કરવાની આવશ્યકતા અત્યારે હવે આપણા જાણવામાં આવી ગઇ છે. '**वन्दे मातरम्**' એ નવીન મંત્રથી નવીન ભરતભૂમિ જન્મવાને તત્પર થયેલી દેખાય છે અને જેણે એ નવીન મંત્ર આપણને આપ્યો

છે તેના નામનો મંત્રદ્રષ્ટાઓની નામાવલીમાં સમાવેશ કરવો એ ઉચિત નથી એમ કોણ કહી શકે તેમ છે વારૂ ?

ઋષિ તથા સત્પુરુષો એ ઉભયનાં કાર્યો એક બીજાથી સર્વથા ભિન્ન હોય છે, એ વાર્તાને લક્ષમાં રાખી લેવાની આવશ્યકતા છે. અર્થાત્ ઋષિનું જીવનચરિત્ર કદાચિત્ સાધુ પુરુષોના જીવન ચરિત્ર જેટલું પવિત્ર નહિ હોય અથવા તેની નિષ્ઠા મહાત્મા પુરુષોની નિષ્ઠા સમાન શુદ્ધ સૌન્દર્યવતી નહિ હોય, એ સંભવનીય છે; તથાપિ તેની મહત્તાનો આધાર તેના પોતાના ચારિત્ર્યપર હોતો નથી, કિન્તુ તેના બુદ્ધિગર્ભમાંથી બહિર્ગત થનારા મંત્રોપર જ રહેલો હોય છે. એક અવનત રાષ્ટ્રને તથા પરંપરાથી સમસ્ત માનવકુલને એક નવીન જીવનદાયક મંત્રની આવશ્યકતા હતી અને તે મંત્ર એ પુરુષના મુખદ્વારા જનતાને પહોંચાડવાનો ઈશ્વરી સંકેત હતો. જનતાને એક જીવનદાયક દૃશ્ય દેખાડવાની પરમેશ્વરની ઈચ્છા હતી અને તેથી તેના નિરીક્ષણમાટે પરમેશ્વરે એ પુરુષને દિવ્યદૃષ્ટિ દીધી હતી. તેણે જે દિવ્ય સંદેશ સાંભળ્યો અને જે દિવ્ય વિશ્વરૂપનું અવલોકન કર્યું તેનું તેણે લોકો સમક્ષ નિરૂપણ કરી બતાવ્યું; અને જે શબ્દોદ્વારા એ ઈશ્વરી સંદેશ તેણે જનતાને સંભળાવ્યો તે શબ્દો એવા તો સામર્થ્યશીલ હતા કે તેના તે શબ્દોને સાંભળતાની સાથે જ મનુષ્યોનાં અંતઃકરણો મૂળમાંથી હલી ગયાં, તેમનાં મન નિમેષમાત્રમાં સ્વચ્છ–નિર્મળ–થઈ ગયાં અને તેમનાં મનમાં પૂર્વે કદાપિ ન અનુભવાયલા સામર્થ્યનો ઉદ્‌ભવ થતાં અશક્ય ભાસતાં કાર્યોને સિદ્ધ કરવામાટે સમસ્ત જનસમુદાય એકદમ ઊઠીને ઊભો થઈ ગયો. એ જ મંત્ર જનતાને આપવામાટે એ મંત્રદ્રષ્ટાનો અવતાર થયો હતો અને તેથી તેણે જ પ્રથમ એ મંત્રનો સાક્ષાત્કાર કર્યો હતો.

આજે બંકિમચન્દ્રનું નામ સર્વના મુખમાં રમી રહ્યું છે અને સર્વ જનો તેની પૂજા કરી રહ્યા છે તે શામાટે વારૂ ? તેણે આપણને કયો સંદેશ સંભળાવ્યો હતો અને પોતે કયા દિવ્ય રૂપનો સાક્ષાત્કાર કર્યો હતો ? બંકિમચન્દ્ર એક મહાકવિ હતો, તેનું ભાષાપ્રભુત્વ મહાસુંદર હતું તેમ જ

કલ્પનાના સામ્રાજ્યમાં ઇતસ્તતઃ વિહાર કરીને નાનાવિધ કલ્પનામય ચિત્રોને નિર્માણ કરવાનું તે અપૂર્વ સામર્થ્ય ધરાવતો હતો; પરંતુ આજે તેનું નામ જે સર્વવ્યાપકતાને મેળવી શક્યું છે તેનું કારણ તેનું કાવ્ય પણ નથી. તેનું ભાષાપ્રભુત્વ પણ નથી તથા તેનું ગ્રંથલેખન પણ નથી. 'કુપાલકુંડલા,' 'વિષવૃક્ષ' અને 'કૃષ્ણકાન્તનું મૃત્યુપત્ર' ઇત્યાદિ ગ્રંથો કોઇ એક ભાષાકોવિદની દૃષ્ટિથી કદાચિત્ સર્વોત્કૃષ્ટ હશે એની હું ના નથી પાડતો, અથવા તો 'દેવી ચૌધરાણી,' 'આનન્દમઠ,' 'કૃષ્ણચરિત્ર' કિંવા 'ધર્મતત્ત્વ' જેવા તેના રચેલા ગ્રંથોની કોઈ એક ટીકાકાર ચર્ચા કરે એ પણ સ્વાભાવિક જ છે; તથાપિ જેનું નામ આજે સર્વના જાણવામાં આવી ગયું છે તે બંકિમચંદ્ર 'કુપાલકુંડલા' આદિ ગ્રંથોનો રચયિતા બંકિમચંદ્ર નહિ, પણ ઉત્તરાર્ધમાં ગણાવેલા 'દેવી ચૌધરાણી' આદિ ગ્રંથોનો નિર્માતા બંકિમચન્દ્ર છે એ અહીં અવશ્ય લક્ષમાં રાખી લેવાનું છે. જેમણે અર્વાચીન ભરતભૂમિમાં નવીન વિચારોનું બીજારોપણ કરેલું છે તે પુરુષોની નામાવલીમાં 'આનન્દમઠ'ના લેખકનું નામ અવશ્ય સમાવિષ્ટ થવું જોઈએ અને તે થવાનું જ. પૂર્વાર્દ્ધમાંનો એટલે કે 'કુપાલકુંડલા' આદિ ગ્રંથોનો કર્તા બંકિમચન્દ્ર કેવળ કવિ જ હતો અને કુશળ ભાષાલેખક હતો; પરંતુ ઉત્તરાર્દ્ધમાંનો એટલે કે 'આનન્દમઠ'નો નિર્માતા બંકિમચન્દ્ર એક મંત્રદ્રષ્ટા તથા રાષ્ટ્રોદ્ધારક પુરુષ હતો એટલો પૂર્વાર્દ્ધ તથા ઉત્તરાર્દ્ધમાંના બંકિમચન્દ્રમાં ભેદ રહેલો છે.

પરંતુ જો બંકિમચન્દ્રના ગ્રંથોનો કેવળ કાવ્યદૃષ્ટિથી જ વિચાર કરવામાં આવે, તો પણ બંગાળાની દૃષ્ટિથી તેનું કાર્ય મહદ્ રાષ્ટ્રીય કાર્યોની પંક્તિમાં જ વિરાજવાને યોગ્ય છે; કારણ કે, રાષ્ટ્રોદ્ધાર વિષયક હીલચાલનું નેતૃત્વ બંગાળાને મળવું જોઈએ એવો ઇશ્વરી સંકેત હતો અને તેથી બંગાળાને તે પદવીપર આરૂઢ કરવાની તૈયારી બંકિમચન્દ્રે કરી હતી. જો આ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે, તો પૂર્વાર્દ્ધમાંનો બંકિમચન્દ્ર પણ રાષ્ટ્રકાર્યનો કર્તા હતો એમ અવશ્ય સ્વીકારવું જ પડે છે. કોઈ પણ રાષ્ટ્ર જ્યારે ઉદયોન્મુખ થાય છે ત્યારે તે રાષ્ટ્રમાં પ્રાદુર્ભૂત

ચનારી નવીન કલ્પનાઓને વ્યક્ત દશામાં લાવવામાટેનાં સાધનોની આવશ્યકતા પણ ઉપસ્થિત થાય છે; એટલે કે, તે કલ્પનાઓ સર્વત્ર પ્રસરી જાય, સર્વનાં અંતઃકરણોમાં ઠસી જાય અને સર્વનાં અંતઃકરણોને હચમચાવી નાખે તેવા સ્વરૂપમાં તે કલ્પનાઓને લોકોસમક્ષ ઉપસ્થિત કરવાની આવસ્યકતા અનિવાર્ય થઇ પડે છે. અર્થાત્ સર્વનાં હૃદયોમાં તે કલ્પનાઓ ઊંડી ઊતરી જાય તેવી ભાષામાં તે કલ્પનાઓને રજૂ કરવી પડે છે. સારાંશ કે, ઉદયોન્મુખ બંગાળાનું એ કાર્ય બંકિમચન્દ્રે કરી બતાવેલું હોવાથી આવી રીતે તેણે કરેલી માતૃભૂમિની સેવા અત્યન્ત મહત્ત્વની છે એમાં તો કોઈ પણ પ્રકારનો સંશય છે જ નહિ. બંકિમચન્દ્રે બંગાળી ભાષાના સ્વરૂપને વિકૃત કરી નાખ્યું છે એવો આરોપ કેટલાક લોકો બંકિમચન્દ્રના શિરપર મૂકે છે; પરંતુ પુરાણી શુદ્ધ બંગાળી ભાષાનું સામર્થ્ય નવીન કલ્પનાઓને વ્યક્ત કરવામાટે પર્યાપ્ત ન હોતું; એટલે કે તે જૂની શુદ્ધ ભાષાદ્વારા કેવળ જૂના પુરાણા વિચારોને જ વ્યક્ત કરી શકાય તેમ હતું. પુરાણા પંડિતોની નાગર ભાષામાં બંકિમચન્દ્રે ગ્રામ્ય ભાષાનું મિશ્રણ કર્યું એવો બંકિમચન્દ્રના સંબંધમાં આક્ષેપ કરવામાં આવે છે, એટલે કે બંકિમચન્દ્રની ભાષા પુરાણી દેવભાષા સમાન ન હોઇને કેવળ ગ્રામ્ય ભાષા છે એવી એ ટીકાકારોની માન્યતા છે; પરંતુ વાસ્તવિક વાર્તા તો એ જ છે કે જો બંકિમચન્દ્રે પોતાના ગ્રંથોમાં કેવળ પંડિતોની પુરાણી ભાષાનો જ વ્યવહાર કર્યો હોત, તો તેના યોગે નવીન વિચારો યથાર્થ રૂપમાં વ્યક્ત થવાને બદલે તે વિચારોનાં બીજ મૂળમાં જ દગ્ધ થઇ ગયાં હોત; અર્થાત્ પુરાણી ભારી અને જડ ભાષાના ભાર તળે દબાઈને એ નવીન કોમળ વિચારો ઘુંદાઇ ગયા હોત અને નિઃસત્ત્વ થઇ ગયા હોત એ નિર્વિવાદ છે. એ નવીન વિચારોને મૂર્ત સ્વરૂપ આપવામાટે એવી જ કોમળ, મૃદુ તથા મધુર ભાષાની આવશ્યકતા હતી અને તેથી જ બંકિમચન્દ્રે એવી ભાષાને નિર્માણ કરી હતી; કારણ કે, પંડિતોના ગહન વિચારોને વ્યક્ત કરવાનું કાર્ય તે વેળાયે થવાનું ન હોતું. શાસ્ત્રીય ગ્રંથસંપત્તિને નિર્માણ કરવાનો તે કાળ ન હોતો

અને તેથી તે કાળને તથા તે કાળના વિચારોને શોભાવે અને અનુકૂલ તથા પોષક થઈ શકે તેવી ભાષાની જ તે સમયમાં આવશ્યકતા હતી. દેવવાણીના સામર્થ્ય, પ્રૌઢત્વ તથા કોમળ સૌન્દર્ય તેમ જ આપણી પ્રચલિત ભાષાની બલિષ્ઠતાનું જેમાં મિશ્રણ થયેલું હોય એવી ભાષાની તે વેળાયે આવશ્યકતા હતી. પ્રચલિત ભાષાની ઓજસ્વિતા અને દેવવાણીની ગંભીરતાનું જેમાં અજ્ઞેય મિશ્રણ થયેલું હોય એવી ભાષાની જ તે વેળાયે આપણને આવશ્યકતા હતી. આ પરિસ્થિતિ બંકિમચન્દ્રના જાણવામાં આવી ગઈ હતી અને તે આવશ્યકતાને પૂર્ણ કરવાની તેને પ્રેરણા થવાથી બંકિમચન્દ્રે બંગાળાના નવીન વિચારોને યોગ્ય સ્વરૂપમાં મૂર્ત સ્થિતિ પ્રાપ્ત કરાવી આપવાનું સાધન બંગાળાને આપ્યું હતું.

આપણને અત્યારે કેવા પ્રકારની ભાષાની આવશ્યકતા છે એ જેવી રીતે બંકિમચન્દ્રના જાણવામાં આવી ગયું હતું તેવી જ રીતે રાજનૈતિક વિષયોમાં આપણી ન્યૂનતાઓ શી છે એ વિષય પણ યથાર્થ રીત્યા તેના લક્ષમાં આવી ગયો હતો. અત્યારની રાજનૈતિક પદ્ધતિથી થતી હીલચાલ માલવગરની, પોકળ તથા નિરુપયોગિની છે એ રહસ્ય તેનાથી અજ્ઞાત રહ્યું ન હોતું અને તેથી 'લોકરહસ્ય' તથા 'કમલાકાન્તેર દફતર' એ બે ગ્રંથોમાં એ પદ્ધતિની મર્મભેદક ટીકા કરીને તેણે તેના સત્ય સ્વરૂપનો લોકોને સ્પષ્ટ સાક્ષાત્કાર કરાવી દીધો હતો. પરંતુ આવા પ્રકારની કેવળ વિધ્વંસક ટીકા કરીને જ તે અટકી ગયો ન હોતો; કિન્તુ રાષ્ટ્રના ઉદ્ધારમાટે આજે શી વસ્તુની આવશ્યકતા છે એ ભેદને પણ તે સારી રીતે જાણતો હોવાથી રાજશાસનની દમનનીતિનું લોકોના હસ્તથી તેના કરતાં વધારે તોલનું પ્રત્યુત્તર મળવું જોઈએ એ વાર્તા પણ તેના લક્ષમાં આવી ગઈ હતી અને તેથી જ 'ગ્રામસિંહના માર્ગને ત્યાગીને તમો વનસિંહના માર્ગને સ્વીકારી લ્યો' એવો ઉપદેશ તેણે આપણને આપેલો છે. ભિક્ષુકના ભિક્ષાપાત્રને ત્યાગીને પોતાના કરમાં વીરકંકણને બાંધી લ્યો, એ જ તેનો ઉપદેશ છે. અર્થાત્ 'આનન્દમઠ' તથા 'દેવી ચૌધરાણી' એ ઉભય ગ્રંથોના ગર્ભમાં એ જ તત્ત્વને તેણે સમાવેલું છે. એવી જ રીતે

પશુબળની પાછળ નૈતિક બળ પણ હોવું જોઇએ એ તત્ત્વ પણ તેના લક્ષમાં આવ્યા વિના રહ્યું નથી. એ નૈતિક બળનું પ્રથમ અધિષ્ઠાન ત્યાગ છે. દેશના કલ્યાણમાટે સર્વસ્વની આહુતિ અને દેશની મુક્તિમાટે મનસાવાચાકર્મણા દેશની ઐકાંતિક કિંવા એકનિષ્ઠ સેવા એ બે વસ્તુઓની આપણને અનિવાર્ય આવશ્યકતા છે એવો સંદેશ તેણે **ભારત**-વાસીઓને આપેલો છે. **બંકિમ**ચન્દ્રના નિર્માણ કરેલા દેશકાર્યકર્તાઓ તથા અસિધારાવ્રતધારી પુરુષો રાજનૈતિક વૈરાગી કિંવા સંન્યાસીઓ છે; દેશ-સેવા વિના અન્ય કોઇ પણ વિચાર તેમના ચિત્તને સ્પર્શતો નથી અને અન્ય સર્વ વસ્તુઓ દેશસેવાની તુલનામાં તુચ્છ હોવાથી તેમને દૂર ખસેડીને દેશસેવા નામક વ્રતનું ઉદ્યાપન થઇ ગયા વિના તે અન્ય વસ્તુઓ પ્રતિ-દૃષ્ટિપાત પણ ન કરવો એવો તેમનો દૃઢ સંકલ્પ છે. જેમની પોતાના પેટમાંના પાણીને પણ હીલવા દેવાની ઇચ્છા નથી હોતી અથવા તો જેમને પોતાનો સ્ત્રીપુત્ર આદિ પરિવાર દેશ કરતાં પણ અધિક પ્રિય હોય છે તે દેશભક્તો **બંકિમ**ની દૃષ્ટિમાં સર્વથા અપૂર્ણ તથા દુર્બળ દેખાય છે. ત્યાગ પ્રમાણે જ વ્યવસ્થિતતા તથા નિયમબદ્ધ રચના એ બે વસ્તુ-ઓની પણ આપણને આવશ્યકતા છે એ તત્ત્વનું પણ તેણે પ્રતિપાદન કરેલું છે. '**આનન્દમઠ**' નામક સંસ્થાના સભાસદત્વને સ્વીકારવા પૂર્વે મનુષ્યમાં કઠિન નિયમોને પાળવાની દૃઢતા કેટલી સીમા પર્યન્ત હોવી જોઇએ છે એ વિષયનું **બંકિમ**ચન્દ્રે '**આનન્દમઠ**' નામક સંસ્થાના મહા-કઠિન નિયમો, **દેવી ચૌધરાણી**ના પોતાના કાર્ય વિષયક ગંભીર શિક્ષણ કિંવા અત્યંત શ્રમસાધ્ય અભ્યાસ તેમ જ એ ઉભય ગ્રંથોમાં આલેખા-યલાં પરિપૂર્ણ નિયમબદ્ધતાનાં ચિત્રોવડે સ્પષ્ટ પ્રતિપાદન કરી બતાવ્યું છે; માત્ર એટલું જ નહિ, પણ ત્યાગ તથા અનુશાસન એ બે વસ્તુ-ઓની સાથે ધર્મનું અધિષ્ઠાન પણ અવશ્ય હોવું જ જોઇએ એ તત્ત્વને પણ **બંકિમ**ચન્દ્ર ભૂલી ગયો ન હોતો. અર્થાત્ દેશસેવા એક ધર્મકાર્ય છે એ વાસ્તવિકતા પ્રત્યેક દેશસેવકના જાણવામાં આવી જવી જોઇએ એવો **બંકિમ**નો આગ્રહ છે અને રાષ્ટ્રસેવા એ જ વાસ્તવિક ધર્મ છે એ

બંકિમના લેખોનો મહત્ત્વપૂર્ણ આશય છે. 'ધર્મતત્ત્વ' નામક ગ્રંથમાં આ કલ્પનાનો પ્રથમ જન્મ થયો હતો અને 'શ્રીકૃષ્ણચરિત્ર' નામક ગ્રંથમાં એ કલ્પનાનું મૂર્ત સ્વરૂપ પૂર્ણતાથી પ્રકટ થયેલું છે. એ ગ્રંથમાં કર્મ-યોગનાં સર્વ અંગોનું ઉત્કૃષ્ટ વિવેચન કરીને અંતે બંકિમચન્દ્રે એમ જ દર્શાવ્યું છે કે એ કર્મયોગની પરિસમાપ્તિ દેશસેવામાં જ થવી જોઈએ. 'આનન્દમઠ' નામક ગ્રંથમાં આ કલ્પના મધ્યવર્તિની છે; કારણ કે, એ ગ્રંથની રચના એ એક જ કલ્પનાના પાયાપર કરાયલી છે અને તે કલ્પનાનું કાવ્યમય સ્વરૂપ એક જ પદ્યમાં વ્યક્ત કરી દેવાયું છે કે જે પદ્ય આજે સમસ્ત ભારતવર્ષમાટે એક રાષ્ટ્રગીતના રૂપમાં પરિણત થઇ ગયું છે. દેશની મુક્તિમાટે દેશસેવકોએ કયા માર્ગને સ્વીકારવો જોઈએ અને દેશસેવા ધર્મવ્રત શા કારણથી થવી જોઇએ એ વિષયનો બંકિમ-ચન્દ્રે ભારતવાસીઓને જે સાક્ષાત્કાર કરાવી આપ્યો છે તે તેના હસ્તથી રાષ્ટ્રનું દ્વિતીય મહત્ કાર્ય થયું છે એ સર્વથા નિઃસંશય છે. આપણા દેશમાં આજે જે એક સર્વથા નવીન ચૈતન્ય કિંવા નવ જીવન સંચરી રહ્યું છે અને જે નવીન ઉત્સાહથી લોકો દેશભક્તિના માર્ગમાં અગ્રેસર થઈ ગયા છે તે મૂળ ભાવનાનો ઉત્પાદક અને રાજનૈતિક વિષયનો આદ્ય શિક્ષાગુરુ બંકિમચન્દ્ર છે એ સત્યનો કોનાથી અસ્વીકાર કરી શકાય તેમ છે વારુ ?

આપણી જનની જન્મભૂમિનું સ્પષ્ટ કલ્પનાચિત્ર બંકિમચન્દ્રે જ લોકોના મનમાં આલેખીને આપણી જન્મભૂમિની યથાર્થ દશાનો આપણને સાક્ષાત્કાર કરાવ્યો હતો એ બંકિમચન્દ્રની તૃતીય અને સર્વોત્કૃષ્ટ દેશ-સેવા હતી. ભરતભૂમિને સ્વતંત્રતાની પ્રાપ્તિ થઇ જાય એ કલ્પના કદાચિત્ મનોહર તથા સુખાવહ હોય, તો પણ કર્તૃત્વશક્તિને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય એ એક જ કલ્પનામાં નથી; એટલે કે, આપણી જન્મભૂમિ સ્વતંત્ર હોય એ ઇષ્ટ છે, એટલી જ ભાવનાનો મનમાં આવિર્ભાવ થવાથી કોઇ પણ મનુષ્ય એ દૃષ્ટિથી પ્રયત્ન કરવા મંડી જાય છે એવી વસ્તુસ્થિતિ હતી પણ નહિ અને છે પણ નહિ; કારણ કે, અત્યારના સમયમાં કોઇ

પણ મનુષ્ય, પછી તે રાજભક્ત હોય, વિનીત પક્ષીય હોય કિંવા ઉદ્દામ પક્ષીય હોય, તો પણ ભારતભૂમિને સ્વતંત્રતાની પ્રાપ્તિ થાય અને આપણા હસ્તે પણ જન્મભૂમિની અલ્પ સ્વલ્પ સેવા થાય તો સારૂં એવી ઇચ્છા તેમના મનમાં અવસ્ય ઉત્પન્ન થાય છે જ અને તેથી અત્યારના સમયમાં દેશસેવાથી જે સર્વથા વિમુખ હોય એવો કોઈ વિરલ મનુષ્ય ભાગ્યે જ મળી શકે તેમ છે; પરંતુ જે વેળાયે 'દેશસેવાને સ્વીકારવી કે સ્વાર્થસિદ્ધિને ?' એવો કટાકટીનો પ્રશ્ન આવીને સામો ઊભો રહે છે તે વેળાયે પોતાની સ્વાર્થસિદ્ધિને લત્તાપ્રહાર કરીને દેશસેવાને આનન્દ તથા એકનિષ્ઠતાથી સ્વીકારી લેનારો મનુષ્ય પણ કોઈ વિરલ જ મળી શકે છે. 'આપણો દેશ સ્વતંત્ર હોય તો સારૂં' એવી ઇચ્છા અસંખ્ય મનુષ્યોના મનમાં થયા કરે છે, પરંતુ હાથ ધોઇને એ કાર્યની પાછળ પડનાર માત્ર કોઈ પણ નથી; કારણ કે, દેશની સ્વતંત્રતા કરતાં પણ અધિક પ્રિય ભાસતી કેટલીક અન્ય વસ્તુઓના મોહથી અદ્યાપિ આપણે મુક્ત થયા નથી; એટલે કે જો આપણે સ્વદેશસેવાને જ સ્વીકારી લઇશું અથવા તો ખરેખર જ જો આપણો દેશ સ્વતંત્ર થઇ જશે, તો આપણી તે પ્રિયતર વસ્તુઓ સાથે આપણો વિયોગ થઇ જશે એવી ભીતિ નિરતર આપણા મનમાં રહ્યા કરે છે. આવા પ્રકારની પરિસ્થિતિમાં માતૃભૂમિની હૃદયંગમ મૂર્તિ આપણા ચિત્તમાં પ્રતિષ્ટિત થયા વિના આ ક્ષુદ્ર ભીતિ તથા આ ક્ષુદ્ર આશાનો લોપ થવાનો નથી અને તેથી આ ભીતિ તથા ક્ષુદ્ર આશાના લોપમાટે માતૃભૂમિની સેવા એક દેવકાર્ય છે એ ભાવનાનો ચિત્તમાં ઉત્કટતાથી આવિર્ભાવ થવાની આવશ્યક્તા સર્વથા અનિવાર્ય છે. અર્થાત્ માતૃભૂમિની સેવા વિના અન્ય કોઈ પણ વિચારનો મનમાં ઉદ્‌ભવ ન થાય એવી ઐકાંતિક ભક્તિ ચિત્તમાં નિર્માણ થવી જોઇએ. આવા પ્રકારના પ્રેમે જ આજ પર્યન્ત વિશ્વમાં મોટા મોટા ચમત્કારો કરી બતાવ્યા છે અને અવનત રાષ્ટ્રોને ઉદયગિરિના ઉચ્ચતમ શિખરપર ચઢાવી દીધાં છે. માતૃભૂમિની આવી શુદ્ધ કલ્પનામયી મૂર્તિને પોતાના ચિત્તમાં અવતરેલી જોવાનું ભાગ્ય કોઈ વિરલ

પુરુષને જ પ્રાપ્ત થાય છે અને એ મૂર્તિનો અન્ય જનોને સાક્ષાત્કાર કરાવવાનું સામર્થ્ય પણ તે વિરલ પુરુષમાં જ હોય છે. બંકિમચન્દ્રે '**वन्दे मातरम्**' મંત્ર જે વેળાયે પ્રથમ લખ્યો હતો તે સમયને આજે બત્રીસ વર્ષ જેટલો કાળ વીતી ગયો છે. જ્યારે એ મંત્ર પ્રથમ લખાયો તે વેળાયે બહુ જ અલ્પસંખ્ય લોકોના સાંભળવામાં આવ્યો હતો; પરંતુ ત્યાર પછી જાગ્રતિનો સમય આવી લાગ્યો, દીર્ઘ નિદ્રાને ત્યાગીને બંગાળાના લોકો જાગ્રત થઇ ગયા અને સત્યને શોધવામાટે તેઓ પોતાની આસપાસ દૃષ્ટિપાત કરવા લાગ્યા. એટલામાં કોઇએ '**वन्दे मातरम**' શીર્ષક ગીત ગાયું, એ ગીતના શ્રવણથી જ લોકોને એ મહામંત્રની દીક્ષા મળી ગઇ અને એક જ દિવસમાં સર્વ જનો રાષ્ટ્ર-પ્રેમના ધર્મને શીખી ગયા. તે ક્ષણે જ સર્વ જનોને જનની જન્મભૂમિની મૂર્તિનો સાક્ષાત્કાર થઇ ગયો અને એક વાર જનતાને જ્યાં માતૃભૂમિના રૂપનો સાક્ષાત્કાર થઇ ગયો એટલે પછી જનતાએ પોતાની નિદ્રા, વિશ્રાંતિ, શાંતિ તથા આલસ્યપરાયણતાને તત્કાળ ત્યાગી દઇને એવો દૃઢ સંકલ્પ કરી લીધો કે: 'હવે જ્યાં સુધી નવીન દેવાલય બાંધીને તેમાં માતૃભૂ-મિની આ નવીન મૂર્તિની સ્થાપના તથા તે મૂર્તિ સમક્ષ મહાયજ્ઞની પૂર્ણાહુતિ નહિ કરી શકાય ત્યાં સુધી આપણે નિમેષમાત્રનેમાટે પણ વિશ્રાંતિ લેવાના નથી અને શાંત થવાના નથી!' અર્થાત્ જે રાષ્ટ્રના મનમાં માતૃભૂમિની આવી નવીન મૂર્તિ પ્રતિષ્ઠિતા થઇ ગયેલી છે તે રાષ્ટ્ર હવે વિજેતાના ચરણ તળે પડીને કદાપિ ચગદાઈ જાય એ સર્વથા અશક્ય તથા અસંભવનીય છે.*

---

* શ્રી અરવિન્દ ઘોષે '**वन्दे मातरम्**' શીર્ષક જે મંત્રને દેશો-દ્ધારક મંત્ર તરીકે તથા સ્વ. બંકિમચન્દ્રને તે મંત્રના દ્રષ્ટા ઋષિ તરીકે ઓળખાવેલો છે તે '**वन्दे मातरम्**' શીર્ષક બંગભાષામાં રચાયલું રાષ્ટ્રસંગીત કિંવા મંત્રસંગીત આ લેખના પરિશિષ્ટ તરીકે પાસેના પૃષ્ઠમાં આપવામાં આવ્યું છે અને તે સાથે તેનો ગુર્જર ભાષામાં ગદ્ય અનુવાદ પણ આપેલો છે. **અનુવાદક**

પરિશિષ્ટ

वन्दे मातरम्

કિંવા

બંગીય રાષ્ટ્રગીત

वन्दे मातरम् ।
सुजलां सुफलां मलयज शीतलां
शस्यश्यामलां मातरम् ।
शुभ्र-ज्योत्स्ना-पुलकित यामिनीम्,
फुल्लकुसुमित-द्रुमदल शोभिनीम्,
सुहासिनीं सुमधुरभाषिणीम्,
सुखदां वरदां मातरम् ॥
सप्तकोटिकंठ-कलकल-निनाद कराले,
द्विसप्तकोटिभुजैर्धृतखरकरवाले,
अबला केन मा एत बले ।
बहुबलधारिणीं नमामि तारिणीम्
रिपुदलवारिणीं मातरम् ॥
तुमि विद्या तुमि धर्म;
तुमि हृदि तुमि मर्म,
त्वं हि प्राणाः शरीरे ।
बाहुते तुमि मा शक्ति,
हृदये तुमि मा भक्ति,
तोमारइ प्रतिमा गड़ि मन्दिरे मन्दिरे ।
त्वं हि दुर्गा दशप्रहरणधारिणी
कमला कमलदलविहारिणी
वाणी विद्यादायिनी नमामि त्वाम्
नमामि कमलां अमलां अतुलाम्

सुजलां सुफलां मातरम्,
वन्दे मातरम्
श्यामलां सरलां सुस्मितां भूषिताम्
धरणीम् भरणीम् मातरम् ॥

ગુર્જર ગદ્ય અનુવાદ

હે માતા, હું તારાં ચરણોમાં મસ્તક નમાવું છું; હે સુજલા, સુફલા, મલયગિરિના સમીરવડે શીતલા અને શસ્યશ્યામલા માતા, (તને મારા નમસ્કાર છે!). જેની યામિની-નિશા-શુભ્ર જ્યોત્સ્નાવડે પુલકિત રહ્યા કરે છે, જે પ્રફુલ્લ કુસુમ તથા દ્રુમદલવડે શોભાયમાના છે, જે સુહાસિની છે, સુમધુરભાષિણી છે, સુખદા છે અને વરદા છે તે માતાને હું નમન કરૂં છું. હે માતા, તું સપ્તકોટિ× માનવકંઠોમાંથી નીકળતા કલકલ નિનાદવડે કરાલી અને ચતુર્દશકોટિ+ ભુજાઓમાં અસિને ધારણ કરનારી હોવાથી, હે મા, તને અમિતબલધારિણીને અબળા કોણ કહી શકે તેમ છે વારૂ? હે બહુબલધારિણી, સંસારસાગરતારિણી અને રિપુદલવારિણી માતા, હું મારા મસ્તકને તારાં પદપંકજમાં સ્થાપું છું. જો કોઇ વિદ્યા હોય, તો તે તું જ છે; જો કોઇ ધર્મ હોય તો તે તું જ છે; અમારૂં હૃદય પણ તું જ છે અને અમારો આત્મા પણ તું જ છે; કારણ કે, અમારા શરીરમાંનો પ્રાણ તું જ છે; અમારા બાહુમાં જો શક્તિ હોય, તો તે તું જ છે અને અમારા હૃદયમાં જો કોઇ ભક્તિ વિરાજી રહી હોય, તો તે ભક્તિ પણ તું અને તું જ છે; મા! અમો પ્રત્યેક મન્દિર તથા દેવાલયમાં તારી પ્રતિમાને જ નિર્માણ કરીએ છીએ; કારણ કે, યુદ્ધનાં દશ આયુધોને ધારનારી દુર્ગા તું જ છે; તું જ કમલદલવિહારિણી કમલા-લક્ષ્મી-છે અને તું જ વિદ્યાદાયિની વાણી-સરસ્વતી-છે; એટલા-

---

× સપ્તકોટિ એટલે કે સાત કરોડ. એ બંગાળાની જનસંખ્યા છે.

+ ચતુર્દશ કોટિ ભુજાઓ એટલે કે ચૌદ કરોડ હાથ તે સાત કરોડ બંગાળીઓના હાથોની સંખ્યાને દેખાડનારા છે. **અનુવાદક**

માટે હે કમલા, અમલા અને અતુલા જનની, હું તારી ચરણધૂલિકાને મારા મસ્તકે ધારૂં છું ! હે સુજલા અને સુફલા માતા, તારાં ચરણોમાં મારા નમસ્કાર છે ! હે શ્યામલા, હે સરલા, હે સુસ્મિતા, હે રત્નાલંકાર-વિભૂષિતા, હે વસુંધરા અને હે અન્નપૂર્ણા જનની, તારાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પડીને હું પ્રણામ કરૂં છું ! ! !"*

---

* 'वन्दे मातरम्' શીર્ષક રાષ્ટ્રગીતનો આ ગુર્જર ગદ્ય અનુવાદ શ્રી અરવિન્દ ઘોષકૃત અંગ્રેજી ગદ્ય અનુવાદ–Translation in prose–ને અનુસરીને જ કરવામાં આવ્યો છે; કારણ કે, 'આ બંગીય રાષ્ટ્રગીતમાં માધુર્ય, સરળતા તથા દિવ્ય કવિત્વનું અનન્ય તથા અપૂર્વ સંમેલન હોવાથી આ બંગીય રાષ્ટ્રગીતનો અન્ય કોઇ પણ ભાષામાં પદ્યાનુવાદ એવા જ ભાવવાહક રૂપમાં કરી શકાય એ સર્વથા અશક્ય છે અને તેથી એ દિશામાં જેટલા પણ પ્રયત્ન કરાયલા છે તે સર્વ પ્રયત્ન સર્વથા નિષ્ફળજ નિવડયા છે. આ કારણથી જેઓ બંગાળી ભાષાથી અનભિજ્ઞ છે તેવાં પાઠકો તથા પાઠિકાઓને એ રાષ્ટ્રગીતના ભાવનો પરિચય કરાવવા-માટે એના મૌલિક ભાવને યથાશક્ય પરિમાણમાં જાળવીને હું અહીં એનો પંક્તિશઃ–કિંવા અક્ષરશઃ–ગદ્ય અનુવાદ આપું છું.' એવું શ્રી અરવિન્દ બાબૂએ પોતે આ રાષ્ટ્રગીતનો અંગ્રેજીમાં અન્ય પદ્ય અનુવાદ કરેલો હોવા છતાં પણ સ્પષ્ટ વિધાન કરેલું છે અને તેથી મેં પણ તેમના પદ્ય અનુવાદનો પદ્ય અનુવાદ ન કરતાં તેમના અંગ્રેજી ગદ્ય અનુવાદને અનુસરીને ગુર્જર ગદ્ય અનુવાદ જ કરેલો છે.

અનુવાદક

શ્રી

અરવિન્દ વિચારમાળા

દ્વિતીય પુષ્પ--વિશ્વવિચાર

અનુવાદકકૃત એક ઐતિહાસિક સ્પષ્ટીકરણ

અર્થાત્

જાપાનરાહુદ્વારા ગ્રસાયલા કોરિયાચન્દ્રનો ઇતિહાસ

અનુવાદકકૃત એક ઐતિહાસિક સ્પષ્ટીકરણ

અર્થાત્

જાપાનરાહુદ્વારા ગ્રસાયલા કોરિયા ચન્દ્રનો ઇતિહાસ

સાધુ પૉલ્ રિચર્ડે પોતાના 'જાપાનનું કર્તવ્ય' શીર્ષક વ્યાખ્યાનમાં જાપાનને કોરિયાને તેની સ્વતંત્રતા પાછી આપી દેવાનો ઉપદેશ આપેલો છે અને તે એટલામાટે કે મહત્ત્વાકાંક્ષી જાપાનના હસ્તથી થયેલો કોરિયાની સ્વતંત્રતાનો નાશ જાપાનની ઉજ્જવલતામાં એક અપરિમાર્જનીય કલંક સમાન છે. અર્થાત્ એ હૃદયવિદારિણી સત્ય અને વાસ્તવિક ઘટનાનો અહીં સંક્ષિપ્ત ઇતિહાસ આપવાની આવશ્યકતા ભાસવાથી આ સ્પષ્ટીકરણ લખવામાં આવ્યું છે. અસ્તુઃ

અત્યન્ત અલ્પ કાળમાં જાપાનનું આટલી સીમાપર્યન્ત અભ્યુત્થાન એક સાધારણ ઘટના નથી કિન્તુ એક ચમત્કારિક દૃગ્વિષય છે. આટલા અલ્પ સમયમાં આવી અભૂતપૂર્વ ઉન્નતિ કરીને જાપાને વર્તમાન સભ્ય જગત્‌ને સર્વથા આશ્ચર્યના સમુદ્રમાં નિમજ્જિત કરી દીધું છે. યુરોપનાં રાષ્ટ્રો કે જેઓ એશિયાના અન્ય દેશો પ્રમાણે જાપાનને પણ પોતાના ખીસામાં પધરાવવા અને જો તેમ ન કરી શકાય તો છેવટે પોતાના ચરણતળે દાબી રાખવા ઇચ્છતા હતા, તેઓ આંખો ચોળતાં જ રહી ગયાં. વૃદ્ધ એશિયાની શિરાઓમાં 'જાપાન' નામના શ્રવણથી પુનઃ રક્તનો સંચાર થવા લાગ્યો અને તેથી કોઈ મંગોલિયનના સંબંધથી, કોઈ બૌદ્ધ હોવાના કારણથી અને કોઈ અન્ય કશો સંબંધ ન હોય તો કેવળ એશિયાઈ તરીકેના સંબંધથી; સારાંશ કે, એક કિંવા અન્ય સંબંધ દર્શાવીને જાપાનને પોતાના બંધુ, મિત્ર, હિતેચ્છુ તથા સહાયક તરીકે માનવા લાગ્યા, એ ઘટના સર્વવિશ્રુત હોવાથી એના વિસ્તૃત વિવરણની આવશ્યકતા નથી.

જાપાન એશિયાખંડનો એક દેશ હોવાથી તેની સફળતાથી જો

સમસ્ત એશિયાવાસીઓનાં હૃદયોમાં એક પ્રકારના ગર્વયુક્ત હર્ષનો ઉદ્‌ભવ થાય, તો તે સર્વથા એક સ્વાભાવિક ઘટના જ કહી શકાય. પરંતુ એ કહેવું કઠિન છે કે લોકોએ જાપાનના સંબંધમાં જે જે આશાઓ રાખી હતી તે કેટલી સીમા પર્યન્ત યથાર્થ હતી અથવા છે. જાપાનમાં લોકોની જે શ્રદ્ધા બંધાયલી છે તે શ્રદ્ધાને જોતાં જાપાન વિરુદ્ધ કાંઈ પણ લખવું અથવા બોલવું એ જો કે એક પ્રકારના દુઃસાહસ સમાન જણાય છે; તથાપિ ઇતિહાસલેખકનું એ કર્તવ્ય છે કે જે વસ્તુને તે સત્ય માનતો હોય તેનો યથાર્થ સ્વરૂપમાં તેણે પ્રકાશ કરવો જ જોઇએ અને પક્ષપાતને પોતાના મનમાં લેશમાત્ર પણ આશ્રય ન આપવો જોઇએ. એ પણ સંભવનીય છે કે કદાચિત્ અમારી માન્યતા ભ્રાન્તિપૂર્ણ પણ હોય અને અમારી એ માન્યતા ભ્રાન્તિપૂર્ણ સિદ્ધ થાય તો સારૂં એવી અમારી પરમ ઇચ્છા હોવા છતાં સત્યના સમર્થનમાટે અમારે નિરુપાય થઇને કહેવું પડે છે કે જાપાને પોતાના યૂરોપીયન્ ગુરુઓ પાસેથી કેટલીક અશુભ વસ્તુઓનું શિક્ષણ પણ મેળવ્યું છે અને તેમાં લોભ સર્વથી અગ્ર સ્થાનમાં વિરાજેલો છે. લોભને વશ થઇને જાપાને તે ઉદારતાને સર્વથા તિલાંજલિ આપી દીધી છે કે જે ઉદારતા પ્રાચ્ય જાતિઓનું એક અપૂર્વ ભૂષણ મનાય છે. કદાચિત્ અન્ય દેશો સાથેનો જાપાનનો વ્યવહાર યોગ્ય પણ હોય, તથાપિ ચીન સાથેનો તેનો વ્યવહાર તો અત્યંત સંકીર્ણ તથા ઘૃણોત્પાદક થયેલો છે એ તો સર્વથા નિર્વિવાદ છે.

જાપાનના અભ્યુદયને જોઇને પ્રથમ તો ચીન આશ્ચર્યચકિત થઈ ગયું હતું અને ત્યાર પછી તેના હૃદયમાં હર્ષ તથા ઉત્સાહનો ઉદ્‌ભવ થયો હતો; પરંતુ જાપાનના ત્યાર પછીના તેની સાથેના કુટિલ વ્યવહારે તેના એ સર્વ સદ્‌ભાવોપર પાણી ફેરવી દીધું. અર્થાત્ જાપાનની કુચેષ્ટાઓથી એ રહસ્યનો સ્ફોટ થઇ ગયો કે જાપાનના હૃદયમાં ચીનના સંરક્ષક બની જવાની લાલસા રમી રહી હતી. અન્ય-અર્થાત્ યૂરોપીય-જાતિઓ પ્રમાણે જાપાને ચીનને દબાવી દેવાના અથવા ચગદી નાખ-

વાના જે જે પ્રયત્નો કર્યા હતા તે પ્રયત્નોનો ઇતિહાસ અમારાથી અહીં આપી શકાય તેમ નથી; કારણ કે, અત્યારે તો આપણે કેવળ **જા**પાને **કો**રિયાની સ્વતંત્રતાનો નાશ કેવી રીતે કર્યો હતો એ ઘટનાનો જ વિચાર કરવાનો છે. અર્થાત્ અત્યારે અમો **જા**પાનની અનુચિત રાક્ષસી મહત્ત્વાકાંક્ષા અને દુર્નીતિનું એક એવું ઉદાહરણ પાઠકો તથા પાઠિકાઓ સમક્ષ રજૂ કરવા ઇચ્છીએ છીએ કે જે ઉદાહરણ **જા**પાનના નામને ચિરકલંકિત કરવામાટે સર્વથા પર્યાપ્ત છે.

ચીનના સંરક્ષિત રાજ્યોમાં **કો**રિયાનું સ્થાન અતિશય ઉચ્ચ હતું. જેટલા પરિમાણમાં **કો**રિયાપર **ચી**નનો પ્રભાવ પડ્યો હતો તેટલા પરિમાણમાં અન્ય કોઈ પણ દેશપર **ચી**નનો પ્રભાવ પડ્યો ન હોતો, એમ કહેવામાં અતિશયોક્તિનો લેશમાત્ર પણ સંભવ નથી. પરંતુ દુર્ભાગ્યની પ્રબળતાથી એ **કો**રિયા દેશ **જા**પાનના નિકટમાં હતો; રશિયન્ સામ્રાજ્ય પણ તેનાથી વધારે દૂર ન હોતું અને રશિયા તથા **જા**પાન ઉભયની કુદૃષ્ટિ તેનાપર પડી રહી હતી; માત્ર એટલું જ નહિ, પણ રશિયા તથા **જા**પાન બન્ને તેને સ્વાહા કરી જવામાટેના અવસરને શોધી રહ્યા હતા.

આવી પરિસ્થિતિમાં **લિહુંગ ચાંગે** કોરિયાના રક્ષણનો એક ઉપાય શોધી કાઢ્યો. તેણે એમ ધાર્યું કે: 'જો કોરિયાના સંરક્ષણનો ભાર એકથી વિશેષ રાષ્ટ્રોના શિરપર વિભાગશઃ નાખી દેવામાં આવે તો કદાચિત્ તે રશિયા તથા **જા**પાનના પંજામાંથી છટકી શકે તેમ છે.' **ચી**નને આધીન હોવાથી એ સમય પર્યન્ત **કો**રિયાથી કોઈ પણ પરરાષ્ટ્ર સાથે કોઈ પણ પ્રકારનો સ્વતંત્ર સંધિ કરી શકાતો ન હોતો; પરંતુ ઈ.સ. ૧૮૮૨માં **લિ**ના સમજાવ્યાથી **ચી**નની સરકારે **કો**રિયાને સ્વતંત્ર વ્યાપારી સંધિ કરવામાટેનો અધિકાર આપી દીધો. એ અનુજ્ઞા અનુસાર **કો**રિયાનો ઇંગ્લૅંડ્, **જર્મ**ની તથા **અમે**રિકા સાથે તે જ વર્ષમાં સંધિસંબંધ થઈ ગયો. **લિ**નું એવું અનુમાન હતું કે: 'કદાચિત્ **કો**રિયાપર કોઇ વાર કોઈ પ્રકારની આપત્તિ આવી પડશે, તો એ ત્રણ રાષ્ટ્રો તેના પક્ષનો

સ્વીકાર કરીને તેને બચાવી લેશે.'

કોરિયાના લોકો સ્વાભાવિક જ જાપાનથી અસંતુષ્ટ તો હતા જ એવામાં આ સંધિઓ થતાં તેમના સાહસની વૃદ્ધિ થઈ ગઈ. જાપાનના વિરોધીઓમાં કોરિયાના મહારાજાના પિતા લિ શિહ યિંગ પ્રમુખ પદે વિરાજતા હતા અને મહારાજા અલ્પવયસ્ક હોવાથી રાજ્યનો પ્રબંધ તેઓ જ કરતા હતા. તેમની ઉસ્કેરણીથી કોરિયાના લોકોએ જાપાની રાજદૂતોપર આક્રમણ કર્યું અને તેમના નિવાસાલયને અગ્નિનારાયણનો ભક્ષ બનાવી દીધો. જાપાનીઓ લડતા ઝગડતા ચેમલ્પો બંદર પહોંચ્યા અને ત્યાંથી જાપાન ચાલ્યા ગયા. આ કારણથી જાપાનની સરકારે પોતાની એક સેનાને કોરિયા મોકલી અને લિએ પોતાના એક વિશ્વાસ-પાત્ર માચિએન ચુંગને જાપાન રવાના કર્યો. કોઈ પ્રકારે ઉભય પક્ષોમાં સમાધાન થઈ ગયું અને ૫૦૦.૦૦૦ પાંચ લાખ ડૉલર દંડ તરીકે આપવાથી કોરિયાના પ્રાણ બચી ગયા. એમાંથી ૪૦૦,૦૦૦ ડૉલર પાછળથી છોડી દેવામાં આવ્યા હતા. લિ શિહ યિંગને ચતુર્ભુજ કરીને ચીન મોકલી દેવામાં આવ્યો કે જેથી કોરિયામાં પુનઃ નવીન વિગ્રહનો ઉદ્ભવ ન થાય.

બે વર્ષ પછી પુનઃ અશાન્તિનો રંગ દેખાયો. એ વેળાએ લિ શિહ યિંગ ચીનમાંથી છૂટીને પાછો કોરિયામાં આવી લાગ્યો હતો અને તેણે ત્યાં આવતાંની સાથે જ પુનઃ જાપાનના વિરોધીઓના નેતૃ-ત્વને સ્વીકારી લીધું હતું. જાપાનીઓને પુનઃ પ્રથમ પ્રમાણે જ પલાયન કરવું પડયું અને તેથી પુનઃ એક ચીની સેના તથા એક જાપાની સેનાનું કોરિયામાં આગમન થયું. એ ઉભય પક્ષો પોતાનો કોરિયાના સંરક્ષક તરીકે પરિચય કરાવતા હતા. અંતે વળી પણ કોઈ પ્રકારે સધિ થઇ ગયો અને તેમાં લખાયલી શર્તો આ પ્રમાણેની હતીઃ—

"ઉક્ત ઉભય રાષ્ટ્રો-અર્થાત્ ચીન અને જાપાન-પરસ્પર એવો નિશ્ચય કરે છે કે કોરિયાના મહારાજાને એક પર્યાપ્ત સેનાને કવાયદનું શિક્ષણ આપીને ત્યાં રાખવાનો ઉપદેશ અપાવો જોઈએ કે જેથી

કોરિયા પોતાના રક્ષણની વ્યવસ્થા કરી શકે તેમ જ મહારાજાને એ પણ જણાવી દેવું કે એ સેનાના શિક્ષણમાટે કોઈ તૃતીય-અર્થાત્ **ચીન** તથા **જાપાન**થી ભિન્ન-રાષ્ટ્રના એક અથવા અધિક અધિકારીઓને તેમણે પોતાની નોકરીમાં રાખી લેવા. જો કોરિયામાં કોઈવાર બૃહદ્ અશાન્તિ વિસ્તરી જાય કે જેના યોગે એક રાષ્ટ્રને કિંવા ઉભય રાષ્ટ્રોને કોરિયામાં પોતાનાં સૈન્યોને મોકલવાની આવશ્યક્તા જણાય, તો તેઓ એમ કરવા પૂર્વે એકબીજાને એની સૂચના આપી દેશે અને આવશ્યકીય કાર્યની સમાપ્તિ થતાં પોત પોતાના સૈન્યને ત્યાંથી પાછું બોલાવી લેશે. "*

આ શબ્દોના વિચારમાત્રથી જ એ રહસ્ય તો તત્કાળ જાણવામાં આવી જાય છે કે હવે કોરિયાપર એકલા **ચીન**નો જ અધિકાર રહ્યો ન હોતો કિન્તુ **ચીન**ના એ અધિકાર સાથે ભાગીદાર તરીકે **જાપાન**નો અધિકાર પણ આવી મળ્યો હતો.

આ ઘટના પછી કોરિયામાં લગભગ આઠ વર્ષ પર્યન્ત શાન્તિનો

---

* "The said respective Powers mutually agree to invite the king of Corea to instruct and drill a sufficient force that she may herself assure public security and to invite him to engage into his service an officer or officers from amongst those of a third Power who shall be entrusted with the instruction of the said force.

"In case of any disturbance of a grave nature occuring in Corea, which necessiates the respective countries or either of them to send troops to Corea, it is hereby understood that they shall give, each to the other, previous notice in writing of their intention so to do and that after the matter is settled, they shall withdraw their troops and not further station them there."

અધિકાર રહ્યો; પરંતુ શાન્તિનો તે અધિકાર દેખાવ માત્રનો જ હતો; કારણ કે, આભ્યન્તર અશાન્તિનો અગ્નિ તો ત્યાં પ્રજળી જ રહ્યો હતો. જાપાનીઓ એમ ઇચ્છતા હતા કે જેમના યોગે સંપૂર્ણ રીતે કોરિયા જાપાનના પ્રભાવક્ષેત્રમાં આવી જાય તેવા પ્રકારનાં કોરિયાના રાજ્યપ્રબંધમાં કેટલાંક પરિવર્તનો થઈ જાય તો વધારે સારૂં અને ચીનવાસી તથા કોરિયાવાસીઓ જાપાનીઓની એ ઇચ્છાનો વિરોધ કરતા હતા. આવા પ્રકારનો વિરોધ તો વિસ્તરી જ રહ્યો હતો એટલામાં ઇ. સ. ૧૮૯૪માં ચીને કેટલાક સૈનિકોને કોરિયા મોકલ્યા. તેનું આ કાર્ય સંધિથી વિરુદ્ધ હતું; કારણ કે, એની જાપાનને પ્રાથમિક સૂચના આપવામાં આવી ન હોતી. ચીનના આ વર્તનથી જાપાનીઓ સ્વાભાવિક જ કોપાયમાન થઇ ગયા અને તેનું એ પરિણામ થયું કે ચીન અને જાપાન વચ્ચે યુદ્ધનો પાવક પ્રજળી ઊઠયો. એ યુદ્ધ ચીનમાટે અત્યન્ત હાનિકારક તથા જાપાનમાટે અત્યન્ત લાભદાયક નીવડયું. ચીન જેવા વિશાળ દેશપર વિજય મેળવવાથી જાપાનની પ્રતિષ્ઠાનો સમસ્ત વિશ્વમાં વિસ્તારથઈ ગયો અને ચીનના ગૌરવનો પાત થઈ ગયો. આમ થાય એ સ્વાભાવિક જ હતું; કારણ કે, જાપાનીઓ દત્તચિત્ત થઇને પોતાની ઉન્નતિ કરી રહ્યા હતા અને ચીનદેશ વિઘાતક ઘોર નિદ્રાને આધીન થયેલો હતો. એવી પરિસ્થિતિમાં આ પરિણામ ન આવે, તો અન્ય શું પરિણામ આવે વારૂ? ઈ. સ. ૧૮૯૪ ના જુલાઇ માસની ૨૫ મી તારીખે ચીનનો અસાન તથા પિંગ્યાંગ્ચીનાસ્થળયુદ્ધમાં તથા સપ્ટેમ્બર માસની ૧૭ મી તારીખે યાલૂના જળયુદ્ધમાં જાપાનાના હસ્તથી પરાજય થયો અને ત્યાર પછી નવેમ્બર માસની ૨૧ મી તારીખે અત્યંત દૃઢ મનાતો પોર્ટ્ આર્થરનો કિલ્લો પણ જાપાનીઓના અધિકારમાં ચાલ્યો ગયો. ચીની સરકારે આ પરિણામમાટે લિને દોષી ઠરાવ્યો અને તેનું અનેક પ્રકારે નિર્ભર્ત્સનાયુક્ત અપમાન કર્યું; પરંતુ જાપાનીઓના અભ્યુદયને જોતાં ચીનને શીઘ્ર જ જાપાન સાથે સંધિ કરવાની આવશ્યકતા દૃષ્ટિગોચર થવા લાગી.

ચીન સરકારે પોતા તરફથી મિસ્ટર ડેટ્રિંગ્ નામક એક સજ્જનને

જાપાન મોકલ્યો; પરંતુ તેને સંધિના પૂર્ણ અધિકારો અપાયલા ન હોવાથી **જા**પાનીઓએ તેને એમનો એમ પાછો મોકલી દીધો. એક સાધારણ નિયમ એવો છે કે જ્યારે બે રાષ્ટ્રોનો પરસ્પર સંધિ થાય છે ત્યારે તે ઉભય રાષ્ટ્રોના પ્રતિનિધિઓને તેમની ઇચ્છા અનુસાર સંધિ કરવાના સંપૂર્ણ અધિકારો આપવામાં આવે છે; પરંતુ **ચીન**સરકારે પોતાના પ્રતિનિધિને એ અધિકારો આપ્યા ન હોતા. ત્યાર પછી બે **ચીન**ના પ્રતિનિધિઓને **જા**પાન મોકલવામાં આવ્યા; પરંતુ તેમના અધિકારો પણ અપૂર્ણ હોવાથી તેમને પણ ત્યાંથી ખાલી હાથે પાછા વાળવામાં આવ્યા. અન્તે **લિ** ત્યાં ગયો અને ઈ. સ. ૧૮૯૫ ના એપ્રિલ માસની ૧૭ મી તારીખે **ચીન** તથા **જા**પાન વચ્ચે જે સંધિ થયો તે સંધિ અનુસાર **કોરિયા**માંથી **ચીન**નો અધિકાર દૂર થઇ ગયો. **ફોર્મોસા** તથા **પેસ્કેડોર** ટાપૂ અને **લિયાઓ તુંગ** પ્રાયદ્વીપ **જા**પાનને મળ્યા અને તે ઉપરાંત **ચીન**ના મસ્તકપર **જા**પાનને ૨૦૦,૦૦૦,૦૦૦ તેલ્સ અર્થદંડ તરીકે આપવાનો ભાર નાખવામાં આવ્યો. અસ્તુઃ **ચીન**માં આવીને **લિ**એ **ફ્રાન્સ**, **જર્મની** તથા **રશિયા** આદિ રાષ્ટ્રોને ઉશ્કેર્યા અને તેનું પરિણામ એ થયું કે **લિયાઓ તુંગ** પ્રાયદ્વીપ **જા**પાન પાસેથી **ચીન**ને પાછો મળી ગયો.

અત્યાર સુધી ઉપર અપાયલા વૃત્તાન્તમાં એવી એક પણ ઘટના આવી નથી કે જેથી **જા**પાનની ઘૃણાકારક નીચતાનો પ્રકાશ થતો હોય; અર્થાત્ તેના ઉદ્દેશો ગમે તેવા પ્રકારના હોય, તથાપિ અન્યાન્ય મહત્ત્વાકાંક્ષી પાશ્ચાત્ય દેશોના ઉદ્દેશોથી તેના ઉદ્દેશો વિશેષ નીચ પ્રકારના તો ન હોતા જ. જે જે વેળાએ **જા**પાને યુદ્ધ કર્યું હતું તે તે વેળાએ તે યુદ્ધ પણ તેની પ્રથમ છેડ કરાયા પછી જ કર્યું હતું. આ સર્વ યદ્યપિ સત્ય છે; પરંતુ એનું પણ એક કારણ હતું અને તે એ કે એક તો **જા**પાનના હૃદયમાં **ચીન**નો ભય હતો અને દ્વિતીય સંસાર સમક્ષ **ચીન** તથા **કોરિયા**ને જ અપરાધી તરીકે સિદ્ધ કરી બતાવવાની **જા**પાનની ઇચ્છા હતી. આ બે કારણોથી **જા**પાનીઓ છુપી રીતે એવી ચાલાકીઓ કર્યા કરતા હતા કે જેથી કંટાળીને તથા કોપાયમાન થઇને **ચીના**ઓ

અથવા કોરિયનો અવસ્ય કોઈ ઉપદ્રવ કરી બેસે અને તે ઉપદ્રવના કારણથી તેને યુદ્ધનો અવસર મળી જાય. પરંતુ ઉપર્યુક્ત યુદ્ધની ઘટના પછી આ પરિસ્થિતિનો સર્વથા લોપ થઈ ગયો; જાપાનના હૃદયમાંથી ચીનનો ભય નીકળી ગયો અને તેથી જાપાને પોતાના ખેલો ખેલવામાં કશી પણ કચાશ ન રાખી. અર્થાત્ હવે પછી જે ઘટનાઓનો ઉલ્લેખ અમો કરવાના છીએ તેના યોગે જાપાનની રાક્ષસી, નિન્દનીય અને ઘૃણાકારક લોભિષ્ટતા કિંવા તૃષ્ણાનો પાઠક તથા પાઠિકાઓને સંપૂર્ણ સાક્ષાત્કાર થઈ શકશે.

અમો ઉપર લખી આવ્યા છીએ તદનુસાર એ સંધિ (કે જેને શિમોનોસેના સંધિ તરીકે ઓળખવામા આવે છે તે)ની એક ધારા અનુસાર કોરિયામાંથી ચીનના સમસ્ત આધિપત્યનો લોપ થઇ ગયો અને ચીને કોરિયાને એક સ્વતંત્ર રાજ્ય તરીકે સ્વીકારી લીધું. હવે આપણે એ જ જોવાનું છે કે કોરિયાને પોતાની એ નવીન સ્વતંત્રતાનું શું પરિણામ ભોગવવું પડયું અને શું ફળ ચાખવું પડયું.

કોરિયાનાં મહારાજા તથા મહારાજ્ઞી ઉભય જાપાનનાં વિરોધી હતાં અને તેમાં પણ મહારાજ્ઞી તો જાપાનને અત્યન્ત ઘૃણાની દૃષ્ટિથી નિહાળતી હતી. ઉપર્યુક્ત સંધિ થઈ ગયા પછી અલ્પ કાલાવધિમાં જ એટલે કે ઈ. સ. ૧૮૯૫ ના ઑક્ટોબર માસની ૮ મી તારીખે કેટલાક જાપાની સૈનિકો કોરિયાના રાજમહાલયમાં ઘુસી ગયા અને તેમણે મહારાજ્ઞીની હત્યા કરી નાખી. એ ઘટનાની તપાસ ચાલતાં એ સિદ્ધ થઈ ગયું કે જાપાની રાજદૂત વાઇકાઉન્ટ્ મ્યૂઇરાની આજ્ઞાથી જ જાપાની સૈનિકોએ કોરિયાની મહારાજ્ઞીનો વધ કર્યો હતો; પરંતુ જાપાની સરકારે મ્યૂઇરાને કોઈ પણ પ્રકારનો દંડ આપવાને બદલે તેના પદની વૃદ્ધિ કરી આપી. જે લોકો જાપાનીઓની વીરતા તથા ઉદારાશયતાની પ્રશંસા કરતા હોય તે મહાનુભાવોએ જાપાનની આ વીરતા તથા ઉદારાશયતા (?) ને અવસ્ય સ્મરણમાં રાખી લેવાની છે.

જાપાનની મહત્ત્વાકાંક્ષાપૂર્તિના માર્ગમાંથી મહારાજ્ઞીરૂપ એક કંટક તો નીકળી ગયો એટલે ત્યાંના મહારાજારૂપ એક જ કંટક અવશિષ્ટ રહ્યો.

અર્થાત્ કોરિયાના મહારાજાને કયદ કરી લેવામાં આવ્યા; પરંતુ ચાર મહિના પછી તેઓ ત્યાંથી નાઠા અને રશિયાના રાજપ્રતિનિધિના નિવાસ-સ્થાનમાં આશ્રય મેળવવામાટે પહોંચી ગયા. ત્યાં રહીને તેમણે એક ઘોષણાદ્વારા મહારાજ્ઞીને મારી નાખનારા જાપાનીઓના ઘોર અપરાધનો પ્રકાશ કરી દીધો.

ઈ. સ. ૧૮૯૫ ના માર્ચ માસની ૯ તી તારીખે રશિયા તથા જાપાન વચ્ચે એક સમજૂતી થઇ ગઈ અને તેથી જાપાનને કોરિયામાં તારની વ્યવસ્થા મળી ગઈ. એ પછી રશિયા તથા જાપાન બન્નેએ કોરિયાનાં શાસન, સૈન્ય તથા વ્યય આદિમાં સુધારો કરવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી. જ્યારે આ વિષયની કોરિયાને સૂચના આપવામાં આવી ત્યારે કોરિયાના પરરાષ્ટ્રીય મંત્રીએ—કે જે મંત્રી અન્ય રાષ્ટ્રો સાથે પત્ર-વ્યવહાર આદિ ચલાવવાનું કાર્ય કરે છે તેણે–સ્પષ્ટ લખી જણાવ્યું કે: ‘ તમો ઉભય રાષ્ટ્રોએ કોરિયાની સરકારને પૂછ્યા વિના જ આ વ્યવસ્થાનો નિશ્ચય કરી લીધો છે એટલે અમો આપના આ પ્રબંધને સ્વીકારવાને બંધાયલા નથી. ’ પરંતુ દુર્બલ મનુષ્ય તથા દુર્બલ રાષ્ટ્રની ધમકીઓથી કોણ ડરી જાય તેમ છે વારૂ ? સારાંશ કે, એ ઘટના પછી થોડા દિવસમાં જ કોરિયાની ઇચ્છા ન હોવા છતાં પણ કોરિયાને એક જાપાની કંપની પાસેથી ત્રીસ લાખ **યેન** ઋણ તરીકે લેવા પડયા.

એ પછી સાત વર્ષ પર્યન્ત એટલે કે ઈ. સ. ૧૯૦૪ પર્યન્ત કોઈ ઉલ્લેખયોગ્ય નવીન ઘટના ન ઘટી. ઈ. સ, ૧૯૦૪ નું વર્ષ કોરિયામાટે અત્યન્ત દુ:ખદાયક થઇ પડયું; કારણ કે, એ જ વર્ષમાં તેના સ્વતંત્ર જીવનનો સદાનેમાટે અન્ત થઇ ગયો. ઇ. સ. ૧૯૦૪ ના ફેબ્રુઆરી માસની ૧૦ મી તારીખે જાપાનના સમ્રાટે જે આજ્ઞાપત્ર દ્વારા રશિયા સાથેના યુદ્ધની ઘોષણા કરી તે આજ્ઞાપત્રમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે: **“ The integrity of Coroa is a matter of grave concern to this Empire. ”** અર્થાત્ **“ કોરિયાની સ્વતંત્રતાનું આ જાપાની સામ્રાજ્યને ગંભીર ધ્યાન છે. ”**

પુનઃ ફેબ્રુઆરીની ૨૩ તારીખે જાપાની સરકારે લખી જણાવ્યું કે; "The Imperial Government of Japan definitly guarantees the independence and territorial integrity of the Corean Empire." અર્થાત્ "કોરિયન્ સામ્રાજ્યના સ્વાતંત્ર્ય તથા અખંડિત ભૂપતિત્વની રક્ષામાટે જાપાન સામ્રાજ્ય સ્પષ્ટ વચન આપે છે."

એ ઘટનાથી ચાર મહિના પછી એટલે કે જૂન મહિનામાં કોરિયાના ગળાને ઘૂંટવાનો એક પ્રબંધ કરવામાં આવ્યો. મિસ્ટર નાગામોરિ નામક એક જાપાની સજ્જનને કોરિયામાં જેટલી પડતર જમીન-જેમાં ખેતી ન થતી હોય તેવી ભૂમિ-હતી તે સઘળી પડતર ભૂમિનો પચાસ વર્ષમાટે પટ્ટો લખી આપવામાં આવ્યો. આ પટ્ટાથી તે ગૃહસ્થને એવો અધિકાર આપવામાં આવ્યો કેઃ "તે મહાશય પચાસ વર્ષ પર્યન્ત તે પડતર ભૂમિમાં ગમે તે કરે અને ગમે તેટલો લાભ મેળવે અને જો પચાસ વર્ષ પછી કોરિયા તેના નામનો નવો પટ્ટો ન કરી આપે, તો એ પચાસ વર્ષમાં તેના જેટલા રૂપિયા એ ભૂમિના સંબંધમાં ખર્ચાયા હોય તે સઘળા રૂપિયા સેંકડે પાંચ રૂપિયાના વ્યાજ સુદ્ધાં કોરિયા તેને પાછા આપી દે."

આ ઘટનાથી બે મહિના પછી એટલે કે ઑગસ્ટ્ માસમાં કોરિયાના સદ્યઃપ્રાપ્ત સ્વાતંત્ર્યે પોતાના એક નવીન સ્વરૂપનો વિશ્વને સાક્ષાત્કાર કરાવ્યો. આ સમય પર્યન્ત અન્ય સ્વતંત્ર દેશો પ્રમાણે કોરિયાના રાજદૂતો કિંવા પ્રતિનિધિઓ યુરોપ તથા અમેરિકાનાં સ્વતંત્ર રાષ્ટ્રોમાં રહેતા હતા અને તે રાષ્ટ્રોના પ્રતિનિધિઓ કોરિયામાં રહેતા હતા. પરંતુ હવે જાપાને કોરિયાને એવી આજ્ઞા સંભળાવી દીધી કેઃ "સર્વ પરરાષ્ટ્રીય રાજદૂતોને તેણે કોરિયામાંથી રવાના કરી દેવા અને અન્ય રાષ્ટ્રોમાં રહેતા પોતાના રાજદૂતોને પાછા બોલાવી લેવા; કારણ કે, જાપાન તેનું સંરક્ષક થઇને તેના સર્વ કાર્યને સંભાળી લેશે." એ ઉપરાંત બીજી એ આજ્ઞા આપવામાં આવી કેઃ "કોરિયાની સેના ૨૦,૦૦૦ હજારની છે તે

૭૦૦૦ હજારની થવી જોઇએ."

આ આજ્ઞાઓથી એ તો સર્વથા સ્પષ્ટ થઈ ગયું કે **જાપાન**ની **કોરિયા**ને હસ્તગત કરી લેવાની પરમ ઇચ્છા હતી. **જાપાન**ની આ ચેષ્ટાઓને જોઇને **કોરિયા**ના **મહારાજા**એ પોતાના એક દૂતને **અમેરિકા** મોકલ્યો; કારણ કે, તેમનું એવું અનુમાન હતું કે: "આવા પ્રસંગે **અમેરિકા** જ દુર્બલ જાતિઓનો પક્ષ લેશે!" પરતુ **"दैवो दुर्बलघातकः"** એવો નિયમ હોવાથી એનું પરિણામ કાંઈ પણ ન થયું; માત્ર એટલું જ નહિ, પણ સર્વથી પ્રથમ **અમેરિકા**એ જ **જાપાન**ના **કોરિયા** વિષયક અધિકારોને અનુમતિપૂર્વક સ્વીકારી લીધા.

જ્યારે **જાપાને** એ જાણ્યું કે **કોરિયા**વાસીઓ પોતાની રક્ષાના પ્રયત્નો કરી રહ્યા છે એટલે **જાપાને માર્કિવસ્** ઈટોને એક વિશિષ્ટ દૂત તરીકે **કોરિયા** મોકલ્યો અને તે **કોરિયા**ના **મહારાજા**ને મળ્યો. એ વિશિષ્ટ દૂતે **જાપાન** તરફની જે જે વાતો **મહારાજા**ને સંભળાવી તે વાતોને સાંભળીને **મહારાજા**એ કહ્યું કે: "મારા મૃત્યુને હું આનન્દથી સ્વીકારીશ; પરંતુ **જાપાન**ના આ પ્રસ્તાવોને હું કદાપિ સ્વીકારવાનો નથી." **કોરિયા**નુ મંત્રીમંડળ પણ **જાપાન**ની શર્તોનું વિરોધિ હતું; પરંતુ તેનાથી **જાપાન**નો કશો પણ પ્રતિકાર કરી શકાય તેમ હતું જ નહિ. **જાપાને** કેટલાક **કોરિય**નોનાં મોઢાંમાં રૂપિયા ભરીને તેમને બોલતા બંધ કરી દીધા, કેટલાકોને ધમકીઓથી દાબી દીધા અને કેટલાકોને પકડીને જેલમાં પૂરી દીધા. અન્તે કેવળ પ્રધાન મંત્રી તથા પરરાષ્ટ્રમંત્રી વિના અન્ય સર્વ જનોએ **જાપાન**ની શર્તોને સ્વીકારી લીધી અને તેના પરિણામે એક સંધિપત્ર લખવામાં આવ્યું. એ સંધિપત્ર અનુસાર **કોરિયા** રાજ્ય **જાપાન**ની સંરક્ષકતામાં આવી ગયું અને એક **જાપાની** રેસિડંટ્ જનરલને ત્યાં નિયુક્ત કરીને **કોરિયા**ના શાસનવિષયના સંપૂર્ણ અધિકારો આપવામાં આવ્યા.

જ્યારે પ્રજાજનોએ આ વાર્તા જાણી એટલે પ્રજામાં સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો અને સહસ્રાવધિ મનુષ્યોના હસ્તાક્ષરયુક્ત એક એવા આશયનું પ્રાર્થનાપત્ર **મહારાજા**પર મોકલવામાં આવ્યું કે: "**જાપાન**ની

શર્તોનો સ્વીકાર ન જ કરવો.” જનરલ રાજકુમાર **મિન યાંગવ્હાને** **યૂ**રોપીયન્ રાષ્ટ્રોના પ્રતિનિધિઓને આ વાર્તા જણાવી. લક્ષાવધિ મનુષ્યો રાજમહાલય સમક્ષ ગોઠણભંડીએ બેસી ગયા અને રાજમહાલયના આભ્યંતર ભાગમાં મંત્રીઓ તથા રાજકર્મચારીઓ **મહારાજા સમક્ષ** ગોઠણભંડીએ બેસી રહ્યા. આવી અવસ્થા ત્રણ દિવસ પર્યન્ત રહી. ત્રીજે દિવસે **જા**પાનીઓએ બળનો ઉપયોગ કરીને તેમને ત્યાંથી હટાવી દીધા અને નવેમ્બર માસની ૨૯ મી તારીખે **મ**હારાજાના નામથી પ્રજાના પ્રાર્થનાપત્રનો અસ્વીકાર કરવામાં આવ્યો. નવેમ્બરની ૩૦ મી તારીખે એટલે કે બીજે જ દિવસે રાજકુમાર જનરલ **વ્હાન** આત્મહત્યા કરીને મરી ગયો અને **કો**રિયન્ પ્રજાના નામનું એક પત્ર તે પોતાના મૃત્યુપૂર્વે લખીને રાખતો ગયો હતો કે જેનો ભાવાર્થ આ છે:—

“હું દેશની સેવા ન કરી શક્યો અને તેથી આ ભયંકર પરિસ્થિતિ થઇ ગઇ. હું અત્યારે આત્મહત્યા કરી રહ્યો છું અને એ આત્મહત્યા કરવામાં **મ**હારાજાપ્રતિ મારો મારી પોતાની કૃતજ્ઞતાને દર્શાવવાનો અને મારા બે કરોડ દેશબંધુઓના ન્યાયયુક્ત કોપાનલને કેટલેક અંશે શાન્ત કરવાનો આશય સમાયલો છે.

“મારા મૃત્યુનું કદાચિત્ તત્કાળ કાંઇ પણ પરિણામ નહિ આવે તેમ જ મારા મૃત્યુ પછી મારા વિષયમાં કાંઇ પણ ઊહાપોહ કરવાની પણ આવશ્યકતા નથી; પરંતુ મારી એવી દૃઢ માન્યતા છે કે હવે પછીની અવસ્થામાં આપણી જાતિ તથા આપણા દેશને નાના પ્રકારનાં કષ્ટો સર્વથા નષ્ટભ્રષ્ટ કરી નાખશે. પરરાષ્ટ્રોના મંત્રીઓ—અર્થાત્ **યૂ**રોપ તથા **અ**મેરિકા આદિ રાષ્ટ્રોના રાજદૂતો—એ **જા**પાનના ઉદ્દેશને જાણી લીધેલો તો હોવો જ જોઇએ. હું આશા રાખું છું કે તેઓ પોતાની પ્રજા તથા પોતાનાં રાષ્ટ્રોને આપણા રાજ્યની દુર્દશાનું દર્શન કરાવશે અને તેના પરિણામે મારા દુઃખી દેશને કાંઇક પણ ન્યાય આપવામાં આવશે.

“એવા વિચારને કદાપિ કોઇએ હૃદયમાં સ્થાન આપવું ન જોઇએ

કે આપણે દેશભક્ત નથી; અર્થાત્ આપણે દેશભક્ત છીએ. જો પરરાષ્ટ્રના મંત્રીઓ કોરિયાને તેની સ્વતંત્રતા તથા સ્વાધીનતા પુનઃ પ્રાપ્ત કરાવી આપવામાટે કાંઈ પણ પ્રયત્ન કરશે, તો હું સ્વર્ગમાંથી તેમને ધન્યવાદ આપીશ!" *

આ એક સંતપ્ત દેશભક્ત પુરુષના હૃદયના ઉદ્‌ગારો હતા; પરંતુ તેના એ ઉદ્‌ગારોથી શું થાય તેમ હતું વારૂ? તેના એ ઉદ્‌ગારો કોઇએ પણ ન સાંભળ્યા અને જાણે સર્વ સ્વતંત્ર રાષ્ટ્રોને સર્પ સૂંઘી ગયો હોયની! એવી જ પરિસ્થિતિનો સર્વને સાક્ષાત્કાર થયો.

"Through my inability in the service of the Empire the present threatening state of affairs has resulted. I am killing myself, my object in doing this being to demonstrate my sense of gratitude to the Emperor and to allay in part the jnst resentment of my twenty million compatriots.

"My death may have no immediate result and after my death nothing need be said about me, but I am sure that under the new state of affiairs, trouble will destroy our nation and the people of our land. The foreign ministors must have known what Japan proposed to do. I hope that the foreign ministers will make known to their Governments and to their people the condition of our Empire and I hope that some masure of justice may presently be meted to my unhappy country.

"It must not be thought that our people are not patriotic. We are. If the foreign ministers can do any thing to restore freedom and independence to the people of Corea I shall send them my grateful thanks from heaven."

ડિસેમ્બર માસમાં કોરિયાના પરરાષ્ટ્રમંત્રી **પાક ચે સુને** આત્મહત્યાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેના પ્રાણ બચી ગયા અને કેટલાક દિવસ હૉસ્પિટલમાં રહીને તે પુનઃ આરોગ્યમંડિત થઈ ગયો.

મહારાજા બંદીની અવસ્થામાં હોવા છતાં અદ્યાપિ નામમાત્રના મહારાજા તો હતા જ. કોઈ પ્રકારે પ્રખ્યાત સંવાદદાતા **મિસ્ટર ડગ્લસ્ સ્ટોરી**દ્વારા તેમણે ઇ. સ. ૧૯૦૬ ના જાન્યુઆરી માસની ૨૯ મી તારીખે પોતાનું એક પત્ર પ્રકાશિત કરાવ્યું અને તે આ પ્રમાણેઃ—

૧ "જે સંધિપત્રપર ઇ. સ. ૧૯૦૫ ના નવેમ્બર માસની ૧૭ મી તારીખે જાપાની પ્રતિનિધિ મિ. હયાશી તથા કોરિયન્ પરરાષ્ટ્રમંત્રી **પાક ચે સુન**ના હસ્તાક્ષરો થયેલા છે તે સંધિપત્રપર કોરિયાના સમ્રાટે પોતાના હસ્તાક્ષરો પણ કર્યા નથી અને તેઓ એ સંધિપત્રને સ્વીકારતા પણ નથી.

૨ "જાપાનદ્વારા સંધિની જે શર્તો વિસ્તારપૂર્વક પ્રકાશિત કરવામાં આવી છે તેમના પ્રતિ કોરિયાના મહારાજા પોતાનો પૂર્ણ વિરોધ દર્શાવે છે.

૩ "સમ્રાટે કોરિયાના સ્વામિત્વ–સ્વાતંત્ર્ય–ની ઘોષણા કરેલી છે અને તે સ્વામિત્વ તેમણે કોઇ અન્ય રાષ્ટ્રના હસ્તમાં સમર્પી દીધું નથી.

૪ "જાપાને જે સંધિનો પ્રકાશ કર્યો છે તેમાં પણ કોરિયાના પરરાષ્ટ્રસંબંધી વિષયોનું જ કથન છે (તાત્પર્ય એ કે કોરિયાના સમસ્ત પરરાષ્ટ્રસંબંધો જાપાનને જ આધીન રહેશે); પરંતુ સમ્રાટે જાપાનને કોરિયાના આભ્યંતર શાસનમાં હસ્તાક્ષેપ કરવાનો અધિકાર કદાપિ આપ્યો જ નથી.

૫ જાપાનને સમ્રાટે કોરિયામાં રેસીડંટ જનરલની નિયુક્તિમાટે કદાપિ અનુમોદન આપ્યું નથી; એવા જાપાની અધિકારીની નિયુક્તિની સંભવનીયતાની તેમને સ્વપ્નમાં પણ કલ્પના ન હોતી કે જે અધિકારી કોરિયામાં મહારાજાના પોતાના અધિકારોને ચલાવવાની ક્ષમતા ધરાવતો હોય.

૬ સમ્રાટ્ પૃથ્વીના મહત્રાષ્ટ્રોને પ્રાર્થે છે કે તેઓ સર્વ એકત્ર થઇને બાહ્ય વિષયોમાં વધારેમાં વધારે પાંચ વર્ષને માટે કોરિયાના સંરક્ષક થઈ જાય." *

આ આર્તનાદનો રતિમાત્ર પણ પ્રભાવ ન પડયો; કારણ કે, જાપાને એમ જણાવી દીધું કે આ વૃત્તાન્ત મહારાજાએ પોતે પ્રકાશિત કરેલો નથી. પરંતુ એનું એક અન્ય વિપરીત પરિણામ થયું અને તે એ કે અત્યારસૂધી કોરિયાના સમ્રાટ્ બહાર નીકળી શકતા હતા; પણ હવે તેમને રાજમહાલયની સીમામાં જ બંદી કરી રાખવામાં આવ્યા અને રાજમહાલયના દ્વારમાં જાપાની સૈનિકોને પ્રહરી તરીકે રાખવામાં આવ્યા. કોરિયન્ રાજકર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા અને તેમના સ્થાનમાં જાપાનીઓને યોજવામાં આવ્યા. મહારાજાને કોઈ પણ યૂરોપીયન્, અમેરિકન્ તથા કોરિયન્ સાથે મળવાની તથા વાર્તાલાપ કરવાની સખ્ત મનાઇ થઇ ગઇ. ઘણીક ભૂમિ પ્રજા પાસેથી એવું નિમિત્ત દર્શાવીને છીનવી લેવામાં આવી કે તે ભૂમિની સૈનિક કાર્યોમાટે આવશ્યકતા છે અને ત્યારપછી તે ભૂમિ જાપાનીઓને આપી દેવામાં આવી. મિસ્ટર્ ઍંગસ હૅમિલ્ટન્ પોતાના 'Problems of the Middle East' નામક ગ્રંથમાં એક સ્થળે લખે છે કેઃ—

---

* I "H. M. the Emperor of Corea did not sign or agree to the Treaty signed by Mr. Hayashi and Pak Che Sun on nov. 17, 1905.

II His Majesty has proclaimed the sovereignty of of Corea and denies that he has by any act made that sovereignty over to any foreign power.

IV "Under the Treaty as published by Japan, the only terms referred to, concern the internal affairs with Foreign Powers. Japan's assumption of the control of Corean internal affairs never has been authorised by H. M. the Emperor of Corea.

"એવી રીતે એક હજાર ગામોનો કબ્જો લઈ લેવામાં આવ્યો અને એ કબ્જો લેવા સાથે લૂટફાટ પણ યથેચ્છ કરવામાં આવી, લોકોને મારી નાખવામાં આવ્યા અને સ્ત્રીઓના સતીત્વનો બળાત્કારે નાશ કરવામાં આવ્યો. રાજ્યના જે પ્રાન્તોમાં ખનિજ પદાર્થો મળી આવે છે, જ્યાં ખેતી વધારે થાય છે અથવા જે પ્રાન્તમાં લાકડાં વધારે પરિમાણમાં પ્રાપ્ત થઈ શકે છે તે સર્વ પ્રાન્તોમાં લોકોપર બળાત્કાર કરીને તેમનાં સ્વત્વોનો નાશ કરી નાખવામાં આવ્યો. એની લોકોને પ્રથમથી સૂચના પણ આપવામાં ન આવી અને તેમના સ્વત્વનું કાંઇ મૂલ્ય પણ ન અપાયું; માત્ર એટલું જ નહિ, પણ પ્રજાના સાધારણ ઉદ્યોગોના શિરપર એકાધિકારને સ્થાપી દેવામાં આવ્યો;† " એટલે કે, અમુક વ્યાપાર કિંવા ઉદ્યો-

---

V "His Majesty never consented to the appointment of a Resident General from Japan; neither has he conceived the possibility of the appointment of a Japanese who should exercise Imperial Powers in Corea.

VI "His Majesty the Emperor of Corea invites the Great Powers to exercise a joint protectorate over Corea for a period not exceeding five years with respect to the control of Corean foreign affairs."

†"In this way no less than 1000 villages were dispossessed amid scenes in which pillage, rape and murder were prominent. Private right in the mineral, agricultural and timber lands of the kingdom were treated with equal violence and neither notice nor compansation was given, while monopolies were created over the minor industries of the people." Angus Hamilton's "Problems of the Middle East."

ગનો એક જ વ્યક્તિને પૂર્ણ અધિકાર આપી દેવામાં આવ્યો અને અન્ય મનુષ્યને તે ઉદ્યોગમાં દૃષ્ટિ ન નાખવાની આજ્ઞા અપાઈ ગઈ.

પ્રજા આ અત્યાચારોથી બહુ જ ગભરાઇ ગઈ. તે સમયે કોરિયાપર જાપાનનું એક કરોડ અને ત્રીસ લાખ યેનનું લેણું હતું એટલે લોકોએ એવો તર્ક કર્યો કેઃ 'કદાચિત્ એ દેવું ભરી આપવાથી આપણા પ્રાણ બચી જશે; અને એ આશાથી તેમણે ઉઘરાણું કરીને એ રકમ એકઠી કરવાના કાર્યનો આરંભ કર્યો. પરંતુ તેમનો આ પ્રમાદ હતો; કારણ કે, જાપાનની સમુદ્રશોષક તૃષા કિંવા તૃષ્ણાનું એ જલબિન્દુથી નિવારણ થાય એ સર્વથા અશક્ય તથા અસંભવનીય હતું. કોરિયાના મહારાજાએ પણ એક અંતિમ પ્રયત્ન કર્યો અને તે એ કે તેમણે પોતાના પિતૃવ્ય રાજકુમાર યાંગ-ઇ-યિને હેગ મોકલ્યો. હેગ હોલૅંડની રાજધાની છે અને એ જ રાજધાનીમાં યૂરોપની આંતર્જાતીય સભા એકત્ર થઇને સમસ્ત પૃથ્વીના જટિલ રાજનૈતિક પ્રશ્નોનો વિચાર કરતી હતી. મહારાજાની એવી માન્યતા હતી કે એ સભા સમક્ષ પોકાર કરવાથી કાંઇક પણ ઇષ્ટ પરિણામ આવશે; પરંતુ તેમની એ ધારણા અસત્ય સિદ્ધ થઈ અને પરિણામ કાંઈ પણ ન આવ્યું; માત્ર એટલું જ નહિ, પણ મહારાજાના એ સ્વાતંત્ર્યપ્રાપ્તિ વિષયક પ્રયત્નની જ્યારે જાપાનને જાણ થઈ એટલે જાપાને મહારાજાને સિંહાસનેથી ઊતરી જવાની અને પોતે જાપાન જઇને જાપાનના સમ્રાટ્ પાસેથી એ અપરાધ (?) ની ક્ષમા માગવાની આજ્ઞા સંભળાવી દીધી; તેમ જ ઇ. સ. ૧૯૦૫ ના નવેમ્બર માસની ૧૭ મી તારીખે થયેલા સંધિપત્રમાં તેમણે પોતાના હસ્તાક્ષર કરી આપવા અને રાજકુમાર યાંગને પાછો કોરિયામાં બોલાવીને ઉચિત દંડ આપવો, એવો તેમને બીજો આગ્રહ પણ કરવામાં આવ્યો. કોરિયાના મહારાજાએ જાપાનની અન્ય આજ્ઞાઓ તો ન માની; પરંતુ તેઓ જુલાઈની ૨૦ મી તારીખે પોતાના યુવરાજને સિંહાસનારૂઢ કરીને પોતે રાજકાર્યથી દૂર થઈ ગયા.

ઑગસ્ટ માસની ૧ લી તારીખે એ ભીષણ નાટકનું અંતિમ દૃશ્ય ભજવાયું અને તે એ કે તે દિવસે કોરિયન્ સેનાને તોડી નાખવાનો પ્રબંધ

થયો. એક તરફ કોરિયન્ સૈનિકોને ઊભા રાખવામાં આવ્યા અને બીજી તરફ જાપાની સૈનિકોને ઊભા કરી દેવામાં આવ્યા. પ્રથમ કોરિયન્ સૈન્યાધિકારીઓની તલવારો લઇ લેવામાં આવી અને ત્યાર પછી સૈનિકો પાસેથી શસ્ત્રો છીનવી લેવામાં આવ્યાં. એટલામાં કોરિયાના મુખ્ય સેનાધ્યક્ષે પોતે પોતાપર પિસ્તોલ ચલાવીને આત્મહત્યા કરી નાખી અને તેથી કોરિયન્ સૈનિકો જોશમાં આવી જતાં તેમણે પોતાનાં શસ્ત્રોને પાછાં ઉપાડી લઇને જાપાનીઓને સંહારવાનો આરંભ કરી દીધો. પ્રથમ તો જાપાનીઓની કાંઇક ક્ષતિ થઈ; પરંતુ બિચારા કોરિયનો વધારે શું કરી શકે તેમ હતું વારુ ? કારણ કે, તેમની પાસે જાપાનીઓનાં શસ્ત્રો જેવાં શસ્ત્રો પણ ન હોતાં, તોપો પણ ન હોતી અને તેઓ જાપાનીઓ જેટલા યુદ્ધવિદ્યાકુશળ પણ ન હોતા. આ કારણથી તેઓ અલ્પ સમયમાં જ શિબિરમાંથી ગલીઓ તરફ હટયા અને પછી ઘરોમાં ભરાઇને લડવા લાગ્યા. તે વેળાયે મિસ્ટર હૅમિલ્ટનના કથન અનુસાર "એવો ભીષણ નરહત્યાકાંડ આરંભાયો કે જેના સમાચાર આજના વિશ્વે ભાગ્યે જ સાંભળ્યા હશે.*" વિશ્વને એ ભીષણ નરહત્યાકાંડના સમાચાર મળી પણ ક્યાંથી શકે વારુ ? કારણ કે, સમાચારોને ગુપ્ત રાખવાની તેમ જ પ્રકાશિત કરવાની કૂંચી તો જાપાનના હાથમાં જ હતી. જાપાનીઓએ લોકોનાં ઘરબાર લૂટી લીધાં અને કોરિયાના લોકોપર બીજા પણ યથેચ્છ અત્યાચારો કર્યા. લોકોના હાથપગ તોડી નાખવામાં આવતા હતા અને ત્યારપછી તેમને દોરી બાંધીને રસ્તામાં ઘસડવામાં આવતા હતા. ઉન્મત્ત જાપાનીઓ તેમની આ દુર્દશાને જોઇને અટ્ટાહાસ કરતા હતા અને તેમને ઠોકરોથી ઉછાળતા હતા ! આ દશા કેવળ કોરિયાની રાજધાની સ્યૂલમાં જ હતી એમ ન હોતું; કિન્તુ; ચાંગ–જૂ વાન–જૂ, પિયાંગ યાંગ અને ચૂયાંગ આદિ અનેક નગરોમાં તેમ જ અન્ય સર્વ સ્થાનોમાં એવી જ દુર્દશા વિસ્તરેલી હતી. પ્રજા સાથે જે જે અત્યાચારો કરવામાં આવ્યા હતા તે અત્યાચારોના

---

* "......began a carnival of massacre of which the world to-da has hardlyy heard."

સંબંધમાં મિસ્ટર હૅમિલ્ટન્ લખે છે કે: "એ વેળાયે એવાં દૃશ્યો જોવામાં આવ્યાં હતાં કે જે દૃશ્યો મહારાણી મિનની જે વેળાયે હત્યા કરવામાં આવી તે સમયના અત્યાચારો કરતાં પણ અત્યંત નિર્લજ્જતાપૂર્ણ તથા ધૃણાકારક હતા !*" થઈ ચૂક્યું; આ અંતિમ દૃશ્યની સાથે જ કોરિયાના નામમાત્રના સ્વતંત્ર જીવનની સમાપ્તિ થઈ ગઈ. અત્યારે કોરિયા જાપાનનો એક પ્રાન્ત છે અને જાપાનનો એક ગવર્નર જનરલ ત્યાં શાસનયંત્ર ચલાવ્યા કરે છે. હવે કોરિયામાં જાપાનની જે શાસનપ્રણાલી છે તે કેવા પ્રકારની છે એના સંબંધમાં એટલું કહેવું જ પર્યાપ્ત છે કે જાપાને કોરિયાની સ્વતંત્રતાનો સર્વથા સંહાર કરી નાખ્યો છે અને ત્યાંના લોકોને સર્વથા દાસ બનાવીને ત્યાં અત્યન્ત કઠોર શાસનપ્રણાલીને સ્થાપી દીધી છે. નાગી તલ્વાર એ કોરિયામાંના જાપાની શાસનની યથાર્થ પ્રતિમા કિંવા છાયાછબિ છે એમ કહેવામાં કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય નથી; કારણ કે, કોરિયાના વિદ્યાલયોમાં જાપાની પુરુષ શિક્ષકો જ્યારે વિદ્યાર્થીઓને ભણાવવા બેસે છે તે વેળાયે પણ તેમની કમ્મરે તલ્વાર તો લટકતી જ હોય છે. જો વાસ્તવિક કહેવામાં આવે તો કોરિયાનું અસ્તિત્વ તો મટી જ ગયું છે અને એશિયાના નકશામાંથી કોરિયાનું સ્થાન ધીમે ધીમે અદૃશ્ય થઈ જશે એવો સ્પષ્ટ રંગ દેખાય છે; કારણ કે, જાપાનીઓએ કોરિયાને ચો-શેન એવું એક નવીન નામ આપ્યું છે અને તે નામના અધિકાધિક પ્રચાર સાથે સમય જતાં કોરિયા નામનો લોપ થઈ જાય એ સર્વથા સ્વાભાવિક જ છે. બ્રિસબન્ નામક એક અમેરિકને એશિયાવાસીઓના સંબંધમાં પોતાના જે વિચારો એક સ્થળે દર્શાવ્યા છે તે અહીં ઉતારી લેવા યોગ્ય છે. તેઓ કહે છે કે:

---

* "......there were scenes excelling in their complete shamelessness the atrocities which accompanied the murder of queen Min."

Angus Hamilton's "Paoblems of the Middle East."

" એક **એ**શિયાવાસી અન્ય **એ**શિયાવાસીમાટે પોતાના હૃદયમાં દ્વેષને પોષતો હોવાથી જ **યૂ**રોપને **એ**શિયાને દળી નાખવાની અનુકૂળતા મળતી રહે છે. એક **ચી**નાને જો અન્ય જન કરતાં એક **જા**પાનીને મારી નાખવાનો અવસર મળી જાય, તો તેથી તે વિશેષ તૃપ્ત થાય છે અને એ જ પ્રમાણે **જા**પાનીઓ **કો**રિયાવાસીઓને પોતાના શિકાર બનાવવાના કાર્યમાં પ્રવૃત્ત થયેલા છે. "

અન્ય દેશોમાં માનવહન્તા, ચોર, લૂટારા અને એવા જ નાનાવિધ અપરાધીઓપર જેટલી કઠોર દૃષ્ટિ નથી રખાતી તેટલી કઠોર દૃષ્ટિ **કો**રિયાના સભ્ય નાગરિકોપર **જા**પાન રાખે છે એટલાથી જ **કો**રિયાની અનન્ય પરાધીનતાની કલ્પના કરી શકાય તેમ છે. આટલા વિસ્તારથી આ સ્પષ્ટીકરણ એટલામાટે કરવામાં આવ્યું છે કે આજકાલ **જા**પાનના નામે સર્વસાધારણ જનતા અને તેમાં પણ વિશેષતઃ **ભાર**તીય જનતા કિંવા પ્રજાનાં નેત્રોપર જે અજ્ઞાનપટ નાખી દીધો છે તે દૂર થઈ જાય અને **ભાર**તવાસી લોકો **જા**પાનના વાસ્તવિક આભ્યંતર સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે; કારણ કે, આપણા મિત્રો તથા શત્રુઓને તેમના યથાર્થ સ્વરૂપમાં ઓળખી લેવા એ જ આપણામાટે અંતે શ્રેયસ્કર તથા કલ્યાણપ્રદ થઈ પડે છે.

ઠક્કુર નારાયણ

રા. રા. ઠક્કુર નારાયણકૃત કેટલાંક નવીન પુસ્તકો

૧

ચન્દ્રશેખર

અથવા

બંગાળાની ડગમગતી નવ્વાબી

એક ઐતિહાસિક નવલકથા

મૂળ લેખકઃ **સ્વ. ઋષિ બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય**

અનુવાદકઃ **રા. ઠક્કુર નારાયણ વિસનજી**

યોગી અરવિન્દ ઘોષે જેમને **ઋષિ** તરીકે ઓળખાવેલા છે તે '**वन्दे मातरम्**' શીર્ષક દેશોદ્ધારક મંત્રના આદ્ય દ્રષ્ટા સ્વ. **બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય-ચટર્જી**-કૃત '**ચન્દ્રશેખર**' નામક એક અત્યંત ઉત્કૃષ્ટ, કલાપૂર્ણ તથા રસવાહિની ઐતિહાસિક નવલકથાનો આ ઉત્કૃષ્ટ ગુર્જર અનુવાદ છે. આ ઐતિહાસિક નવલકથાના વાંચનનો આરંભ કર્યા પછી **બંગાળાના** છેલ્લા **મુસલ્માન નવ્વાબ મીર કાસિમની** પ્રજાવત્સલતા, ન્યાયપરાયણતા, સમભાવના તથા દેશભક્તિ; ઇસ્ટ ઇન્ડિયા કંપનીના તે સમયના વ્યાપારી **અંગ્રેજ** અધિકારીઓની સ્વાર્થપરાયણતા, કુટિલતા, કદાપિ તૃપ્ત **ન** થઇ શકનારી તૃષ્ણા, ન્યાયઘાતકતા, અત્યાચારિતા તથા નીતિહીનતા; **ચન્દ્રશેખરની** અલૌકિક સરળતા તથા પત્નીનિષ્ઠતા, **પ્રતાપની** અશ્રુતપૂર્વ પ્રેમાર્દ્રતા, સ્વર્ગીય પવિત્રતા તથા **શૈવલિનીના** જીવનના કલ્યાણમાટે પોતાના જીવનનું આનન્દપૂર્વક વિસર્જન કરી દેવાપર્યન્તની દેવદુર્લભ ઉદારતા; **રમાનન્દ સ્વામીની** જનકલ્યાણકારિણી કર્મયોગિતા તથા પરોપકારપરાયણતા; **દલની બેગમની** અનન્ય પતિનિષ્ઠા, શુદ્ધતા તથા આત્મત્યાગિતા;

રા. રા. ઠક્કુર નારાયણકૃત કેટલાંક નવીન પુસ્તકો

શૈવલિનીની વિકારવશતા, હઠવાદિતા તથા પરિવર્તનશીલતા અને ગુરગનખાનની રાજ્યતૃષ્ણા તથા બન્ધુદ્રોહિતાનાં નાનાવિધ શુભાશુભ શાબ્દિક ચિત્રોના નિરીક્ષણથી પાઠકો તથા પાઠિકાઓના હૃદયમાં નાનાવિધ ભાવોનો ઉદય થાય છે અને તેમના મનની એટલી સીમા પર્યન્ત તલ્લીનતા થઇ જાય છે કે તેઓ ખાનપાનના વિષયને પણ ભૂલી જાય છે અને નવલકથાને જ્યારે સંપૂર્ણ વાંચી લે છે ત્યારે જ શાંત થઈ શકે છે. **બં**ગાળી ભાષામાં આ નવલકથાની અનેક આવૃત્તિઓ થયેલી છે અને ઠક્કુર **ના**રાયણકૃત તેના આ ગુર્જર અનુવાદની પણ આ દ્વિતીય આવૃત્તિ છે; પરંતુ આ દ્વિતીય આવૃત્તિમાં મૂળ નવલકથાનો સર્વથા નવીન અનુવાદ આપવામાં આવ્યો છે; નવલકથાની શોભા તથા સ્પષ્ટતાની વૃદ્ધિમાટે નવલકથાના પ્રસંગનાં ગુજરાતના પ્રખ્યાત ચિત્રકાર રા. રવિશંકર **રાવ**ળની ભાવવાહિની લેખિનીથી આલેખાયલાં ચાર સુંદર ચિત્રો, મૂળ ગ્રંથકાર ઋષિ **બં**કિમચંદ્રનું અત્યંત સુંદર ત્રિરંગી ચિત્ર તથા જેમને એ ગ્રંથ સમર્પાયલો છે તે **અ**મદાવાદના પ્રખ્યાત ડૉ. **છા**યાનુ ચિત્ર મળીને એકંદર ૭ ચિત્રો આપવામાં આવ્યાં છે. પૃષ્ઠસંખ્યા (૩૨×૩૨૦) ૩૫૨: સોનેરી નામવાળું સુંદર કપડાનું પાકુ પૂઠું: મૂલ્ય રૂ. ૪–૦–૦ પોસ્ટેજ વી. પી. ખર્ચ જૂદું.

૨

સંસારસમસ્યા

અથવા

કલ્પલતા કે વિષવલ્લરી ?

પ્રયોજક **ઠક્કુર નારાયણ વિસનજી**

આ ગ્રંથના વાચનથી કોઇ વાર પાઠકો તથા પાઠિકાઓને આ સંસાર નન્દનવન સમાન અત્યંત રમણીય દેખાય છે તો કોઇ વાર આ

સંસાર કુંભિપાક નરક સમાન અત્યંત ભયંકર ભાસવા માંડે છે; **ભારતવર્ષ**ની વારાંગનાના સતીત્વ તથા સાધુત્વના સાક્ષાત્કારથી નારીજાતિ પવિત્ર તથા પૂજ્ય જણાય છે અને એક રાજકુલોત્પન્ના અભિજાતા રાજમહિષીનાં વ્યભિચાર તથા પતિઘાત આદિ જઘન્ય કર્મોના નિરીક્ષણથી નારીજાતિ એક અત્યંત તિરસ્કરણીય તથા ત્યાજ્ય નારકીય વસ્તુ તરીકે દૃષ્ટિગોચર થાય છે; વર્તમાન વિશ્વમાં **પિશાચની મૉટર** કેવી અને કેટલી ભીષણ તથા સર્વવિનાશક ગતિથી દોડી રહી છે અને પિશાચપૂજકોની પિશાચપૂજાના પરિણામે અંતે કેવી અધોગતિ થાય છે એ દૃશ્યને જોતાં જેમ રોમાંચ ખડાં થઈ જાય છે તેમ જ પ્રણયાર્થીઓના પ્રણયવેદીમાં અપાતા પ્રાણબલિદાનના અવલોકનથી સખેદ તથા સાશ્ચર્ય સ્તંભિત થઇ જવાય છે.

ઉત્તમ કાગળઃ પૃષ્ઠ (૨૦x૩૨૦) ૩૪૦; કથા પ્રસંગનાં પાંચ સુંદર ચિત્રો અને જેઓ શ્રીમાનને આ પુસ્તક સમર્પાયલું છે તે રાજસ્થાન **પોરબંદર**ના ધર્મધુરંધર મહારાજા રાણા સાહેબ શ્રી **નટવરસિંહજી** બહાદુરનું ચિત્ર મળીને એકંદર છ ચિત્રો; અત્યંત સુંદર સોનેરી નામ યુક્ત કપડાનું પાકું પૂઠું: મૂલ્ય રૂ. ૩-૪-૦ પોસ્ટેજ વી.પી. ખર્ચ જૂદું.

૩

કુસુમકંટક

અથવા

રમણી કે રાક્ષસી ?

અનુવાદકઃ ઠક્કુર **નારાયણ વિસનજી**

જેને આપણે '**અબળા**' ના નિર્બળતાદર્શક નામથી ઓળખીએ છીએ, તે જ અબળા જ્યારે મદનના મદથી ઉન્માદિની બની

જાય છે કિંવા અમુક પ્રકારના શુભ કે અશુભ નિશ્ચયપર આવી જાય છે, તે વેળાયે પોતાના વિકારની તૃપ્તિ તથા નિશ્ચયની પૂર્તિમાટે કેવાં કેવાં ભયાનક કૃત્યો તથા અશ્રુતપૂર્વ સાહસો કરે છે અને તે વળી એટલી સીમા સુધી કે કોઈ મહાનીચ અને અત્યંત નિર્દય તથા વિઘાતક પુરુષને પણ તેના સમક્ષ લજ્જાથી મસ્તક નીચું નમાવવું પડે છે એનું આ નવલકથામાં આબેહૂબ શાબ્દિક ચિત્ર આલેખાયું છે. સત્ય પ્રેમી જનોના શિરપર એક પછી એક આવતાં અનેક સંકટો, કામી અને લોભી જનોના નાના પ્રકારના છળ પ્રપંચ, નીચ નારીઓની કુટિલતા, કામી પુરુષોની પરવશતા અને સંસારની વિલક્ષણતા આદિ વિષયો પ્રસ્તુત નવલકથામાં એવી તો રસમયતાથી વર્ણવાયા છે કે તે પાઠકો તથા પાઠિકાઓને પોતામાં તત્કાળ તલ્લીન કરી નાખે છે અને એમાં ભેદોની જે અખંડ પરંપરા ચાલે છે તે એવી તો આકર્ષક છે કે છેલ્લું પ્રકરણ સમાપ્ત કર્યા વિના પાઠકો તથા પાઠિકાઓની ભેદજિજ્ઞાસા તૃપ્ત થઇ શકતી જ નથી. આ નવલકથાની પ્રથમ આવૃત્તિ બહુ વર્ષથી મળતી ન હોતી અને માગણી ઘણી હતી એટલે આ દ્વિતીય આવૃત્તિ છપાવવામાં આવી છે અને એમાં ગુજરાતના પ્રખ્યાત ચિત્રકાર સ્વ. **ટી. જે. પટેલ**ની સૌન્દર્યવાહિની લેખિનીથી આલેખાયલાં અંતિમ પ્રસાદરૂપ ચાર મનોહર ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. ઍન્ટિક્ પેપર; પૃષ્ઠસંખ્યા (૧૬×૨૨૪) ૨૪૦; સોનેરી નામ વાળું કપડાનું સુંદર પાકું પૂઠું: મૂલ્ય રૂ. ૩-૦-૦ પોસ્ટેજ વી. પી. ખર્ચ જૂદું.

આ સર્વ પુસ્તકો તથા ગુજરાતી ભાષાનાં અન્ય સર્વ પ્રકારનાં પુસ્તકો મળવાનું સ્થળઃ—

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે,
બુકસેલર અને પબ્લિશર,
ત્રણ દરવાજા, અમદાવાદ.